સ્વાધ્યાય

પુસ્તક ૧૦
અંક ૩

અક્ષયતૃતીયા
વિ. સં. ૨૦૨૯



જૈન યક્ષ ધરણેન્દ્ર—હોયસળ શૈલી (ઈ. સ. ૧૨મી સદી), અમરપુર-મૈસૂર રાજ્ય

[અમેરિકન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડિયન સ્ટડીઝના સૌજન્યથી]

સંપાદક
ભોગીલાલ જ. સાંડેસરા
નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર,
વડોદરા

પ્રાચ્યવિદ્યા મન્દિર,
મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય,
વડોદરા

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

સ્વાધ્યાય

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧. વર્ષમાં ચાર અંક બહાર પડશે—દીપોત્સવી અંક, વસંતપંચમી અંક, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨. **લવાજમ :**

—ભારતમાં....રૂા. ૧૨=૦૦ ન.પૈ. (ટપાલખર્ચ સાથે)

—પરદેશમાં, યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે....૩ ડૉલર

યુરોપ અને અન્ય દેશો માટે....પૌં ૧.૧૦

૩. આખા વર્ષના ગ્રાહકો લવાજમના વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવશે. લવાજમ અગાઉથી સ્વીકારવામાં આવે છે. લવાજમ મોકલતી વખતે કયા વૉલ્યુમ માટે લવાજમ મોકલ્યું છે તે સ્પષ્ટ જણાવવું. લવાજમ ડાયરેક્ટર, ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યુટ વડોદરા, એ નામે મોકલવું.

૪. **જાહેરાતો :**

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મન્દિર, પોસ્ટ બૉક્સ નં. ૭૫, વડોદરા.

૫. **લેખકોને વિજ્ઞપ્તિ**

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શક્ય હોય તો લેખ ટાઈપ કરી મોકલવા જરૂરી છે.

પ્રાચ્યવિદ્યા મંદિર,
પો. બૉક્સ નં. ૭૫,
લોકમાન્ય ટિળક રોડ,
વડોદરા.

સંપાદક

મુદ્રક: શ્રી બંસીલાલ મોહનલાલ શાહ, મૅનેજર, ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા. પ્રકાશક: ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, જૂન, ૧૯૭૩.

સ્વાધ્યાય

અક્ષયતૃતીયા, વિ. સં. ૨૦૨૯ પુસ્તક ૧૦

મે, ૧૯૭૩ અંક ૩

ગોવર્ધનરામનું જીવનદર્શન*

રમણલાલ જોષી

આનંદશંકર ધ્રુવે ૧૯૦૯માં 'સુદર્શન ગદ્યાવલિ'ની પ્રસ્તાવના લખવા પ્રસંગે ઓગણીસમી સદીના ઉત્તરાર્ધના ગુજરાતી સાહિત્યનું વિહંગાવલોકન કરતાં લખ્યું: "આ સમયનો આપણો સાહિત્યપ્રદેશ પૂર્વભાગ કરતાં ઉત્તરભાગમાં જરા પણ આછો રસાળ નથી. આપણે આપણી વાટમાં નર્મદ અને નવલરામ રૂપી જે જળાશયો પાછળ મૂક્યાં તે કરતાં ગોવર્ધનરામ અને મણિલાલનાં જળ કાંઈ ઓછાં મનોહર નથી. આ ચારમાં જો નર્મદનો જળધોધ સૌથી વધારે વેગ અને જુસ્સાવાળો હતો અને નવલરામનું શાન્ત તળાવ વધારે નિર્મળ હતું—તો મનુષ્યબુદ્ધિ અને હૃદયના અસંખ્ય તરંગોથી છવાયેલો ગોવર્ધનરામનો મીઠો મહેરામણ સૌથી વધારે વિશાળ અને ગંભીર, અને મણિલાલની મહાનદી આડાંઅવળાં વહેતાં અનેક નાનાં ઝરણાંને પોતામાં ખેંચી લઈ આસપાસનાં ખેતરોને વધારે ફળદ્રુપ કરતી જોવામાં આવે છે." વિશાળ પ્રતિભાશક્તિવાળા ગોવર્ધનરામ સાથે જ મહેરામણનો ખ્યાલ આપે છે. આમાં આનંદશંકરે જે સૂઝથી ગોવર્ધન-રામને માટે "મીઠા મહેરામણ"નું કલ્પન યોજ્યું છે તે કેટલું ઉચિત છે એ બતાવવાનો મારો ઉપક્રમ છે એમ પણ કહું.

આરંભમાં 'જીવનદર્શન' શબ્દ અંગે સ્પષ્ટતા કરી લઈએ. જીવનદર્શનમાંનો 'જીવન' શબ્દ ગોવર્ધનરામનાં સમગ્ર વાણી, વિચાર અને કર્મ દ્વારા જે વ્યક્ત થયું એ અર્થમાં અને 'દર્શન' શબ્દ ગોવર્ધનરામ જે રીતે જીવન જીવ્યા એની પ્રેરક અને વિધાયક વિચારધારાઓ એ અર્થમાં લઈશું. આ રીતે "જીવનદર્શન" શબ્દ 'ફિલોસોફિકલ સિસ્ટમ' કે એવા કોઈ મર્યાદિત અર્થમાં આપણે લેતા નથી. પણ એમાં વિચારો, ચિંતનો, તર્કબદ્ધ પ્રતિપાદનો, તત્ત્વજ્ઞાનની શ્રેણીઓ અને અંતઃપ્રજ્ઞાની સૂઝ અને કળા દ્વારા થતી નિર્મિતિઓ—સૌનો સમાવેશ થાય છે.

ગોવર્ધનરામનું જીવનદર્શન—Philosophy of Life—તેમની જીવન જીવવાની મથામણમાંથી ઉદ્‌ભવ્યું છે. 'સરસ્વતીચન્દ્ર' આદિ કૃતિઓમાં આવતાં વિપુલ અવતરણો પણ એક સાધક તરીકે પોતાના જીવનની ચરિતાર્થતાની શોધ કરતાં કરતાં જે વાચનમનન કરવાનું

---

* સરદાર પટેલ યુનિવર્સિટીના 'હરિ ઓમ આશ્રમ પ્રેરિત શ્રી પ્રેમરાય બાપુ સ્મારક શ્રી મણિલાલ નભુભાઈ, શ્રી ગોવર્ધનરામ વ્યાખ્યાનમાળા ટ્રસ્ટ'ના ઉપક્રમે તા. ૨૨ ફેબ્રુઆરી ૧૯૭૩ના રોજ વલ્લભવિદ્યાનગર ખાતે આપેલું વ્યાખ્યાન.

બન્યું એના સંકેત રૂપ છે. કેવળ બૌદ્ધિક વિચારણા કે તાર્કિક તત્ત્વ ચર્ચામાં અમને રસ નથી. આપણે જેને 'પંડિતયુગ' તરીકે ઓળખીએ છીએ એ યુગના સાક્ષરોની મુખમુદ્રા કાંઈક ભારે લાગે છે! એમાંય ગોવર્ધનરામ તો નાનપણથી જ જીવનને ગંભીર ભાવે જોનાર સત્યશોધક હતા. બી.એ.ની પરીક્ષા પસાર કર્યા પછી તરત જ એટલે કે પોતાના વીસમા વર્ષે તો તેમણે જીવનના મહત્ત્વના ત્રણ સંકલ્પો કર્યા: (૧) એલ.એલ.બી.ની પરીક્ષામાં પાસ થવું. (૨) પછીથી મુંબઈમાં વકીલાતનો સ્વતંત્ર ધંધો માંડવો, અને કદી કોર્ટની નોકરી કરવી નહિ. (૩) લગભગ ચાલીસમે વર્ષે ધંધામાંથી નિવૃત્ત થઈ, બાકીની જિંદગી સાહિત્યની સેવામાં અને સાહિત્ય દ્વારા જનસમાજની સેવામાં ગુજારવી. અઢારમા વર્ષે તેમણે 'Practical Asceticism'નો સિદ્ધાન્ત ઉપજાવેલો, જે તેમણે બાવીસમા વર્ષે ફ્રેન્ડલી સોસાયટી સમક્ષ "A Rude Outline of the General Features of Practical Asceticism in my sense of the word" એ વ્યવસ્થિત નિબંધ રૂપે રજૂ કર્યો. ત્રીસમા વર્ષે તેમણે પોતાના જીવનનો નકશો આંક્યો અને ઘણાં મોટાં પ્રલોભનો અને ટીકાઓ ગણકાર્યા વગર ૪૦મા વર્ષે નહિ તો ૪૯મા વર્ષે નિવૃત્તિના સંકલ્પને અમલમાં મૂક્યો. નિવૃત્તિપ્રશ્નની તેમની તીવ્ર હ્રદયવેદના 'સ્ક્રેપબુક્સ'માં વેધકતાથી વ્યક્ત થઈ છે. બાવન વર્ષના આયુષ્યકાળમાં શરીરની, મનની, કૌટુમ્બિક અને સાંસારિક અનેકવિધ ઉપાધિઓ અને સમસ્યાઓની સામે ઝૂઝતાં ઝૂઝતાં તેમણે પોતાની પ્રવૃત્તિમૂલક સન્યસ્તની ભાવનાને સાકાર કરી.

નાનપણમાં મુનિમહારાજની અસરથી વૈષ્ણવભક્તિના સંસ્કારો અને મનઃસુખરામની દેખરેખ નીચે ઉછેર થવાથી વેદાંત પ્રત્યેની નિષ્ઠા પોષાઈ. સુંદરગિરિના વિષ્ણુદાસ બાવાના પાત્રમાં તેમણે જ્ઞાન અને ભક્તિ બંનેનો સમન્વય કર્યો. કર્મમાર્ગ પ્રત્યે તો એમને પહેલેથી જ આકર્ષણ હતું. ગોવર્ધનરામમાં કર્મ, જ્ઞાન અને ભક્તિ એ ત્રિમાર્ગનો સમન્વય થયેલો હોવા છતાં તેમનો ઝોક વેદાંત પ્રત્યે જ સવિશેષ રહેલો છે.

ભાવનગરમાં શામળદાસના સેક્રેટરી તરીકે પ્રવૃત્તિમય જીવનની વચ્ચે હતા ત્યારે પણ લોકોમાં કહેવાતું કે "ગોવર્ધનભાઈ તો ઈશ્વરની શોધમાં છે. અગાઉ ઉલ્લેખેલા જીવનના ત્રણે સંકલ્પો સિદ્ધ કર્યા પછી પણ તે યોગમાર્ગ તરફ વળે છે, એ અંગેની યૌગિક ક્રિયાઓ કરે છે. વળી વળીને સંન્યસ્ત ગ્રહણ કરવાના વિચારો આવે છે. પોતાની પચાસમી વરસગાંઠના દિવસે આત્મમંથન કરતાં "કુટુંબ છોડીને સંન્યાસી થાઉં"—એવો પ્રશ્ન તે પોતાના મન સાથે ઉઠાવે છે અને અંતે ઘરમાં રહીને જ સંન્યાસ એ ઉકેલ ઉપર તે આવે છે,—"Sannyasa at Home is the only Solution."

ગોવર્ધનરામે પોતાની પ્રવૃત્તિઓનો આખો કાર્યક્રમ ઘડી કાઢયો હતો. જાહેર પ્રવૃત્તિઓ તેમણે પ્રવાહપ્રાપ્ત ધર્મરૂપે કરી છે પણ એ હતા ગુફાવાસી. એક નોંધમાં તે પોતાને ઉદ્દેશી કહે છે: "મિ. ત્રિપાઠી, મેં તમોને કહ્યું છે કે જાહેર પુરુષ કે નાગરિક થવું તે તમારા ક્ષેત્રની બહાર છે, જે તમે એક ચોક્કસ બનાવ પેદા કરવાનો જે ઘડીએ પ્રયત્ન કરો તે ઘડીએ થઈ શકો...હું આ કે તે બનાવ પેદા કરવા કે પેદા થયેલો જોવાનું ઇચ્છતો નથી. પરંતુ હું તો એક એવી પ્રજા ઉત્પન્ન થયેલી જોવા માગું છું, જે અત્યારે છે એના કરતાં વધારે ઉચ્ચ અને શક્તિશાળી હોય."

ગોવર્ધનરામનાં લખાણોમાં—વિશેષે કરીને એમના નાયક સરસ્વતીચન્દ્રમાં—પ્રબલ દેશભક્તિની ભાવના રહેલી છે. પણ આ દેશસેવા તેમની અધ્યાત્મસાધનાના ભાગરૂપે હતી. તેમની ઇચ્છા દેશબાંધવોને ઘડવાની હતી. તેમને મન એ જ દેશસેવા હતી. પણ એ માટે પોતે કેવો માર્ગ અપનાવ્યો ? વિદ્યાની ઉપાસના, શબ્દની આરાધના. વિદ્યોપાસના દ્વારા જ દેશની ઉત્તમોત્તમ સેવા થઈ શકે એવી પ્રતીતિ જેમને જીવનયાત્રાના આરંભકાળમાં જ થઈ ચૂકી હતી એવા ગોવર્ધનરામે પોતાની બધી શક્તિઓ એ માર્ગે જ કેન્દ્રિત કરી. ગોવર્ધનરામે પોતાની સર્જકશક્તિ એક માત્ર વિદ્યાના ક્ષેત્રમાં પ્રવર્તાવવાનું નક્કી કર્યું. અને આખુંય જીવન એ માટે પોતાને તૈયાર કરતા રહ્યા.

એમના જીવનદર્શનના પાયામાં પ્રવૃત્તિમૂલક સંન્યસ્તનો વિભાવ રહેલો છે. વૈયક્તિક જીવન-સાધનામાં અને પરલક્ષી સાહિત્યસર્જનમાં પણ એનો પ્રભાવ પ્રતીત થાય છે. આ પ્રવૃત્તિમય સંન્યાસ–Practical Asceticism–વિચાર જ શબ્દાન્તરે એમનાં એવાં બીજાં સૈદ્ધાન્તિક નિરૂપણોમાં પણ રહેલો છે. અહીં ગોવર્ધનરામ નૈષ્કર્મ્યનો જોરદાર વિરોધ કરે છે. અધ્યાત્મમૂલક કર્મપ્રવણતામાં જીવનસાર્થક્ય જુએ છે. ધર્મના બાહ્યરૂપ ઉપર તેમને પક્ષપાત નથી. સાચી આધ્યાત્મિકતા કુટુંબ, સમાજ, દેશ પ્રત્યેની સક્રિય કર્તવ્યભાવના રૂપે જ પ્રગટ થાય એવો એમનો દૃઢ પ્રત્યય છે. લોકસંગ્રહાર્થ કર્મપ્રવૃત્ત રહીને જ મનુષ્ય આ જીવનમાં સાચો આનંદ–સાચું સ્વર્ગ મેળવી શકે છે. પશ્ચિમના સંપર્કમાં મુકાયા પછી જે સાંસ્કૃતિક નવોત્થાનનો યુગ આવ્યો એમાં આપણા ચિંતકોએ ધર્મમાં રોપેલા કર્મનો મહિમા સમજીને એનો પુરસ્કાર કરવાનું યોગ્ય ધાર્યું–આ એક વિચાર તત્કાલીન ભારતીય ચિદાકાશમાં સાર્વભૌમ જણાય છે. અભિનવ ભારતના આ દર્શનરૂપ વિચારનું વાહન ગોવર્ધનરામ જેવા મનીષી બને છે. સ્વામી વિવેકાનંદની "Practical Vedant'ની ઘોષણા થવાને વાર હતી ત્યારે ગોવર્ધનરામ આ મંત્રરૂપ વિચારની જે રીતે માંડણી કરે છે એમાં તેમની દેશવત્સલતા અને આધ્યાત્મિકતા એકરસ થયેલી છે.

સંન્યસ્તની ભાવનાને કર્મમાં–વ્યવહારમાં સાકાર કરવી જોઈએ. એ માટેનો માર્ગ બતાવતાં તે કહે છે: "જ્યાં ઊભા હો ત્યાંથી જ કાર્ય શરૂ કરો. એટલે સૌ પહેલાં કુટુંબ આવે છે. કુટુંબીજનોને તંદુરસ્ત અને સહકાર્યકરો બનાવો. દેશને માટે કામ કરો. દેશની જરૂરિયાતો શી છે, એની શિકાયતો અને દુઃખો શાં છે તે શોધી કાઢો. એને દૂર કરવા માટે અથવા કમમાં કમ એને ઓછાં કરવા માટેનાં સાધનો શોધો, અને યોગ્ય રીતે એ સાધનોને કામે લગાડો"... "માણસના દુન્યવી સ્વાર્થનો ત્યાગ અને વિશાળતમ અર્થમાં સમાજહિત માટે પોતાનું જીવન અર્પી દેવું–એમાં એ સંન્યાસ રહેલો છે" એમ કહીને ઉમેરે છે કે જ્યારે મનુષ્ય પોતાની જાત માટે જ કર્મ કરવાનું ઇચ્છે છે અને એ પ્રમાણે કરે છે ત્યારે તે છેવટે દુઃખ પામે છે. જીવન દુઃખથી ભરેલું છે, પણ એમાં સાચી શાંતિ પરાર્થે જીવવામાંથી મળે છે. જીવનની પારાવાર કરુણતા વચ્ચે પણ જીવનની સાચી અર્થસૂચકતા–Significance of Life–શોધવી એ સાચી શાંતિ મેળવવાનો માર્ગ છે એમ ગોવર્ધનરામ માનતા હતા. એથી જ તો તે હાકલ કરે છે: "ચાલો આપણે દુનિયા માટે જીવીએ, અને નહિ કે દુનિયા આપણા માટે. આ જ આપણું એક માત્ર સ્વાતંત્ર્ય છે અને એટલા માટે સાચું સુખ પણ એ જ છે."

ગોવર્ધનરામ દ્રષ્ટા તરીકે કેવળ સાક્ષી રહે એવું એમનું દર્શન ન હતું. સમાજની શ્રેયોલક્ષી

પ્રવૃત્તિઓનું દિક્સૂચન તે કરતા અને એમાં ભાગ પણ લેતા. નડિયાદમાં પોતે સ્વદેશી સ્ટોર્સનું ઉદ્ઘાટન કરી આ પ્રકારની પ્રવૃત્તિને વેગ આપ્યો હતો. એમનાં અન્ય લખાણોમાં–વ્યાખ્યાન-નિબંધોમાં–દેશના અનેકવિધ પ્રશ્નોમાં તે જીવંત રસ લેતા જોઈ શકાય છે. તે નક્કર સૂચનો કરે છે. વસ્તીગણતરી જેવા ખૂબ પરિશ્રમ માગી લેતા કાર્યમાં ખેડા જિલ્લાના કલેક્ટરે ગોવર્ધનરામની મદદ માગી ત્યારે પોતાની તબિયત નાદુરસ્ત હોવા છતાં તેમણે એક કર્તવ્ય તરીકે આ કાર્ય પાર પાડયું. જીવનના એકેએક મોરચા ઉપર તેમણે પોતાની શકિતઓનો હિસાબ આપ્યો છે. એમની સ્ક્રેપબુકસમાં 'Duty' શબ્દ કંઈ અગણિત વાર આપણે જોઈએ છીએ! આ 'duty'—ફરજ અંગે તેમની જાગૃતિ અને પ્રવૃત્તિ માન ઉપજાવે એવી છે.

પણ ગોવર્ધનરામને આપણે કલાકાર તરીકે જ વધારે ઓળખીએ છીએ. જો એ કલાકાર ન હોત તો કદાચ આજે તેમના વિષે વાત કરવાનો પ્રસંગ ઊભો ન થયો હોત! ગોવર્ધનરામને કદાચ પદ્ધતિપૂર્વકના ફિલસૂફ ન કહી શકાય; અને છતાં તેમના 'સરસ્વતીચન્દ્ર'માં જીવનદર્શનનો કેવો સંભાર ભરેલો છે! કલામાં જીવનદર્શન હોવું જરૂરી છે એમ નથી પણ જો કલા થઈ હોય તો એમાં જીવનદર્શન અને બીજું ઘણું બધું પ્રવેશી શકે અને છતાં કલાને આંચ આવે નહિ. વિશ્વની મહાન સાહિત્યકૃતિઓમાં ચિંતનમનનના ખંડો સમૂળગા ન હોય એવું બન્યું છે! એબરક્રોમ્બીએ મહાન કવિતાની પોતાની વિભાવનામાં આ મુદ્દો સ્પષ્ટ કર્યો છે. ચિંતનમનન હોવા છતાં આપણે એવી પાશ્ચાત્ય અને ભારતીય કૃતિઓનો કાંકરો કાઢી નાખતા નથી; જ્યારે 'સરસ્વતીચન્દ્ર'માં એવા અંશોને આગળ ધરી આપણે બૂમરાણ મચાવી મૂકીએ છીએ અને છતાં આશ્ચર્યની વાત તો એ છે કે 'સરસ્વતીચન્દ્ર' કલાકૃતિ નથી એવું સાબિત કરી શકતા નથી! તો પછી એ રુચિનો પ્રશ્ન થયો ગણાય. કદાચ આત્મસ્થાપના માટે એ જરૂરી હોય પણ એને સાહિત્યિક મૂલ્યાંકન સાથે સંબંધ નથી. અલબત્ત વિચારણાના અંશો સર્વત્ર સમરસ ન થયા હોય એવું પણ બન્યું છે. એનો બચાવ કરવાનો પ્રશ્ન નથી. (દા. ત.: માનવકર્તવ્ય કે શિક્ષણ અંગેની વિચારણાઓ) તેમ છતાં ગોવર્ધનરામને કલાતત્ત્વની ઊંડી સૂઝ છે અને તેમને અભીષ્ટ જીવનદર્શન પણ કલાના સંદર્ભમાં જ તે સામાન્યતઃ નિરૂપે છે. ગોવર્ધનરામ ફિલસૂફી તરીકે એ નિરૂપતા નથી. કે. જી. સ્પેલ્ડીંગે "The Philosophy of Shakespeare" પુસ્તકમાં કહ્યું છે કે શેકસ્પિયર જેવામાં પણ ફિલસૂફનાં લક્ષણો તો પહેલી નજરે થોડાં જ દેખાય. પરંતુ કવિઓ અને કલાકારો પણ ફિલસૂફો હોય—તર્ક અને યુક્તિથી પ્રતિપાદન કરનારા બૌદ્ધિક ફિલસૂફો કરતાં ઘણી વાર તેઓ વસ્તુઓના સત્ય તરફ વધુ વેદનશીલ હોય છે. સહજસ્ફુરણથી તેઓ વસ્તુઓનું સત્ય ગ્રહી શકે છે. ગોવર્ધનરામને કહેવા હોય તો એ કક્ષાના ફિલસૂફ કહી શકાય. ગૃહ, રાજ્ય અને ધર્મની વિચારણા–વિશેષે કામ, પ્રીતિ અને યજ્ઞની વિચારણા કે લક્ષ્યાલક્ષ્ય રહસ્ય વિવરણ, સમગ્ર કૃતિની સંઘટનાના સંદર્ભમાં તદ્દન બંધબેસતાં લાગે છે. એમાં પ્રસ્તાર ક્યારેક થયો છે અને તે મુખરિત પણ બન્યા છે એની ના નહિ. પણ એ જુદો સવાલ છે. એમાં પણ તે સ્પેલ્ડીંગ કહે છે તેવા "આદર્શવાદી" ફિલસૂફ વિશેષ છે, અનુભવપ્રમાણવાદી (Empirical) કરતાં પણ.

ગોવર્ધનરામ આવ્યા ત્યારે આપણે ત્યાં સુધારકો હતા. સંરક્ષણવાદીઓ–પુનઃસ્થાપના-વાદીઓ હતા. સુધારાનાં કાંઈક વળતાં પાણી થતાં જતાં હતાં. સુધારા જેવી રાજસ આકાંક્ષાને બદલે સાંસ્કૃતિક અભિગમ બલવત્તર બનતો જતો હતો. ગોવર્ધનરામ સુધારાવાદી નથી (જોકે

અનેક બાબતોમાં તે વખતના સામાજિક સંદર્ભમાં પ્રગતિશીલ કહેવાય એવું વલણ તે દાખવે છે–ખાસ કરીને કામ, પ્રીતિ અને વિવાહ અંગેની વિચારણામાં.) તેમ સંરક્ષણવાદી પણ નથી. પશ્ચિમની બુદ્ધિપૂત વિજ્ઞાનદષ્ટિ અને સબળ કર્મયોગ તેમ જ અત્રત્ય અધ્યાત્મપરંપરામાંથી બળ મેળવવાનું સમજસત્ત્વ એ બંને પ્રત્યે આદર સેવનારી સમન્વયદષ્ટિ તેમનામાં છે. ગોવર્ધનરામ નિઃશેષ સમન્વયવાદી છે (જો વાદનું લેબલ લગાવવું હોય તો!). સુધારાવાદીઓને બધું ફગાવી દેવા જેવું લાગતું હતું એને બદલે પરંપરાગત જેટલું ઉપકારક હોય તે બધું જ જળવાય અને કામે લગાડાય તેમ જ સાથે સાથે પશ્ચિમમાંથી જરૂરી એવા જીવનખ્યાલો, જીવનરીતિઓ અને સંસ્થાઓ પણ જરૂરિયાત પ્રમાણે અપનાવાય એવું તેમનું વલણ હતું; અને એ બધું તેમણે કલા રૂપે પ્રબોધ્યું. આપણો પ્રાચીન સાંસ્કૃતિક વારસો, વર્તમાન પરિસ્થિતિ અને પશ્ચિમ—એ ત્રિવેણી, સંગમના સમયમાં ભારતીયતાની ખોજ એ ગોવર્ધનરામનો મુખ્ય પ્રશ્ન છે. અને એ તેમણે સંતુલિત જીવનદર્શનને કલાના રસાયણમાં એકરસ કરી ઉકેલવા પ્રયત્ન કર્યો છે. કોઈ હાથવગા ઉકેલો તેમણે આપ્યા છે એમ કહેવાનો અર્થ નથી.

ગોવર્ધનરામ જીવનદ્રષ્ટા છે એટલા જ જીવનસ્રષ્ટા પણ છે. એક જીવંત કથાસૃષ્ટિ દ્વારા તેમણે આપણને એનું દર્શન પણ કરાવ્યું છે. મેથ્યુ આર્નોલ્ડના, કવિતા એ જીવનની સમીક્ષા છે, એ મત અંગે ગેરડે કહેલું કે કવિતા એ સ્વયં વિશિષ્ટ જીવન છે. ગોવર્ધનરામે અહીં પણ સમન્વય કર્યો! જીવનની સમીક્ષા આપી અને જીવન પણ આલેખ્યું. બલકે જીવનના આલેખનમાં જ સમીક્ષા સંભરી દીધી. સામાજિક અભ્યુદયના પાયામાં આપણાં ગૃહો અને કુટુંબ રહ્યાં હોઈ એ અંગેના પ્રશ્નોની પર્યેષણા કરી, પણ રાજ્યસંસ્થા વગર કુટુંબસંસ્થા શી રીતે પાંગરે? એટલે રાજ્યવિચારણા પ્રસ્તુત કરી. એમ આ ગૃહ, રાજ્યને ધર્મના વિશાળ અને ઉન્નત પરિવેશમાં તેમણે મૂકી આપ્યાં. નાયક સરસ્વતીચન્દ્ર અને નાયિકા કુમુદના આલેખનમાં ગોવર્ધનરામનો પ્રશ્ન સ્થૂલ-સૂક્ષ્મ પ્રીતિસંબંધથી જોડાયેલાં આ પાત્રોની પ્રીતિનું શોધન કરી પ્રેમની એક વિશિષ્ટ ભૂમિકા ઉપર તેમને મૂકવાં એ છે. અનેક અનુભવોમાંથી લેખક તેમને પસાર કરે છે. રહીસહી વાસના અને રાગાવેગમાંથી પણ અંતે એ મુક્ત થાય છે અને સિદ્ધલોકનાં દર્શનનાં અધિકારી બને છે. પ્રીતિની આવી પ્રોજ્જવલભૂમિકા સંસિદ્ધ થયા બાદ ભારતવર્ષનું ભવિષ્ય તેમની સમક્ષ સ્ફુટ થાય છે. કલ્યાણગ્રામની યોજના એ ચોથા ભાગના ૩૯મા પ્રકરણમાં—'દેશપ્રીતિનું મનોરાજ્ય'માં આવે છે પણ આરંભથી 'સરસ્વતીચન્દ્ર'ની દેશોદ્ધારક ભાવના લક્ષ્યસ્થાન પ્રતિ ગતિ કરતી જણાય છે. પહેલા ભાગમાં જ સરસ્વતીચન્દ્ર "All for others Nothing for myself"—જનપશુજગના કલ્યાણયજ્ઞમાં હોમું અંગ સહુ મારાં" એમ રટે છે. આ "કલ્યાણયજ્ઞ" જ આગળ જતાં કલ્યાણગ્રામની યોજનામાં પરિણમે છે. ગોવર્ધનરામની પ્રવૃત્તિમય સંન્યાસની ભાવના નાયક સરસ્વતીચન્દ્રમાં મૂર્ત થયેલી જોવી મુશ્કેલ નથી. સુંદરગિરિ ઉપર નાયક અને નાયિકાને તે ભેગા કરે છે. સુંદરગિરિ એ ધર્મસંસ્થાન છે પણ તેમણે નામ કેવું આપ્યું—'સુંદરગિરિ'—આધ્યાત્મિક સત્ય પણ સુંદર રૂપે તેમને પ્રતીત થાય છે. આ યાત્રા તે આનંદયાત્રા છે એમ તે સૂચવે છે. ગૃહ, કુટુંબ અને રાજ્યની વિચારણાને હવે તે ધર્મના બૃહત્ સંદર્ભમાં મૂકી આપે છે. સુંદરગિરિ ઉપર પોતાના ગૃહત્યાગ અંગે સરસ્વતીચન્દ્ર કહે છે : "હું મૂળથી નિષ્કામ છું. ધર્મથી નિષ્કામ કર્મ કરનારને ઉભય વૃત્તિમાં શમ જ છે. તેથી જ ધર્મમાર્ગનો પ્રશમ રૂપ એક જ

રસ કહેલો છે." નાયક સરસ્વતીચન્દ્રની "નિષ્કામ પ્રીતિ"ની વિભાવનામાં પણ તેમની જીવનદષ્ટિનો અણસાર મળે છે. ભગવી કંથા ધારેલી કુમુદ અને સરસ્વતીચન્દ્રને તેમણે વિષ્ણુદાસના સાન્નિધ્યમાં ભેગાં કર્યાં. આપણને લાગે છે કે "દિવ્ય અશ્રુપ્રતિમા" કુમુદ માટે હવે લગ્ન સંભવતું નથી. એના હૃદયની ગ્રન્થિઓ ભેદાઈ ગઈ છે. ગોવર્ધનરામ સરસ્વતીચન્દ્રના આ અંશમાં કેટલી બધી વાર "ધર્મ" શબ્દનો ઉપયોગ કરે છે! ધર્મ દષ્ટિએ—શ્રેયો દષ્ટિએ શું યોગ્ય છે તે જ તેમની નિસ્બત છે. કુમુદ કહે છે: "ચન્દ્રકાન્તભાઈ, આ કંથા ધારી છે તો ધર્મ પણ કંથાનો જ ધારીશ". સુંદરગિરિ પરથી નીકળતાં તે કહે છે: સરસ્વતીચંદ્ર! ઈશ્વરલીલાના ચમત્કારથી એક ભવમાં અનેક ભવ થાય છે તેમ મારે તમારે થયું". ગોવર્ધનરામ સરસ્વતીચંદ્ર સાથે કુમુદનું લગ્ન કરાવતા નથી એ પ્રશ્ન ખૂબ ચર્ચાયો છે. પણ તેમની દૃષ્ટિએ આ પ્રકારનું લગ્ન બાહ્ય લગ્ન—એ જીવનની કૃતાર્થતા નથી. જીવનની કૃતાર્થતા તો નિષ્કામ ભાવે—લોકસંગ્રહદષ્ટિએ થતી જનસેવા જ છે.

ગોવર્ધનરામની યજ્ઞમીમાંસામાં લોકહિતાર્થે, લોકસંગ્રહાર્થે કર્મ કરવાની વાત ઉપર જે ભાર મુકાયો છે તે પણ તેમની આપણને પરિચિત જીવનદષ્ટિનો જ પુરાવો છે. તેમના લક્ષ્યાલક્ષ્ય સિદ્ધાન્તને પણ તેમની પ્રવૃત્તિમૂલક સંન્યસ્તની વિભાવનાના વિસ્તારરૂપે જોઈ શકાય. વેદાંતની જીવ, ઈશ્વર અને બ્રહ્મની ત્રિપુટીમાંથી ગોવર્ધનરામ લક્ષ્ય અને અલક્ષ્યની દ્વિપુટિ રચે છે. જીવ-ઈશ્વરને તેઓ લક્ષ્ય નામ આપે છે અને બ્રહ્મને અલક્ષ્ય કહે છે. જીવ ઈશ્વરને ઉપાધિને અવચ્છેદે છે પણ બ્રહ્મ ઉપાધિથી અવચ્છિન્ન છે. પ્રાકૃત માણસો ચર્મચક્ષુથી ઉપાધિને જ લક્ષી શકે છે માટે લક્ષ્ય, ઉપાધિહીન બ્રહ્મ લક્ષાતું નથી માટે અલક્ષ્ય. સરસ્વતીચન્દ્ર કહે છે: "The point is duty, and in this case Asceticism does not murder duty"— આ જ તેમનું "Practical Asceticism" છે.

ગોવર્ધનરામ હંમેશા મોટા વિચારો સાથે કામ પાડનારા હતા. તેમની સ્ક્રેપબુકસમાં ફિલસૂફીના ઘણા પ્રશ્નો તે છેડે છે, પરંતુ આ પ્રશ્નો એક અભ્યાસીની રીતે નહિ—એક સત્યશોધકની રીતે ચર્ચતા હોય એવું લાગે છે કારણ કે એની સાથે જ, સમાન્તર ગતિએ પોતાની યોગસાધનાના ઉલ્લેખો આવે છે. તેમનો ઉત્સર્ગસિદ્ધિનો સિદ્ધાન્ત 'Philosophy of Consumption'—નિઃશેષ નિરૂપણ પામ્યો છે. સમષ્ટિના શ્રેયાર્થે વ્યકિતએ કરેલા સમર્પણને તે ઉત્સર્ગ કહે છે. આ સમર્પણમાંથી જે સિદ્ધિ પરિણમે તે ઉત્સર્ગસિદ્ધિ. સ્ક્રેપબુકસમાં "The great will," "The great force"ના ઉલ્લેખો વારંવાર આવે છે. તા. ૧૦ નવેમ્બર ૧૮૯૨ની નોંધમાં ૨૧ શ્લોકોમાં તેમણે મહેચ્છાનું સ્વરૂપ સ્ફુટ કર્યું છે, ઈશ્વરની ઇચ્છા—આ સૃષ્ટિના મૂલગત કારણમાં રહેલી ઇચ્છાને તે "ધી ગ્રેટ વીલ" કહે છે. આ જ મહેચ્છા છે. કાષ્ઠમાં જેમ અગ્નિ તેમ ગુણરૂપે મહેચ્છા અલક્ષ્ય રહેલી છે. પરમાત્મ તત્ત્વની તે સંકલ્પ-શકિત છે. આમ તો તે ગુણાત્મક(લેટન્ટ)છે પણ કર્મ દ્વારા તે પેટન્ટ બને છે. વ્યક્તિ જ્યારે પોતાની ઇચ્છાને મહેચ્છાના ભાગરૂપ બનાવે ત્યારે તેનું અહંબિંદુ સંક્ષય પામે એટલે કે તેનો જીવભાવ ટળે. તેઓ કહે છે કે: **महेच्छा समीरस्य शान्ता लहर्यौ भवेयुर्यदा सा महेच्छा मदिच्छा**—જ્યારે આ મહેચ્છા એ જ મારી ઇચ્છા બને—મહેચ્છાથી ભિન્ન મારી વ્યકિતગત ઇચ્છા ન રહે—ત્યારે મહેચ્છાના સમીરની લહરીઓ શાંત થઈ જાય છે. શોપનહોરના 'વીલ ફોર્સ'ના સિદ્ધાન્તની જાણ થતાં પોતે નોંધે છે કે મને પહેલી વાર જાણવા મળે

છે કે મારા માનસ કરતાં બીજા કોઈ માનસને આ સિદ્ધાન્ત સૂઝયા છે. " મરણ પછી જીવન છે " એ પ્રશ્ન પણ તેમણે સ્ક્રેપબુકમાં છેડ્યો છે. આ સવાલ ઉઠાવીને ભવિષ્યમાં આપણો નવજન્મ થશે એમ પુરવાર કરવાનો લેખકે પ્રયત્ન કર્યો છે પણ તેમની વિચારણા સાદશ્યમૂલક દલીલમાં જ ઊતરી છે. એક બીજી નોંધમાં મૃત્યુ પછી મારી સ્થિતિ હશે ? એ પ્રશ્ન ઉઠાવીને પોતે જ એનો જવાબ આપે છે કે પોતાનું ચિત્તતંત્ર મરણ પછી નિઃસંદેહ ટકવાનું—પોતે નાભિનાલ દ્વારા કાવ્ય અને તત્ત્વજ્ઞાનનો રસ પોષણરૂપે ચૂસી રહ્યા છે અને ભવ્યતર સ્થિતિ માટે સાધના કર્યા કરી છે. જે ચિત્તતંત્રો આમ ન કરી શકે એમનો કાં તો ગર્ભપાત થાય કાં તો સડેલ જીવનપ્રકારમાં તેમની અધોગતિ થાય. અહીં એમની આગળ તાત્ત્વિક પ્રશ્ન ઊભો થાય છે. ગર્ભપાતથી પણ જીવભાગનો નાશ થાય. ઉત્સર્ગસિદ્ધિથી પણ તેમ જ થાય, તો પછી બેમાં ફેર શો ? તેઓ નોંધે છે કે ગર્ભપાત પછી અચેતનમાં ભળી જવાનું થાય, જ્યારે ઉત્સર્ગસિદ્ધિ પછી સચેતનમાં ભળવાનું બને. મહેચ્છાએ નિર્માણ કરેલું છે કે ઉત્સર્ગસિદ્ધિ એ લક્ષ્ય છે. વ્યક્તિએ એ પ્રક્રિયામાં પસાર થવાનું જ છે—ઉત્સર્ગસિદ્ધિ સાધ્યે જ છૂટકો છે, ત્યારે જ તે કૃતકૃત્ય બને—મુક્ત બને. ગોવર્ધનરામના જીવનદર્શનમાં આ પાયાના પ્રમેયો રહેલા છે.

ગોવર્ધનરામ ઉપર " પંચદશી "ની પણ પ્રભાવક અસર રહેલી છે. પંચદશીનો જીવન્મુક્તનો આદર્શ તે પોતાના " અધ્યાત્મજીવન " ગ્રંથમાં મૂર્ત કરે છે. અહીં પણ તેમની વિચારણા નિષ્કામ કર્મયોગ ઉપર આવીને ઊભી રહે છે. જીવન્મુક્ત સમાજહિતનાં કાર્યોમાં નિષ્કામ ભાવે પ્રવૃત્ત થાય એ જ એને માટે કર્મમાં અકર્મ છે. સરસ્વતીચન્દ્રમાં ગોવર્ધનરામે લખ–અલખ સિદ્ધાન્તનું પ્રતિપાદન કર્યું અને અંતે નાયકને જીવનના અનેક કટુ અનુભવોમાંથી પસાર કરીને અંતે સંસારમાં લાવીને મૂકયો એમાં પણ આ જ જીવનદષ્ટિ રહેલી છે. લક્ષ્યાલક્ષ્ય યોગીઓ જીવ, ઈશ્વર અને બ્રહ્મ એ ત્રણેનું અદ્વૈત સાધે છે એવા નિરૂપણમાં–ત્રિયોગ યોગમાં પણ આ જ વસ્તુ રહેલી જોઈ શકાય છે. ' સ્નેહમુદ્રા 'માં અને ' સરસ્વતીચન્દ્ર 'માં પણ ઉત્કટપણે જિવાતું સ્નેહજીવન સમષ્ટિજીવન સાથે સમરસ થતું તેમણે બતાવ્યું છે. તેમની જીવનફિલસૂફી કલાસર્જનમાં પણ કેવી અખંડ એકવાકયતા સાધે એનું એ ઉદાહરણ છે.

સમાજ, રાજ્ય, ધર્મ આદિ વિષયો ઉપરની ગોવર્ધનરામની બહુમૂલ્ય વિચારણા તેમના પ્રશિષ્ટ ગ્રંથ ' સરસ્વતીચન્દ્ર ' અને અન્ય કૃતિઓમાં રહેલી છે, પણ એ બધાને આજે સ્પર્શવાનું પ્રસ્તુત લેખ્યું નથી. અહીં તો ગોવર્ધનરામે પોતે જીવનસાધના કરતાં કરતાં જે સિદ્ધાન્તો નિપજાવ્યા અને જે સિદ્ધાન્તોથી તેમને પોતાને આશ્વાસન મળ્યું એનો જાણે કે સંવિભાગ રચવા માટે કલાકૃતિ ' સરસ્વતીચન્દ્ર 'માં અને અન્યત્ર એનું પ્રતિપાદન તેમણે કર્યું છે એનો કાંઈક ખ્યાલ આપવાનો પ્રયત્ન કર્યો છે.

ગોવર્ધનરામના જીવનદર્શનમાં કેટકેટલી વસ્તુઓ રહેલી છે ! એમના વિચારસાગરમાંથી અનેક બહુમૂલ્ય મૌક્તિકો પ્રાપ્ત થાય છે. એક ચિંતક તરીકે ગોવર્ધનરામનો વિચાર કરીએ છીએ ત્યારે આનંદશંકરનું મહેરામણનું કલ્પન તદ્દન સમુચિત લાગે છે. આ દેશવત્સલ સારસ્વતનું હૃદયમાધુર્ય એ મહેરામણને, આનંદશંકર કહે છે તેમ, " મીઠા મહેરામણ " રૂપે પ્રતીત કરાવે છે.

વેદાર્થદીપિકા—એક દૃષ્ટિપાત

બિપિનચન્દ્ર હી. કાપડિયા

ચાર વેદોમાં ઋગ્વેદનું સ્થાન તથા ગૌરવ ઘણું છે. જગતની વિવિધ ભાષામાં લખાયેલાં તથા અદ્યાવધિ અવશિષ્ટ ગ્રંથોમાં ઋગ્વેદનું સ્થાન ઘણું મોખરે છે. ઋગ્વેદની સચવાયેલી એક જ આવૃત્તિ તે શાકલ ઋષિની. તેમાં સૂક્તોની સંખ્યા ૧૦૧૭ છે, અને અગિયાર વાલખિલ્ય સૂક્તો કે જેને આઠમા મંડળમાં દાખલ કરવામાં આવ્યા છે તેની ગણતરી કરતાં બધાં સૂક્તોની સંખ્યા ૧૦૨૮ થાય. કદમાં જોઈએ તો હોમરનાં જેટલાં કાવ્યો હાલ અસ્તિત્વ ધરાવે છે તેની બરોબર થાય છે. ઋગ્વેદને સાચવી તથા શુદ્ધ રીતે સંગ્રહી રાખવા માટે પદપાઠ, સંહિતાપાઠ, ઘનપાઠ, જટાપાઠ, ક્રમપાઠ, સ્વરાંકન પદ્ધતિ વગેરે અખત્યાર કરાયા. અનુક્રમણીના પરિશિષ્ટ ગ્રંથો જુદા જુદા દૃષ્ટિબિંદુથી વેદની અંતર્ગત વસ્તુની નોંધ રાખે છે તથા ગ્રંથમાં આવતાં સૂક્તો, મંત્રો, શબ્દો, અક્ષરો વગેરેની ગણતરી કરી સઘળી માહિતી પૂરી પાડે છે. અનુક્રમણીના ગ્રંથો પણ વેદને જેવો ને તેવો સાચવી રાખવાનો ઉદ્દેશ રાખે છે. શૌનકે જુદી જુદી અનુક્રમણીઓ, પ્રાતિશાખ્ય, એક ગૃહ્યસૂત્ર એવા ઘણા ગ્રંથો લખેલા કહેવાય છે.

કાત્યાયને ઋગ્વેદની સર્વાનુક્રમણી તથા શૌનકે અનુક્રમણીથી સંબોધિત થતી બીજી પાંચ કૃતિઓ રચી હતી. શૌનકની પાંચ અનુક્રમણીનો ઉલ્લેખ ષડ્ગુરુશિષ્યે પોતાની ટીકાની પ્રસ્તાવનામાં કર્યો છે. આ પાંચ અનુક્રમણીઓ તે આર્ષાનુક્રમણી, છંદોનુક્રમણી, દેવતાનુક્રમણી, અનુવાકાનુક્રમણી, અને સૂક્તાનુક્રમણી છે. આર્ષાનુક્રમણીનો ઉલ્લેખ ષડ્ગુરુશિષ્યે પંદર વાર કર્યો છે, તે છંદમાં રચાયેલી છે અને તેના ૩૨૦ શ્લોકો છે. દેવતાનુક્રમણીની એક પણ હસ્તપ્રત પ્રાપ્ય નથી પણ ષડ્ગુરુશિષ્ય તેમાંથી ૧૦ ઉદ્ધરણો ટાંકે છે. સૂક્તાનુક્રમણીનું અસ્તિત્વ અટકળનો વિષય બને છે અને શૌનક તેનો ઉલ્લેખ કરતા નથી. અનુવાકાનુક્રમણીનો ઉલ્લેખ ષડ્ગુરુશિષ્ય ત્રણ વાર કરે છે અને તેના પર ટીકા પણ લખી છે.

ષડ્ગુરુશિષ્યની ટીકા તે વેદાર્થદીપિકા. પોતાની ટીકાનું નામ વેદાર્થદીપિકા છે એવું ષડ્ગુરુશિષ્ય પાંચ[1] વાર લખે છે. ભારતવર્ષમાં વૈદિક સાહિત્યના અધ્યયનના પુનરુત્થાનના મધ્ય સમયમાં ષડ્ગુરુશિષ્ય પ્રવર્તમાન હતા. તેમનો સમય લગભગ કુમારિલ અને સાયણાચાર્યના સમયની મધ્યમાં હતો. તેઓ પોતે જણાવે છે તે પ્રમાણે તેમનો સમય ૧૨મી સદીનો અંતિમ ભાગ હતો. તેઓ તે વિષેઆ પ્રમાણેજણાવેછેઃ—

> खगोत्यान्मेषुमायेति कल्यहर्गणने सति ।
> सर्वाणुक्रमणीवृत्तिर्जाता वेदार्थदीपिका ॥ १३ ॥

---

૧ બે વાર પ્રસ્તાવનામાં. શ્લોક ૬:—सर्वानुक्रमणीवृत्तिर्नाम्ना वेदार्थदीपिका । શ્લોક ૬૫-૬૬ : वृत्तिर्नाम्ना वेदार्थदीपिका.....सर्वानुक्रमणीवृत्तिः અને અંતમાં પૃ. ૧૬૭ શ્લોક ૧૨ : वेदार्थदीपिका नाम षड्गुरूणां प्रसादतः તથા પૃ. ૧૬૮ શ્લોક ૧૩ : અને ૧૮ : सर्वानुक्रमणीवृत्तिर्जाता वेदार्थदीपिका ॥ १३ ; सर्वानुक्रमणीवृत्तिः समाप्तेष्टार्थपुष्टये ॥ १८ ॥

लक्षाणि पंचदश वै पंचषष्टिसहस्रकम् ।

सद्वात्रिंशच्छतं चेति दिनवाक्यार्थ ईरितः ॥ १४ ॥ પૃ. ૧૬૮

વેદાર્થદીપિકા પર સહેજ નજર ફેરવનારને લાગશે કે તેના કર્તા વિદ્યાવ્યાસંગી, સારસ્વતપુત્ર તથા મૌલિક વિચાર ધરાવનાર હતા. પોતાની ટીકાના અંતમાં (પૃ. ૧૬૮, શ્લો. ૧૬–૧૭) સાત કૃતિઓ કે જેમાં તેના ૭ ગુરુઓએ પરિશીલન કરાવ્યું હતું તેની તે નોંધ લે છે:

आद्या सर्वानुक्रमणी द्वितीया महाव्रतं चोपनिषद्‌द्वयं च ।

महाव्रतं सूत्रमासां तृतीया चत्वारिंशद्‌ब्राह्मणा वै चतुर्थी ।

सूत्रं पञ्चम्यत्र षष्ठी तु गृह्यं शाकल्यस्य संहिता सप्तगीति ।

શ્લોક ૧૫માં તેના ૭ ગુરુનાં નામાભિધાન આપે છે:

विनायकः शूलपाणिर्मुकुंदः सूर्यो व्यासः शिवयोमीति षड्‌वै ।

नमामि तान् सर्वदा पान्तु मां ते यैर्वै षड्भिः सप्तविद्यास्तु दत्ताः ॥ १५ ॥

ષડ્‌ગુરુશિષ્યે જે ટીકા વેદાર્થદીપિકા નામની લખી છે તે સૂત્રગત સંક્ષેપનું માત્ર વિસ્તૃતીકરણ નથી, કે નથી તદ્‌ગત ગૂઢાર્થનું સ્પષ્ટીકરણ; પરંતુ તેમાં ઘણી વેદવિષયક પુરાકથાઓ વિશદીકરણ માટે ઉમેરવામાં આવી છે. આ કથાઓ પ્રાયશઃ અને ઘણીવાર બૃહદ્દેવતામાંથી ટાંકવામાં આવી છે. પરંતુ જ્યારે તેઓ તે પોતાના શબ્દોમાં આલેખે છે ત્યારે તેઓ પદ્યમાં લખે છે. એક વાર (૨.૩૩ ઉપરની ટીકામાં) ઘણા લાંબા પરિચ્છેદમાં તેમ કર્યું છે, અને તે પણ ત્રિષ્ટુભ્ છંદમાં. તેઓ પાણિનિનાં સૂત્રોને પણ પદ્યાત્મક વાઘા પહેરાવે છે (૨.૧૧ પરની ટીકા). આમાં ઇતિહાસો ઉપરાંત સર્વાનુક્રમણીનાં સૂત્રોની રચના તથા શૈલી વિષે ચર્ચા કરાઈ છે. આના દ્વારા તેઓ વ્યાકરણશાસ્ત્રમાં નિષ્ણાત હતા તે જાણવા મળે છે. ષડ્‌ગુરુશિષ્ય વિષે વ્યક્તિગત માહિતી સાંપડતી નથી. પ્રાચીન સમયના લેખકો તથા વાતાવરણ અને સાહિત્યિક આબોહવાને અનુરૂપ તેઓએ પોતાના વિષે સુભગ મૌન સેવ્યું છે. તેની કૃતિની વિશિષ્ટતામાંથી તેમના વ્યક્તિત્વ વિષે પ્રકાશ પડે છે.

વેદાર્થદીપિકાના પ્રારંભમાં ૬૬ શ્લોકો છે. તેમાંથી ઘણી રસપ્રદ માહિતી મળે છે તથા સંસ્કૃત સાહિત્યના ઇતિહાસ અંગે તેની લાક્ષણિક ઉપયોગિતા છે. વેદાર્થદીપિકાનું ધ્યેય સર્વાનુક્રમણી પરની ટીકા કરતાં કંઈક વધારે વિશાળ અને વ્યાપક હતું; કારણ કે તેના અંતમાં જણાવ્યું છે કે અહીં તો માત્ર પ્રથમ અધ્યાયનો જ અંત થાય છે:

वेदार्थदीपिकायां प्रथमोऽध्यायः समाप्तः પૃ. ૧૬૮

અનુવાકાનુક્રમણી પરની ટીકા જે ષડ્‌ગુરુશિષ્યની છે તે કંઈ વેદાર્થદીપિકાનો ભાગ નથી. આમાં યજુર્વેદ અને આશ્વલાયન શ્રૌતસૂત્રનો નિર્દેશ શ્લોક ૧૩ અને ૧૪માં, ઋગ્વેદમાંથી ઉદ્ધરણ કરે છે (શ્લો. ૭), આશ્વલાયનનું ગૃહસૂત્ર શ્લોક ૮માં, આશ્વલાયન શ્રૌતસૂત્ર શ્લોક ૧૦માં, કોષગ્રન્થનો ઉલ્લેખ શ્લોક ૯માં, ભાગુરિનો નિયમ શ્લોક ૩૫માં અને આરણ્યકમાંથી શ્લોક ૪૬માં ઉલ્લેખ કર્યો છે,

વેદાર્થદીપિકામાં સંહિતાઓ, અન્ય વેદોના બ્રાહ્મણો, મનુ, ભગવદ્ગીતા, મહાભારત તથા અન્ય કૃતિઓનો ઉલ્લેખ કરાયો છે, ઘણાં અવતરણો ઐતરેય બ્રાહ્મણ તથા આરણ્યક અને આશ્વલાયન ગૃહ્ય તથા શ્રૌત સૂત્રોમાંથી લેવાયાં છે. પૃ. ૧૬૮, શ્લોક ૬૬માં ઐતરેય બ્રાહ્મણને ચત્વારિંશદ્-બ્રાહ્મણ કહેવાયું છે. (**चत्वारिंशद्ब्राह्मणं वै चतुर्थी**) જ્યારે ગીતાનો વ્યપદેશ **गीतोपनिषद् श्रुतिः** તરીકે કર્યો છે. જેમકે

क्षरः सर्वाणि भूतानि कूटस्थो क्षर उच्यते ।
अक्षरं ब्रह्म परमिति गीतोपनिषद् श्रुतेः ॥ પૃ. ૯૬

૧૦. ૧૯૧ પર લખતાં પૃ. ૧૬૬ પર પિંગલનાં છન્દઃસૂત્રોનો નિર્દેશ **छन्दोविचिति** તરીકે છે જ્યાં તેઓ લેખકના અંતિમ સૂત્રનો ઉલ્લેખ કરે છે જેમાં કૃતિનો અંત બતાવવા માટે કૃતિના છેલ્લા શબ્દ કે શબ્દોનું પુનરુચ્ચારણ કરવામાં આવે છે.

આ પણ એક આનંદજનક તથા ઉત્સાહપ્રેરક બીના છે કે છાન્દસ કૃતિની ટીકામાં પણ ષડ્ગુરુશિષ્ય ઉદાહરણો ટાંકે છે. જેમાંનાં ઘણાંખરાં ઋગ્વેદપ્રાતિશાખ્યમાં સમાનરૂપે જોવા મળે છે. આ વિગત વિવિધ છન્દના નામાભિધાન તથા સ્પષ્ટીકરણ વખતે જણાય છે.

ષડ્ગુરુશિષ્યના વ્યક્તિગત નામ તથા તેમના વિષે વિશેષ જાણવાનું મળતું નથી. ષડ્ગુરુશિષ્યનું ખરેખરું નામ શું હશે તે એક કોયડો છે. ષડ્ગુરુશિષ્ય તેનું નામ ન હોઈ શકે. તેઓ પોતાના છ ગુરુનાં નામનો ઉલ્લેખ કરે છે પરંતુ પોતાને ષડ્ગુરુશિષ્ય એટલું જ કહે છે. આ છ ગુરુનાં નામ પ્રસ્તાવનાના પ્રારંભમાં પ્રથમ શ્લોકમાં તથા બે પાઠાંતર સહિત અંતમાં પુનરુક્તિ પામે છે.[1]

ઋગ્વેદનો નિર્દેશ "**बह्वृच**" તરીકે કર્યો છે (પૃ. ૪૭, શ્લોક ૨): **बह्वृचानां जनानां तु शौनकस्य प्रसादतः ॥ २ ॥**. અનુવાકાનુક્રમણી પરની ટીકા જે ષડ્ગુરુશિષ્ય દ્વારા રચિત છે તે વેદાર્થદીપિકાનો ભાગ નથી. **वेदार्थदीपिका**માં ષડ્ગુરુશિષ્યે નિમ્નલિખિત લેખકો તથા કૃતિનો ઉલ્લેખ કર્યો છે :—

અનુવાકાનુક્રમણી[2] : ૫. ૩૨; ૮. ૧; ૫. ૪૩-૪૪; ૧૦. ૧ અને ૨૦.

આર્ષાનુક્રમણી : ૧. ૨૪ (પૃ. ૮૬, શ્લોક ૨૦), ૯૯, ૧૦૦, ૧૦૫; ૨. ૧; ૩. ૩૧, ૩૬, ૩૮; ૫. ૧, ૧૮; ૯. ૬૬; ૧૦. ૩૮, ૧૦૫, ૧૧૫, ૧૧૯.

છન્દોનુક્રમણી : ૩. ૨૧

દેવતાનુક્રમણી : ૧. ૨૨, ૨૮, ૧૧૨, ૧૬૫; ૭. ૧૦૦; ૮. ૪, ૬૮; ૧૦. ૩૮, ૧૦૧, ૧૧૯.

પાદાનુક્રમણી : પ્રસ્તાવના ૧૧. ૬

ઐતરેય આરણ્યક[2] : (૧. ૨. ૬. ૧) ૧૦. ૨૮; (૧. ૨, ૬. ૬-૮) ૬. ૧૫; (૧. ૫, ૧. ૧૦) ૮. ૪૦; (૧. ૫, ૩. ૭-૮) ૧. ૧૬૪; (૨. ૧, ૬. ૪) પ્રસ્તા. ૧. ૧;

---

૧ જુઓ પૃ. ૧૬૮, શ્લો. ૧૫, वेदार्थदीपिका : એ. એ. મેકડોનલ

૨ નામોની સામેની પ્રથમ સંખ્યા તે તે કૃતિના અંશનો તથા ત્યાર પછીની બીજી સંખ્યા ઋગ્વેદના મણ્ડળ તથા સૂક્તનો નિર્દેશ કરે છે.

૨. ૧૪; (૨. ૨, ૨. ૨-૪) ૮. ૧; (૨. ૨, ૨. ૭-૮) A ૪૬; (૩. ૨, ૩. ૧૨) પ્રસ્તા. ૨. ૧૫; (૫. ૧, ૧. ૮) ૧૦. ૨૮; (૫. ૨, ૫) પ્રસ્તા. ૫. ૪, ૧૧. ૬ (પૃ. ૭૬); (૫. ૩, ૨. ૧૪) ૧. ૧૬૪; (૫; ૩, ૩. ૬) ૧. ૫૦; (૫, ૩, ૩, ૧૯) ૧૦. ૧૯૧.

તૈત્તિરીય આ.: (૪, ૨૧, ૧) પ્રસ્તા. ૧૧. ૬; (૪, ૪૪, ૩૨) પ્રસ્તા. ૧૧, ૬; (૨, ૨૨, ૨-૪) ૫. ૪૭.

निघण्टु: પ્રસ્તા. ૨, ૧૨, ૧.૪, ૧૯૧.

નિરુક્ત: (૧. ૫) ૧, ૧૭૦; (૨. ૧૦) પ્રસ્તા. ૨. ૭; (૨. ૨) પ્રસ્તા. ૨. ૪.

નૈગમ: (૧. ૬) ૧. ૧૭૦; દેવતાકાણ્ડ પણ નિર્દિષ્ટ થયેલ છે. પ્રસ્તા. ૨. ૧૮; ૧૦. ૩૦; ૨. ૧૨.

પાણિનિ: (૮, ૪, ૬૮) ૧૦. ૧૯૧.

પુરાણ: પ્રસ્તા. ૨. ૧૭.

નૃસિંહ પુરાણ: પ્રસ્તા. ૧. ૨.

પ્રાતિશાખ્ય: (૫૩) ૧. ૨૮; (૧૦૪) ૫. ૩૨; (૮૩૦) ૧. ૫૦; (૮૮૦) प्र. ૩. ૯; (૮૮૧) प्र. ૩. ૯; (૮૯૨) प्र. ૩. ૫; (૯૦૭) એજન; (૯૨૬, ૯૨૮) પ્ર. ૩.૫;

वाजसनेयि सं.: (૪, ૧૪૬) प्र. ૩.૬.

बृहद्देवता: પ્ર. ૧. ૩૨; ૨. ૧૨), ૧. ૨૮; ૨. ૪૩; ૩. ૫–૬; ૫૩ (બે વાર); ૪. ૫૭; ૫. ૧, ૬૧; ૬. ૪૭; ૭. ૧૦૦; ૮. ૪, ૨૭, ૪૬, ૬૮, ૯૧; ૧૦. ૩૮, ૫૭ (બે વાર); ૧૦. ૭૧, ૧૦૧, ૧૧૯, ૧૬૧, ૧૭૩.

આર્ષેય બ્રાહ્મણ: (૧. ૧) प्र. ૧. ૫.

ઐતરેય બ્રાહ્મણ: (૧. ૬. ૨) પ્ર. ૩. ૯; (૧, ૬, ૧૨) ૧૦. ૧૯૧; (૧. ૯. ૭) ૧૦. ૬૩; (૧. ૧૫. ૯-૧૦) ૧૦. ૧૧૮; (૧. ૨૯. ૩-૪) ૨. ૪૧; (૨. ૪. ૧) ૧. ૧૩; (૨. ૧૩. ૩-૪) ૧. ૧૩; (૩. ૧૯. ૪) ૧૦. ૭૩; (૩. ૩૪. ૧) ૯. ૬૫; (૩. ૩૪. ૮) ૧૦. ૧૮; (૪. ૪. ૪) प्र. ૫. ૮; (૪. ૨૨. ૬-૭) ૧૦. ૯૨; (૪. ૩૧. ૬) ૨. ૪૧; (૪. ૩૧. ૧૪) ૧૦. ૧૭૮; (૫. ૫. ૧-૧૧) ૭. ૩૪; (૫. ૫. ૧૩-૧૪) ૭. ૫૬; (૫. ૫. ૧૭) ૭. ૧; (૫. ૧૩. ૧૨-૧૪. ૧) ૧૦. ૬૨; (૫. ૧૫) ૧૦. ૮૬; (૫. ૧૬. ૧૪) ૧. ૧૭૦; (૫. ૧૭.) ૯; (૨. ૪૧); (૫. ૧૭. ૧૦) પ્ર. ૮. ૮; (૫. ૧૯. ૧૨) ૧૦. ૧૫૭; (૫. ૨૧. ૧૩-૧૫) ૮. ૨૮-૨૯; (૬. ૧૮. ૨) ૩. ૩૧; (૬. ૧૮. ૪-૫) ૧. ૬૧; (૬. ૨૨) ૧૦. ૮૬; (૬. ૨૫. ૫) ૧૦. ૯૬; (૭. ૩) ૧. ૨૪; (૭. ૯. ૨) ૬. ૪; (૭. ૧૬. ૩) ૧. ૨૪; (૭. ૧૬. ૮) ૧. ૨૭; (૭. ૧૭. ૧) ૧. ૨૮; (૭. ૧૭. ૩) ૧. ૨૪; (૭. ૧૭. ૭) ૯. ૭૧; ૧૦. ૧૦૪; (૭. ૩૪. ૯) ૪. ૧૫; (૮. ૨૧. ૧૨) ૧૦. ૧૭૨; (૮. ૨૮. ૨૦) ૧૦. ૧૯૧.

તૈત્તિરીય બ્રાહ્મણ : (૩. ૪, ૯, ૧) પ્ર. ૨. ૬.

પંચવિંશ બ્રાહ્મણ : (૧૦. ૧૨. ૫) પ્ર. ૩. ૯.

શતપથ બ્રાહ્મણ : (૧૧. ૬, ૧. ૧) ૯. ૬૫.

સામવિધાન બ્રાહ્મણ : (૧. ૪. ૧૬) ૪. ૩.

ભગવદ્ગીતા : (૮. ૩) ૧, ૧૬૪; (૧૦. ૩૫) પ્ર. ૪. ૧

મનુસ્મૃતિ : (૫. ૪) પ્ર. ૧. ૫; (૧૧. ૨૫૪) ૬. ૭૪

મહાભારત : (૧. ૩૬૨૩) પ્ર. ૧. ૨; (૧૧. ૮૦) ૫. ૨૭ (अर्जुनजन्मनि) ૫. ૧.

અથર્વવેદ : (૬. ૧૧૪) પ્ર. ૧. ૫

તૈત્તિરીય સંહિતા : (૨. ૨. ૨. ૩) ૪. ૩; (૨. ૬. ૬. ૧) ૧૦. ૫૦.

વાજસનેયિ સંહિતા : (૩. ૯) પ્ર. ૨. ૬; (૮. ૧૦) એજન; (૧૬. ૫૩-૫૪) પ્ર. ૨. ૧૩; (૧૯, ૮૨) પ્ર. ૯. ૮; (૨૧. ૪૨) ૧૧. ૬; (૨૧. ૪૩, ૫૮) એજન; (૩૬. ૨૪) એજન.

સામવેદ : (૧, ૧, ૨, ૨, ૭) ૪, ૩; (૧, ૫, ૧, ૨, ૬). એજન; (૨, ૩, ૧, ૨૨, ૧) પ્ર. ૩. ૫.

છન્દસ્ સૂત્ર પિંગળ : (૩. ૪-૬) પ્ર. ૩. ૧૦; (૩. ૨) પ્ર. ૪. ૫; (૩. ૨૬) પ્ર. ૮. ૩, (૩. ૩૩) પ્ર. ૭. ૯; (૩. ૫૨-૫૪) પ્ર. ૯. ૮; (૪. ૧-૪) પ્ર. ૨. ૬ (૫, ૭૬); અન્તિમ સૂત્ર ૧૦. ૧૯૧.

આશ્વલાયન ગૃહ્યસૂત્ર : (૧, ૫, ૪) ૧, ૯૦; (૧, ૧૫, ૩) ૩, ૩૬; (૨, ૩, ૪) ૧૦, ૩૪; (૩, ૨, ૮) A, ૧૦; (૩, ૪, ૪-૫) A, ૮; (૩, ૬, ૩-૪) ૧૦, ૧૬૧; (૩, ૭, ૭) ૧૦, ૧૬૫; (૩, ૧૦, ૭-૮) ૧૦, ૧૮૫; (૩, ૧૦, ૯) ૨, ૪૩; (૩, ૧૨, ૧૭) ૬, ૪૭; (૪, ૮, ૪૩-૪૪) ૧૦, ૧૯૧.

આશ્વલાયન શ્રૌતસૂત્ર : (૧. ૧૨. ૧૩) પ્ર. ૩. ૬; (૨. ૮. ૭) ૧. ૧૨૯; (૨. ૧૩. ૭) ૧. ૭૯; (૨. ૧૪. ૧૧-૧૨) ૧૦. ૧૨૧; (૨. ૧૭. ૧૪) ૭. ૧૦૦; (૨. ૧૭. ૧૫) ૧૦. ૧૨૧; (૩. ૧. ૧૦-૧૧) ૩. ૮; (૩. ૨. ૫) ૧. ૧૩; (૩. ૨. ૮) A ૧૦; (૩. ૮. ૧) ૮. ૧૦૦; ૧૦. ૧૨૧; (૩. ૧૩. ૧૩-૧૪) ૭. ૧૦૦; (૪. ૬. ૩) ૧૦. ૧૮૩; (૪. ૯. ૪) ૨. ૪૧; (૪. ૧૧. ૬) ૭. ૧૦૦; (૪. ૧૩. ૭) ૯. ૪૪; (૪. ૧૫. ૨) ૫. ૭૬; (૫. ૮. ૧) ૧. ૧૫; (૫. ૧૦. ૧૮૦) ૧. ૧૩૯; (૫. ૧૬. ૨) ૩. ૩૬; (૫. ૧૭. ૧) ૮. ૫૧; (૬. ૨. ૯) પ્ર. ૫. ૮; (૬. ૫. ૧૭-૧૮) ૧. ૫૦; (૭. ૬. ૨-૩) ૨. ૪૧; (૮. ૧. ૮) ૨. ૩૭; (૮. ૭. ૨૪) પ્ર. ૮. ૮; ૧. ૧૩૯; (૮. ૮. ૪) ૭. ૧; (૮. ૮. ૫) ૭. ૩૪; ૭. ૫૬; (૮. ૯. ૫) ૨. ૪૧; (૮. ૧૦. ૫) ૧. ૧૩૯;

(૮. ૧૧. ૧) ૭. ૯૦; (૮. ૧૨. ૨૪) ૧. ૬૫; (૧૦. ૮. ૫) ૧. ૧૬૨; (૧૦. ૮. ૭) ૧. ૧૬૨; (૧૨. ૧૦. ૮) ૯. ૫; (૧૨. ૧૫. ૧૨-૧૩) ૧૦. ૧૯૧.

આ પ્રમાણે ઉપર્યુક્ત ગ્રંથોમાં ષડ્ગુરુશિષ્યે પોતાની ટીકા વેદાર્થદીપિકામાં જે જે ગ્રંથોમાંથી ઉદ્ધરણો આપ્યાં છે તે તે કૌંસમાં બતાવ્યા છે અને કૌંસ પછી ઋગ્વેદના કયા મંડળના કયા સૂક્ત અંગે તે ટાંકવામાં આવ્યું છે તે બતાવાયું છે. ઉપર્યુક્ત વિવિધ ગ્રંથોમાંથી સૌથી વધુ વાર આશ્વલાયન શ્રૌતસૂત્ર, ત્યારબાદ આશ્વલાયન ગૃહ્યસૂત્ર અને ઓછામાં ઓછું જેમાંથી અવતરણ અપાયું હોય તેવી કૃતિઓ તે પાદાનુક્રમણી, નિરુક્ત, પુરાણ, નૃસિંહ પુરાણ, આર્ષેય બ્રાહ્મણ, અથર્વવેદ વગેરે છે. વળી, કાત્યાયનની સર્વાનુક્રમણી સમજાવતાં ષડ્ગુરુશિષ્ય પ્રસંગોપાત્ત કેટલાંક ઇતિહાસોનું વિવરણ કરે છે જે નીચે પ્રમાણે છે :—

અગસ્ત્ય : મિત્ર અને વરુણના પુત્ર ૧. ૧૬૬.

અપાલા : ઇન્દ્ર દ્વારા ચર્મરોગમાંથી મુક્ત થઈ ૮. ૯૧.

અસંગ અને તેની પત્ની સરસ્વતી, તેઓની જાતિમાં પરિવર્તન થયું પ્ર. ૮મું મંડળ.

ઉર્વશી અને મિત્રાવરુણ ૧. ૧૬૬.

ઉર્વશી અને પુરૂરવા ઐલ ૧૦. ૯૫.

કક્ષીવાન્ : દીર્ઘતમસનો પુત્ર તથા દાસ ઉલિક્ ૧. ૧૧૬.

ગાથિન્ : (ઇન્દ્ર), કુશિક ઐષીરથિનો પુત્ર અને વિશ્વામિત્રના પિતા પ્ર. મંડળ ૩.

ગૌપાયનો : અસમતિ રાજાના પુરોહિતો ૧૦. ૫૭-૬૦.

પાયુ : ભરદ્વાજનો પુત્ર, પારસિકોના ઉપર કાયમાન અને પ્રસ્તોકને વિજયશાળી બનાવે છે. ૬. ૭૫.

પ્રગાથ : ઘોરનો પુત્ર, તેના વડીલ ભાઈ કણ્વ દ્વારા દત્તક લેવાય છે. પ્ર. મંડળ ૮.

મરુતો : દિતિના પુત્ર, રુદ્ર દ્વારા દત્તક ૨. ૩૩.

વસિષ્ઠ : મિત્ર અને વરુણનો પુત્ર ૧. ૧૬૬.

વસુક્ર : ઇન્દ્રનો પુત્ર, તે અને તેની પત્ની ઇન્દ્ર સાથે વાર્તાલાપ કરે છે. ૧૦, ૨૮.

વાક્ સસર્પરી અને વિશ્વામિત્ર ૩. ૫૩.

વામદેવ : જન્મ પહેલાં ઇન્દ્ર અને અદિતિ સાથે સંવાદ ૪. ૧૮.

વિકુણ્ઠા : એક આસુરી, ઇન્દ્રની મા બને છે. ૧૦. ૪૭.

વિશ્વામિત્ર અને વાક્ ૩. ૫૩.

શક્તિ : વસિષ્ઠનો પુત્ર, વિશ્વામિત્રની ઉશ્કેરણીથી જેને બાળી મૂકવામાં આવ્યો. ૭. ૩૨.

શુનઃશેપ : અજીગર્તનો પુત્ર, દેવો વડે યૂપમાંથી મુક્તિ, હરિશ્ચન્દ્રને વ્યાધિમુક્ત કરે છે, વિશ્વામિત્ર દ્વારા દત્તક લેવાય છે. ૧. ૨૪.

શ્યાવાશ્વ : અર્ચનાનનો પુત્ર, રથવીતિની પુત્રી પત્ની તરીકે પ્રાપ્ત કરે છે. ૫. ૬૧.

સરમા : બૃહસ્પતિની ગાય પ્રાપ્ત કરે છે. ૧૦. ૧૦૮.

સવ્ય (ઇન્દ્ર) : અંગિરસનો પુત્ર બને છે. ૧. ૫૧.

સુહોત્ર, સુનહોત્ર, નર, ગર્ગ, ઋજિશ્વઃ ભરદ્વાજના આ પાંચ પુત્રો; બૃહસ્પતિ બૃહતિનો પુત્ર જે ભરતો વડે દત્તક લેવાયો હતો. ૬. ૫૨.

સૌચિક અગ્નિ : . ૧૦. ૫૦.

વેદાર્થદીપિકામાં કેટલાંક વિશેષ નામો નીચે મુજબ દૃષ્ટિગોચર થાય છે :—

અર્જુનજન્મ	૫. ૧.
આર્યભટ્ટ	૧. ૯૯.
આશ્વલાયન	૭. ૧૦૦.
કત	૩. ૧૫, ૧૭.
કપોત	૧૦. ૫૭; ૧૦. ૧૬૫.
કાત્યાયન	પ્ર. ૧. ૧.
કૃકલાસ	૮. ૯૧, ઋ. ૮.
ગર્ગાદિ	૧. ૬૫, ૧૪૦, ૩. ૫; ૪. ૪૨; ૮, ૧૪. ૪૬, ૮૪; ૧૦. ૫૪. ૭.
ગાથિન્	પ્ર. ૨. ૩.
ગોધા	૮. ૯૧, ઋ. ૮
તરન્ત	પ્ર. ૨.૩.
દાલ્ભ	પ્ર. ૬૧.
દૃઢબુદ્ધિ	પ્ર. ૨.૧૭.
દ્વૈમાતુર	૬.૫૨.
નારદસોમ	૧.૧૩.
પુરુમિલ્હ	પ્ર. ૨.૩.
પ્રહ્લાદ	પ્ર. ૧.૩.
બલિ	પ્ર. ૧.૩.
બ્રાહ્મણચ્છંસિન્	પ્ર. ૨.૨૨.
મહાવ્રત	૧૦.૨.૮.
મારુતાષ્ટક	પ્ર. ૨.૨૨.
મુદ્ગર	૧૦.૧૦૨.

વિદદશ્વ	પ.૬૧.
વિભિન્દુ	પ્ર. ૨.૨૩.
શાકટાયન	૮.૪.
શિપિવિષ્ટ	७.૧૦૦.
શિવયોગિન્	પૃ. ૧૬૮ શ્લોક ૧૫

સર્વાનુક્રમણી એક સૂત્રાત્મક શૈલીમાં લખાયેલી કૃતિ છે. પાણિનિનાં સૂત્રોની જેમ તેની પોતાની આગવી પરિભાષા છે. ષડ્ગુરુશિષ્યની વેદાર્થદીપિકા તે વિષેની પરિભાષા એટલે કે દ્વાદશખંડી પરિભાષા પૃ. ૫७-७૯માં સમજાવે છે. ત્યારબાદ તેઓ પોતાની ટીકામાં ઋગ્વેદનાં ૧૦૧७ સૂક્તો સમજાવવાનો પ્રયત્ન કરે છે. આ રીતે પ્રારંભ કર્યો છેઃ

"अग्निमील इत्यादि खिलरहितसप्तदशाधिकसूक्तसहस्रस्य प्रतिसूक्तमादिसूक्तप्रतिज्ञानमृष्यादिकं दर्शयितुमुपक्रमते । પૃ. ૮૦ (वेदार्थदीपिका). વળી તેઓ ઉમેરે છે કે: "अत्र च सूत्रेष्वनुक्तं परिभाषातो गृहीतव्यम् ।"

ઉપર્યુક્ત સંક્ષિપ્ત વિહંગાવલોકન પરથી આપણે સ્પષ્ટ રીતે કહી શકીએ કે ષડ્ગુરુશિષ્યે વૈદિક સાહિત્યનું આમૂલાગ્ર પરિશીલન કર્યું હતું જેનો ઉપયોગ તેમણે વેદાર્થદીપિકાના પ્રત્યેક પૃષ્ઠ પર કરેલો જોઈ શકાય છે. તેઓ વ્યાકરણના તથા આ વિશાળ વૈદિક સાહિત્યના પ્રકાંડ વિદ્વાન હતા તથા તેમાં તેમની ઊંડી સૂઝ હતી. છ વેદાંગમાંનું એક તે છન્દ. તદ્વિષયક મહત્ત્વનો ગ્રન્થ તે પિંગલનાં છન્દસૂત્રો. તેમને નાગપિંગલાંગ પણ કહેવામાં આવે છે. પ્રણાલિકા પ્રમાણે પતંજલિ સાથે તેમને સમાન ગણવામાં આવ્યા છે. ષડ્ગુરુશિષ્યતેમને પાણિનિના નાના ભાઈ[1] તરીકેગણાવે છે.

અનુક્રમણી નામના ગ્રંથોનું સ્વરૂપ પરિશિષ્ટના જેવું છે. જુદી જુદી સંહિતાઓમાં જે ક્રમ પ્રમાણે સૂક્તો આપવામાં આવ્યાં છે તે ક્રમ પ્રમાણેનાં સૂક્તો, તેના ઋષિ, છન્દ અને દેવતાની ટીપ આ અનુક્રમણીમાં આપી છે. આ પ્રકારના ७ ગ્રંથો ઋગ્વેદની સાથે સંકળાયેલા છે. આ સાતે ગ્રંથો શૌનકના બનાવેલા છે તેવું મનાય છે અને તે અનુષ્ટુભ્ અને ત્રિષ્ટુભ્ એ બે છન્દમાં રચાયેલા છે. આ ઉપરાંત સર્વાનુક્રમણી નામનો ગ્રંથ કાત્યાયને રચેલો છે અને પદ્યમાં રચાયેલી અનુક્રમણીઓનો સાર એ ગ્રંથમાં સૂત્રની શૈલીમાં આપવામાં આવ્યો છે. શું તે ઉપરથી ષડ્ગુરુશિષ્યે દ્વાદશખંડી પરિભાષા લખી ? પાંચ અનુક્રમણીઓ છે જે પદ્યમાં રચાયેલી છે. આર્ષાનુક્રમણીમાં શ્લોકોની સંખ્યા ૩૦૦ કરતાં કંઈક ઓછી છે. અનુક્રમણીનો હાલનો ગ્રંથ બારમા સૈકામાં ષડ્ગુરુશિષ્ય નામના ટીકાકારને જે ગ્રંથ પરિચિત હતો તેને આધુનિક સ્વરૂપ આપવામાં આવ્યું હોય તેવી રીતનો જણાય છે. છન્દોનુક્રમણીનો વિસ્તાર તેટલો હોય તેમ જણાય છે. અનુવાકાનુક્રમણીમાં ૪૦ જ શ્લોક આપેલા છે. અનુક્રમણીમાં જણાવવામાં આવ્યું છે કે ઋગ્વેદમાં

(૧) જુઓ એમ. વિન્ટરનિત્સ, હિસ્ટરી ઑફ ઇન્ડિયન લિટરેચર, વૉ. ૩, ભા. ૧, ૧૯૬૩, પૃ. ૩૨.

બધાં મળીને ૧૦૧ (વાષ્કલ શાખા પ્રમાણે ગણીએ તો ૧૦૨૫) સૂક્તો, ૧૦૫૮૦¼ મંત્રો, ૧૫૩૮૨૬ શબ્દો, ૪૩૨૦૦૦[૧] અક્ષરો આવે છે, અને આ સિવાય બીજા પણ કેટલાક વિગતવાર આંકડાઓ આ અનુક્રમણીમાં આપવામાં આવ્યા છે. બીજી ટૂંકી અનુક્રમણી તે પાદાનુક્રમણી છે. સૂક્તાનુક્રમણીનું તો નામ જ રહ્યું છે, એ ગ્રંથ જળવાઈ રહ્યો નથી. દેવતાનુક્રમણી નામના ગ્રંથની હસ્તલિખિત પ્રત અસ્તિત્વમાં નથી પણ ષડ્ગુરુશિષ્યે પોતાના ગ્રંથમાં તેમાંથી દશ ઉતારા ટાંકયા છે. કાત્યાયનની સર્વાનુક્રમણીમાં અનુક્રમણીમાં અપાયેલી સઘળી માહિતી એકત્ર કરી એક જ ગ્રંથ-સ્વરૂપે રજૂ કરાઈ છે. સૂત્રમાં રચાયેલો આ ગ્રંથ જરા વિસ્તારવાળો ગ્રંથ છે. આ પ્રકારના ગ્રંથો વેદના અભ્યાસમાં ઘણા ઉપયોગી છે. સૂક્તના સંબંધમાં સૂક્તની શરૂઆતના શબ્દો, સૂક્તના મંત્રો, સૂક્તનો ઋષિ, તેનો દેવતા અને તેમાં કયા છન્દ વપરાયા છે તે એકેક મંત્રને માટે પણ કહેવાયું છે. ષડ્ગુરુશિષ્યની વેદાર્થદીપિકા પણ વેદાધ્યયન માટે ઉપયોગી કૃતિ છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી.

(૧) ચતુર્યુગનાં વર્ષોની સંખ્યા પણ પુરાણો પ્રમાણે તેટલી થાય છે !

બૌદ્ધ ધર્મમાં મૂર્તિકળા

પૃથ્વીસિંહ ઝાલા

બિહાર-પ્રદેશના કુશળ શિલ્પીઓ તથા બૌદ્ધ ભક્તોએ ચૈત્યો, વિહાર, મંદિર, ભીંતચિત્રો અને બુદ્ધમૂર્તિનું નિર્માણ કરીને અથવા કરાવીને બૌદ્ધ ધર્મના વિકાસમાં જે સહયોગ આપ્યો છે તેનું મૂલ્ય કોઈ પણ ધર્મોદ્યોગથી ઓછું નથી. બિહારની સ્થાપત્ય અને શિલ્પ કળાઓએ આ રીતે બૌદ્ધ ધર્મનાં નિર્માણ, રક્ષા અને વિસ્તારમાં સ્તુત્ય પ્રયાસ કર્યો છે. એ જ રીતે બિહારનાં રાજાઓ, વિદ્વાનો અને સાહિત્યે પણ પ્રયત્ન કર્યો છે.

બૌદ્ધ ધર્મની રક્ષા તથા પ્રસારને માટે ભગવાન બુદ્ધની ધાતુઓ(અસ્થિ)ને આઠ ભાગોમાં વહેંચવામાં આવી, અને તેમના પર ચૈત્યો(વિહારો)નું નિર્માણ થયું. બિહાર પ્રદેશમાં બુદ્ધની ધાતુઓ પર જે લોકોએ ચૈત્યોનું નિર્માણ કરાવ્યું તેમાં વૈશાલીના લિચ્છવી, અલ્લકપ્પના બુલ્લી અને મગધનો સમ્રાટ અજાતશત્રુ મુખ્ય હતા. ચંપારણ જિલ્લા(પિપ્પલી વન)ના મોરિયોએ બુદ્ધ ભસ્માવશેષ પર ચૈત્ય તૈયાર કરાવ્યો હતો. આ ચૈત્યોમાં શિલ્પીઓએ કેવી કારીગરી શિલ્પીઓએ કરી કેટલું ધન વ્યય કર્યું અને તેનું શું મહત્ત્વ હતું. તેની જાણ રાજગૃહના ચૈત્ય-નિર્માણથી જાણી શકાય છે. આ ચૈત્યનું વર્ણન 'દીઘ નિકાય'ના 'પરિનિબ્બાણ સુત્ત'ની અટ્ઠકથામાં બુદ્ધઘોષે કરી છે.

સમ્રાટ અશોકે પોતાના ધર્મોદ્યોગ સમયમાં ભગવાન બુદ્ધની સ્મૃતિ રક્ષાર્થે તથા ધર્મને ચિરસ્થિત રાખવાને માટે રાજગૃહ તથા અન્ય છ સ્તૂપોમાં રાખવામાં આવેલ બુદ્ધ ધાતુઓને કાઢીને તેનાં પર લગભગ ત્રણ વર્ષમાં ૮૪ હજાર સ્થળોમાં સ્તૂપોનું નિર્માણ કરાવ્યું. આ ચોર્યાશી હજાર સ્તૂપોના નિર્માણસંપાદનના સમાચાર સમ્રાટ અશોકને પાટલિપુત્રમાં એકી સાથે જ મળ્યા. સમાચાર પ્રાપ્ત થતાં જ પ્રિયદર્શી અશોકે પાટલિપુત્રમાં તથા પોતાના સંપૂર્ણ રાજ્યમાં ભારે ધામધૂમથી ઉત્સવ મનાવ્યો અને રાજ્યના એકેએક સીમાડાઓ પર માઈલ સુધી ઘણું બધું દાન કર્યું હતું. આ સ્તૂપોમાં એક કાફિરિસ્તાન(જલાલાબાદ)માં, એકને કુશીનારામાં, એકને શાહાબાદ જિલ્લાના 'મસાઢ' ગામની પૂર્વે છ માઈલ પર, એકને વૈશાલીમાં અને એકને પાટલિપુત્રમાં ચીની યાત્રી હ્યુ એન સાંગે, સાતમી સદીમાં જોયા હતા.

ઉપર મુજબના સ્તૂપો ઉપરાંત અશોકે ધર્મની ચિરસ્થિતિને માટે વૈશાલી, નૌરિમા, નંદનગઢ, રામુપુર, લુંબિનીવન—નેપાળની તરાઈનું ગામ નિગ્લિવા, સારનાથ, કાશી, કોસંબી, શ્રાવસ્તી, સાંચી, ટોપરા, મેરઠ, આદિ સ્થળોએ કુશલ શિલ્પીઓ દ્વારા ધર્મલેખો કોતરાવીને ઊભા કરાવ્યા......તે ઉપરાંત દેશનાં ધર્મપ્રચારને માટે સમ્રાટે શિલાલેખો પણ કોતરાવ્યા એ આપણા ઉજ્જવળ ઇતિહાસનાં પ્રતીકો છે. આ ઉપરાંત અનેક બૌદ્ધ વિહારો અને ગુફાઓનું પણ નિર્માણ કરાવ્યું હતું. સ્તંભોનાં નિર્માણોમાં, તેમના પર લેપ ચઢાવવામાં તથા સ્તંભ શિખરની

મૂર્તિઓ માટે બિહાર પ્રદેશના કલાકારોએ આશ્ચર્યજનક કૌશલ્ય દાખવ્યું છે, જેની જોડ સંસારમાં અન્ય નથી મળતી. સ્તંભો પર અંકાયેલ અધોમુખ કમળપુષ્પ, ઉષ્ણીય(પગડી) ચોકી, પાશ (દોરડું) તથા બળદ અને સિંહની મૂર્તિમાં કલાકૌશલ્ય દાખવવામાં આવ્યું છે, તે હંમેશાં દર્શનીય છે. તે સ્તંભોમાં સ્ફટિક-સુંવાળી પૉલીસ કઈ વિધિથી બનાવેલી તેની જાણ આજ દિન સુધી કોઈને થઈ ન હતી. આ રીતે આ વિશાળકાય સ્તંભોનું નિર્માણ, તે યુગમાં કેવી રીતે થયું અને ચૂનામાં ચણેલો સ્તંભ એટલે દૂર દૂર સુધી કેવી રીતે લાવવામાં આવ્યો તથા તેમાં કેટલા ધનનો ખર્ચ થયો, આ વાતો આંજ દિવસ સુધી રહસ્યમય જ રહી છે.

યુરોપના ડૉ. સ્મિથ કે જેઓ ભારતીય પુરાતત્ત્વવિદોમાં પોતાનું સ્થાન મુખ્ય રાખતા તેમણે પોતાનું પુસ્તક 'અર્લી હિસ્ટરી ઑફ ઇન્ડિયા'માં દિલ્હી સ્તંભની એક ઘટના લખી છે. તેમાં તેઓ લખે છે કે: દિલ્હીથી થોડે દૂર ટોપરા ગામમાં અશોકે બનાવેલ એક પ્રસ્તર સ્તંભ ઊભો હતો. ભારતના બાદશાહ ફિરોજખાન તઘલખે પોતાની રાજધાની દિલ્હી લાવવાનો નિશ્ચય કર્યો. મોટા મોટા દેશી-વિદેશી ઇજનેરોને આ કામ માટે રોકવામાં આવ્યા. પણ છતાં સ્તંભ જરા પણ તૂટચો નહિ તેને માટે ઇજનેરોએ તેની આસપાસ ચારે તરફ રૂ બીછાવ્યું હતું. સ્તંભની પાસે જ ૪૨ બળદગાડીઓ ઊભી કરાઈ હતી. મહામુશ્કેલીએ દોરડાનાં સહારે તેને બળદગાડીઓમાં રાખવામાં આવ્યો અને તેની સુરક્ષાને માટે ઘાસ-પરાળ વગેરે આજુબાજુ રાખવામાં આવ્યું હતું. આ બળદગાડીઓને ખેંચવા માટે ૮૪૦૦ માણસો રાખવામાં આવ્યાં હતાં; તેઓ બળદગાડીઓની બન્ને બાજુ બાંધેલા દોરડામાં લાગેલા હતા. યમુના નદી સુધી તેને આ રીતે લઈ જવાયો અને ત્યાંથી તેને નૌકા મરાફત દિલ્હી પહોંચાડવામાં આવ્યો...આ રીતે એક નાના બનાવથી આપણને અશોકના સમયની ઇજનેરી વિદ્યા અને તે સમયની મુશ્કેલીઓની કલ્પના કરી શકીએ છીએ.

અશોકના સમયની ભગવાન બુદ્ધની મૂર્તિની નિર્માણકલાની આપણને જાણ નથી થતી. તેનો અર્થ એવો નથી કે તે સમયમાં મૂર્તિનિર્માણનો વિકાસ થયો નહોતો. તે સમયે જ્યારે સિંહ, બળદ, આદિ પશુ–મૂર્તિઓ બનતી હતી, ત્યારે મનુષ્ય-મૂર્તિ કેમ ન બને? તે ઉપરાંત "કૌટિલ્ય"ના અર્થશાસ્ત્રમાં દેવદેવીઓની મૂર્તિઓના પ્રચારનો પણ ઉલ્લેખ મળે છે. મૌર્ય સમયની દીદારગંજની યક્ષી મૂર્તિ (જે તે સમયની કળાના અનેક નમૂનારૂપ હતી.) તે ઉપરાંત હજારો વર્ષ પૂર્વનાં 'હરપ્પા' અને મોહન-જો-દડાનાં ખોદાણમાંથી અનેક મૂર્તિઓ મળી આવી હતી. સ્વયં બૌદ્ધગ્રન્થોમાં બુદ્ધ સમયની વાર્તાઓમાં પણ મૂર્તિ-નિર્માણની ચર્ચા થયેલી છે. મગધના પિપ્પલી માણક(મહાકાશ્યપ)ની પત્ની કેવી હોવી જોઈએ તેના માટે તેનાં માતાપિતાએ કારીગરીના નમૂનારૂપ સોનાની એક સ્ત્રી મૂર્તિ બનાવી હતી.; અને તેમને જોઈને તેવી જ વધૂની શોધ માટે બ્રાહ્મણોને સાકલ-પ્રદેશોમાં મોકલ્યા હતા. સ્વયં અજાતશત્રુએ રાજગૃહના ચૈત્યનિર્માણમાં બુદ્ધનાં માતાપિતા અને સ્થવિરોની મૂર્તિ બનાવડાવીને બેસાડેલી છે. આ ઉપરાંત 'ખારવેલ'ના શિલાલેખથી એ જાણી શકાય છે કે મગધસમ્રાટ નન્દીવર્ધને કલિંગ જીતીને ત્યાંથી એક જૈન મૂર્તિ પાટલિપુત્ર ઉપાડી લાવ્યો હતો. તે બનાવ અશોકના બહુ પહેલાંના સમયમાં બન્યો હતો, ત્યાર બાદ (અશોક પછી) બૃહદ્રથ મૌર્યને જીતી ખારવેલ તે મૂર્તિને પ્રચુર વૈભવ સાથે પાટલિપુત્રથી કલિંગ લઈ ગયો. આ બધી વાતોથી સારી રીતે જાણી શકાય છે કે અશોકના સમયમાં મૂર્તિકલા પૂર્ણ રીતે વિકસેલી હતી.

સમ્રાટ અશોકે ભગવાન બુદ્ધની મૂર્તિ બનાવીને તેને સ્થાપિત ન કરી; તેનું મુખ્ય કારણ એ હતું કે અશોક હીનયાન-સંપ્રદાયને માનનાર હતો. હીનમાનમાં મૂર્તિ નિર્માણનો નિષેધ છે. આ સંપ્રદાય અનુસાર બુદ્ધનાં પ્રતીકોની જ પૂજા કરવામાં આવે છે; જેવાં કે, વજાસન, વૃક્ષ, ચક્ર, સ્તૂપ, પદચિહ્ન ચંક્રમ-સ્થાન વગેરે. ભગવાન બુદ્ધે પોતાના પરિનિર્માણ સમયમાં જ પોતાના શિષ્ય આનંદને કહ્યું હતું કે મારા નિર્વાણ પછી મારી ધાતુઓની પૂજા થાય, મારી મૂર્તિઓની નહિ...હીનયાન (સ્થવિરવાદ) પંથે બુદ્ધના આદેશોનું ખૂબ કડક રીતે પાલન કર્યું. આ કારણથી અશોકના સમયમાં બુદ્ધની મૂર્તિનું નિર્માણ નહિ થઈ શક્યું હોય. કેવળ તેમની જીવનલીલા અને તેમના ઉપદેશોને જ મહત્ત્વ આપવામાં આવ્યું. મૂર્તિ–નિર્માણ કલાને માટે શુંગ કાળ ખૂબ પ્રસિદ્ધ છે. તે સમયની મૂર્તિઓએ ભારતીય મૂર્તિકળાના ઉત્તમ નમૂના છે. પરંતુ આ સમય હીનયાન સંપ્રદાયનો જાહોજલાલીનો સમય હતો; ત્યાં સુધી મહાયાન પંથનો જન્મ થયો ન હતો. છતાં પણ બુદ્ધકથાઓનાં આધાર પર બૌદ્ધ વેદિકાઓથી જાણી શકાય છે કે તે સમયે મૂર્તિઓને કોતરીને ધર્મની ભાવનાને પૂર્ણ જાગૃત કરવામાં આવી હતી. અને બૌદ્ધ સ્થાપત્ય–કલાઓને યોગ્ય આશ્રય મળ્યો હતો. પરિણામે સાંચી અને બોધગયામાં તેમને દાખલ કરવામાં આવી. આ સમયની બૌધ કળાઓ સંબંધી ઘણું લખાઈ ચૂક્યું છે.......

કનિષ્ક સમ્રાટનો સમય બૌદ્ધ શિલ્પકળા અને તેના ઉત્થાનનો સુવર્ણયુગ કહેવાય છે. આ સમયે મહાયાન સંપ્રદાયનો પૂર્ણ વિકાસ થઈ ચૂક્યો હતો. નાગાર્જુન, પાર્શ્વ અને અશ્વઘોષે મહાયાનનાં વિકાસમાં સંપૂર્ણ ફાળો આપ્યો અને ભગવાન બુદ્ધને દેવતાની કોટિમાં લાવીને તેની પૂજા થવા લાગી. બુદ્ધની પૂજા માટે તેની પ્રતિમા બનવા લાગી. મૂર્તિકલા વિશારદોનું કહેવું છે કે, ભગવાન બુદ્ધની શુદ્ધ પ્રતિમાનું નિર્માણ મથુરા અને અમરાવતીમાં સાથે સાથે થયું. મથુરાની બૌદ્ધ પ્રતિમા ભારતીય કલાનું વિશુદ્ધ સ્વરૂપ છે, જેમાં મગધની યક્ષ–યક્ષીમૂર્તિની અનુપમ સૌમ્યતા અને મૃદુતા નજરે પડે છે...

બિહાર-પ્રદેશમાં પહેલી મૂર્તિ બની તે બોધગયામાંથી મળી છે, જેનો સમય વિક્રમ સંવત ૬૪ માનવામાં આવે છે. શ્રાવસ્તી-મૂર્તિની જેમ આ મૂર્તિ પણ મથુરાના લાલ પથ્થરમાંથી બની છે. આ મૂર્તિનો નિર્માતા ‘ ત્રિકમલ ’ હતો. કનિંગહામે આ મૂર્તિનો નિર્માણ-સમય બીજી શતાબ્દી માન્યો છે. મૂર્તિ પર જે પ્રાકૃત ભાષાનો લેખ મળ્યો છે, તેના આધાર પર ‘ શ્રી શ્રેણીમાધવ બરૂઆ ’ તેને બીજી અને ત્રીજી સદીની કહી છે. પણ આ લેખના આધાર પર શ્રી રામપ્રસાદ ચન્દાએ તેને ચંદ્રગુપ્ત વિક્રમાદિત્યના સમયની કહી છે; જે હોય તે, પણ મૂર્તિની આકૃતિ અને કાંતિ ગુપ્ત સમની જોવામાં આવે છે. મૂર્તિના બંને ખભાઓ પર બારિક અને સ્વચ્છ ચાદર ઢાંકેલી છે અને વૃક્ષઃસ્થલની આસપાસ ફેલાયેલ છે. પાટલિયુગના ખોદકામમાં પણ બોધિસત્ત્વનો એક કમરબંધ મળ્યો છે જેને કનિષ્કના સમયનો કહેવામાં આવ્યો છે.

ગુપ્તકાળની વિવિધ વિદ્યાઓ, લલિત કલાઓ, સંસ્કૃતિઓ તથા વૈભવનો સુવર્ણયુગ માનવામાં આવ્યો છે. આ સમયમાં બૌદ્ધવિહાર; વૈભવનો સુવર્ણયુગ માનવામાં આવ્યો છે. આ સમયમાં બૌદ્ધ વિહાર, સંઘારામ, અને બુદ્ધ અને અન્ય બૌદ્ધ દેવતાઓની મૂર્તિઓનો પ્રચાર પ્રસિદ્ધ છે,

બોધગયાનું મંદિર આ સમયની ભાસ્કર્યકલાનો ઉત્તમ નમૂનો છે. તેનું વર્ણન ફાહ્યાન અને હ્યુએન સાંગે પણ કર્યું છે. હ્યુએન સાંગે બોધગયાની મંદિરની ઉત્તર–પૂર્વમાં એક એવી બૌદ્ધમૂર્તિ જોઈ હતી જેની આંખો ઉપર ઉઘાડેલી હતી અને બોધિવૃક્ષ તરફ ચોંટેલી હતી. આથી જણાય છે કે, અનિમેષ-ચૈત્યની પાસે જ આ મૂર્તિ હતી. તેણે આ મંદિરની પ્રાંગણમાંની અનેક મૂર્તિઓની ચર્ચા કરી છે, જેમાંની કેટલીક આજે પણ જોવામાં આવે છે.

તેની કથાનુસાર ચૂના અને લાલ માટીની બનેલ અનેક મૂર્તિઓ બોધગયા મંદિરના ગોખલા પર પ્રતિષ્ઠિત હતી. બોધિવૃક્ષની પશ્ચિમે એક કાંસાની બનેલ બુદ્ધમૂર્તિ તેણે જોઈ હતી, તેને કિંમતી નંગો જડેલાં હતાં; તે શાંત મુદ્રામાં 'અવલોકિતેશ્વર'ની એક પ્રભાવશાળી મૂર્તિ હતી. આ બધી મૂર્તિઓ ગુપ્ત સમયમાં જ બની હતી.

સારનાથના 'ધામ્મેક સ્તૂપ' અને 'ધર્મચક્ર-પ્રવર્તન'ની મુદ્રાવાળી બુદ્ધમૂર્તિ ગુપ્તકાળની જ કૃતિ છે. સારનાથ સંગ્રહાલયમાં રાખેલી ૩૦૦ બૌદ્ધમૂર્તિઓ ગુપ્તસમયની માનવામાં આવે છે. જગપ્રસિદ્ધ, 'નાલંદા મહાવિદ્યાલય' ગુપ્તકાળમાં જ બન્યું. નાલન્દાના મુખ્ય સ્તૂપની દીવાલ પર ચોતરફ સ્થિર તારાદેવી અને અવલોકિતેશ્વરની મૂર્તિઓ ચૂના અને લાલ માટીની બનાવેલી છે. તે સર્વ ગુપ્ત સમયનો નિર્દેશ કરે છે. તે ઉપરાંત નાલન્દાના બાલાદિત્ય વિહારમાં મગધના 'પૂર્ણવર્મા' રાજાએ છ માળવાળો વિહાર બનાવ્યો હતો; તેમાં ૮૦ ફૂટ ઊંચી તાંબાની એક વિશાળકાય બુદ્ધની મૂર્તિ હતી. નાલન્દાની આસપાસ પણ અનેક બુદ્ધ પ્રતિમાઓ જોવા મળે છે. તિલહડા ગામની આસપાસ તેણે એક ૩૦ ફૂટ ઊંચી બુદ્ધમૂર્તિ જોઈ હતી; તે સુદૃઢ પાષાણની બનાવેલ હતી. આ જગ્યાએ તારા અને અવલોકિતેશ્વરની પણ મૂર્તિઓ તેણે જોઈ હતી. સુલતાન ગંજ(ભાગલપુર)માં મળેલ ગુપ્તકાલીન અષ્ટધાતુવાળી બુદ્ધમૂર્તિ અત્યારે લંડનના સંગ્રહાલયમાં ચાલી ગઈ છે. આ મૂર્તિમાં જેવું સૌંદર્યનું સામંજસ્ય સ્થાપિત થયેલું છે તેવું આજ સુધી ઘણી થોડી મૂર્તિમાં જોવા મળે છે. બિહાર પ્રદેશમાં એવા મૂર્તિશિલ્પકારોની જેટલી પ્રશંસા કરવામાં આવે તેટલી થોડી થશે. પાટલિપુત્રના કુમ્હરારા સ્થાનોમાં મળેલી ગુપ્તકાલીન બુદ્ધ-પ્રતિમાઓનાં માથાની સૌમ્યતા અદ્વિતીય છે.

ગુપ્તકાળમાં બૌદ્ધધર્મના પ્રસારમાં જે રીતે ધાતુ-પ્રસ્તર નિર્મિત મૂર્તિઓએ સહાય કરી છે તેનાથી ક્યાંય અધિક રેતી અને ચૂનાની બનેલી બૌદ્ધ મૂર્તિઓનું યોગદાન કર્યું છે. નાલન્દાના સ્તૂપની દીવાલ પર સ્થિત મૂર્તિઓની જેમ 'મનિયાર મઠ' (રાજગૃહ)ની દીવાલો પર સ્થિર થયેલ મૂર્તિઓનું પણ હ્યુએન સાંગે વર્ણન કર્યું છે. 'અવલોકિતેશ્વર' અને 'મૈત્રેય'ની મૂર્તિઓના સંબંધમાં તેણે લખ્યું છે કે આ દસ ફૂટ ઊંચી ચાંદીની મૂર્તિ બનાવેલી હતી. નાલન્દા તથા અન્ય સ્થળોમાં મળી આવેલ આ સમયની મૂર્તિઓના સંબંધમાં પહેલાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ગુપ્ત સમયમાં મૂર્તિ-નિર્માણનાં ત્રણ કેન્દ્ર હતાં—પાટલીપુત્ર, મથુરા અને સારનાથ. સુલતાનગંજની મૂર્તિ પાટલીપુત્ર કેન્દ્રની હતી, સારનાથની મૂર્તિ સારનાથ કેન્દ્રની અને મથુરાની મૂર્તિ મથુરા કેન્દ્રની હતી. આ કલાના અનુપમ નમૂના હતા. આ મૂર્તિ-નિર્માણ કેન્દ્રોનો ગુપ્તરાજાઓનાં આશ્રય અને છત્રછાયામાં વિકાસ થઈ રહ્યો હતો.

પાલકાલીન મધ્યયુગ શિલ્પકળા પોતાની પૂર્વવર્તી કળાઓથી ભિન્ન તથા વૈશિષ્ટ્યપૂર્ણ હતી. આ કાળની મૂર્તિઓમાં કળાના આત્મિક વિકાસથી ક્યાંય અધિક અલંકારિત ભાવનો પ્રયોગ જોવા મળે છે. આ કાળની મૂર્તિઓ મુગેર જિલ્લાના ખડગપુરના પહાડી સ્લેટ–પથ્થરની બનાવેલી હતી અને તેનાં આભૂષણોની બનાવટ કિંમતી હતી. આ કાળમાં તારાદેવી અને બોધિસત્ત્વની મૂર્તિઓનું એટલું બધું નિર્માણ થયું કે તેના ઢગલા થઈ ગયા. તિબેટી ઇતિહાસકાર તારાનાથે આ સમયને બિહાર-પ્રદેશવાસીઓના બે શિલ્પીઓના નામોનો ઉલ્લેખ કર્યો છે; તેમાંના એકનું નામ 'ધીમાન', અને બીજાનું 'વિત્તપાલ' હતું. ધીમાનનો સમય રાજા 'ધર્મપાલ'ના રાજ્ય સમયનો અને 'વિત્તપાલ'નો સમય રાજા 'દેવપાલ'નો કહેવામાં આવ્યો છે. બન્નેને પોતાના સમયનાં શિલ્પાચાર્ય માનવામાં આવ્યા છે.

પાલયુગમાં બૌધ માતૃદેવીઓની પ્રચુર પ્રમાણમાં મૂર્તિઓ બની અને ભગવાન બુદ્ધનં કરુણામય મુખાકૃત્તિ અને સૂડોળ અંગોનું કલાત્મક સર્જન થયું. આ સમયમાં બનેલ બોધિગયા બુદ્ધમૂર્તિ પદ્માસનમાં બેઠેલી બનાવવામાં આવી છે. તેમના હાથ કમળના આગળના ભાગમાં સ્થિર થયેલા બનાવવામાં આવ્યા છે.

નાલન્દાથી થોડે દૂર પર આવેલ જગદીશપુર ગામમાં મળી આવેલ આ સમયની એક બુદ્ધ પ્રતિમા વજ્રાસન પર ધ્યાનાવસ્થિત છે. સેનાની સાથે મદન પરાજિત થઈ પાછા ફરી રહ્યા છે. આ ભાવની બનેલ અને બોધિગયામાં મળેલ બુદ્ધપ્રતિમા પટણા સંગ્રહાલયમાં સુરક્ષિત છે. તેનું નિર્માણ 'જાતકકથા'ના આધાર પર થયું હતું.

લખ્ખીસરાય(મુંગેર)ની બુદ્ધપ્રતિમા સાડા પાંચ ફૂટ ઊંચી અભય મુદ્રામાં છે. બ્રહ્મા જમણી તરફ અને ઇન્દ્ર ડાબી તરફ મૂર્તિ પર છત્રી ઉઘાડી રાખીને ઊભા છે. બિહાર શરિફ-(ઓદન્તપુર)ની બુદ્ધમૂર્તિના માથા પર મુકટ તો નથી; પણ ગળાનો હાર એ મૂર્તિની શોભા છે. નાલન્દાવાસી મૂર્તિનું માથું મુકુટ સાથે છે; ગળામાં એક માળા ઝૂલી રહી છે અને ભુજાઓ કેવડાની કળીઓ જેવી છે. આજે તે મૂર્તિ પણ પટણા સંગ્રહાલયમાં સુરક્ષિત છે.

આ સમયે એક બુદ્ધમૂર્તિ ભારતીય સંગ્રહાલય(કલકત્તા)માં શોભા વધારી રહેલ છે. તે વજ્રપર્યંતાસન બની ભૂમિ-સ્પર્શ મુદ્રામાં બનેલી છે. આ મૂર્તિ કમળના ફૂલ પર બેસાડેલી છે. તેના માથા પર મુકટ અને ગળામાં હારમાળા ઝૂલી રહી છે, પણ ભૂજાઓ અલંકાર વગરની અને કાન ફાટેલા બતાવેલ છે.

ગયા જિલ્લાની 'બિસુનપુર' ગામની વિશાળ બુદ્ધમૂર્તિ ભૂમિ-સ્પર્શ મુદ્રામાં ઊભેલી છે; તે આજે પટણા સંગ્રહાલમાં સુરક્ષિત રાખેલી છે. આ મૂર્તિના વાળ આડાઅવળા બતાવેલ છે. તેમની આંખો અર્ધમિલિત અને શરીર પર ઉત્તરીય વસ્ત્ર, બગલથી નીચે સુધી બતાવેલ છે. 'બિસનપુર'માં મળી આવેલ મૂર્તિ ભુલાય તેવી નથી જ; તે ત્રિભંગ-સ્થિતિમાં ઊભી છે, તેથી મનહર જણાય છે. તેનું પ્રત્યેક અંગ આંખને ગમે તેવું કોમળ તથા સુખદ છે. આ ઉત્તમ પ્રતિમા પણ આજે પટણા સંગ્રહાલયમાં સુરક્ષિત છે. કહલગામ(ભાગલપુર)માંથી મળેલ

'અવલોકિતેશ્વર'ની મૂર્તિ ધ્યાનાવસ્થિત અવસ્થામાં પદ્માસનમાં સ્થિર છે. પાલકાળમાં પાલ રાજાઓની રાજધાની 'ઓદન્તપુરી' (બિહારશરીફ) નગરી હતી, જે આજ કાલ પટણા જિલ્લામાં એક સબ ડિવિઝન છે. આ સમયની બનેલી મૂર્તિઓ અને સ્તૂપોની છટા આજે પણ બોધગયાના પ્રાગણમાં સારી રીતે નજરે પડે છે. બોધગયાના સંન્યાસી મઠના પ્રાંગણમાં અનેક કલાપૂર્ણ મૂર્તિઓ પણ નજરે પડે છે. પાલકાલમાં અષ્ટધાતુ, તાંબા, ચાંદી અને સોનાની મૂર્તિઓ થતી, આજે પથ્થરની બનતી જાય છે.

કૈ૦ મહારાજા સયાજીરાવ ત્રીજા સ્મારક સંશોધન

ઇનામી નિબંધ, ૧૯૭૨–૭૩

કૈ૦ મહારાજા સયાજીરાવ ત્રીજા સ્મારક સંશોધન સમિતિ તરફથી **"ગુજરાતમાં પારસીઓનું આગમન અને તેમનો ગુજરાતની સંસ્કૃતિમાં ફાળો"** એ વિષય ઉપર ઇનામી નિબંધ લખાવવાનો નિર્ણય થયો છે, અને તે માટેની હરીફાઈમાં, આ ટ્રસ્ટફંડના નિયમ પ્રમાણે, ગુજરાત રાજ્યના બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, અમરેલી, વડોદરા, અમદાવાદ, ખેડા, પંચમહાલ, ભરૂચ, સુરત અને વલસાડ જિલ્લાનો કોઈ પણ વતની ભાગ લઈ શકશે. હરીફાઈમાં ભાગ લેવા ઇચ્છનારે પોતાનો નિબંધ, તા. ૩૧-૭-૭૩ સુધીમાં નીચેના સરનામે મોકલવો. શ્રેષ્ઠ નિબંધ લખનારને રૂ. ૫૦૦/- અંકે રૂપિયા પાંચસોનું ઇનામ આપવામાં આવશે. નિબંધ ફુલસ્કેપ કાગળની એક બાજુએ સ્વચ્છ અક્ષરે લખવો. **નિબંધનો વિસ્તાર, ઓછામાં ઓછો દશ હજાર શબ્દોનો હોવો જોઈએ, અને તે પચીસ હજાર શબ્દોથી વધવો જોઈએ નહિ.** નિબંધ ગુજરાતી હિન્દી અને મરાઠી એ ત્રણમાંથી ગમે તે એક ભાષામાં લખી શકાશે.

ભોગીલાલ જ. સાંડેસરા
મંત્રી
કૈ૦ મહારાજા સયાજીરાવ ત્રીજા
સ્મારક સંશોધન સમિતિ,
પ્રાચ્યવિદ્યા મન્દિર, શ્રીમતી
હંસા મહેતા લાયબ્રેરી બિલ્ડીંગ,
પો. બો. નં. ૭૫, **વડોદરા.**

વાઘેલાકાલીન ગુજરાતનું સમાજજીવન

નવીનચંદ્ર આચાર્ય

ભારતમાં મૌર્યકાલ અને ગુપ્તકાલની સરખામણી પછીના સમયમાં સામાજિક રીત-રિવાજોમાં અનેક પ્રકારના સુધારાવધારા થયા કરતા હતા. કૌટિલ્યના અર્થશાસ્ત્રની સરખામણીએ મનુસ્મૃતિમાં અને મનુસ્મૃતિની સરખામણીએ પછીની સ્મૃતિઓમાં અનેક સામાજિક બાબતોને લગતા નિયમોમાં સ્પષ્ટ પરિવર્તનો દેખાય છે. ગુપ્તકાલ દરમિયાન નારદ, યાજ્ઞવલ્ક્ય, બૃહસ્પતિ-સ્મૃતિ ઇત્યાદિ ગ્રંથો અનુસાર સામાજિક પ્રશ્નોનો નિર્ણય કરવામાં આવતો. એ પછીના અર્થાત્ પહેલી સહસ્રાબ્દીના ચોથા ચરણ દરમ્યાન બ્રહ્મપુરાણ, મેધાતિથિ, વિશ્વરૂપ, વગેરે ગ્રંથો અનુસરાતા, જ્યારે બીજી સહસ્રાબ્દીના પહેલા ચરણ દરમ્યાન મિતાક્ષરા, સ્મૃતિચંદ્રિકા, વગેરે ગ્રંથો પ્રમાણે ધર્મશાસ્ત્રોના નિયમો થતા. આ અનુસાર વાઘેલાકાલના સામાજિક રીતરિવાજો જાણવા માટે વિજ્ઞાનેશ્વરનું મિતાક્ષરા (સં. ૧૧૩૬ થી ૧૧૫૬), દેવેન ભટ્ટનું સ્મૃતિચંદ્રિકા (સં. ૧૨૫૬ થી ૧૨૮૧) વગેરે ગ્રંથો વધારે ઉપયોગી ગણાય. પરંતુ કેટલીક બાબતોમાં આ ગ્રંથોના લેખકો એની પહેલાંના લેખકોને યથાતથ અનુસરતા હોઈ આ બાબતમાં મેધાતિથિ વગેરે ગ્રંથો પણ ઉપયોગી નીવડે.

લગ્નપ્રથા :

લગ્નપ્રથા હાલના જેવી જ હતી. લગ્ન એ પવિત્ર સંસ્કાર ગણાતો, અને એનું બંધન કાયમી મનાતું. પોતાની પુત્રીનું લગ્ન કરવું તે દરેક પિતાની ફરજ મનાતી. પિતા ન હોય તો એ જવાબદારી માતાની રહેતી, અને જો માતા ન હોય તો ભાઈ ઉપર તે જવાબદારી રહેતી. મેધાતિથિ જણાવે છે કે સામાન્ય રીતે માબાપે દીકરીનું દાન આપવું જોઈએ. જો એમાં તે એક યા બીજા કારણે તેની લગ્નવય થતા સુધીમાં નિષ્ફળ જાય તો કન્યા પોતે જાતે પોતાનો સ્વામી પસંદ કરી શકે. આ હિસાબે પ્રથમ ઋતુ પ્રાપ્ત થયા પછી, (લગભગ બાર વર્ષ પછી) કન્યા લગભગ ત્રણ વર્ષ સુધી પોતાના પિતાને ત્યાં રહે, અને ત્યાર બાદ તે કોઈ પણ જાતના પાપનો ભય રાખ્યા સિવાય તે પોતે સ્વતંત્ર રીતે પોતાનો સ્વામી પસંદ કરી શકે. જો કદાચ વિવાહ થયા પછી તેનો પતિ મૃત્યુ પામે તો તેના પતિના નાનાભાઈ સાથે લગ્ન કરી શકે અગર આખી જિંદગી કુંવારી રહે.[૧]

લગ્નના નિયમો વિષે લખતાં મેધાતિથિ આગળ જણાવે છે કે, જો કન્યામાં કાંઈ શારીરિક કે માનસિક દોષ જણાય તો તેને સ્વીકારવાની, સંબંધ થયો હોય છતાં પણ ના પાડી શકાય; પણ તે લગ્ન થતા પહેલાં. લગ્ન થયા પછી આવી કોઈ ના પાડી શકાય નહિ અને સમયસર ના પાડવાનો પ્રસંગ આવે તો ના પડયા પછી દસ દિવસની અંદર તેના અંગેની સ્વીકારેલી જે કંઈ

૧ મેધાતિથિ ઑન મનુ, વૉ ૯, પૃ. ૯૦-૯૭, ધી એજ ઑફ ઇમ્પીરિયલ કનોજ, પૃ ૩૭૪.

વસ્તુ હોય તે પાછી આપવી. આ નિયમ પરણેલી કન્યાને લાગુ પડતો નથી. આ બતાવે છે કે પ્રાચીન સમયમાં પણ લગ્ન એક પવિત્ર બંધન મનાતું.[2]

મેધાતિથિ અને વિશ્વરૂપ બંને આંતરજ્ઞાતીય લગ્નને તિરસ્કાર છે. તેઓ નજીકના સગાની દીકરી જેવી કે મામાની દીકરી વગેરે સાથેના લગ્નને તિરસ્કારે છે. ગાંધર્વવિવાહને પસંદગી આપે છે.[3]

એ જ પ્રમાણે ત્યાર પછીના સમયમાં સ્મૃતિચંદ્રિકામાં સવર્ણ લગ્નને માન્ય રાખ્યાં છે. અને અવર્ણ લગ્ન માટે મનાઈ ફરમાવી છે. સ્મૃતિચંદ્રિકામાં આ વિશેના નિયમોમાં કંઈક સુધારો થયેલ જણાય છે. તેમાં જણાવ્યું છે કે આંતરજ્ઞાતીય લગ્ન કરવું હોય તો તેણે પ્રથમ પોતાની જ્ઞાતિની કન્યા સાથે લગ્ન કરવું જોઈએ. ધાર્મિક વિધિ પ્રમાણે સર્વર્ણ લગ્ન જરૂરી છે. શુદ્ર કન્યા સાથેના લગ્નથી ધાર્મિક વિધિ થઈ શકે નહિ.[4]

આમ આ સમયે છૂટાંછવાયાં આંતરજ્ઞાતીય લગ્નો થતાં. બ્રાહ્મણો ક્ષત્રિય કન્યા સાથે લગ્ન કરતા પણ સામાન્ય જનતાએ આવાં લગ્નોને આવકાર્યાં ન હતાં.

અલ્બેરૂની આ અંગે પોતાની નોંધપોથીમાં લખે છે કે "હિંદુઓમાં નજીકની કન્યાઓ સાથે લગ્ન કરવાનો પ્રતિબંધ છે. પતિપત્ની મૃત્યુ થાય ત્યારે જ છૂટા પડે છે. સ્મૃતિમાં છૂટ આપ્યા છતાં પણ આંતરજ્ઞાતીય (અનુલોમ) લગ્નો કરતા નથી.[5]

આમ આ સમયે સજાતીય લગ્નપ્રથા અસ્તિત્વમાં હોવાનો સંભવ છે. વાઘેલાકાલ દરમ્યાન પણ આંતરજ્ઞાતીય લગ્નો થયાનો કોઈ દાખલો મળતો નથી. સામાન્ય રીતે દરેક પોતાની જ્ઞાતિમાં જ લગ્ન કરતા.

વાઘેલાકાલના સાહિત્યિક અને અભિલેખિક સાધનો પરથી જાણવા મળે છે કે રાજાઓ, અમાત્યો, બ્રાહ્મણો વગેરે સજાતીય લગ્ન કરતા; દા. ત. ક્ષેમાનંદ અને પ્રેમલદેવી[6], તેજપાલ અને અનુપમાદેવી, વગેરે. આમ છતાં સમાજના કેટલાક વર્ગોમાં આંતરજ્ઞાતીય લગ્નો થતાં હશે એવું જણાય છે. દા. ત. મેહર જ્ઞાતિના લુણિયાકે પોતાની પુત્રી પહેલાં મહેર જ્ઞાતિના ચાઈયાકને પરણાવી હતી પરંતુ બીજી વાર એણે એ પુત્રીને આભીર કુલના ધઉલીઆકને પરણાવી.[7]

લગ્નવય :

મેધાતિથિ જણાવે છે કે સામાન્ય રીતે લગ્ન વખતે કન્યાની ઉંમર વરની ઉંમર કરતાં નાની હોવી જોઇએ. ખરી રીતે કન્યાનું લગ્ન, તે જ્યારે છ કે આઠ વર્ષની ઉંમર હોય ત્યારે થઈ

---

૨ એજન, પૃ. ૩૭૪

૩ એજન, પૃ. ૩૭૪

૪ ધી સ્ટ્રગલ ફોર એમ્પાયર, પૃ. ૪૭૮

૫ એજન, પૃ. ૪૮૦

૬ આચાર્ય ગિરજાશંકર વ., ગુજરાતના ઐતિહાસિક લેખો, નં. ૨૨૫

૭ લેખપદ્ધતિ, ઢોકનપત્ર

જવું જોઈએ. પણ લગ્નનો સાચો સમય તો કન્યા પોતે તેની આઠ વર્ષની ઉંમરથી ઋતુસ્નાન કરતી થાય એ દરમ્યાન થાય એ જ છે.[૮]

ત્યાર પછીના સમયમાં થયેલા વિજ્ઞાનેશ્વર અને અપરાર્ક જેવા સ્મૃતિના ટીકાકારોએ પણ આ ઉંમર સ્વીકારી છે અને જણાવ્યું છે કે કન્યાનું લગ્ન નાની ઉંમરે ફરજિયાત થવું જોઈએ.[૯]

અલ્બેરૂની પોતાની નોંધમાં જણાવે છે કે હિંદુઓ નાની ઉંમરે લગ્ન કરે છે અને એ કારણથી પોતાનાં બાળકોના લગ્નની ગોઠવણ માબાપો કરે છે.[૧૦] સામાન્ય રીતે આ લખાણ અલ્બેરૂનીએ ભારતને સંબોધીને કર્યું છે. સંભવ છે કે ગુજરાતમાં પણ ચૌલુક્ય કાલ તથા વાઘેલા કાલ દરમ્યાન લગ્ન એકંદરે નાની ઉંમરે થતાં હશે પરંતુ એ કેટલા વર્ષની ઉંમરે થતાં તેની કોઈ ચોક્કસ માહિતી ઉપલબ્ધ નથી.

લગ્નવિધિ :

હાલની માફક આ કાલમાં પણ ઘણી કન્યાઓનો બાપ કમનસીબ મનાતો.[૧૧] લગ્ન વખતે ચોક્કસ પ્રકારની વિધિ કરવામાં આવતી. લગ્નવિધિમાં પ્રથમ ઉદ્વાહ મંગલની ક્રિયા થતી. તે પ્રસંગે વરને ભેટો આપવામાં આવતી હતી.[૧૨] વર પરણવા સાસરે જાય ત્યારે શુકનમાં યવથી ભરેલાં માટીનાં વાસણો આગળ રાખવામાં આવતાં, અને કન્યા પક્ષ તરફથી માટીનાં વાસણો સામા મોકલી સત્કાર થતો.[૧૩] બારણા આગળ કન્યાપક્ષની સ્ત્રીઓ વરને દધિમય તિલક કરતી. આ દધિમયનો અર્થ અભયતિલકગણિ પોતાની ટીકામાં એ પ્રમાણે કરે છે કે દહીંનું નહિ પણ દહીં જેવું એટલે કે કંકુ અને ચોખા ચોઢાતાં દહીં જેવું ધોળું તિલક દેખાતું હશે. ત્યાર પછી સંપુટને ભાગીને વર ઘરમાં પ્રવેશ કરતો. આ સંપુટ વિષે "લવણાગ્નિગર્ભશરાવમ" એમ ટીકાકારે કહ્યું છે. એનો અર્થ એમ હોઈ શકે કે હાલની માફક બે કોડિયાંની વચમાં મીઠાનો ગાંગડો મૂકીને બનાવવામાં આવતો હશે. વર ઘરમાં દાખલ થયા પછી માતૃવેશ્મમાં (માહ્યરામાં) જતો.[૧૪] ત્યાર બાદ કન્યાને લાવવામાં આવતી; પુરોહિત હસ્તમેળાપ કરાવતો.[૧૫] આ વખતે બ્રાહ્મણો મંત્રોચ્ચાર કરતા. સ્ત્રીઓ મંગળગીતો ગાતી.[૧૬] આમાં એક ગીતનો ભાવાર્થ આ પ્રમાણે છે: "વજ્ર જેવા કઠણ હાથથી ફૂલ જેવા કોમળ હાથને ગ્રહણ કરતો ચોર આપણી સખીને ચોરી જાય

---

૮ મેધાતિથિ ઑન મનુ, ૯, ૯૪; એજ ઑફ ઇમ્પીરિયલ કનોજ, પૃ. ૩૭૪.

૯ સ્ટ્રગલ ફોર એમ્પાયર, પૃ. ૪૭૯.

૧૦ અલ્બેરૂની, ગ્રન્થ ૨, પૃ. ૧૫૪. દુ. કે. શાસ્ત્રી; ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ, પૃ. ૨૫૧.

૧૧ દ્વયાશ્રય, સર્ગ ૧૮, શ્લોક ૬૨

૧૨ દ્વયાશ્રય, સર્ગ ૧૯, શ્લોક ૨૩-૨૪

૧૩ દ્વયાશ્રય, સર્ગ ૧૯, શ્લોક ૫૫

૧૪ દ્વયાશ્રય, સર્ગ ૧૯, શ્લોક ૫૯

૧૫ દ્વયાશ્રય, સર્ગ ૧૯, શ્લોક ૬૧-૬૨

૧૬ દ્વયાશ્રય, સર્ગ ૧૯, શ્લોક ૬૩-૬૪

છે.[૧૭] વરની સાથે અણવરની મશ્કરી કરતાં ગીતો પણ ગવાતાં.[૧૮] આ વખતે પુરોહિત અગ્નિ પ્રગટાવી અન્ય બ્રાહ્મણો સાથે આહુતિ આપતો.[૧૯] વરકન્યા પ્રદક્ષિણા ફરતાં સ્ત્રીઓ મંગલ ગીતો ગાતી.[૨૦] આ પ્રથા હાલની ચરભક્ષ (ચોરી) પ્રથાના જેવી લાગે છે. આ પછી વરનો સાળો વરનો અંગૂઠો તેની પાસે ભેટ માગતો.[૨૧] આ પછી વરને યોગ્ય પહેરામણી વગેરે આપીને વર-કન્યાને વિદાય કરવામાં આવતાં.[૨૨]

વરને સાસરામાં પોંખવાનો રિવાજ જણાતો નથી. લગ્ન કરીને ઘેર આવ્યા બાદ તેના ઘેર પોંખવામાં આવતો. આ ક્રિયા કુમારિકાએ કાંતેલ સૂતરથી થતી. મૂળ કાવ્યમાં આ ક્રિયા માટે 'મેયાસ' શબ્દ વાપર્યો છે. પણ અભયતિલક તેના માટે 'પુંખણ'[૨૩] શબ્દ વાપરે છે. આ વખતે હાલની માફક 'લૂણ' ઉતારવાની ક્રિયા પણ થતી. સ્ત્રીઓ વરની આગળ ઊભી રહેતી; નજર ન લાગે તેટલા માટે લૂણ ઉતારતી અને ગીતો ગાતી. હાલમાં વરની બહેન પરણવા જતી વખતે આ લૂણ ઉતારવાની ક્રિયા કરે છે. આ ક્રિયા માથે ઉતારીને લૂણ ફેંકી દેવાની ક્રિયા જેવી નથી.[૨૪]

બહુપત્નીત્વ :

ઘણા પ્રાચીન સમયથી આ પ્રથા ભારતમાં પ્રચલિત હતી. ગુજરાતમાં પણ આ પ્રથા આ સમયે ચાલુ હતી એમ ઉપલબ્ધ પ્રમાણો પરથી સ્પષ્ટ જણાય છે. સામાન્ય રીતે એક કરતાં વધારે સ્ત્રીઓ સાથે લગ્ન કરવામાં લોકો બાધ માનતા નહિ. શ્રીમંત લોકો ત્રણચાર સ્ત્રીઓ સાથે પણ લગ્ન કરતા.[૨૫] હાલમાં જે ન્યાતોમાં બે સ્ત્રીઓ કરવાનો રિવાજ નથી એવી વડનગરા નાગરજ્ઞાતિ તેમ જ વાયડા-વાણિયાઓમાં પણ આ સમયે બેત્રણ સ્ત્રીઓ પરણવાનો રિવાજ હોય એમ જણાય છે. દા. ત. વડનગરા બ્રાહ્મણ કીર્તિકૌમુદીના કર્તા સોમેશ્વરના એક પૂર્વજને ત્રણ સ્ત્રીઓ હતી.[૨૬] વાયડા વણિક મંત્રી પદ્મને પણ તેટલી સ્ત્રીઓ હતી.[૨૭] વસ્તુપાલ તેજપાલ તથા તેમના દીકરાઓ બબ્બે પત્નીઓના સ્વામી હતા. વસ્તુપાલના પુત્ર જયંતસિંહને ત્રણ પત્નીઓ હતી.[૨૮]

---

૧૭ દ્વયાશ્રય, સર્ગ ૧૯, શ્લોક ૬૫

૧૮ દ્વયાશ્રય, સર્ગ ૧૯, શ્લોક ૬૧ થી ૭૧

૧૯ દ્વયાશ્રય, સર્ગ ૧૯, શ્લોક ૭૨-૭૩

૨૦ દ્વયાશ્રય, સર્ગ ૧૯, શ્લોક ૭૫

૨૧ દ્વયાશ્રય, સર્ગ ૧૯, શ્લોક ૭૬, ૭૮, ૭૯, ૮૩

૨૨ દ્વયાશ્રય, સર્ગ ૧૯, શ્લોક ૮૪ થી ૮૮

૨૩ દ્વયાશ્રય, સર્ગ ૯, શ્લોક ૧૬૯ની ટીકા.

૨૪ શ્રી રા. ચૂ. મોદી, સંસ્કૃત દ્વયાશ્રય મહાકાવ્યમાં મધ્યકાલીન ગુજરાતની સામાજિક સ્થિતિ, પૃ. ૧૨-૧૩

૨૫ દ્વયાશ્રય, સર્ગ, ૨ શ્લોક ૯

૨૬ સુરથોત્સવ, મ. ગુ. સા. સ્થિ., પૃ. ૧૫, પાદટીપ.

૨૭ પદ્માનંદ મહાકાવ્ય, મ. ગુ. સા. સ્થિ., પૃ. ૧૫, પાદટીપ.

૨૮ મુનિ જિનવિજયજી, પ્રાચીન જૈન લેખસંગ્રહ, ભાગ ૨, લે. ૧૩૧નું અવલોકન, પૃ. ૧૩૫

સીમંત વિધિ :

હાલમાં કેટલેક સ્થળે જે પ્રકારની વિધિ થાય છે, તેવી વિધિનો કોઈ ઠેકાણે ઉલ્લેખ જોવા મળતો નથી. આ સમયે ગર્ભવતીને સુખરૂપ પ્રસવ થાય અને બીજી કોઈ તકલીફ ન પડે તે માટે કેટલાક ચોક્કસ પ્રકારના નિયમો આપ્યા છે. સુખરૂપ પ્રસવ માટે બ્રાહ્મણો પાસે હોમ હવન , જપ વગેરે કરાવવામાં આવતા.[૨૯] એ ઉપરાંત ગર્ભવિઘ્નના નિવારણ માટે ગાયોને જમીન ઉપર દોહવામાં આવતી. દૂધની સીધી ધારાઓથી પૃથ્વીને તૃપ્ત કરવામાં આવતી.

સગર્ભાને તેની શારીરિક સ્થિતિને અનુલક્ષીને કેટલાક નિયમો પાળવાનું જણાવવામાં આવતું; જેવા કે બહુ ધીમેથી બોલવું, દારૂ આદિનો કેફ કરવો નહિ, બહુ ચાલવું નહિ, ચરણ પ્રસારવા નહિ, મદ્યભૂમિમાં ફરવું નહિ કે ત્યાં કંઈ બોલવું નહિ, ઋતુમતી સ્ત્રીની પાસે જવું નહિ કે તેની સાથે સંભાષણ કરવું નહિ.[૩૧]

પુત્રજન્મ :

આ પ્રસંગ એક આનંદનો પસંગ મનાતો. તે સમય કુંકુમ ઘોળીને ઉત્સવ ઉજવવામાં આવતો.[૩૨] આ સમયે આ.શુભ સમાચાર લાવનાર વધાઈ માગતો. લવણપ્રસાદના જન્મની ખબર આપવા આનાક પાસે કુમારપાલના મહેલમાં જનાર માણસે આનાક પાસે આવી વધાઈ માગી હતી.[૩૩] આ સમયે બ્રાહ્મણો પાસે પાઠપૂજા કરાવવામાં આવતી. પછી તે બાળકનો નામકરણ વિધિ થતો.

છૂટાછેડા અને પુનર્વિવાહ :

ઘણા પ્રાચીન સમયથી ભારતમાં લગ્ન એક પવિત્ર બંધન મનાતું આવ્યું છે. આ ભાવના ટકી રહે તે હેતુથી સ્મૃતિમાં ચોક્કસ પ્રકારના નિયમો ઘડ્યા છે. આ સમયમાં થઈ ગયેલા સ્મૃતિ-ચંદ્રિકા વગેરેના લેખકોએ પણ એને સ્વીકાર્યા છે. તેમાં જણાવ્યું છે કે " લગ્ન થયા પછી સ્ત્રીનો તેના પતિ અને તેના કુટુંબીઓ સાથેનો સંબંધ એવી રીતે સાંકળવો જોઈએ કે જેથી સ્ત્રી પોતે સ્વતંત્ર થવાનો વિચાર પણ ન કરી શકે. તેના વંશની ખાતર પણ તેનામા શારીરિક કે માનસિક દોષ ન આવવો જોઈએ. આ માટે બળજબરીથી પણ સ્ત્રીને એકાંતવાસ આપવો. સ્ત્રીને પોતાનાં રોજનાં કાર્યોમાં એવી રીતે મગ્ન રાખવી કે તેને અન્ય પુરુષનો વિચાર કરવાની તક પણ ન મળે. પતિએ પોતાની પત્નીને માન આપવું, અવારનવાર ભેટસોગાદો તથા ઘરેણાંથી તેને નવાજવી, સારો ખોરાક આપવો. પતિ જ્યારે પરદેશ જાય ત્યારે તેણે તેણીના ભરણપોષણ માટે વ્યવસ્થા કરવી.[૩૪]

---

૨૯ દ્વયાશ્રય, સર્ગ ૧૧, શ્લો. ૧૧, ૧૨.

૩૦ દ્વયાશ્રય, સર્ગ ૧૧, શ્લો. ૧૦.

૩૧ દ્વયાશ્રય, સર્ગ ૧૧, શ્લો. ૧૩, ૧૪.

૩૨ દ્વયાશ્રય, સર્ગ ૧૧, ,શ્લો. ૪.

૩૩ મેરુતુંગ, પ્રબંધચિન્તામણિ, પૃ. ૧૫૪-૧૫૫ (દુ. કે. શાસ્ત્રી–સંશોધિત)

૩૪ સ્ટ્રગલ ફોર એમ્પાયર, પૃ. ૪૮૧

છતાં પણ જો છૂટાછેડા લેવાનો પ્રશ્ન આવે તો સ્મૃતિમાં ચોક્કસ પ્રકારના નિયમો જણાવ્યા છે. તેમાં લખ્યું છે કે જો સ્ત્રીના પતિએ જ્ઞાતિત્યાગ કર્યો હોય, મૃત્યુ પામ્યો હોય, લાંબા સમયથી પરદેશ હોય, નપુંશક હોય કે સંન્યસ્ત પાળતો હોય તો તે સ્ત્રી ફરીથી લગ્ન કરી શકે.[૩૫] આને વિશ્વરૂપ અનુમોદન આપે છે જ્યારે બ્રહ્મપુરાણ અને મેધાતિથિ સંપૂર્ણપણે નકારે છે.

આમ છતાં ભારતમાં છૂટાછેડાની પ્રથા ઘણા પ્રાચીન સમયથી પ્રચલિત હતી. સમય જતાં આ પ્રથા ઉપલા વર્ગોમાંથી ધીમે ધીમે લુપ્ત થતી ગઈ ને નીચલા વર્ગમાં જ ચાલુ રહી. ગુજરાતમાં પણ ઉચ્ચ વર્ણોમાં લગ્નસંબંધ જીવનપર્યંતનો ગણાતો હશે એમ લાગે છે. તેમ છતાં મેડેર જેવી જ્ઞાતિઓમાં જરૂર પડે છૂટાછેડા આપવાની છૂટ રહેલી હોય એવું માલમ પડે છે.[૩૬]

લેખપ્રદ્ધતિના એક ઢૌકન પત્રમાં જણાવ્યું છે કે મેહર ચાઈઆએ મેહર લુણિયાક પાસેથી એમની દીકરી છોડાવડાવી. પછી મેહર ચાઈઆએ રાજકુલમાંથી ઢૌકન પત્ર લીધું અને એના આધારે પોતાના સ્વજનોને જણાવીને પોતાની પુત્રી આભીર ધઉલીઆકને આપી; આને લઈને એ સ્ત્રી ઉપર અગાઉના ભર્તાનો કોઈ અધિકાર રહ્યો નહિ. અહીં ઢૌકનનો અર્થ છૂટાછેડાની પરવાનગી એવો કરવામાં આવ્યો છે.[૩૭] 'પ્રબન્ધચિંતામણિ'માં કાશીના રાજા જયચંદ્રે સૂહવ નામે એક પરસ્ત્રીને પોતાની ઉપપત્ની હોવાનો દાખલો આપવામાં આવ્યો છે.[૩૮] એ પરથી આ સમયે ગુજરાતની જેમ બીજા પ્રદેશમાં પણ આવા દાખલાઓ બનતા હશે એમ જણાય છે.

આ ઉપરથી જણાય છે કે વાઘેલાકાલ દરમ્યાન છૂટાછેડાની પ્રથા પ્રચલિત હતી તેમ જ સ્ત્રીનું એક વખત લગ્ન થયા છતાં પણ તે બીજાને પરણી શકતી. અલબત્ત ઉપરના મેહરના દાખલા પરથી જણાય છે કે તેમાં રાજ્યની તેમ જ સગાંસંબંધીની મંજૂરી મેળવવી આવશ્યક બનતી. આ રીતે રાજાને પણ આવી જ કોઈ વિધિ કરવી પડતી હોવાનો સંભવ છે.

સતીપ્રથા :

સતીપ્રથા ભારતમાં ઘણા પ્રાચીન સમયથી અસ્તિત્વ ધરાવતી હતી. સાતમી–આઠમી સદીમાં આ પ્રથા સારી રીતે પ્રચલિત હતી. છતાં કેટલાક વિચારકો આ પ્રથાનો વિરોધ કરતા.[૩૯] આરબ લેખક સુલેમાન જણાવે છે કે "કોઈક વખત રાજાની રાણીઓ સ્વેચ્છાએ પોતાના પતિ

---

૩૫ મેધાતિથિ ઑન મનુ, ૮.૨૨૫, એજ ઑફ ઇમ્પીરિયલ કનોજ, પૃ. ૩૭૫

૩૬ કૌટિલ્ય અર્થશાસ્ત્રમાં જણાવે છે કે જો બંને એટલે કે પતિપત્ની વિરુદ્ધ પ્રકૃતિવાળા હોય તો તેઓ એકબીજાની સંમતિથી છૂટા થઈ શકે પણ એક પક્ષની મરજીથી નહિ; કૌટિલ્ય અર્થશાસ્ત્ર ૯, ૮૦–૮૨; એજ ઑફ ઇમ્પીરિયલ યુનિટિ, પૃ. ૫૬૫

૩૭ લેખપદ્ધતિ, ઢૌકનપત્ર, ગ્લોસરી.

૩૮ પ્રબંધચિંતામણિ, પૃ. ૧૮૬.

૩૯ દા. ત. હર્ષની માતા યશોમતિએ પોતાના પતિનું મૃત્યુ થવાની તૈયારીમાં હતું ત્યારે વિધવા થાય એ પહેલાં અગ્નિપ્રવેશ કર્યો હતો અને હર્ષની વિધવા બહેન રાજશ્રી પણ ચિતાપ્રવેશ કરવા તૈયાર થઈ હતી. હર્ષચરિતના લેખક બાણભટ્ટે અનુમરણની નિરર્થકતા વિષે ઉહાપોહ કરેલો છે.— બાણ, હર્ષચરિત, પૃ. ૨૮૫.

પાછળ ચિતા સળગાવી બળી મરતી. તેમના પર દબાણ કરવામાં આવતું નહિ. આ પ્રથા ઉચ્ચ કુટુંબમાં પ્રવર્તતી હતી.[૪૦] આ માન્યતા બરાબર નથી. સામાન્ય રીતે આ સમયે સતી થવું એ સ્ત્રીનો મહાન ગુણ ગણાતો એમ "કુટ્ટનીમત્તમ્"માં જણાવ્યું છે.[૪૧]

બારમી–તેરમી સદીમાં પણ આ પ્રથા એને એ જ સ્વરૂપે ભારતમાં પ્રચલિત હતી. આ વખતે સ્ત્રી વિધવા થતાં તેના માટે સામાન્યતઃ બે રસ્તા રહેતા–કાં તો જીવનબ્રહ્મચર્ય કાં તો દેહત્યાગ. વિજ્ઞાનેશ્વર તથા અપરાર્ક જેવા સ્મૃતિકારો આ સતીપ્રથાની તરફેણ કરે છે જ્યારે સ્મૃતિચંદ્રિકામાં તેને એક ભયંકર અને ઘાતકી પ્રથા તરીકે ગણાવવામાં આવી છે.[૪૨] આ સમયે રાજાની રાણીઓ વગેરે સતી થયાના ઉલ્લેખો રાજતરંગિણી જેવા ગ્રન્થમાંથી મળે છે. અલ્બેરૂની પણ જણાવે છે કે વિધવા માટે બે રસ્તા પસંદ કરવાના રહેતાં–કાં તો આજીવન વૈધવ્ય અથવા બળી મરવું. સામાન્ય રીતે સ્ત્રી બળી મરવાનું પસંદ કરતી કારણ કે વિધવા તરીકે રહેવાથી તેના તરફ અનેક પ્રકારનું ખરાબ વર્તન દાખવવામાં આવતું. રાજાની રાણી ઇચ્છે કે ન ઇચ્છે તોપણ તેને રાજાની પાછળ બળી મરવું પડતું.[૪૩] આ બતાવે છે કે સ્મૃતિકારોએ સતીપ્રથાને તિરસ્કારી હોવા છતાં પણ બારમી–તેરમી સદીમાં આ પ્રથા ભારતભરમાં એટલી જ વ્યાપક બની હતી.

ગુજરાતમાં પણ આ પ્રથા આ વખતે એટલી જ વ્યાપક હોવાનો સંભવ છે. ચૌલુક્ય સમયના કોઈ રાજવીની પાછળ તેની રાણી સતી થયાનો ઉલ્લેખ ઉપલબ્ધ નથી પણ જયસિંહ સિદ્ધરાજે રા'ને હરાવ્યો અને રા'ની પાછળની તેની રાણી વઢવાણ આગળ ભોગાવાને કિનારે સતી થઈ એમ પ્રબન્ધચિન્તામણિમાં જણાવ્યું છે.[૪૪] વાઘેલાકાલ દરમ્યાન પણ આ પ્રથા એટલી જ વ્યાપક હશે એમ જણાય છે. ખાસ કરીને યુદ્ધ કરતાં વિશેષતઃ ધાડપાડુઓના ધીંગાણા સામે ઝઝૂમતા વીર પુરુષો મરાતાં તેમની પત્નીઓ સતી થતી. ગુજરાતમાં આવી સ્ત્રીઓ સતી થઈ હોવાના કેટલાક ઉલ્લેખોના કેટલાક પાળિયા મળી આવે છે જેમાંનો એક પાળિયો સંવત ૧૩૪૩નો હોઈ સ્પષ્ટતઃ વાઘેલાકાલનો છે.[૪૫]

આમ આ સમય દરમ્યાન સતીપ્રથા પ્રચલિત હતી એમ સ્પષ્ટ જણાય છે.

વિધવાવિવાહ :

સ્ત્રી વિધવા થતાં તેને વૈધવ્ય પાળવું પડતું. તેના પર અનેક પ્રકારના અંકુશ મૂકવામાં આવતા. આ પ્રથા ઘણા પ્રાચીન સમયથી ચાલી આવે છે. મેધાતિથિના મતે સ્ત્રીએ પતિની

---

૪૦ ધી એજ ઑફ ઇમ્પીરિયલ કનોજ, પૃ. ૩૭૦.

૪૧ એજન.

૪૨ સ્ટ્રગલ ફોર એમ્પાયર, પૃ. ૪૯૪.

૪૩ એજન, પૃ. ૪૯૪.

૪૪ પ્રબન્ધચિન્તામણિ, પૃ. ૧૦૪.

૪૫ "મેત્રાણા ગામમાં ધાડ પડી અને એ ધિંગાણામાં જયંતસિંહ મરાયો ત્યારે તેની પત્ની તેની સાથે સતી થઈ." એવું આ લેખમાં નોંધેલું છે—વિશાલવિજયજીકૃત, ચારુપ મેત્રાણા તીર્થ, પૃ. ૨૨.

યાદમાં પવિત્ર જીવન ગાળવું જોઈએ. એ પવિત્ર જીવન ગાળતી હોય તો જ તેના પતિની મિલકતની વારસદાર થઈ શકે.[૪૬]

વૈજ્ઞાનેશ્વર અને સ્મૃતિચંદ્રિકાના લેખકે વિધવાવિવાહને સંપૂર્ણપણે નકાર્યા છે. છતાં તેમણે જણાવ્યું છે કે જો સ્ત્રી કામાતુર થાય અને ફરથી લગ્ન કરે તો તેનો વારસાહક્ક જાય અને તેને ફક્ત ભરણપોષણ જેટલું જ મળે.[૪૭]

આમ છતાં પણ એ સમયે કયારેક વિધવા પુનર્વિવાહ થતા. સમાજ વૈધવ્ય માટે આગ્રહ રાખતો છતાં સૌને માટે તેનો અમલ મુશ્કેલ હોવાથી કેટલાક અપવાદો થાય એ સ્વાભાવિક છે.

ચૌલુકય સમયમાં વિધવાવિવાહના કોઈ ઉલ્લેખ પ્રાપ્ત થતા નથી પણ વાઘેલા સમય દરમ્યાન વિધવા વિવાહ થયાના ઉલ્લેખો મળી આવે છે. વસ્તુપાલ અને તેજપાલની માતા કુમારદેવી વિધવા હતાં, પણ ગુરુના આદેશને માન આપી તેમણે આશરાજ સાથે લગ્ન કર્યું હતું.[૪૮]

બીજો એક દાખલો મળે છે કે જગડૂશાહને એક વિધવા દીકરી હતી. તેણે પોતાનાં સગાં-વહાલાંની અનુમતિ લઈ તે દીકરીનો ફરીથી વિવાહ કરવાનો વિચાર કર્યો પણ આ કાર્યને અમલમાં મૂકતાં પહેલાં તેના કુટુંબની બે વયોવૃદ્ધ વિધવાઓએ આવીને જણાવ્યું કે અમારા માટે પણ વર ખોળજો, જગડૂએ આથી શરમાઈને એ વિચાર પડતો મૂકયો.[૪૯]

ઉપર્યુક્ત દાખલા પરથી જણાય છે કે સંભવ છે કે કદાચ સામાન્ય રીતે સ્ત્રી વિધવા થતાં આજીવન વૈધવ્ય પાળતી હશે અને વિધવા પુનર્વિવાહના દાખલા અપવાદરૂપ હતા. વળી સામાન્ય સમાજનું વલણ પણ વૈધવ્યના પાલનના પ્રબળ આગ્રહ તરફ રહેતું. અને પુનર્વિવાહ કરવા માગતી વિધવાઓ અથવા એમને પુનર્વિવાહ કરવા દેવા માગતા વડીલોને પણ લોકમત આગળ લાચાર થઈ બેસી રહેવું પડતું. અશ્વરાજ અને કુમારદેવીની જેમ વિધવાપુનર્વિવાહની હિંમત દાખવનાર વ્યક્તિઓ વિરલ હતી.

વૈધવ્યપાલન :

સામાન્ય રીતે પ્રજાનો મોટો વર્ગ સ્ત્રીના વિધવાજીવનની તરફેણ કરતો. સ્મૃતિમાં પણ સ્ત્રી વિધવાજીવન ગાળે તેવો આગ્રહ રાખેલ છે. ચૌલુકય સમયમાં મીનળદેવી પણ વિધવા થતાં પવિત્ર જીવન ગાળી રાજકાર્યમાં રચ્યાંપચ્યાં રહ્યાં હતાં.[૫૦]

વાઘેલાકાલ દરમ્યાન થઈ ગયેલ જગડૂશાહના કુટુંબમાં પણ સ્ત્રીઓ વૈધવ્ય પાળતી. તેમના વિધવાજીવનની ઉચ્ચ ભાવના આગળ જગડૂને પોતાની દીકરીના પુનર્વિવાહનો વિચાર પડતો

---

૪૬ મેધાતિથિ ઑન મનુ–૮, ૨૮ ધી એજ ઑફ ઇમ્પીરિયલ કનોજ, પૃ. ૩૭૯.

૪૭ સ્ટ્રગલ ફોર એમ્પાયર, પૃ. ૪૬૩.

૪૮ પુરાતન પ્રબંધ સંગ્રહ, પૃ. ૫૨, પ્રબંધચિન્તામણિ, પૃ. ૧૬૧.

૪૯ જગડૂચરિત, સર્ગ ૩, શ્લો. ૧૯ થી ૨૭.

૫૦ શ્રી દુ. કે. શાસ્ત્રી. ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ, પૃ. ૨૮૧–૨૮૨.

મૂકવો પડ્યો હતો. આમ વિધવાજીવન પવિત્ર મનાતું. ઉચ્ચ વર્ણમાં આ જીવનની પવિત્રતા ટકાવી રાખવા ખાસ પ્રયત્ન થતો. ઉચ્ચ વર્ણની વિધવાઓ સાદાં વસ્ત્ર ધારણ કરતી, સાદુભોજન જમતી અને દેવદર્શનમાં પોતાનો સમય પસાર કરતી. અલંકાર વગેરેનો ત્યાગ કરતી. તેમને ચર્મ ઓઢી વૈધવ્ય પાળવાનો રિવાજ હશે.[૫૧]

વ્યભિચાર :

વાઘેલાકાલ દરમ્યાન વ્યભિચારી સ્ત્રીનો બહિષ્કાર કરવાના કોઈ વધુ દાખલાઓ ઉપલબ્ધ નથી. એક લવણપ્રસાદની સ્ત્રીનો ઉપલબ્ધ છે. તેમાં લવણપ્રસાદની સ્ત્રી લવણપ્રસાદને ત્યજીને તેના બનેવી સાથે રહેતી હતી. આ બનાવ અંગે એટલું જ જાણવા મળે છે કે લવણપ્રસાદ તેને મારવા ગયો પણ તેના પુત્ર વગેરેની પરિસ્થિતિ વિચારતાં તેણે તેનો ત્યાગ કર્યો હતો. આ અંગે અન્ય કોઈ માહિતી ઉપલબ્ધ નથી.

બહિષ્કાર :

સ્ત્રીઓના બહિષ્કાર માટે પૂર્વ સ્મૃતિકારોએ ચોક્કસ પ્રકારના નિયમો ઘડ્યા છે. મેધાતિથિ, મનુ અને ગૌતમ જેવા સ્મૃતિકારોના મતને અનુમોદન આપતાં જણાવે છે કે સ્ત્રી જો વ્યભિચારી બને તો તેને મૃત્યુદંડ આપવો. તેણે તો જે માણસે આવી રીતે પરસ્ત્રી ગમન કર્યું હોય તેના માટે ભયંકર શિક્ષાનો અનુરોધ કર્યો છે.[૫૨] આમ જ્યારે મેધાતિથિ આવી વ્યભિચારી સ્ત્રી માટે સખ્ત શિક્ષાનો અનુરોધ કરે છે ત્યારે સ્મૃતિચંદ્રિકા વગેરેમાં આવી સ્ત્રીઓ તરફ હળવું વલણ રાખવાનું અને તેમને ભરણપોષણ વગેરેનો અધિકાર આપવાનું જણાવ્યું છે.[૫૩]

ગુનેગાર માણસને વારંવાર કહ્યા છતાં જો તે સુધરે નહિ તો તેનો તેના કુટુંબમાંથી અને સમાજમાંથી તેનો બહિષ્કાર કરવામાં આવતો. લેખપદ્ધતિમાં વિ. સં. ૧૨૮૮ના 'કૃષ્ણસાગર ઉજ્જલ સારવિધિ' નામના પત્રમાંથી માહિતી મળે છે કે "એક પુનાહ નામનો માણસ વારંવાર ચેતવ્યા છતાં ગુનો કરતો જ રહ્યો. આથી તેના કુટુંબીઓએ પાટણના સર્વ નાગરિકોને પંચમુખ-બ્રાહ્મણોને તથા પંચમુખનગરને જાહેર કર્યું હતું કે પુનાહ પોતે કાળી યાદીમાં છે. એથી એના કોઈ પણ કાર્ય માટે કે રાજ્યના ગુના માટે તેના માતાપિતા કે સગાંસંબંધી જવાબદાર નથી. કાયદાથી જે સજા થશે તે તેને ભોગવવાની છે. જો પુનાહને તેનાં કોઈ પણ સગાસંબંધી ખાનગી રીતે કે જાહેર રીતે મદદ કરશે તો તે તેવા ગુના માટે રાજ્ય તરફથી શિક્ષાને પાત્ર થશે. જો તે ભવિષ્યમાં ભૂખથી કંટાળીને કે ભાગ્યવશાત્ સુધરીને પોતાના માતાપિતા પાસે આવવા માગે તો તેના માતાપિતા રાજ્યને જાણ કર્યા વગર તેને આશ્રય આપી શકે નહિ.' આવા સંજોગોમાં તેના આ સગાંસબંધીઓએ રાજ્યમાં જઈ રાજાને યથાશક્તિ ભેટ ધરવી અને પ્રજામાં યોગ્ય જાહેરાત કરવી.

---

૫૧ દ્વયાશ્રય, સર્ગ ૪, શ્લો. ૬૫.

ડૉ. ભોગીલાલ સાંડેસરા, વાઘેલાઓનું ગુજરાત, પૃ. ૪૪.

૫૨ ધી એજ ઑફ ઇમ્પીરિયલ કનૌજ, પૃ. ૩૭૬.

૫૩ સ્ટ્રગલ ફોર એમ્પાયર, પૃ. ૪૮૨.

ન્યાયની અદાલતમાંથી શ્વેતપત્ર મેળવ્યા પછી પુનાહને સમાજમાં કોઇ દોષ દઈ શકશે નહિ અને તેના પૂર્વ ગુનાઓ માટે આનાથી રક્ષણ મળશે. આ શ્વેતપત્ર ધર્માધિકરણ તરફથી ખાસ નિમાયેલ અધિકારી રાજાની સહી સાથે તેના પિતાને આપશે.[૫૪]

આ ઉપરથી જણાય છે કે સમાજમાં બહિષ્કૃત થયેલ માણસને જો તે સુધરી ગયેલ જણાય તો પાછો સ્વીકારવામાં આવતો. તેના માટે ચોક્કસ પ્રકારની વિધિ કરવી પડતી. એને પાછો લેવામાં એક જ આશય હોઈ શકે કે માણસ યોગ્ય લાયકાત મેળવે તો તેના હક્કને નુકસાન થવું ન જોઈએ.

નીતિનું ધોરણ:

સામાન્ય રીતે ચૌલુકચકાલ દરમ્યાન પ્રજાનું જીવનધોરણ ઊંચું હતું. ગુજરાતના વેપારીઓ દૂર દૂરના પ્રદેશો સુધી વેપાર ખેડતા અને અઢળક દ્રવ્ય ગુજરાતમાં લાવતા. જેમ જેમ દ્રવ્યનું પ્રમાણ વધતું જતું તેમ તેમ નીતિનું ધોરણ નીચું જવાનો સંભવ રહેતો. પ્રજા પોતે વિલાસમય જીવન ગાળવા પ્રેરાતી. વાઘેલાકાલ એ ચૌલુકચકાલનો નજીકનો કાલ હોવાથી આ સમયમાં પણ પ્રજાનું નીતિનું જીવન ચૌલુકચકાલ જેવું રહ્યું હોય તે સ્વાભાવિક છે. આ અંગે હેમચંદ્ર જણાવે છે કે "સમાજમાં કોઈ પણ પ્રકારની દુશ્મનાવટ વગરનો બ્રાહ્મણ, પ્રમાણિક વેપારી, ઈર્ષા વગરનો પ્રેમી, રોગ વગરનું શરીર, પૈસાદાર વિદ્વાન, અભિમાન વગરનો પ્રસંશનીય માનવી, સ્થિર મનવાળી સ્ત્રી, સુચરિત્ર રાજકુમાર મળવો મુશ્કેલ છે.[૫૫]

પ્રબન્ધચિન્તામણિ પરથી જણાય છે કે ઉચ્ચ કુટુંબોમાં ચારિત્રનું ધોરણ કંઈક અંશે નીચું હતું. વાઘેલા વંશના મુખ્ય પુરુષ લવણપ્રસાદની પત્ની તેને છોડીને દેવપાલ નામના તેના બનેવીને ત્યાં ગઈ હતી.[૫૬] રાજાઓ અનેક પત્નીઓ ઉપરાંત ઉપપત્નીઓ રાખતા હશે.

સમાજમાં લોકો મદીરાનો ઉપયોગ છૂટથી કરતા. રતિ પ્રસંગે તેનો ખાસ ઉપયોગ થતો.[૫૭] આના માટે મહેલમાં ખાસ જગા રાખવામાં આવતી. આ જગા મદ્યભૂમિના નામે ઓળખાતી. રાણીઓ પણ છૂટથી દારૂનો ઉપયોગ કરતી.[૫૮] રાજ્યમાં દારુનાં પીઠાં મોડી રાત સુધી ઉઘાડાં રહેતાં.[૫૯] ધર્મગ્રંથોની મનાઈ હોવા છતાં લોકો યેન કેન પ્રકારેણ શરાબનો સ્વાદ માણતા. ઘણા બ્રાહ્મણો પણ સ્મૃતિકારોએ ખાસ સંજોગોમાં આપેલ છૂટનો આધાર લઈને દારૂની તૃષા છીપાવતા.[૬૦]

---

૫૪ લેખપદ્ધતિ, પૃ. ૫૩-૫૪.

૫૫ ત્રિશષ્ટિશલાકાપુરુષચરિત્ર, ભાગ ૧, સર્ગ ૧, શ્લો. ૭૪૩-૪૪; અશોક મજુમદાર, ચૌલુક્યાઝ ઑફ ગુજરાત, પૃ. ૩૩૯.

૫૬ પ્રબન્ધચિન્તામણિ, પૃ. ૧૬૦

૫૭ દ્વયાશ્રય, સર્ગ ૧, શ્લો. ૫, ૧૭, ૧૧૨, ૧૧૪.

૫૮ અભયતિલકગણિ ટીકા—દ્વયાશ્રય, સર્ગ ૧૩, શ્લો. ૬૭

૫૯ દ્વયાશ્રય સર્ગ ૧૩, શ્લો. ૬૭

૬૦ ચૌલુક્યાઝ ઑફ ગુજરાત, પૃ. ૩૪૩

મ્લેચ્છથી દૂષિત થયેલ સ્ત્રીને સમાજમાં લેવામાં મતભેદ પ્રવર્તતો. સ્મૃતિકારો સ્ત્રી રજોદર્શન પછીના સ્નાનથી શુદ્ધ થઈ જ જાય છે એમ માની તેને અપનાવવાનો અનુરોધ કરતા. અલ્બેરૂની જણાવે છે કે અહીંયાં કોઈ પણ વ્યકિત મુસલમાનોના સંપર્કમાં આવે તો તેને હિંદુ સમાજમાં પાછો લેવામાં આવતો નહિ.[૬૧] આવી પરિસ્થિતિ હોવા છતાં પણ મુસલમાનોના હુમલાનો ભોગ બનેલી સ્ત્રીઓને અપનાવવાની બાબતમાં સમાજમાં ઉદાર વલણ પ્રચલિત થતું જતું હતું.[૬૨]

સમાજમાં ગણિકાગૃહો પણ આવેલાં હતાં. કુમારપાલના સમયમાં પણ આ બદી પ્રચલિત હતી.[૬૩] વસ્તુપાલ જ્યારે ખંભાતમાં સુબા તરીકે ગયો ત્યારે તેની પ્રતિભાથી ગણિકાઓએ નીચ માર્ગે ધન પ્રાપ્ત કરવાનું ત્યજી દીધું એમ કીર્તિકૌમુદીમાં જણાવ્યું છે.[૬૪] પ્રબન્ધચિન્તામણિમાં પણ વેશ્યાગૃહોની હયાતિ બાબતનો શ્લોક જોવા મળે છે. તેમાં જણાવ્યું છે કે "ધન માટે ભાટ થવું સારું છે, વ્યભિચારી થવું સારું છે, વેશ્યાના આચાર્ય થવું એ સારું છે, અતિશય દગાખોર કામ કરવામાં હોશિયાર થવું એ સારું છે, પણ ઉદયનનો પુત્ર સ્વર્ગે જતાં ડાહ્યા માણસે કોઈ રીતે વિદ્વાન ન થવું.[૬૫]

ગણિકાગૃહો સાથે નૃત્યાંગનાઓ અને દેવદાસીઓનાં મથકો પણ અસ્તિત્વ ધરાવતાં હતાં. સામાન્ય રીતે આ દેવદાસીઓ દેવમંદિરની બાજુમાં રહેતી અને દેવમંદિરમાં નૃત્ય કરી લોકમનરંજન કરતી. રાજ્ય તરફથી આવી સંસ્થાને પ્રોત્સાહન મળતું.

---

૬૧ અલ્બેરૂની, ભા. ૨, પૃ. ૧૬૩.

૬૨ કાણે, હિસ્ટરી ઑફ ધર્મશાસ્ત્ર, ભા. ૧, પૃ. ૧૨૧, ચૌલુક્યાઝ ઑફ ગુજરાત, પૃ. ૩૪૩.

૬૩ મોહપરાજય, પૃ. ૯

૬૪ સોમેશ્વર, કીર્તિકૌમુદી, સર્ગ ૪, શ્લો. ૧૪

૬૫ પ્રબન્ધચિન્તામણિ, પૃ. ૧૫૯.

પ્રભાસપાટણમાં અર્જુનદેવ વાઘેલાના સમયમાં ફિરોઝ નાવિકે બંધાવેલી મસ્જિદનો અરબી લેખ

ઝિયાઉદ્દીન એ. દેસાઇ

મૂળ તો પ્રભાસપાટણના પણ હાલ પાસે આવેલા વેરાવળ સ્થિત હરસિદ્ધમાતાના મંદિરમાં પ્રાપ્ય એવા ગુજરાતનરેશ અર્જુનદેવ વાઘેલાના સમયના ચાર સંવતોવાળા પ્રસિદ્ધ શિલાલેખથી, ગુજરાતની આમ જનતા નહિ તો ગુજરાતના ઇતિહાસના અભ્યાસીઓ સારી પેઠે પરિચિત છે. આ લેખમાં હિજરી સન ૬૬૨, વિક્રમ સંવત્ ૧૩૨૦, વલભી (એટલે ગુપ્ત) સંવત્ ૯૪૫, અને સિંહ (સિદ્ધરાજ જયસિંહના દક્ષિણ વિજય અવસરે શરૂ કરાયેલ) સંવત્ ૧૫૧માં પ્રભાસપાટણમાં, હોર્મુઝ (એટલે દક્ષિણ ઈરાને આવેલા અર્વાચીન બંદર અબ્બાસ) નિવાસી ફીરોઝ નાવિકે પ્રભાસના પંચકુલની સંમતિ તથા રજાથી, ત્યાં મસ્જિદ બંધાવી તેના તેમ જ ત્યાં રહેતી અમુક મુસ્લિમ જમાતો તેમ જ તેમના ઉત્સવો માટે ખર્ચનો પ્રબંધ કર્યો હતો તેનો વિસ્તારપૂર્ણ ઉલ્લેખ છે. વેરાવળ–પાટણનો આ લેખ ગુજરતના પ્રાક્-મુસ્લિમ-કાલીન લેખોમાં અગત્યનું સ્થાન ધરાવે છે અને એક કરતાં વધુ વાર પ્રસિદ્ધ પણ થઈ ગયો છે.[૧] છેલ્લામાં છેલ્લું તેને નવેસરથી વાંચી પ્રદ્ધતિસર ટીકાટિપ્પણીઓ તેમ જ ફોટો-છાપ સહિત પ્રસિદ્ધ કરવાનું માન ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણના માજી મુખ્ય અભિલેખવેત્તા અને હાલ કલકતા વિશ્વવિદ્યાલયની કાર્માઈકિચલ પ્રોફેસરશીપનું પદ શોભાવતા પ્રો. ડૉ. દિનેશચંદ્ર સરકારને જાય છે. ડૉ. સરકારે ખાસ કરીને આ લેખમાં (અરબીફારસી ભાષાઓ સુદ્ધાંના) પારિભાષિક શબ્દો તેમ જ સંસ્કૃત કે ગુજરાતીના અમુક કઠિન કે અપરિચિત શબ્દોના અર્થ વિષે મનનીય વિશ્લેષણ કર્યું છે.[૨]

પ્રસ્તુત સંસ્કૃત લેખ જે મસ્જિદમાં મુકાયેલો હશે તે જ મસ્જિદમાં અરબી કે ફારસી લેખ હશે કે કેમ તે વિષે પુસ્તકો કે બીજાં સાધનો દ્વારા માહિતી મળવાનો સંભવ ન પહેલાં હતો, ન હવે છે; જોકે મસ્જિદ પર તે સમયે અરબીફારસી લેખ મુકાયા હશે તે દેખાતું છે. તે લેખ એ આ જ લેખ છે જે વિષે અહીં સ્વાધ્યાયના વાચકગણને પરિચિત કરવાનો આશય છે.

---

૧ મૂળ સંસ્કૃત લેખ સર્વ પ્રથમ મહાન વિદ્વાન અને અભિલેખવેત્તા ડૉ. ઈ. હુલ્ટ્ઝ્શે 'ઇન્ડિયન એન્ટિકવેરી' વર્ષ ૧૧ (૧૮૮૨)ના પૃષ્ઠ ૨૪૧–૪૫માં અંગ્રેજી ભાષાંતર સહિત પ્રગટ કરેલ પણ તેની ફોટો–છાપ આપી ન હતી. તે પછી પ્રગટ થયેલા આ લેખના પાઠો ભાવનગર રાજ્ય તરફથી પ્રકાશિત 'ભાવનગર ઇન્સ્ક્રિપ્શન્સ જેમ્સ બર્જેસ અને હેન્રી કઝેન્સ કૃત રિવાઈઝ્ડ લિસ્ટ ઑફ એન્ટિકવેરીયન રિમૅન્સ ઈન ધી બોમ્બે પ્રેસિડેન્સી' (મુંબઈ, ૧૮૯૭), પૃષ્ઠ ૨૫૧–૫૨, ગિરજાશંકર વલ્લભજી આચાર્ય કૃત હિસ્ટોરિકલ ઇન્સ્ક્રિપ્શન્સ ઑફ ગુજરાત' ભાગ ૩ (મુંબઈ, ૧૮૩૫), પૃષ્ઠ ૫૮-૬૩ વગેરે—હુલ્ટ્ઝ્શના પાઠ પર આધારિત છે.

૨ 'એપિગ્રાફિયા ઈન્ડિકા', વર્ષ ૩૪, ભાગ ૪, પૃ. ૧૪૧–૫૦.

અત્યાર સુધી આ લેખના અસ્તિત્વની ખોજ કરવાનો કોઈને ખ્યાલ ન આવે તે પણ સમજી શકાય તેવું છે, કેમ કે આવા ઘણા જૂના લેખો કાળચક્રના સપાટે ચડી આડાઅવળા થઈ ગયા હોવાનું માનીને તેમને શોધવાની તજવીજ ન થાય તે સ્વાભાવિક છે.

સદ્ભાગ્યે મૂળ અરબી લેખ આજ પર્યંત પ્રમાણમાં સારી કહી શકાય તેવી સ્થિતિમાં અને તે ય પ્રભાસપાટણમાં જ સચવાયેલો છે એટલું જ નહિ, પણ સુંદર સંગેમૂસા (કાળા આરસ જેવા પથ્થર પર નાના પણ સુડોળ અક્ષરોમાં અરબી લિપિની 'નસ્ખ' લખાવટ-શૈલીમાં કંડોરાયેલા આ શિલાલેખનું અસ્તિત્વ આમ તો અજાણ ન હતું. સર્વ પ્રથમ ઈ. સ. ૧૮૮૯માં કાઠિયાવાડના ભાવનગર રાજ્ય તરફથી પ્રગટ થયેલા 'કોમર્સ ઇન્સ્ક્રિપ્શન્સ ભાવનગરી' નામના અરબીફારસી લેખોના સંગ્રહમાં આ લેખનો તે સમયે અને તે કામ માટે નિયુક્ત વિદ્વાનોથી જેટલો અને જેવો ઊકેલી શકયો તેવો પાઠ તેના અંગ્રેજી ભાષાંતર અને ટૂંકા પ્રાક્કથન સહિત છપાયો હતો, જ્યારે છેલ્લામાં છેલ્લા, ઈ.સ. ૧૯૬૫ અને ૧૯૬૮માં પ્રસિદ્ધ થયેલાં મુરબ્બી શ્રી શંભુપ્રસાદભાઈ હરરાય દેસાઈનાં ગુજરાતી પુસ્તકો 'પ્રભાસ અને પાટણ' અને 'સૌરાષ્ટ્રનો ઇતિહાસ'માં મોટે ભાગે ઉપર્યુક્ત 'કોર્મસ'ના પાઠ પર આધારિત નોંધ લેવામાં આવી છે.

પરંતુ આ અરબી લેખ ગુર્જરનરેશ અર્જુનદેવ વાઘેલાના સમયમાં ફીરોઝ નાવિકે બંધાવેલી મસ્જિદનો જ છે તે તરફ ઇતિહાસકારોનું ધ્યાન ન ગયું તેનું મુખ્ય કારણ 'કોર્પસ'નો અશુદ્ધ પાઠ છે,[1] જેમાં 'છસો'ના બદલે 'નવસો' હિન્દી સન વાંચવાથી લેખ ગુજરાતના સુલતાન મહમૂદ બેગડાના સમયનો છે એમ માની લેવામાં આવ્યું; જોકે 'કોર્મસ'ના જ પાઠમાં રાજાનું નામ 'મહમૂદ બિન અહમદ' એમ ચોખ્ખું વંચાયેલું હોઈ તે મહમૂદ બેગડો ન હોઈ શકે. મને એમ લાગે છે કે વિખ્યાત ઇતિહાસકાર પ્રોફેસર માણેકશાહ કોમિસેરિયેટે પોતાના ગુજરાતના ઇતિહાસ(ભાગ ૧લો, સલ્તનતકાલ)માં 'કોમર્સ'માં અપાયેલા અમુક લેખોનો ઉપયોગ કર્યો છે, પણ આ લેખનો નહિ; તેનું કારણ પણ તેઓ આ લેખ મહમૂહ બેગડાના સમયનો છે તેમ ખાત્રીપૂર્વક માનતા ન હતા તે છે.

ગુજરાતના ઇતિહાસ-સંશોધન કાર્યની કમનસીબી કહેવાય કે હવે ગુજરાતમાં ભારતનાં બીજાં રાજ્યોની જેમ અરબીફારસી ભાષાઓના સાચા અભ્યાસની પ્રણાલિકાઓનો લગભગ અંત આવ્યો છે, એ તો ઠીક પરંતુ એક તરફ જે કોઈ આ ભાષાના રહ્યા સહ્યા વિદ્વાનો કે જાણકારો છે તેમની ગુજરાતના ઇતિહાસનાં અરબીફારસી સાધનો તરફની ઉદાસીનતા તો બીજી તરફ આ ભાષાઓથી મોટે ભાગે બલ્કે સંપૂર્ણ રીતે વિમુખ એવા ઇતિહાસ-અભ્યાસીઓની પણ આ દિશામાં નિષ્ક્રિયતા—આ સાધનોને આવા વિદ્વાનો દ્વારા ઉપયોગમાં લેવાની અનિચ્છા તો ન કહી શકાય—આવા અગત્યના લેખોની સાચી જાણ થવામાં અવરોધરૂપ છે એમ ન છૂટકે કહેવું પડે છે. ગુજરાત રાજ્ય પુરાતત્ત્વખાતું પણ આ દેશમાં સારું એવું કામ કરી શકે એમ છે અને વળી એ કરવાની તેની ફરજ છે.

---

૧ 'કોમર્સ'માં જે લેખોનો સમાવેશ થયો છે તેમાંની સારી એવી સંખ્યાના લેખોના પાઠો ઘણા ભૂલ ભરેલા છે તે વિષે આ પહેલાં પણ મેં ઇતિહાસકારોનું ધ્યાન દોરવાનો પ્રયાસ કર્યો છે.

આ પણ ઠીક, પરંતુ આ અરબી લેખ તેના ખરા સ્વરૂપમાં અને પૂર્ણ પાઠ તેમ (અંગ્રેજી) ભાષાંતર સાથે પ્રસિદ્ધ થયો છે અને તે પણ અરબીફારસી શિલાલેખોના જ (આમ સુપ્રસિદ્ધ પણ બીજી રીતે અપ્રસિદ્ધ કે અખ્યાત એવા) ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ-ખાતાના અંગ્રેજી વાર્ષિક 'એપિગ્રાફિયા ઇન્ડિકા અરેબિક ઍન્ડ પર્સિયન સપ્લિમેન્ટ'ના[1] ૧૯૬૧ના અંકમાં તે વિષે સાધારણ કે ઉચ્ચ કક્ષાનાં સંબંધિત વર્તુળોનું અજ્ઞાન બીજું કાંઈ નહિ તો ઇતિહાસ-સાધનસામગ્રીની શોધના અભાવની નહિ પણ તેના પૂરતા ઉપભોગની ચાડી ખાય છે. એટલે એક ગુજરાતી તરીકે, 'ગુજરાતના ફારસીઅરબી શિલાલેખો તરફ 'સ્વાધ્યાય' દ્વારા ગુજરાતના ઇતિહાસકારો અને અભ્યાસીઓનું થોડુંઘણું ધ્યાન દોરવાના—ઋણ અદાયગી જેવા —પ્રયાસને સફળતા મળે કે ન મળે પણ, આ દિશામાં મારા પ્રયાસ પાછળ 'સ્વાધ્યાય'ના તંત્રી અને મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના ઓરિયેન્ટલ ઇન્સ્ટીટ્યુટના જર્નલના તંત્રી તથા ઓરિયેન્ટલ ઇસ્ટિટ્યુટના ડિરેક્ટર ડૉ. ભોગીલાલભાઈ સાંડેસરાનું સૂચન છે તેની જાણ ઘણા ઓછાને હશે, એટલે એ હકીકતનો અહીં નિર્દેશ થવો ઘટે.

આ લેખ 'કોર્પસ'ની સામગ્રી તૈયાર થઈ ત્યારે, આજથી લગભગ એક સૈકા પહેલાં, જ્યાં મળ્યો હતો તે જ કાજીવાડાની મસ્જિદમાં આજે પણ મસ્જિદના મુખ્ય કક્ષના પ્રવેશદ્વારોમાં બે દ્વારો વચ્ચેની દિવાલમાં ચણી લેવામાં આવેલો જોઈ શકાય છે. મૂળ લેખવાળી મસ્જિદ કઈ અને ક્યાં હતી તે વિષે કોઈ માહિતી ઉપલબ્ધ નથી. તેમ જ લેખના મૂળ પ્રાપ્તિસ્થાનનો પણ ચોક્કસ નિર્ધાર થઈ શકે તેમ નથી. ઈ. સ. ૧૯૫૪માં મેં 'કોર્પસ'માં નોંધાયેલા સૌરાષ્ટ્રના અભિલેખોની પ્રતિલિપિઓ ઉતરાવતી વખતે પ્રભાસપાટણના લેખોની સાથે આ લેખની પ્રતિલિપિ ઉતરાવી ત્યારે સ્થાનિક મુસ્લિમ આગેવાનો કે તે સમયે વિદ્યમાન કાજી સાહેબને આ શિલાલેખના ઉદ્ભવસ્થાન વિષે પૃચ્છા કરતાં કાંઈ સંતોષજનક પ્રત્યુત્તર મળ્યો ન હતો. પણ બનતાં સુધી આ જ કાજીવાડાની મસ્જિદ કે તેની પુરોગામી મસ્જિદનો આ લેખ નથી તેમ માનવાનું મુખ્ય કારણ એ છે કે આ જ મસ્જિદના મુખ્ય કક્ષની પશ્ચિમ દિવાલમાં વચલી મહેરાબ ઉપર બીજો એક સલ્તનતકાલીન લેખ છે જે આ નવીના સ્થાને જૂની મસ્જિદ હતી તેનો હોય તેમ લાગે છે. એટલે આ પ્રાક્મુસ્લિમકાલીન લેખનું મૂળ સ્થાન બીજી કોઈ મસ્જિદ હશે તેમ માનવામાં વાંધો નથી.

૪૩ સેન્ટીમીટર પહોળી અને ૬૩ સેન્ટીમીટર ઊંચી એવી કાળા રંગની જે શિલા પર આ લેખ કોતરાયેલો છે તેનો થોડો ભાગ ખંડિત થયો છે. ઉપરનો કેટલો ભાગ ખૂટે છે તે કહી શકાય તેમ નથી. ઉપરાંત, ડાબી તરફના બંને ખૂણાઓ તેમ જ જમણી તરફનો નીચેનો ખૂણો તૂટી ગયેલો છે. વળી સમયના તડકાછાંયાના પ્રતાપે લગભગ બધી પંક્તિઓની લખાવટને ઓછુંવત્તું નુકસાન પહોંચાડ્યું છે, જેની પ્રતીતિ મૂળ શિલાલેખ કે તેની છપાયેલી ફોટો-છાપ પરથી સહેજે થઈ શકશે. એ સિવાય, ૨૫ પંક્તિઓમાં વહેંચાયેલો લેખ નાના તેમ જ પાસે પાસે લખાયેલા

---

૧ આ અંક ૧૯૬૨માં પ્રગટ થયો હતો. પણ તે પહેલાં પણ લેખના ભાવાર્થ તેમ જ તેની અગત્ય તરફ 'એન્યુઅલ રિપોર્ટ ઓન ઇન્ડિયન એપિગ્રાફી'ના ૧૯૫૪-૫૫ના રિપોર્ટના એપેન્ડીક્ષ 'સી'માં નં. ૧૬૩ તેમ જ પૃષ્ઠ ૨૫મા ધ્યાન દોરવામાં આવ્યું હતું.

કાજીવાડાની મસ્જિદનો શિલાલેખ
(પ્રભાસપાટણ)

અક્ષરોમાં કોતરાયેલો છે. આ બધાને લઈને લેખનો ઉકેલ ઘણો મુશ્કેલીભર્યો ગણાય. આ ધ્યાનમાં લઈએ તો 'કોર્પસ'નો પાઠ તૈયાર કરનારા વિદ્વાનોનો અશુદ્ધિ માટે વધુ વાંક ન કાઢી શકાય.

'કોર્પસ'માં આ લેખનો ભાવાર્થ તથા અંગ્રેજી તરજુમો આ પ્રમાણે આપવામાં આવેલ છે :

ભાવાર્થ : 'સુલતાન મહમૂદ બેગડાએ સોમનાથના પ્રસિદ્ધ મંદિરવાળા આ શહેરને જીતી કબજે કર્યું હતું તેમ આ લેખ જણાવે છે. લેખમાં અપાયેલું વર્ષ સારી રીતે વાંચી શકાતું નથી. માત્ર તેનો પહેલો અંક એટલે કે સેંકડાનો (નવસો) વાંચી શકાય છે. છતાં મહમૂદ બેગડાએ જે વર્ષમાં સોરઠ પર ચઢાઈ કરી હતી તે જોતાં એમ કહી શકાય કે લેખની તારીખ ૯૦૦ હિજરી કે તે પછી એક કે બે વર્ષ હોય.'[૧]

લેખનું ભાષાંતર[૨] : 'ઈશ્વરની રાહમાં જે કોઈ મસ્જિદ બંધાવશે તેને ઈશ્વર ક્ષમા આપશે.' આ શુભ ઇમારત ૨૭મી રમઝાન હિ.સ. (૯××)ના દિને બંધાઈ.

ન્યાયી, ઉદાર, મહાન રાજવી ધર્મ અને રાજ્યના સ્તંભ,[૩] ઇસ્લામ અને મુસ્લિમોની પ્રતિષ્ઠા—ઈશ્વર તેના રાજ્યનું રક્ષણ કરે,—શત્રુ પર વિજયી, દૈવી મદદવાળા રાજા, રાજ્યના પિતા, અહમદ સુત મહમૂદના સમયમાં—ઈશ્વર તેનું રાજ્ય અમર રાખે અને તેની હુકૂમતને ઉચ્ચ બનાવે.

તે સોમનાથ શહેરમાં ગયો અને તેને ઇસ્લામનું એક શહેર બનાવ્યું અને મૂર્તિઓની તેમ જ નાસ્તિકતાની સત્તા તોડી.[૪] તેણે એક સૂબો નિયુક્ત કર્યો જેની કાર્યદક્ષતા પૂર્ણ ચંદ્રમા જેવી સરસ હતી અને તેને માટે એક સમજુ, ડાહ્યા, મહેનતુ અને એવા ગુણવાળા સલાહકારની નિમણુક કરી: રાવતસુત હમીર પણ મજકૂર સૂબાનો વિનમ્ર દાસ પોતાના પૂર્વજોની જેમ જાન આપવા તત્પર.......

એક ......બીજું ...... ત્રીજું વધારો ચોથું, સંયમ અને સખાવત આચરો અને આ ઊંચી મહાન મસ્જિદના નિર્માણમાં બધું ખર્ચી નાખો! મલેક જવેર—ઉચ્ચ પદવાળો, સદાચારી, મંગળદાયી, ધર્મ અને સત્યનો સ્તંભ, ઇસ્લામ અને મુસ્લિમોનો સરવાળો, રાજાઓનો પિતા, રાજાઓના રાજા, મહાન અમીર, મહાન તર્કશાસ્ત્રી, વચન અને વફાદારીના રાજાઓનો રાજા સખાવત અને ઉદારતાનો રાજા—અર્થાત્ મુહંમદસુત અબૂ ઈબ્રાહીમ ઈશ્વર તેની કબ્રને અજવાળે! ઈશ્વર તેની જગ્યાને ખુશનુમા બનાવે!

---

૧ કોર્પસ, પૃષ્ઠ ૨૮.

૨ કોર્પસ, પૃષ્ઠ ૨૯, ૩૦. કોર્પસમાં અપાયેલા તરજુમાનું આ અક્ષરશઃ ભાષાંતર છે. તેમાં વાક્યો અપૂર્ણ હોવા ઉપરાંત ભાષાંતર વગેરેની ભૂલો—કોઈ કોઈ ઠેકાણે છબરડા કહી શકાય તેવી—છે.

૩ મૂળમાં રૂકનુદ્દુન્યાવદ્દીન. રૂકનુદ્દાન હોર્મુઝના રાજાનો ખિતાબ હતો. અહીં તેને ખિતાબ તરીકે ગણવામાં આવેલ નથી. સંસ્કૃત લેખમાં રૂકનુદ્દીન વપરાયેલ છે.

૪ 'કોર્પસ'માં મૂર્તિઓ તોડી એમ નથી પણ મૂર્તિઓની સત્તા તોડી એમ લખ્યું છે.

મારા સ્વામી મુબારકસુત ફીરોઝના હુકમથી—પરમેશ્વર તેની કીર્તિ અને આસ્થા અખંડ રાખે! સખાવત અને ઉદારતાનું ઝરણુ, શિક્ષાઓનો પરિહાર કરનાર રાજા, રાજાઓના રાજા. વ્યાપારીઓનો રક્ષક, ધર્મ અને વિશ્વની પ્રતિષ્ઠા, ઈસ્લામ અને મુસ્લિમોનો સૂર્ય, રાજાઓ અને સુલતાનોનો પિતા, મહાન અને સર્વોચ્ચ વિભૂતિઓનું આશ્રયસ્થાન, યુગનો શૃંગાર.

બંને સંસારમાં કીર્તિ મેળવવાના આશયથી આ મસ્જિદ માટે એક વકફ કર્યું અને તે બધાને સારા અંત[1]ના શુભ સમાચાર આપે છે! તે ઉદાર, સનાતન અને સાચે જ નમ્ર ઈશ્વર માટે!

જરૂર, આ મસ્જિદનું નિર્માણ, ધર્મ અને આસ્થાના પાયારૂપ બનશે અને સાચે જ કુરાનનો[2] કોઈ હુકમ નથી.

ઈશ્વરે (કુરાનમાં) કહ્યું છેઃ "માત્ર તે જ ઈશ્વરની મસ્દિમાં જઈ શકશે જે અલ્લાહમાં અને અંતિમ દિવસ(કયામતના દિન)માં માન્યતા ધરાવે છે, દાન આપે છે અને ઈશ્વર સિવાય બીજા કોઈથી ડરતો નથી અને તેથી જ આવા પુરુષો માર્ગદર્શન પામે છે.

ઈશ્વર મક્કાને જાળવે! જે કોઈ મક્કા અને પેગમ્બરના મદીના માટે એટલા દરજ્જા સુધી ઉત્સુક છે કે તે રસ્તામાં મોટા ભાગનો ખર્ચ કરે છે અને જે આ પ્રમાણે ખર્ચ કરે છે તે શુભેચ્છક છે.

અને ઈશ્વર તે શખ્સને જે ઈશ્વરી સંકેતને પાર પડવામાં શબ્દ કે સંકેત કે ચિહ્નથી બાધા નાખવાનો યત્ન કરે છે તેને, ભલે પછી તેની આસ્થા ઘણી સબળ હોય, ઈશ્વર જાણે છે. અલ્લાહ, ફિરિસ્તાઓ, મનુષ્યો અને તે સર્વ જે આવા કામ પ્રત્યે ઘૃણા રાખે છે તેની ઘૃણા કરશે.

પરંતુ જે કોઈ મૃત્યુ પામેલા મનુષ્યે કરેલી વસિયત સાંભળી તેને બદલશે તો નક્કી તેનું પાપ તેમને છે જેઓ તેને બદલશે, કેમ કે ઈશ્વર સાંભળનાર અને જાણનાર છે.

કુરાનમાં કહ્યું છે તે પ્રમાણે ઈશ્વરમાં આસ્થા! અમારા નેતા મુહંમદ પર અને તેમના પવિત્ર વંશજો પર ઈશ્વરની આશિષ હો.'[3]

'કોર્પસ'ના આ પાઠની નીચે આગળ આવતા લેખના વર્ણન તેમ જ તેના પાઠની સાથે સરખામણી કરતાં કોર્પસના પાઠની અશુદ્ધિઓની ગંભીરતાનો ખ્યાલ આવી શકશે. આ અશુદ્ધિઓએ ઇતિહાસ સાથે કેવાં ચેડાં કર્યાં છે તેનો ખ્યાલ 'કોપર્સ' પર આધારિત 'સૌરાષ્ટ્રનો ઇતિહાસ'ના નીચેના કથન પરથી આવી શકશેઃ "પ્રભાસનગરને મદીના જેવું ઈસ્લામનગર બનાવ્યું. ત્યાંની સર્વે પ્રજા ઈસ્લામને અનુસરે તે માટે ફિરોઝ મુબારક નામના અધિકારીને નિયુક્ત કર્યો. અને ઈસ્લામના સિદ્ધાંત અનુસાર અમલ કરવાની તેને આજ્ઞા આપી.

---

૧ એટલે મોક્ષ

૨ મુસ્લિમોનું ધર્મપુસ્તક.

૩ કોર્પસ, પૃષ્ઠ ૨૯-૩૦.

આ પ્રસંગે બળાત્કારે અનેક હિંદુઓનું ધર્માંતર કરવામાં આવ્યું અને હમીર રાવત નામના રાજપૂત નેતાને ઇસ્લામની દીક્ષા આપી તેને પણ ઇસ્લામના પ્રચાર માટે પ્રવૃત્તિ કરવા ફિરોઝના મદદનીશ તરીકે નીમ્યો."[1] લેખનો લગભગ આવો જ ભાવાર્થ 'પ્રભાસ અને સોમનાથ'માં જોવા મળે છે.[2] તે જ પુસ્તકના 'પરિશિષ્ટ દસમા'માં આપવામાં આવેલી શિલાલેખોની સૂચિમાં આ લેખનું આ પ્રમાણે વર્ણન છે. 'મહમૂદ બેગડાએ પ્રભાસની મૂર્તિઓ ભાંગી નાખી ત્યાં કુફ્ફાર મિટાવી દઈ મલેક ઝવેરને સૂબો નીમ્યો તેની તથા તેના સૂબેદાદ હમીર રાવતની પ્રશસ્તિ. હી.સ. ૯૦૦ ? (ઈ.સ. ૧૪૯૬) ફારસી.'[3]

ઉપરનાં બયાનોમાં વાસ્તવિકતાનો કેટલો અંશ રહ્યો છે તેનો અંદાજ લેખના હવે પછી આપવામાં આવતા વર્ણન પરથી વાચકો કરી લેશે. લેખમાં ન તો મહમૂદ બેગડાનું નામ છે કે ન તો તેણે સોમનાથ લીધું કે મંદિર ભાંગ્યું કે બળાત્કારે હિંદુઓનું ધર્માંતર કરાવ્યું કે ઇસ્લામના પ્રચાર અંગે ફિરોઝ મુબારકને સૂબા તરીકે તેમ જ રાજપૂત નેતા હમીર રાવતને તેના નાયબ તરીકે નીમ્યો કે ન તો કોઈ મલેક ઝવેર નામનો માણસ હતો એવો ઉલ્લેખ છે. એથી ઊલટું આ લેખમાં ધાર્મિક સહિષ્ણુતાનું દુનિયા સમક્ષ જે જવલંત ઉદાહરણ રજૂ થયું છે તેનો જોટો દુનિયાના ઇતિહાસમાં જવલ્લે જોવા મળે છે.

ઉપર જણાવ્યા મુજબ લેખનો શુદ્ધ પાઠ એપિગ્રાફિયા ઈન્ડિકા અરેબિક ઍન્ડ પર્સિયન સપ્લીમેન્ટના ૧૯૬૧ના અંકમાં પૃષ્ઠ ૧૨–૧૩ પર છપાયો છે. અલબત્ત તેના શુદ્ધ હોવાના મારા દાવા વિષે સંદેહ કે શંકાને સ્થાન હોઈ શકે, પરંતુ તેના ખરા કે ખોટા હોવાની ચોકસાઈ તે જ સામયિકમાં અપાયેલી તેની ફોટોપ્રતિલિપિ (પ્લેટ II બી) પરથી થઈ શકશે. અરબી કે ફારસી ભાષા જાણનાર તેના સત્ય-અસત્યની પરખ કરી શકે એમ છે.

લેખ વિષે આટલો મોટો ગોટાળો થવાનું મુખ્ય કારણ તેના વર્ષ દર્શાવતા શબ્દના પાઠની ભૂલ છે. વર્ષનો સેંકડો દર્શાવતો શબ્દ ત્રીજી પંક્તિના પ્રારંભમાં સુવાચ્ય છે, જ્યારે એકમ અને દશકવાળા શબ્દો બીજી પંક્તિના અંતમાં શિલાનો ખૂણો ખંડિત થવાથી નષ્ટ પામ્યા છે. સેંકડો દર્શાવતો શબ્દ 'સિત્તમેયા' એટલે 'છસો' એમ ચોખ્ખી રીતે વાંચી શકાય છે. એટલે હિજરી સન છસો ઉપર—સાતમા સૈકા હિજરીમાં મુકાયેલ આ લેખને મહમૂદ બેગડા (જે નવમી સદી હિજરીની મધ્યમાં ગાદીએ આવ્યો) સાથે કાંઈ સંબંધ નથી. વળી મહમૂદ બેગડાના પિતાનું નામ મુહમ્મદ હતું જ્યારે લેખના મહમૂદના પિતાનું નામ અહમદ હતું. ટૂંકમાં આ લેખ મહમૂદ બેગડાનો નથી તે વિષે સહેજ પણ શંકા નથી.

---

૧ 'સૌરાષ્ટ્રનો ઇતિહાસ' (જૂનાગઢ, ૧૯૬૮), પૃ. ૪૯૦.

૨ 'પ્રભાસ અને સોમનાથ' (જૂનાગઢ, ૧૯૬૫), પૃ. ૨૬૯, પાદટિપ્પણી ૧ તેમ જ પૃષ્ઠ ૨૭૮

૩ એજન, પૃષ્ઠ ૫૩૦, નંબર ૫૪, 'કોર્પસ'માં ઉપર નોંધ્યા મુજબ મૂર્તિઓ નહિ પણ મૂર્તિઓની સત્તા તોડી એમ છે (મૂળ લેખમાં આવું કંઈ નથી). આ સૂચિમાં પ્રસ્તુત લેખ (ફારસીમાં નહિ પણ અરબીમાં છે) જૂનાગઢ મ્યૂઝિયમમાં છે તેમ કહેવામાં આવ્યું છે તે બરાબર નથી. લેખ પ્રભાસપાટણની કાજીવાડાની મસ્જિદમાં છે.

અરબી લેખનો પાઠ તથા ભાષાંતર આપતાં પહેલાં હરસિદ્ધ માતાવાળા સંસ્કૃત લેખનો ભાવાર્થ વાચકગણની જાણ અર્થે અહીં આપવો અનુચિત નહીં ગણાય.

"ગુર્જરનરેશ અર્જુનદેવ વાઘેલાના સમયમાં કાઠિયાવાડનો સૂબો માલદેવ હતો અને સોમનાથમાં વહીવટ પંચકુલ તરફથી થતો. એ સમયે અમીર રૂકનુદ્દીન હોર્મુઝ પર રાજ્ય કરતો હતો ત્યારે ત્યાંનો વતની વહાણ માલિક ખાજા[1] અબૂ ઈબ્રાહીમનો પુત્ર વહાણમાલિક નુરૂદ્દીન પીરોજ (ફિરોઝ) સોમનાથ મહાદેવના શહેરમાં વેપારાર્થે આવ્યો. પીરોજે સોમનાથ શહેરની બહાર આવેલી શિકોત્તરી સ્થિત મહાયાન (મહાજન) પાલમાં જમીનનો ટુકડો શહેરના અગ્રણીઓ જેમકે ઠક્કુરશ્રી પગુગિદેવ, રાણકશ્રી સોમેશ્વરદેવ, ઠક્કુરશ્રી રામદેવ, ઠક્કુરશ્રી ભીમસિંહ વગેરેની ઉપસ્થિતિમાં તેમ જ સમસ્ત (મુસ્લિમ) જમાતની હાજરીમાં પોતાને જેમની સાથે સારો એવો સંબંધ હતો તેવા રાજકુલશ્રી નાનસિંહના પુત્ર રાજકુલ શ્રી છાડા પાસેથી ખરીદ્યો. પછી ત્યાં પોતાના આત્માના શ્રેય માટે શ્રી છાડાની સહાયથી એક મસ્જિદ બંધાવી અને આ મસ્જિદની દેખરેખ તેમ જ તેની રોજિંદી પ્રાર્થના માટેની જરૂરિયાતો—દીવાબત્તી, તેલ, પાણી, ધર્મગુરુ, અઝાન આપનાર, માસિક (કુરાન) તિલાવત કરનાર માટે તેમ જ નાવિક જમાતના રીતરિવાજ મુજબના શબે-બરાતની રાતે કુરાન-ખતમ વગેરે ધાર્મિક ઉત્સવો ઉજવવાના ખર્ચ પેટે, મસ્જિદને દર વર્ષે છાવા ધોળાવવા તેમ જ તેમાં પડેલાં તડાંઓ કે એવી બીજી ખામીઓની મરમ્મત માટે સદરહુ પીરોજે આવકનાં ત્રણ સાધનોની વ્યવસ્થા કરી: (૧) અમુક નળિયાંવાળાં ઘરો ધરાવતી પલ્લિકાઓ (જેનાં સ્થળ અને માલિકી વગેરે વિષે વીગતવાર વર્ણન છે), (૨) ચાર તોલાની પળીના દાણવાળી એક તેલની ઘાણી છે, (૩) મસ્જિદની આગળના ભાગમાં આવેલી કિલ્હણદેવ, લૂણસિંહ, આશાધર વગેરે પાસેથા વેચાણ રાખેલી બે દુકાનો; આ સાધનોની આવકમાંથી ઉપલી બાબતોમાં ખર્ચ કરતાં જે કાંઈ વધે તે માટે પીરોજે (ફિરોઝે) નક્કી કર્યું કે તે (મુસ્લિમોનાં ધાર્મિક સ્થળો) મક્કા અને મદીનામાં મોકલવામાં આવે અને આ મિલકતની વ્યવસ્થા અને વહીવટ તેમ જ ખર્ચ વગેરેની દેખરેખ નાવિકો, વહાણવટીઓ, ચૂણકરો તેમ જ ઘાંચીઓની જમાત અને તેના ખતીબ, બીજી જમાતો વગેરે કરે તેમ પણ તેણે નક્કી કર્યું."[2]

અરબી પ્રતિલેખમાં પથ્થર ખંડિત થયો તેમ જ લખાણ સહેજ ટોચાઈ ગયું હોવાથી અમુક શબ્દો ખૂટે છે અને બે ત્રણ જગ્યાએ અક્ષરો સુવાચ્ય નથી પરંતુ મહદ્ અંશે લેખ વાંચી શકાયો છે અને ખૂટતા શબ્દોથી, લેખના પ્રારંભના શબ્દો સિવાય બીજો કંઈ ખાસ ફેર પડતો નથી. આમ તો અરબી લેખમાં સંસ્કૃત લેખમાં આપેલી હકીકત સિવાય બીજી વધારાની ખાસ માહિતી ઉપલબ્ધ નથી; દાખલા તરીકે મસ્જિદની દેખરેખ વગેરેના ખર્ચ પ્રબંધ માટે આવકનાં સાધનોની જે વીગતો સંસ્કૃત લેખમાં છે તે અરબી લેખમાં નથી. વળી ખર્ચ ખાતે માત્ર ધર્મગુરુ કે પેશઇમામ અને અઝાન આપનારનો તેમ જ વધારાની રકમ મક્કા કે

---

૧ આ શબ્દ 'ખ્વાજા' લખાય છે પણ તેનો ઉચ્ચાર 'ખાજા' થાય છે.

૨ આ ભાવાર્થ ડૉ. દિનેશચંદ્ર સરકારના સદરહુ સંસ્કૃત પ્રશસ્તિ પરના એપિગ્રાફિયા ઇન્ડિકા, વર્ષ ૩૪, પૃષ્ઠ ૧૪૧-૫૦ પર છપાયેલા લેખ પરથી તારવવામાં આવ્યો છે. પૂરા લેખનું ગુજરાતી ભાષાંતર શ્રી. ગિ. વ. આચાર્યના ઉપર જણાવેલા પુસ્તકમાં પૃ. ૯૨-૯૩ પર અપાયેલું છે.

મદીના મોકલવી તેટલો જ ઉલ્લેખ છે. દીવા, બત્તી, તેલ, ધાર્મિક ઉત્સવોની ઉજવણી કે મસ્જિદની મરામત વગેરે કે મસ્જિદ માટે વકફ કરેલી મિલકતના વહીવટદારો વિષે પણ લેખમાં કાંઈ કહેવામાં આવ્યું નથી.

પરંતુ અરબી લેખમાં ગુર્જરનરેશ અર્જુનદેવ વાઘેલાનું નામ સુદ્ધાં નથી તે આશ્ચર્યજનક છે. સંસ્કૃત લેખમાં ગુર્જરનરેશ ઉપરાંત હોર્મુઝના રાજાનો પણ ઉલ્લેખ છે, જ્યારે અરબી લેખમાં માત્ર હોર્મુઝના જ સુલતાનનું નામ છે. આમ કેમ બનવા પામ્યું હશે કે તે ઇરાદાપૂર્વક કરવામાં આવ્યું હશે તે કહેવું મુશ્કેલ છે, પરંતુ અરબી લેખમાં પણ પંચકુલનાં નામો તેમ જ સ્થાનિક અગ્રણીઓની સહાય સંમતિ વગેરેનો વિસ્તારપૂર્ણ ઉલ્લેખ જોતાં ગુર્જરનરેશના નામનો અભાવ ખાસ ઇરાદાપૂર્વક હોય તેમ લાગતું નથી. અરબી લેખની ભાષા જોતાં એમ લાગે છે કે એ પ્રશસ્તિ પ્રભાસપાટણમાં નહિ પણ હોર્મુઝમાં રચાઈ (અને કદાચ કોતરાઈ નહીં તો પથ્થર પર રેખાંકિત કરવામાં આવી) હશે તેથી ત્યાંના લેખકે માત્ર ત્યાંના જ રાજાનું નામ લખ્યું હોય. આ સંદર્ભમાં પ્રશસ્તિકારે 'સોમનાથ ઇસ્લામી રાજ્યનો એક ભાગ બને અને ત્યાં મૂર્તિપૂજા તથા કુફ્ર નષ્ટ થઈ જાય' તેવી જે ઇચ્છા પ્રગટ કરી છે તે પણ લેખ હોર્મુઝમાં લેખાવવામાં આવ્યો હોય તે માન્યતાની પૂર્તિ કરે છે. ગમે તેમ હોય પણ ગુજરાતમાં મુકાનાર લેખમાં ત્યાંના નરેશનું નામ ન હોય અને પરદેશી સુલતાનનું હોય તે વિચિત્ર તેમ જ અજુગતુ લાગે છે.

એ સિવાય સંસ્કૃત લેખની જેમ પંચકુલ તેમ જ સ્થાનિક અધિકારીઓ કે અગ્રણીઓનો ઉલ્લેખ અહીં પણ કરવામાં આવ્યો છે. સમગ્ર રીતે જોઈએ તો સંસ્કૃત લેખ કરતાં સહેજ વધુ માહિતી અરબી લેખમાં માત્ર ફિરોઝ[1] માટે મળે છે. ફિરોજના સામાજિક મોભા તેમ જ વ્યવહારી દરજ્જાનો તેને માટે વપરાયેલાં વિશેષણો તથા ઈલ્કાબો પરથી ખ્યાલ બાંધી શકાય. ફિરોઝને લેખમાં 'મહાન અને પૂજ્ય સદ્ર (પ્રમુખ), નાખુદાઓનો રાજા, વ્યાપારીઓના રાજાઓના રાજા, રાજ્ય અને ધર્મનો પ્રકાશ, સુલતાન અને રાજાઓનો પિતા, વિભૂતિઓ તેમજ માંધાતાઓનું આશ્રયસ્થાન, યુગ માટે ગર્વ લેવા યોગ્ય' જેવાં પ્રશંસાત્મક વિશેષણોથી બિરદાવવામાં આવ્યો છે. આ પ્રશસ્તિમાંથી અતિશયોક્તિનું પ્રમાણ બાદ કરીએ તો પણ ફિરોઝની મહત્તા અને સમકાલીન સમાજમાં તેનું સ્થાન આંકી શકાય. વળી તેના પિતા અબૂ ઈબ્રાહીમ ઈરાકી માટે વપરાયેલાં એવાં જ બિરુદો પરથી એમ કહી શકાય કે તેનું કુટુંબ શાહસોદાગરોનું હતું જે રાજાઓને સંકટ સમયે મદદરૂપ થઈ પડ્યું હતુ

ઉપર જણાવ્યા મુજબ લેખમાં ૨૮ પંક્તિઓનું લખાણ છે. સાધારણ રીતે અરબી-ફારસી લેખો ઊપસી આવેલા અક્ષરોમાં કોતરવામાં આવે છે, પણ અહીં સંસ્કૃત લેખોની જેમ પથ્થરમાં ઊંડા કોતરી લખવામાં આવેલ છે. ગુજરાતના શરૂઆતના મુસ્લિમ અભિલેખોની આ

---

૧ મૂળ ફારસી નામ પીરોઝ છે પણ અરબી વર્ણમાળામાં 'પ' સ્વર ન હોઈ તેને મળતો 'ફ' સ્વર વપરાય છે.

વિશિષ્ટતા છે, કેમ કે ઉત્તર હિંદુસ્તાનમાં આ સમયે ઉપસાવી કાઢેલા અક્ષરોવાળી લેખનપ્રથા પ્રચલિત હતી.[1]

લેખની ૨–૩જી પંક્તિઓમાં મસ્જિદ બંધાવાની સાલ—વર્ષ તેમ જ મહિનાના દિવસ સહિત—આપવામાં આવેલ છે પણ વર્ષનો માત્ર સેંકડો દર્શાવતા શબ્દ—છસો—સિવાય બીજા શબ્દો પથ્થરના ખંડિત ભાગ સાથે નષ્ટ થઈ ગયા છે. સંસ્કૃત લેખમાં હિ.સ. ૬૬૨ આપેલું છે તે જ સન અરબી લેખની હશે એમ માનવાને વાંધો નથી. આમ આ મસ્જિદ બંધાવવાની તારીખ ૨૭ રમઝાન હિજરી સન ૬૬૨ (૨૩ જુલાઈ ૧૨૬૪) થાય.

૩-૬ પંક્તિઓમાં (હોર્મુઝના રાજા) અમીર રૂકનુદ્દુન્યવદ્દીન અબીન્નુસ્રત મહમૂદ બિન અહમદના રાજ્ય અમલનો નિર્દેશ છે.

૭–૧૦ પંક્તિઓમાં પ્રભાસના રાજકર્મચારીઓનાં નામો છે.

૧૧–૧૩ પંક્તિઓમાં જેના પુણ્ય અર્થે ?[2] મસ્જિદ બાંધવામાં આવી હતી તે બાંધનાર ફિરોઝના પિતા અબૂ ઈબ્રાહીમ બિન મુહંમદ અલ્ઈરાકીનો ઉલ્લેખ છે.

૧૪–૨૩ પંક્તિઓમાં મસ્જિદ બાંધનાર તેમ જ તેના માટે પ્રબંધ કરનાર ફિરોઝની પ્રશસ્તિ છે.

૨૪–૨૮માં વક્ફનો ગેરવહીવટ કે ગોલમાલ વિરુદ્ધ કુરાન શરીફમાં જે તાકીદ છે તે ટાંકીને આ વક્ફનો સારો વહીવટ રહે તેવી તાકીદ છે.

પાઠાંતર

(૧) યુઅ્તીલ્લાહો તઆલ હાઝા લેમન બના બૈતન્ ફી સબીલિલ્લાહે ...(બના હાઝલ્મસ્જીદ)

(૨) લ્મુબારક બે તારીખિસ્સાબેઅ્ વલ્ઇશ્રીને મિન શહ્રે રમઝાન (સનત ઇષ્ના વ સિત્તીન ?)

(૩) વ સિત્તમેયા મિનલ્હિજ્રતિન્નબવિય્યહ ફી ઝમનિસ્સુલ્તાનિ લ્આદિલિલ (મંલિકિલ્બાઝિલ)......

---

૧ ગુજરાતના ઈ.સ. ૧૩મી સદીના ઊંડા કોતરાયેલા લેખોમાં ઈ.સ. ૧૨૧૮ના ખંભાત સાળવા મોહલ્લા મસ્જિદના, ઈ.સ. ૧૨૮૨ના પાટણ(જિલ્લે મહેસાણા)ની કાળીબજાર મસ્જિદમાં ચણેલા એક મૃત્યુલેખ તથા ઈ.સ. ૧૨૮૬–૮૭ના જૂનાગઢની માઈ ગઢેચીની મસ્જિદના લેખોનો સમાવેશ થાય છે. તે ઉપરાંત ઈ.સ. ૧૪મા સૈકાની શરૂઆતના પેટલાદમાં અર્જુનશાહની દરગાહમાં સચવાયેલા અલાઉદ્દીન ખલ્જી અને ગ્યાસુદ્દીન તુગ્લુકના કાળના બે લેખો પણ આવી રીતે કોતરાયેલા છે. પણ ઈ.સ. ૧૨મી સદીના ભદ્રેશ્વરમાં મળી આવેલા ચારપાંચ અભિલેખો ઊભરી આવેલી લખાવટવાળા છે.

૨ સંસ્કૃત લેખમાં ફિરોઝના આત્માના શ્રેય અર્થે મસ્જિદ બંધાણી એમ છે.

(૪) [૧]અબુલ્ફખ્રૂ રૂકિદ્દુન્યા વદ્દીન મુઇઝ્ઝિલ્ઇસ્લામ વલ્મુસ્લિમીન ઝિલ્લિલ્લાહે (ફીલ્આલમીન).........

(૫) વ (?) લ્મુઝફ્ફર અલલ્અઅ્દા અલ્મલિકિલ્મુઅય્યદ અબીન્નુસ્રત મહમૂદ બિન એહમદ ખલ્લદલ્લાહો (મુલ્કહૂ)......

(૬) વ અઅ્લા અમ્રહૂ વ શાનહૂ ફી મદીનતે સોમનાત[૨] જઅલહ લ્લાહો મિન્ બિલાદિલ્ઇસ્લામ વ......

(૭) લ્કુફ્ર વલ્અસ્નામ વ આવાને હાકિમિહા ગંદ[૩] બીરબદ્દર (?)[૪] (વીરભદ્ર) વ મુશીરેહી બિર્રાઇસ્સાઇબિ અલ્મમેહતા......

(૮) વ સાઈઓ હાઝલ્ખૈર વ વાહિબોહૂ ઐઝન્ અજલ્લોહુમ બઅ્દ હાકિમિહિલ્મઝ-કૂરિલ્મુસમ્માં જાદા (= છાડા[૫]) રાવ(ત ?)

(૯) બિન રાવત નાનસીહ મઅ કુબરાએહીમ અહદોહુમ બીલક (પીલગ[૬] = પલુગિ) દેવ, વસ્થાની ભીમસીહ તાકુર (ઠાકુર = ઠક્કુર)[૭] વસ્થાલિ (થ)

(૧૦) સોમેસર (સોમશ્વર)દેવ, વર્રાબિઅ્ રામદેવ વ કુલ્લો હુ મત્તફકૂ જમીઅન્ અલા તાસીસે હાઝલ્મસ્જીદિલ્મુ અઝઝ મિલ્અઅ્લા

(૧૧) ઈસ્તઅ્લાઅન્ લેદરજાતિસ્સદ્રિલ્મુઅઝ્ઝમ અસ્સઈદ અશ્શહીદ નજ્મિલ્હક્ક વદ્દીન્ અહ્મી (?) લ્ઇસ્લામ

(૧૨) વલ્મુસ્લિમીન અબીલ્મુલૂકે વસ્સલાતીન સુલ્તાનિ અકાબિરિલ્અસ્ર બુરૂહાનિ અફાઝિલિદ્દહ્ર મલિકે મુલૂકિલ્અહદે

(૧૩) વલ્વફા ખાકાનિલ્જૂદે વસ્સખા, અબી ઈબ્રાહીમ બિન મુહમ્મદ અલ્ઈરાકી નવ્વરલ્લાહો મરકદહૂ વ તય્યબ મસ્કનહૂ વ મઝ્જઅહૂ

(૧૪) લે અમ્રે રબ્બિએ (?) સાહિબે હાઝલ્ખૈર વ હુવ સદ્રુલ્મુઅઝ્ઝમ વલ્મુકર્રમ સુલ્તાનુન્ન વાખિઝ મલિકે મુલૂકિ—

(૧૫) ત્તુજ્જાર નૂરૂદ્દવલત વદ્દીન શમ્સુલ્ઇસ્લામ વલ્મુસ્લિમીન અબીલ્મુલૂકે વસ્સ-લાતીન મલ્જઉલ્અકાબિર

---

૧ 'અબી' જોઇએ.

૨ અરબી વર્ણમાળામાં 'થ' ન હોથી તેની જગ્યાએ 'ત' લખાય છે.

૩ એ જ પ્રમાણે 'ડ'ના બદલે 'દ'.

૪ 'ભ'ના બદલે 'બ' અને 'વ'ના બદલે 'બ'.

૫ 'છ' અને 'ડ' માટે અરબીમાં 'જ' અને 'દ' વપરાય છે.

૬ 'પ' અને 'ગ' માટે અરબીમાં 'બ' અને 'ક' વપરાય છે.

૭ 'ઠ' કે 'ટ' માટે અરબીમાં 'ત' વપરાય છે.

(૧૬) વલ્અમાથિલ ઇક્તિખારૂલ્અસ્ર ફીરોઝ બિન ઈબ્રાહીમ અલ્ઈરાકી અદામલ્લાહો ફિર્દોઝ્ઝે વ બનાહો વ વકફ્

(૧૭) અલા હાઝલ્મસ્જિદિલ્મઝ્કૂરિલ્મશ્હૂરે ફીલ્જમાઈલ્કિવ્નૈન વ ઈસ્તઅ્જર મઅ હાફિનિહી (?) જમીઅન્ લે વજ્હિ–

(૧૮) લ્લાહિલ્કરીમ વ મરઝાતન્ લે રબ્બેહિલ્જસીમ......મિન ઝાલિક મુઇનન્ લે ઇમારતે હાઝલ્મસ્જિદિ–

(૧૯) લ્મુઅઝ્ઝમ લે તકૂનલ્ઇમારતો ઇમાનન્ લિત્તિબ્યાને વ ઇન્કિયાદન્ (?) લે અમ્રિલ્કુર્આન[૧] હૈથ્ કાલ "ઈન્નમા યઅ્મોરો મસાજિદ–

(૨૦) લ્લાહે મન્ આમન બિલ્લાહે વલ્યવ્મિલ્આખિરે વ અકામસ્સલાત વ આતઝ્ઝકાત વ લમ્ યખ્શ ઈલ્લલ્લાહ ફ અસા

(૨૧) ઊલાયક અંયકૂનૂ મિનલ્મુહ્તદીન" વ ઈફાદતન્ લેઈમામિહી વ મુઅઝ્ઝેનિહી વલ્ફાઝિલો અમ્મા અહેદ બિહી

(૨૨) યુરસલો ઈલા મક્કતે હર્રસહુલ્લાહો વ મદીનતિર્રસૂલિલ્લાહે સલ્લલ્લાહો અલય્હે હત્તા યુસ્રફ ફી

(૨૩) મવાઝિ ઈસ્સર્ફે ફમન્ રામ ઈબ્તાલ હાઝલ્ખૈરે ઔ સઆ ફી ઈફ્સાદિહી બે કૌલિન્ ઔ ફેઅ્લિન

(૨૪) ઔ ઈમાઈન્ ઔ ઈશારતિન્ યઅ્લમહુલ્લાતે તઆલા ઝાલિક મિન સમીમે ફુઆદિહી વ સકીમે એઅ્તિકાદિહી (ફ અલય્ હે લઅ્નતુ–)

(૨૫) લ્લાહે વ લઅ્નતુલ્લા એનીન વલ્મલાએકતે વન્નાસે અજ્મઈન્. "ફમન્ બદ્દલહૂ બઅ્દ મા સમેઅહૂ

(૨૬) ફઈન્નમા ઈદ્મોહૂ અલલ્લઝીન યુબદ્દેલૂનહૂ ઈન્નલ્લાહ સમીઉન્ અલીમ્" વ તવ્વાબુ(ર્રહીમ)........

(૨૭) અલલ્લાહે તઆલા કમાકાલ ફી મુહ્કમે કિતાબેહીલ્કરીમ "ઈન્ન (લ્લાહ વ મલાએકતહૂ)

(૨૮) યુસલ્લૂન અલન્ન(બિય્યે) સલ્લલ્લાહો અલા સય્યેદેના મુહમ્મદિન્ વ આલિહી અજ્મઈન્.

ભાષાંતર

(૧) સનાતન અલ્લાહ આ(નો બદલો) જે અલ્લાહની રાહમાં મકાન (અર્થાત્ મસ્જિદ) બંધાવે તેને આપશે........ (આ મસ્જિદ બંધાઈ)

(૨) રમઝાન માસના સત્તાવીસમા દિને વર્ષ (બે અને સાઠ ?)

(૩) અને છસો પૈગમ્બરની હિજરત પછી વીત્યે (૨૭ રમઝાન ઈ. સ. ૬૬૨ = ૨૩ જુલાઈ ઈ. સ. ૧૨૬૪), ન્યાયી સુલતાન અને ઉદાર રાજા

(૪) અબુલ્ફ્ઝ (અર્થાત્ ગર્વનો પિતા) રૂકનુદ્દન્યા વદ્દીન (અર્થાત્ રાજ્ય અને ધર્મનો સ્તંભ)[૧] મુઇઝ્ઝુલઈસ્લામ વલ્મુસ્લિમીન (ઇસ્લામ અને મુસ્લિમોનો મહિમા વધારનાર) (વિશ્વમાં) અલ્લાહની છાયા

(૫) શત્રુઓ પર વિજયી, દૈવી મદદવાળા રાજવી, અબીન્નુસ્રત[૨] (અર્થાત્ વિજયનો પિતા) મહમૂદ બિન એહમદ—અલ્લાહ (તેનું રાજ્ય) અમર રાખે

(૬) અને તેની કીર્તિ તેમ જ પુરુષાર્થ ઉચ્ચતમ સ્થાન પામે—ના રાજ્યકાળમાં સોમનાત (સોમનાથ) શહેરમાં—અલ્લાહ તેને ઈસ્લામાધીન જગ્યાઓમાંનું એક બનાવે અને

(૭) નાસ્તિકતા ને દ્વૈતવાદને નાબૂદ કરે—ત્યાંના હાકિમ ગંડ બીરબદ્દર (વીરભદ્ર) અને તેના સત્ય અને ઉદાર ન્યાયશક્તિવાળા પરામર્શક મહેતા...

(૮) આ પુનિત કાર્ય માટે યત્ન કરનાર તેમ જ તેની સંમતિ આપનાર, સદરહુ હાકિમ પછી જે સૌથી મોટો છે તે જાદા (= છાડા) રાવત

(૯) (જે) પુત્ર (છે) રાવત નાનસીહ(નો) તથા બીજા નગરના અગ્રણી પુરુષો જેમાં એક, બીલક (પીલગ = પલુગિ) દેવ, બીજો ભીમસીંહ તાકુર (ઠાકુર = ઠક્કુર), ત્રીજો

(૧૦) સોમેસર (સોમેશ્વર) દેવ અને ચોથો રામદેવ છે. આ બધાઓએ સર્વ મતે આ મહાન અને ભવ્ય મસ્જિદના નિર્માણની સંમતિ આપી.

(૧૧-૧૩) (આ મસ્જિદ) મહાન સદ્ર (પ્રમુખ વ્યક્તિ), ભાગ્યશાળી, હુતાત્મા (શહીદ), નજમુલ્હક્ક વદ્દીન (અર્થાત્ સત્ય અને ધર્મના તારા) ઈસ્લામના સૌથી મોટા હામી, વચન અને વફાદારીના રાજાઓના રાજા, ઉદારતા અને સખાવતના મહારાજા, મુહમ્મદના પુત્ર અબી ઈબ્રાહીમ અલઈરાકી—અલ્લાહ તેની કબ્રને અજવાળે અને તેના અંતિમ વિરામસ્થાન અને નિદ્રા-કક્ષ(અર્થાત્ કબ્ર)ને સુવાસિત કરે—ની (મૃત્યુપશ્ચાત્) પદવૃદ્ધિ અર્થે (બંધાવી)

(૧૪) આ પુણ્યકાર્ય કરવાનો યશભાર મહાન અને આદરણીય સદ્ર નાખુદાઓના રાજા વ્યાપારીઓના રાજાઓના રાજા

(૧૫) નુરૂદ્દવલત્ વદ્દીન (અર્થાત રાજ્ય અને ધર્મના પ્રકાશ) શમ્સુલઈસ્લામ વલ્મુસ્લિમીન (ઇસ્લામ અને મુસ્લિમોના સૂર્ય) મોટેરાઓ તેમ જ પ્રમુખ વ્યક્તિઓના આશ્રયસ્થાન

---

૧ સાધારણ રીતે મુસ્લિમ રાજવીઓના નામના ત્રણ ભાગ હોય છે. અનુક્રમે ખિતાબ (અહીં રૂકનુદ્દન્યા વદ્દીન = ટૂંકમાં રૂકનુદ્દીન), કુન્યા (અહીં અબુન્નુસ્રત), અને નામ (અહીં મહમૂદ), દાખલા તરીકે મહમૂદ બેગડાનું પૂરું નામ: નાસિરુદ્દીન અબુલ્ફત્હ મહમૂદ.

૨ આ હોર્મુઝના રાજાનું કુન્યા છે.

(૧૬-૧૭) યુગની ગરિમા, અબૂ ઈબ્રાહીમ અલ્ઈરાફીના પુત્ર ફિરોઝને—અલ્લાહ તેનો પ્રતાપ અખંડિત રાખે—જાય છે. તેણે સમગ્ર વિશ્વમાં (હવે) પ્રખ્યાત તેવી પૂર્વોક્ત મસ્જિદ બંધાવી અને તેને માટે વકફની વ્યવસ્થા કરી, ચર્ક્રી (ધાણી ?) લીધી. આ (સર્વ) અતિ ઉદાર-અલ્લાહની

(૧૮) ખુશી માટે તેમ જ ભવન ભગવાનની પ્રસન્નતા માટે...આ મહાન મસ્જિદના નિર્માણ માટે,

(૧૯) જેથી કરીને આ ભવન (ભક્તો માટે) ધાર્મિક કિતાબ (કુરાન શરીફ)માં શ્રદ્ધાનું નિમિત્ત તેમ જ સત્ય અને અસત્યની પરખવાળા પુસ્તક(કુરાનશરીફના)ના આદેશ અનુસાર બની રહે, કેમ કે (કુરાનશરીફમાં) કહ્યું છે કે " માત્ર તે જ અલ્લાહની મસ્જિદોમાં જઈ શકશે

(૨૦) જે અલ્લાહમાં (અને) અંતિમ દિવસ(કયામત)માં માન્યતા ધરાવે છે, ઝકાત આપે છે અને અલ્લાહ સિવાય બીજા કોઈથી ડરતો નથી અને તેથી જ

(૨૧) આવા પુરુષો (સત્ય પથનું) માર્ગદર્શન પામશે".[1] (આ વકફની આવકમાંથી) મસ્જિદના ઇમામ(નમાઝ પઢાવનાર) તેમ જ મુઅઝ્ઝિન (અઝાન આપનાર)નો (પગાર)ખર્ચ તેમ જ બીજા જરૂરી ખર્ચ કાઢતાં જે કંઈ વધે

(૨૨) તે મક્કા—અલ્લાહ તેને સુરક્ષિત રાખે અને અલ્લાહના પેગમ્બર—અલ્લાહના તેમના પર સલામ હો—ના શહેર (અર્થાત્ મદીના) મોકલવામાં આવે, જ્યાં તે રકમ

(૨૩-૨૪) ઉચિત સ્થાનોમાં વાપરવી. જે કોઈ આ પુનિત કાર્યને નિરર્થક કરવા મથશે અથવા વચન, કાર્ય, ઈરાદા કે ઇશારાથી તેના મૂળ ઉદ્દેશ્યને પાર પાડવામાં વિઘ્ન કરશે, સર્વોચ્ચ અલ્લાહ તેના હૃદયના ઊંડાણના (આવા) ઈરાદાને અને તેની આસ્થાની ઢીલાશને જોશે અને તે, અલ્લાહની લાનત—

(૨૫) ને પાત્ર બનશે અને તે ઉપરાંત લાનત કરનારાઓ, દેવદૂતો, લોકગણ, ટૂંકમાં દરેકની લાનત તેના પર હો. "અને તે સાંભળ્યા (અને જાણ્યા) પછી જે કોઈ તેને બદલશે

(૨૬) તેનું પાપ માત્ર તેઓ પર જ હશે જેઓ તે બદલશે, અલબત અલ્લાહ બધું સાંભળનાર અને જાણનાર છે'[2] અને પ્રાયશ્ચિત્ત કબૂલ કરનાર અને માયાળુ છે.

(૨૭) સર્વોચ્ચ અલ્લાહ જેમ પોતાના અબાધ્ય પુસ્તક (કુરાન)માં કહે છે," અવશ્ય અલ્લાહ અને તેના દૂતો (ફિરસ્તાઓ)

(૨૮) પૈગમ્બર પર આશિષ મોકલે છે "[3] અને અલ્લાહના સલામ હો અમારા સરદાર મુહમ્મદ અને તેમના કુલીન વંશજો પર.

આ લેખ પરથી મુખ્ય બે વસ્તુઓ ફલિત થાય છે. આમ તો મુસ્લિમ સત્તાના પૂર્વકાલમાં પણ ગુજરાતમાં મુસ્લિમ વસાહતો હોવાના પ્રમાણિત ઉલ્લેખો ખાસ કરીને અરબ મુસાફરોના

---

૧ કુરાન, સુરત (પ્રકરણ) ૯, આયત ૧૮

૨ કુરાન, સુરા ૨, આયત ૧૮૧

૩ એજન, સુરા ૩૩, આયત ૫૬નો ભાગ

વૃત્તાંત ઉપરાંત લગભગ દોઢેક ડઝન જેટલા અભિલેખોથી મળે છે. પ્રભાસ–વેરાવળ પંથકમાં પણ આવી મોટી વસાહત હોય તે આ જગ્યાનાં ભૌગોલિક સ્થાન તથા તે સમયે (આજના જેમ) ત્યાં બંદર હોવાને લઈને દેશદેશાવર સાથે સારા એવા વ્યાપારી સંબંધો હતા અને હશે તે જોતાં સમજી શકાય તેમ છે. પ્રભાસપાટણ–વેરાવળ તેરમા સૈકામાં એક સારું બંદર તેમ જ મધ્યપૂર્વના મુસ્લિમ દેશો સાથેના વેપારનું મુખ્ય ધામ હતું, તે આ લેખ પરથી જણાય છે. પ્રભાસની મુસ્લિમ જમાતોના સંસ્કૃત લેખમાં કરવામાં આવેલા ઉલ્લેખનો આ લેખમાં અભાવ છે તેના કારણમાં ઊંડા ઊતરવાની જરૂર નથી. એમ કહી શકાય કે અરબી પ્રશસ્તિકારે પ્રભાસની મુસ્લિમ જમાતો વિષે કંઈ માહિતી આપવાનું જરૂરી માન્યું ન હતું; નહિ તો સોમનાથ–ધામવાળા પ્રભાસપાટણ—વેરાવળ જેવી મહત્ત્વની જગ્યાએ એક પરધર્મના—લેખના બયાનને અતિશયોક્તિ-ભર્યું ગણી ભવ્ય ન કહીએ તોપણ ઠીકઠીક એવા મોટા—પ્રાર્થનાસ્થાનનું નિર્માણ કરવાનું પ્રયોજન ન હોય તે દેખીતું છે. સાથે સાથે સંસ્કૃત પ્રશસ્તિમાં નિયમાનુસાર આ જમાતો વિષે ચોખવટથી ઉલ્લેખ પણ સમજી શકાય છે.

બીજી મુખ્ય વસ્તુ, પ્રભાસના વહીવટકર્તાઓ જમીન ઉપરાંત તે પર મસ્જિદનિર્માણની સંમતિ તેમ જ તે કાર્યમાં સહાય આપી તે પાછળ રહેલી ધાર્મિક સહિષ્ણુતા છે. પણ અરબી પ્રશસ્તિકારે આ ધાર્મિક સહિષ્ણુતાને જેવી બિરદાવવી જોઈએ તેવી બિરદાવી નથી.

અંતમાં ફિરોઝ માટે વપરાયેલાં બિરુદોને અતિશયોકિતભર્યાં ગણીએ તોપણ તે પરથી ફલિત થાય છે કે તે એક મોટો વેપારી હતો તેમ જ પોતાના વતન હોર્મુઝમાં પ્રતિષ્ઠિત હોવા ઉપરાંત તેના પિતા અબૂ ઈબ્રાહીમની જેમ રાજાઓને સંકટ સમયે નાણાકીય મદદ પણ આપી શકવાની સ્થિતિમાં હતો. આ સંદર્ભમાં હોર્મુઝ રાજા રૂકનુદ્દીનને પણ ફિરોઝ તરફથી મદદ મળી હોય તે તેના હેવાલ પરથી પરોક્ષ રીતે તારવી શકાય. મુસ્લિમ ઇતિહાસકારોએ નોંધ્યું છે કે હોર્મુઝના રાજા સુલતાન્ શિહાબુદ્દીનના સમયમાં મલિક રૂકનુદ્દીન ઘણો મહત્ત્વાકાંક્ષી તેમ જ ચાણક્યબુદ્ધિનો હતો. સુલતાનની નરમ અને આડમ્બરહીન પ્રકૃતિનો લાભ લઈ રૂકનુદ્દીને મોટા મોટા ભાગના લોકોને રાજી કરી પોતાના પક્ષમાં કરી લીધા એટલું જ નહિ પણ સુલતાનની મલેકાને પણ મોહિત કરી લઈ તેણી દ્વારા સુલતાનનું ઝેર અપાવી કાસળ કઢાવ્યું અને પોતે હિ.સં ૬૪૭માં હોર્મુઝની ગાદી પચાવી પાડી. તેણે કબસ, બેહરૈન, જુલ્ફા વગેરે પ્રદેશો જીતી હોર્મુઝના રાજ્યમાં મેળવ્યા. હિ.સ. ૬૮૫માં તેનું મૃત્યુ થયું.[૧] જગતના ઇતિહાસમાં બનતું આવ્યું છે તેમ અબૂ ઈબ્રાહીમે કે તેના પુત્ર ફિરોઝ અમીર રૂકનુદ્દીનને નાણાંકીય સહાય કરી હોવાનો પૂરેપૂરો સંભવ છે. એ જોતાં લેખમાં તેમને માટે ‘ અબીલ્મુલૂકે વસ્સલાતીન’ (રાજાઓ અને સુલતાનોના પિતા) જેવાં વિશેષણ વપરાયાં છે તે પ્રશિસ્તકારની અતિશયોક્તિ માત્ર છે એમ ન પણ હોય.

---

૧ અમીન અહમદકૃત ‘ હફ્ત ઈકલીમ’ (કલકત્તા, ૧૯૧૮), પૃષ્ઠ ૫૩.

ભવનેશ્વરની બે પ્રાક્સોલંકી ડેરીઓ

મણિભાઈ વોરા, નરોત્તમ પલાણ

બરડા ડુંગરની પશ્ચિમે, પોરબંદરથી નાગકારાણુપર થઈ ભાણુવડ જતી બસના રસ્તે, પાસ્તરથી ઉત્તરે ભવનેશ્વરનું પાટિયું આવે છે. પાટિયાથી—મોટરરોડથી પશ્ચિમે એક કિલોમિટર દૂર ભવનેશ્વર નામે એક નાનકડું ગામડું સુંદર ઝરણાંને તીરે આવેલું છે. સગર ખેડૂતોની વસતી ધરાવતા આ ગામનો પ્રાણ, પાકા ખડકમાંથી નિર્ઝરતાં ઝરણાંથી બનેલો સુંદર ધરો છે. બારે-માસ પાણીથી ભરેલા રહેતા આ ધરાના બન્ને કિનારે વનરાઈથી ઘેરાયેલાં નાનાં મોટાં દેવસ્થાનો આવેલાં છે. ઉત્તર તરફના ખડકે સિન્દૂર ચર્ચી માતાજીનું ખુલ્લું થાનક સ્થપાયેલ છે. આજુ-બાજુના ખડક ઉપર નવ ઇંચ અને ૭ ઇંચના વ્યાસવાળાં વર્તુલો જોવા મળે છે, જેને આમજનતા ભીમનાં ' સકરડાં ' તરીકે ઓળખાવે છે. આ પ્રદેશે આવાં ચકરડાં અનેક સ્થળે પાકા પથ્થરમાં જોવા મળે છે અને લોકો તેમને અલૌકિક માની પૂજે પણ છે.

ધરાને જમણે કાંઠે ખડકાળ ભેખડમાં કાલિકાનું નાનું ગુફામંદિર છે. અર્ધી કુદરતી, અર્ધી માનવે બનાવેલી આ ગુફામાં ઘણા જ વૈભવ સાથે માતાજી બિરાજે છે. ગામનું મૂળ ધર્મ-શ્રદ્ધાનું સ્થાન આ જણાય છે. ડાબે કાંઠે વૃક્ષોથી આવૃત્ત ત્રણ શિખરબંધ સત્તરમી-અઢારમી સદીનાં મંદિરો આવેલાં છે. આખું વાતાવરણ ધાર્મિક અને પ્રાકૃતિક મહત્તાથી ભર્યુંભર્યું અનુભવાય છે.

દક્ષિણ કાંઠાની ઉપરની બાજુએ બે પ્રાક્સોલંકી ડેરીઓ આ સ્થાનની પ્રાચીન મહત્તા વધારતી આજે સ્થિત છે: માતાજીનાં ભોંયરાવાળા ખડકની ઉપર સહેજ બાજુમાં સાદું ફાંસનાકાર શિખર ધરાવતી પશ્ચિમાભિમુખ પ્રથમ ડેરી ઊભી છે [ફોટો : ૧]. ઉપાનની ભિટ્ટ માથે ચોરસ ગર્ભગૃહની દીવાલ, સાદું દ્વાર અને ઉપર સૂર્યોદ્ભવ પ્રકારની ચાર સાદી ભૂમિકાઓ ધરાવતી આ ડેરી ઓડદર, બળેજ તેમ જ પ્રાચી પાસેના ભીમદેવળ નજીકની પાંચ ડેરીઓને મળતી સાતમીના અંત ભાગની યા આઠમીની શરૂઆતની મૈત્રક ડેરી છે.

[માપ : મંદિરની સમગ્ર ઊંચાઈ ૧૪' હશે. સૌથી ઉપરની ભૂમિકા તૂટેલી છે. જુઓ, પાર્શ્વદર્શન ફોટો : ૨; દીવાલની જાડાઈ: ૧૫", ગર્ભગૃહ બહારથી ૭' × ૭', દ્વાર : ૩' × ૨', શિખર : ૭' હશે.]

બીજી ડેરી પ્રથમની ડેરીથી દક્ષિણે પશ્ચિમાભિમુખ, ઉત્તર તરફ જલનીક ધરાવતી શિવ ડેરી છે. ઉપાન, જાડ્યકુંભ, ક્ષેપણ, કપોત જેવા વેદિબંધના થર લઈ, સાદા મંડોવર ઉપર, એક-શૃંગી લતીન-વેણુકોણ પ્રકારનું નાગર શિખર ધરાવતી આ ડેરી નવમી સદીની સૈંધવ ડેરી જણાય છે [ફોટો : ૩]. પાસ્તરનાં પંચાયતન દહેરાંને મળતી, ઓખામંડળ—ધ્રાસણવેલના કાલીમંદિર શિખરને મળતું શિખર ધરાવતી આ ડેરી ' ભવનેશ્વર ' નામને સાર્થક કરતી જણાય છે.



ચિત્ર ૧

મૈત્રક ડેરી : મુખદર્શન

ચિત્ર ૨

મૈત્રક ડેરી : પાર્શ્વદર્શન

ચિત્ર ૩

સૈન્ધવ ડેરી : મુખદર્શન

ચિત્ર ૪

સૈન્ધવ ડેરી : પાર્શ્વદર્શન

[માપ : સમગ્ર ઊંચાઈ : ૧૩′, દીવાલની જાડાઈ ૧′, ગર્ભગૃહ ૫′ × ૫′, દ્વાર ૪′ × ૨′, આમલક ભગ્ન હાલતમાં નીચે પડેલ છે. ૭′ × ૭′ નો પાયો પણ જોઈ શકાય છે. પાર્શ્વદર્શન ફોટો : ૪]

ધૂમલીની પશ્ચિમે બરડાડુંગરના વાંકાપણાની ઊંચી કરાડ ધારની તળેટીમાં, અગિયારમી સદીની સોલંકી સમયની મહાન વિકયા વાવ, પાસ્તરના પ્રાક્સોલંકી મંદિર–સમૂહ અને સદેવંત-સાવલિંગાના મંદિરની નજીક—(બે કિલોમિટર દૂર)—આવેલું ભવનેશ્વર આ બે પ્રાક્સોલંકી ડેરીઓથી ઘણું મહત્ત્વનું સ્થળ સિદ્ધ થાય છે. એક કાળે શ્રાવણી અમાસે અહીં મેળો ભરાતો. આ પ્રદેશના લોકો આજે પણ ‘ભવનેસરનો મેળો’ અને ‘ભવનેસરનું વાંદરું !’ વખાણે છે !

પાટણની વિનાયિકીની એક વિરલ મૂર્તિ

વસંતકુમાર એસ. પારેખ

એલીસ ગેટ્ટીએ પોતાના ગણેશ-વિષયક અધ્યયનમાં એમ દર્શાવ્યું કે, ભેરાઘાટ-(મધ્ય પ્રદેશ)ના ચોસઠ યોગિનીઓના મંદિરમાંથી મળી આવેલી વિનાયિકીની મૂર્તિ તે સમગ્ર ભારતમાંથી પ્રાપ્ત થતી એક માત્ર વિનાયિકીની મૂર્તિ છે.[૧] તેના પરથી વિનાયિકીની એક કરતાં વધુ મૂર્તિઓ પ્રાપ્ત થાય છે તેમ પુરવાર કરવા, ડૉ. બી. એન. શર્માએ[૨] રૈઢ (રાજસ્થાન, ઈસવી સન પૂર્વે પહેલી શતાબ્દી અથવા ઈસવી સનનો પ્રથમ સૈકો), સુહાઈના (મધ્યપ્રદેશ; ઈ. સ. દસમી શતાબ્દી), હીરપુર (ઓરિસ્સા; ઈ. સ. દસમો સૈકો), ગિર્યેક (બિહાર; આશરે અગિયારમી શતાબ્દી), રાનીપુર ઝરિયાલ (આશરે ઈ. સ. નવમી-દસમી સદી), સતના (મધ્યપ્રદેશ; અગિયારમી સદી) વગેરે સ્થળોએથી પ્રાપ્ત થયેલ પ્રતિમાઓ પ્રસિદ્ધ કરી. આની પૂર્તિરૂપે, મેરી સી. લૅનિયસે પણ હર્ષગિરિ (રાજસ્થાન)માંથી મળેલી એક વિનાયિકીની મૂર્તિ (આશરે ઈ.સ. દશમી સદી) પર લેખ લખ્યો છે.[૩]

હાથીના મુખવાળી દેવીની રૈઢમાંથી પ્રાપ્ત થયેલી ડૉ. શર્માએ પ્રસિદ્ધ કરેલી મૂર્તિ, ઈ. સ. પૂર્વે પહેલા સૈકાની અથવા ઈસવી સનના પહેલા સૈકાની છે. ગણેશની મૂર્તિના સ્વરૂપનો સંપૂર્ણ વિકાસ, ભારતમાં ગુપ્ત સમયનાં પ્રારંભનાં વર્ષોમાં થયેલો જણાય છે.[૪] અને તેથી રૈઢમાંથી મળેલી હાથીના મુખવાળી દેવીને, ગણેશની પત્ની કે ગણેશની શક્તિ તરીકે ઓળખાવી શકાય નહિ; તેને સ્વતંત્ર દેવીના સ્વરૂપ તરીકે ઘટાવી શકાય.

શિવના ગણોનું સ્મરણ કરાવતાં, વિચિત્ર અને સંયુક્ત દેહરચના ધરાવતાં, મનુષ્ય મુખવાળાં બકરો કે હરણ, બળદ કે હાથીનાં સ્વરૂપોવાળી મોહેન્જો-દડોમાંથી મળેલી કેટલીક મુદ્રાઓ અને પથ્થરની મૂર્તિઓનો ઉલ્લેખ સર જહોન માર્શલે કર્યો છે.[૫]

---

૧ એલીસ ગેટ્ટી, ગણેશ પૃ. ૨૯-૩૦, પ્લેટ નં. ૪૦.

૨ શર્મા (ડૉ.) બી. એન વૈનાયિકી ઇન ધી મીડીવલ ઇન્ડિયન આર્ટ, એ નામના બે લેખ, જર્નલ ઑફ ધી ઓરિએન્ટલ આર્ટ, (વૉ. ૧૬, અંક ૨, પૃ. ૧૬૯-૧૭૨ અને વૉ. ૧૮, અંક ૩, પૃ. ૨૭૭-૨૮૦)માં પ્રસિદ્ધ થયા છે.

૩ મેરી સી. લૅનિયસ, એન ઈમેજ ઑફ વૈનાયિકી ફ્રોમ હર્ષગિરિ (શિકર, રાજસ્થાન), જર્નલ ઑફ ધી ઓરિએન્ટલ આર્ટ, વૉ. ૧૭, અંક ૧, પૃ. ૩૮.

૪ શાહ (ડૉ.) યુ. પી., સ્કલ્પચર્સ ફ્રોમ શામળાજી ઍન્ડ રોડા, આકૃતિ નં. ૧૪; અને વળી જુઓ, ડૉ. જે. એન. બેનરજી, ડેવલપમેન્ટ ઑફ હિન્દુ આયકોનોગ્રાફી, પૃ. ૩૬૯.

૫ મોહેન્જો-દડો એન્ડ ઇન્ડસ સિવિલિઝેશન, વૉ. ૧, પૃ. ૬૬.

વિનાયિકી (ઈ. સ. બારમો સૈકો), પાટણ

બળદના મુખવાળા નન્દી, હાથીના મુખવાળા ગણપતિ અને બકરાના મુખવાળા નૈગમેય જેવા દેવોની મૂર્તિઓનો ઉદ્દગમ અને વિકાસ ઉપર્યુક્ત શિવગણોની વિચારસરણીમાંથી થયો હોય એવી શકયતા છે. પ્રાચીન યક્ષ અને નાગ સંપ્રદાયો[૬] અને મહાભારતમાં 'વિનાયકો' નામથી[૭] ઉલ્લેખાયેલા ભૂત પ્રેતાદિ પર પશુમુખવાળાં દેવદેવીઓની વિચારસરણી અને મૂર્તિસ્વરૂપોની અસર પડેલી જણાય છે. પશુ અને પક્ષીઓના મુખવાળી સંખ્યાબંધ કુશાણ યુગની માતૃકાઓની આકૃતિઓ મથુરામાંથી પ્રાપ્ત થઈ છે.[૮]

પાટણ(જિલ્લે મહેસાણા, ઉ.ગુજરાત)માંથી શોધી કાઢેલી, અહીં વર્ણવેલી, ઊભેલી ચતુર્ભુજ વિનાયિકીના મસ્તક પર કરંડ મુકુટ, ગળામાં ત્રિસર હાર, કટિ પર મોતીથી ગૂંથેલી ત્રણ સેરવાળી મેખલા અને બાહુ પર વલય આદિ આભુષણો દૃષ્ટિગોચર થાય છે. મૂર્તિની ખંડિત સૂંઢ ડાબી બાજુ વળેલી છે. દેવીના ત્રણ હાથ અને બે પગ ભાગેલા છે, પણ કૂણી આગળનો હાથનો વળાંક જોતાં, એમ અનુમાન થઈ શકે છે કે, દેવીએ ત્રણેય હાથમાં કોઈ વસ્તુઓ ધારણ કરેલી હોવી જોઈએ. ડાબી બાજુનો ઉપલો ચોથો હાથ અભય મુદ્રા દર્શાવે છે. દેવીનો દેહ સમભંગ સ્થિતિમાં જણાય છે. દેહવિધાન, આભુષણો આદિ જોતાં, મૂર્તિને ઈસવી સનના ૧૨મા સૈકામાં મૂકી શકાય. ભારતમાં અને ખાસ કરીને ગુજરાતમાં વિનાયિકીનાં શિલ્પ અતિ વિરલ છે. અત્યાર સુધીમાં ગુજરાતમાંથી પ્રાપ્ત થયેલી વિનાયિકીની આ એક માત્ર મૂર્તિ છે.

વિનાયિકી, વૈનાયિકી, ગજાનના અને ગણેશાની આદિ નામોથી પણ સંસ્કૃત સાહિત્યમાં ઉલ્લેખાયેલી છે. વિનાયિકી સ્વતંત્ર દેવી તરીકે પૂજાતી હતી અને સમય જતાં, ચોસઠ યોગિની-ઓના સમૂહમાં તેનો સમાવેશ થયો હતો. આ દેવીની બે મૂર્તિઓ (ડૉ. બી. ઍન. શર્મા, ઉપર્યુક્ત, આકૃતિ નં. ૪–૫) ભેરાઘાટ અને હીરપુરનાં ચોસઠ યોગિનીઓનાં મંદિરોમાંથી મળેલી છે.

આ દેવીને હિંદુઓ પૂજતા હતા એટલું જ નહિ પણ જૈનો અને બૌદ્ધો પણ શક્તિમાતા કે યોગિનીના સ્વરૂપ તરીકે તેની પૂજા કરતા હતા. પ્રસિદ્ધ જૈન વિદ્વાન જિનપ્રભસૂરિએ[૯] 'વિધિપ્રપા'માં એક શક્તિસ્વરૂપ તરીકે આ દેવીનો ઉલ્લેખ કર્યો છે. બૌદ્ધ મૂર્તિવિજ્ઞાનમાં,[૧૦] બે હાથવાળી ગણપતિહૃદયા નામની દેવી સ્વતંત્ર દેવી તરીકે સ્વીકારાયેલી છે.

---

૬ કુમારસ્વામી, એ. કે. યક્ષાઝ, ભાગ-૧, પૃ. ૭.

૭ ભાણ્ડારકર, આર. જી; વૈષ્ણવીઝમ, શૈવીઝમ ઍન્ડ અધર માયનોર રિલીજિયસ સીસ્ટીમ્સ, પૃ. ૧૪૮-૧૫૦.

૮ શર્મા, (ડૉ.) બી. એન; ઉપર્યુક્ત, આકૃતિ નં. ૨.

૯. અગ્રવાલ, (ડૉ.) વી. એસ., પ્રાચીન ભારતીય લોકધર્મ (હિન્દી), પૃ. ૧૪૮-૧૪૯

૧૦. ભટ્ટાચાર્ય, (ડૉ.) બી., બુદ્ધિસ્ટ આયકોનોગ્રાફી (બીજી આવૃત્તિ), પૃ. ૩૪૯, આકૃતિ નં. ૨૨૯

મલયચન્દ્રકૃત "સિંઘલસીચરિત્ર"

રણજિત પટેલ (અનામી)

કવિ મલયચંદ્ર એ પૂર્ણિમાગચ્છના સાધુ રતનસૂરિના શિષ્ય હતા. યંત્રરાજની સંસ્કૃતમાં ટીકા લખનાર મલયેન્દુથી આ મલયચંદ્ર ભિન્ન છે કેમ જે બેઉના ગચ્છ અને ગુરુ જુદા જુદા છે. મલયચંદ્ર ક્યારે થયા ને તેમના જીવનમાં મહત્ત્વના કયા કયા બનાવો બન્યા તેની કોઈ વીગતો આપણી પાસે નથી. સં. ૧૫૧૯માં એમણે ગોંડલનગરમાં 'સિંહાસનબત્રીસી', સિંઘલસીચરિત્ર' અને 'દેવરાજ-વત્સરાજ પ્રબંધ'—એ ત્રણ કાવ્યો લખ્યાં છે એટલી હકીકત એ ત્રણ કાવ્યોમાંથી મળે છે. દા.ત. :—

(૧) સંવત પનર ઉગણીસય એ ય ચઉપઈબંધ રચીઉ એય,
મંગલીક મગ્ગણ ઉપગાર, રંગઈ ગુયાડલનગર મઝારિ. (૩૭૩)

પૂનિમગછિ સાધ રતનસૂરી સીસ મલઈચંદ્ર કહઈ મતિ પૂરિ,
ભણસઈ ગુણસઈ સુચરિત એય મનવંછિત સુષ લહીસઇ તેય. (૩૭૪)
['સિંહાસનબત્રીસી']

(૨) પનર ઉગણીસઇ એઉ સંબંધ, ગોપમંડલીઈ રચિઉ પ્રબંધ
ભણુઈ સુણઈ કવીયણ જે કહઇ અંબિકપસાઇ તે સુખ લહઇ. (૨૨૦)
['સિંઘલસીચરિત્ર']

(૩) સંવત પનર ઉગણીસઈ સિદ્ધ ગોપમંડલી સુર છઈ સુપ્રસિદ્ધ,
પુનિમગછિ સાધ રતનસૂરિ, સીસ મલયચંદ્ર કહિ મતિ પૂરિ (૧૧૭)
['દેવરાજ-વત્સરાજ પ્રબંધ']

૩૭૪ કડીઓની મલયચંદ્રકૃત 'સિંહાસનબત્રીસી' તે સિંહાસનબત્રીસી વિષેની સૌથી પહેલી ઉપલબ્ધ ગુજરાતી કૃતિ છે. મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા-સંચાલિત 'પ્રાચીન ગુર્જર ગ્રંથમાલા'ના દશમા ગ્રંથ તરીકે ઈ. સ. ૧૯૭૦માં તેનું પ્રકાશન થયું છે. જૈન કવિઓ અને સાહિત્યકારોએ ગુજરાતમાં કથાસાહિત્યની એક આગવી પરિપાટી જન્માવી ને પોષી છે. એમાં મલયચંદ્રનું આ નાનકડું કાવ્ય પણ નોંધપાત્ર છે. મલયચંદ્રકૃત સિંઘલસીચરિત્ર'નું બીજું નામ 'ધનદત્ત-દેવદત્ત-ચરિત્ર' ('સંઘલસીકુમાર ચોપાઈ') પણ છે. મેં જે પ્રત ઉપયોગમાં લીધી છે તે મુંબઈની ભારતીય વિદ્યાભવનની છે. તેનો નં. ૨૨૨ (×) છે. એનું શીર્ષક છે: 'સિંઘલસી ચરિત્ર' (દાન વિષયે). એનાં પત્ર એકથી આઠ સુધી અકબંધ છે. લખાણનું માપ ૯" × ૪$\frac{૧}{૨}$" છે. દરેક પત્ર ઉપર એકંદરે પંદર પંક્તિ છે. એની લિપિ દેવનાગરી છે. હસ્તપ્રતને અંતે એની રચ્યાસાલ સંવત ૧૫૧૯ આપી છે પણ નકલ કર્યાની સાલ આપી નથી તેમ પુષ્પિકા પણ નથી, પરન્તુ લિપિ ઉપરથી પ્રત વિક્રમના સોળમા સૈકાના અંતમાં કે સત્તરમાના પ્રારંભમાં લખાયેલી જણાય

છે. આ કૃતિનો કથાસાર અને તેની સમાલોચના મલયચન્દ્રકૃત 'સિંહાસનબત્રીસી' (પૃ. ૫૩ થી ૫૯)માં પ્રગટ થયેલ છે એથી એનું પુનરાવર્તન કર્યું નથી. મલયચંદ્રની આ કૃતિઓ ઉપરથી એક વિચાર એ આવે છે કે જે કવિએ એક જ વર્ષમાં (સં. ૧૫૧૯=ઈ. સ. ૧૪૬૩માં) આ ત્રણ કૃતિઓ આપી તેણે આગળપાછળના સમયમાં પણ કંઈને કંઈ સાહિત્યપ્રવૃત્તિ કરી હોવી જોઈએ.

॥ ૬૦ ॥ [I-A] સરસતિ સાંમિણિ મનિ સમરેસ, નવલૂં કાંઈ કવિત કરેસ,
જિણ ચઉવીસઈ વંદૂ આજ, સહિ ગુરુ સમરિં સીજઇં કાજ. ૧
દાન દેઇં જિ મત્તિ સંપત્તિ, નિરમલ ચિત્તિંહિ, નિરમિલ વિત્ત,
લછિ લહિં જિમ બંધવ બેઉ, દાનઇં ધનદત્તહ ધન્ન દેઉ. ૨
દાન વડું સુણીઇ સંસારિ, દાંનઇં દુરિત ટલઇં અપાર,
દાનિં સાલિભદ્ર ધન્ન ઋદ્ધિ, દાનિઇં કઇ વન્નાનઇં સિદ્ધિ. ૩
ધન સારથિ દીધઉં ઘૃતદાંન, દાનઇં, શ્રેયાંસહ સાવધાંન,
દાનઇં ચાહુ ચંદન બાલ, દાનઇં મૂલદેવ મહીપાલ. ૪
દાનઇં ભરહેસર ચક્કવઈ, રાજલાભ દાનઇં, સંભવઇ,
દાન દીધું તે નુહિં વૃથા, નિસણુ ધનદત્ત ધનદેવી-કથા. ૫
ભરતષંડિ છઈ સીંઘલદ્વીપ, તિંહા સિંઘ નરવર કુલિ પ્રદીપ,
પટરાંણી તસ હંસી હોઈ, રૂપઈં રંભ ન પૂજઇ કોઈ. ૬
તસુ સુત સીંઘલસીહ સુજાંણ, ભણીઉ ભરહ ગીત પ્રમાણ,
લક્ષણ છંદ અનઇ અલંકાર, જાંણઈ વિનય વિવેક વિચાર. ૭
ધન અવતાર ધન્ન જસ જમ્મ, યૌવન વઇ આવિઉ અતિ રંમ્મ,
યુવતીજન મન જીવન જાંણિ, રંગિઇં રમલિ કરઈ તીણઈ ઠાંમિ. ૮
ઈમ કરતાં આવીઉ વસંત, વનિ ક્રીડા કરઈ કુમર હસંત,
વણસઈ ફૂલી ભાર અઢાર, રણઝિણાટ કરઇં ભમર અપાર. ૯
બંબારવ કરતી તિહાં બાલ, રુદન કરંતી અતિ વિકરાલ,
સાંભલીનઇં સાંસહીઉં નહીં, પીડઇ પ્રમદાનઇ કુણહઈ કહી. ૧૦
ધસમસ ધાયુ ધુંબડ ધીર, વીરપણઈ વલકલીઉ ચીર,
અઉઠ કોડિ રોમ રાયઉ ધસી, એકાંગ વીર આવીઉ ઉલ્હસી. ૧૧
જાં જોઈ રાઉત તે રહી, દીઠી પ્રમદા ગયમર ગ્રહી,
માનનિ મયગલિ માંડી આલિ, મિલ્હાવી મચ્છરિ મૂંછાલિ. ૧૨
સ પ્રસંસીનઈ સાંસતી કરી, પૂછિઉં પદમિનિ તું કિમ ધરી,
રંગઈ રમતી સહીય મઝારિ, સાહી સુપરિ સ ઈમ અવધારિ. ૧૩

દૂહા

સુપરિ સ સીહ દૂઆરિ હું, રમતી સહીયર સાથિ,
ગયમ અલવઇં આવીઉ, સુંડિઇં સાહી હાથિ. ૧૪

સહીયર સવિ નાસી ગઈ, બંબારવ સ કરંત,
બાહર વીર જુનવિ કરત, આવીઉ હૂંતુ અંત. ૧૫
વલી વિગતિ પૂચ્છઈ વિદુર, તું કહિ કેરી પુત્તિ,
પરણી [I-B] ચ્છઈ કુમારિકા, વસતી ચતુરહ ચિત્તિ. ૧૬

ચઉપઈ

ઈણઈં નયરિ ધન વિવહારિઉ, ધનસિરિ કં[ત] ભણી ધારીઉ,
ધનવતી કંન્યા તસુ તણી, કૃપા કરચી અમ્હનઈં ઘણી. ૧૭
જઈ જણુણીનઈં દીધી તેઉ, નિસુણુ નર અવદાતહ એઉ,
સુણી સૂરાતન સીંઘલ તણુઉ,. હરષઈં હીયડું ઘૂંમઈ ઘણુઉ. ૧૮
કહી અ સ સઘલી વીતકવાત, કંન્યા કહઇ, મન સિધઈં માત,
તાત સંભીલઉ એ વ્રતાંત ઇણઈં જનમિ એ કુમર હ કંત. ૧૯
વિવહારીએ વીંનવીઉ રાઉ, નરવર નિસુણિ તુ મ્હારુ ભાઉ,
ધનવતી અંગજા અમ્હ તણઇ, એ વીવાહ હોસિ આપણઇ. ૨૦
મિલિ વીવાહિ સજન બહૂ મિલઇ, એવડ એક પાલા પુલઇં,
ઈંદ્રસુતાં અભિનવ અવતરી, રાઈં સજાઈ બહિલી કરી. ૨૧

દૂહા

લગનવેલાં હયવરિ ચડી, વર તોરણિ સંપત્ત,
વરમાલા કંઠઈં ધરી, નરનારી એકચિત્ત. ૨૨
હાથ મેલ્હામણિ બહૂઈ દીઈ, કણયર યણ શૃંગાર,
પરીયદે પહિરાવાઈ, ભામિણિસિઉં ભરતાર. ૨૩
અવનિ ઉચ્છવ અતિ બહૂ, બંદીજન કઇ વાર,
માગતજન સંતોષીઇ, દાન દેઇ અનિવાર. ૨૪

ચઉપઈ

હીઆ હરષિં હૌઉ વીવાહ, નયરલોક મનિ ઉચ્છાહ,
યુગનુ મેલાપક એ ભયુ, ચાંદુ જિમ રોહણિવર થયુ. ૨૫
સોહગ સુંદર સોજિ કૂંયાર, રુપિં રતિપતિતણુ અવતાર,
લીલા વિલાસ નઇ લીલાવંત, અબાધિ જલહર રમલિ કરંત. ૨૬
ભોગ પુરંદર જિહિં જિહિં ભમઇ, વનિતાવૃંદ પૂઠિં થિઉ રમઇ,
મેલ્હી ઘરિ રોયંતાં બાલ, ભૂષ્યાં તરસિયાં નવિ સંભાલ. ૨૭
રાય આગલિ જિઈ કીધી રાવ, લોકેસર મનિ અતિસિ તાવ.
દયાવંત ઉવધારો દેવ, ઘરિનર હઈં નારી કિમ હેવ. ૨૮

તતક્ષણિ કુમર તે તેડાવીઉ, ઇંમ તાત આગલિ આવીઉ,
રડવડતઉ મન હીંડિસિ બાપ, બાલા બહુલૂં બાંધઈ પાપ. ૨૯
વચન પ્રમાણ વિમાસિઉં ઈમ, બંધોગરી સહીસિ કીંમ,
ગુણ કેડીનઈ અવગુણ હૂઉ, પ્રમદા પૂછિઉં કાં ચિંતાવીઉ. ૩૦
અતિ આગ્રહ લેઈ કારણ કહિઉં, દેસાઉર ભણી મન ગહિગહિઉં
[2-A] સ્વામી હૂં નવિ મેલ્હઉં સાથ, રહિ સુંદરિ તિહાં બાઉલિ બાથ. ૩૧
કુમર કહિ સુણિ વનિતા વાત, મઇ જાવૂં સઇં જોયણ પાંચ સાત,
વાટઇં વિસમી વહિવા વાહ, તુઝ દુખિં મુઝ હીઅયડઈ દાહ. ૩૨
પ્રીયતમ પ્રાણનાથ અવધારિ, ધરિ [ન]ર વિણ નવિ સોહિ નારિ,
સુખદુખિઇં પણિ સ્વામીનિ સાથિ, હીઈ હામ નવિ મેલ્હઉં હાથ. ૩૩
માયબાપ નઈ બંધવ બહૂ, સગૂં સણીજૂં મેલ્હિઉં સહૂ,
પીહરિ રહિતાં કરઈ પ્રમાદ, પતિ પાખઈ સાસરઇ વિષવાદ. ૩૪
જે નરવર સુરસાખિં કરી, બાપિ દીધી બાંહિં ધરી,
તે બાંહડી ન મેલ્હઉં નાહ, અમ્હનઇં ઈણી વાતઇં ઊછાહ. ૩૫
નરવર નારી નિશ્ચિઉ જાંણિ, ચતુર ચમંકિઉ પગનઈ પ્રાંણિ,
રિમિઝિમિ રિમિઝિમિ નેઉરનાદિ, પૂઠિં પ્રમદા પુલઇં તે વાદિ. ૩૬
વાટઇં જાતુ જોઇ વિનોદ, કુતિગ નઈ કલા મનિ મોદ,
નગરિ ઝગરિ વિચરઈ ગિરિ ગામિ, આવિઉ વેલાઉલનઇ ઠાંમિ. ૩૭
અસિ અવસરિ પ્રવહણ પૂરીઈ, જઈઇ જલવટિસિઉં ઝૂરીઇ,
તિણિ વાંહણિ જે ચડીયાં તેઉ, સિંઘલસી નઈ ધનવતિ બેઉ. ૩૮
[ઘે]લા ષલાસીઆ ચડવડયા, માલિમ બારહીયા દડવડયા,
નાંષૂયાના જામા ચડઇં, સિઢ તાડઇં નાંગર ઊપડઇં. ૩૯
પ્રવહણ ચલઇ પવનનઇં પ્રાંણિ, સિર મેલ્હિંઉ જિમ સીંગિણિ તાંણિ,
ઇમ કરતાં થાઇ વાદત્રવાન, ષરુ પડઇ વાતુ વાઈ ષાજ. ૪૦
અંભોનધિ થિઉ અતિહિં કલ્લોલ, હલબલાટ થિઉ હાલકલોલ,
કટ કટ કાપી સિઢ પાડીઈ, વસ્ત વાંનાં જલિ ઝીલાડીઇ. ૪૧
લોકેસર ઇતિ રોવા લગ્ગ, જીવેવા નું જોઇ મગ્ગ,
હોઇ હોઇ કરતાં વાહણ ભગ્ગ, સંધોસંધિ થિકું થઊ અલગ્ગ. ૪૨
આરડિ તેરડિ કરઇં એક ઘડી, બૂડઇં લોક પાડઇં બૂંબડી,
ધનવતી હાથિ પાટીઉં ચડિઉં, નિજ તન તીણઇં ગાઢઉં જડિઉં. ૪૩
લહિરિં લહિરિં લાષી તીરિ, ફલહ મેલ્હિ ફોગઇઉં શરીરિ,
પણું દુખ પરહરીઇ પ્રાંણ, વલી વિમાસિઉં મનિ ઠાંણ. ૪૪

જાતાં જાતાં માંણુસ મિલિઉં, પ્રી મેલ્હંતી રથ સાંભલિઉં,
સઘલૂં કહિઉ આપણૂં સરુપ, પ્રીય મેલઇ રહૂં નહીય વિરુપ. ૪૫
જિહનઇં વલ્લહ તણઉ વિયોગ, તેહનઇં ઈહીં થાઇ સંયોગ,
ઈસી વાત લોકેશ્વ [2–B] રિ કહી, મૌન લેઈ તીણઈ તીર થિર રહી. ૪૬
કહિ જાં ન મલઈ મોરું કંત, અસી પ્રતન્યા તપહ તપંત,
સીંઘલસી પણિ પાંમિઉ પાટ, કંઠિ રતનપુરુ દીઠી વાટ. ૪૭
વારધિતટિ વનિંતાનું વૃંદ, લક્ષ લોક તિહાં કરઈ આક્રંદ,
કો એક પૂછિઉ કારણ તેઉ, સ્યું દીસઈ અમર થએઉં. ૪૮
ભણઈ પુરુષ હો સુણિ સાહસીક, રતનપ્રભ ઈહાં રાય રસીક,
રતનસુંદરી રાંણીનું ધણી, રતનવતી બેટી તસ તણી. ૪૯
તેહનઈ ચઢીઉ વિસમું સાપ, રોઈ બંધવ [વ]ગ્રં નઈ બાપ,
વાલ્હી જીવત પાંહિં જાંણિ, ગોરડીએ મૂંકી નિરવાંણિ. ૫૦
મંત્રમૂલીઉ સડસઈ સાંઠ, રા–રાણી ષાંઈ છઈ કાઠ,
નગરલોક આવિઉ ઈણ ઠાંણિ, દેતાં કાઠ કરઈ છઈ કાંણિ. ૫૧
જાજા વેગિ રાયનઈ રાષિ, એક વાર અમ્હનઈ તે દાષિ,
તીણ વાતઇ તે મનિ ગહિગહિઉં, પ્રલાપતિ આગલિ આવી રહિઉં. ૫૨
પડષિ પડષિ પ્રભ પાવક ટાલિ, વિદેશક આપઈ વિષવાલિ,
મૃતક કરી મેલ્હી તે જાઈ, એક જીવતી કણહઈ ન કરાઈ. ૫૩
કુમરઇ કંન્યા જોઈ કરી, આંતરપડ તિહાં આડઉં ધરી,
મંત્ર તણઈ મહિમાઈં વિસ વલિઉં, કુમરી કહિઈં, સિઉં માણસ મિલિઉં. ૫૪
વિષધરિ વ્યાપીતી તૂં વછિ, આણઇ જીવાડી ઘણૂં મુ પુછિ,
નાચત પરવિ ભરિ રાઉત્ત, તૂ તૂં હવડાં બાલી હુંત. ૫૫
ઉપકારકરણ જાંણીઉ, મનમાંહિં નિશ્ચુ આણીઉ,
આણઈ ભવિ હિવિં એ ભરતાર, જાણઇ મરતાં કીધી સાર. ૫૬
રાજા હીયડઈ હરષ ન માઈ, હરષી મેલાવા સ્યૂં માઈ,
જોવાનઇં પણિ ચતુર ચીંચાઈ, વલઈ ઉપકાર જુએ પરણાઈ. ૫૭
તેહ જિ લગન મેલાવઉં તેઉ, તેહ જ વૈશ્વાનર તેહ જિવેઉ,
પરણ્યાં પાંત્યા મનનઇં છંદિ, પુરુ પ્રવેસ હૂઉ આણંદિ. ૫૮
વાજ્યાં પંચશબ્દ વાજિત્ર, માથઈ મેઘાડંબર છત્ર,
થાંનકિ થાંનકિ દીજઇં દાંન, કુમર તણઉ તિહાં વાધિઉ વાંન. ૫૯
અવનીપતિં દીધુ આવાસ, રથવર ગયવર ઘોડાલાસ,
ધનવતી વિયોગિ વ્રહ્મ ધરઈ, એક ભગત ભૂમિશયન જ કરઈ ૬૦

ધનવતી પૂચ્છઈ કુહુ કંત, એહ કિસિઉ અ [3-A] ચ્છઈ વૃત્તંત,
ફરતાં ગાંમ તરૂં ગયગમણિ, એહવું નિશ્ચિઉ કીધુ રમણિ. ૬૧
માતતાત નવિ દેષૂં જામ, જિણિ અભિગ્રહ અંગિતામ,
શશિવદની કહિ તેઉ સુજાંણુ, જસ સિરિ માયતાયની આંણુ. ૬૨
કુમર તણા ગુણ ગિરુયા દેષિ, પૂછઇ પૃથ્વીનાથ વિશેષિ,
કવણુ કુલ, કુણુ ગિરુઉં ગામ, કિસિઉં અછઈ માયબાપનૂં નામ. ૬૩
સાચું સગલૂં કહિઉં સરૂપ, તુ મનિ અતિ આણંદિઉં ભૂપ,
સિંઘલ ભણી સાંચરીઇ હેવ, કૂંયર કહિ અ નમત દેઉ દેવ. ૬૪
મણિ માણિક રતનમય રિદ્ધિ, બેટીનઇં દિઈ બહુલી બુદ્ધિ,
અવનીપતિ આલોચન આઠવિઉ, મુહૂતુ પુહચાડિવા પાઠવિઉ. ૬૫
જલવટિ જાતાં વાંહણ કલ્યાં, રુદ્રમતિનાં લોચન વલ્યાં,
અસી અપૂરવ કુમરી ઋદ્ધિ, જુ આવઈ તુ વંછિત સિદ્ધિ. ૬૬
એક ડીલ અછઇ એહ તણૂં, બીજું અવર સહૂ આપણૂં,
લોભ લગઇ આદરિઉં અષત્ર, પાપી પાડિઉ જલનિધિ પત્ર. ૬૭
બૂંબ સુણી રતનવતી રડઇ, પ્રીયડઉ અમ્હ પયોનિધિ પડઇ,
ધાઉ ધીરઠ નાંગર નાવ, બૂબનઉ માયા માંડઇ તાવ. ૬૮
વારંતાં વાહણ દડવડિઉં, જોઅણુ અસીનૂં આંતર પડિઉં,
હા હા હઉ સિઉં જગદાધાર, ભમલિ ભમિઉ ભાંમિનિ ભરતાર. ૬૯
રોઅંતાં તે રાષઈ રમણિ, દેવ કરઇ તે મૂંહિ કવણિ,
સરજયા કોઈ ન છૂટઈ સહી, જીવત મિલિસિ જુ તૂં રહી. ૭૦
દિન બિહું ચિહું તુ કરીય વિલંબ, કાંઈ કથન કહિ અવલંબ,
મહિતુ કહિ મુઝ ઘરિ સ્વામિની, કહિઉં કરિ હિવ થા કાંમિની. ૭૧
અયુગતિ વચન અસ્યાં જેહનાં, એ કરણી સહી હુઇં તેહનાં,
કિન્હિ કરી રાષૂં શુદ્ધ સીલ, કંથ કૃત્ય કરતાં અવ્યહીલ. ૭૨
ઇમ કરંતાં તે જાઇં જાંમ, પાપિં પ્રવહણુ અટકિઉં તાંમ,
ફલહ લહી તુરુણી તિણિ ગાંમિ, પ્રી મેલઇ બઇઠી થિર ઠાંમિ. ૭૩
મચ્છ પૂઠિં તુ મહિંતુ પત્ત, કુસલનગરિં સહિજિં સંપત્ત,
નૃપ આગલિ આતમ દાષીઉં, મુહુંતુ માંની રાઈં રાષીઉ. ૭૪
સિંઘલકુમર ભાવિં જિન ભણઇ, મહામંત્ર મનરંગિ ગણઇ,
કુણુ એકિં ઊપાડિઉ આકાસિ, આણી મેલ્હિઉ તાપસ પાસિ. ૭૫
રાજચિહ્ન જાંણુઇં તે જતી, [3-B] દુહિતા દીધી જે રૂપવતી,
કન્યા કહિઉં કુમરનઈ મર્મ્મ, ષટ્દંડ કાં ઘડીઈ શર્મ્મ. ૭૬

કંથા તે નિત ષંષેરીઇ, સાતહસઇ દીનારહ દીઇ,
વંછિત થાનકિ વિચરઈ ષાટ, દંડિ જયત તિહાં અરીઅણ ઘાટ. ૭૭
હાથમેલ્હામણિ માગી તેઉ, જિ તિ જાંણિઉં એ શાથી લેઉ.
સુંપીનઇ સંતોષિઉ કુમર, ઊર્જમિ આકારિં છઇ અમર. ૭૮
કુલપતિનઇં તીણઈં કીધ પ્રણામ, ષાટલી ચડીનઈ ષેલઈ તાંમ,
જમલી યુવતી રહી રૂપવતી, જાજા ષાટ જિહાં ધનવતી. ૭૯
કુસમનગરિ વનિં ગગનિ ગઈ, રૂપવતી તુ તરસી થઇ,
ભણઇ પ્રીય મંઝ પાણી પાઇ, ષાટ કાંથડ મિલ્હી જાઇ. ૮૦
કૂંપકંઠિ જઉ નિરષઇ નીર, દેષઇ વિસમુ વિસહર વીર,
માનવવાંણીઇ બોલઇ ફણી, કાઢિ કાઢિ કૃપા કરિ અમ્હ ઘણી. ૮૧
હોસિ ઉપકારિં ઉપકાર, મ કરિ વિમાસણ ન કરૂં વિકાર,
ધીરઠ કહિ, લઈ કિમ ધીરણઉ, દૂધિં દો જીભુ નુંહઇં આપણઉ. ૮૨
સાપ કહિ, સુણિ સુપરિસ વાત, હૂં કાંઈ નહી ઘાલૂં ઘાત,
ઉઢણઉં આપીનઇ ઉલ્હસિઉ, નીસરતુ નિર્ગુંણિ તે ડસિઉ. ૮૩
ફટિ રે ફણગર ફૂફૂકાર, તઇં તાહરઉ વિસ્તરિઉ વિકાર,
સેવનક ગજની તિં પરિ કીધ, અલવિં આશ્રમ ભાંજી દીધ. ૮૪

હવડાં સમય રૂડાં તુ નહી, ગુણ કીધુ કુણ જાંણઇ કહી,
રૂડઈં કીધઇં વિરૂઉ હોઇ, ગુણ કેડિ દોસ કહિ સહૂ કોઈ. ૮૫
આગઈ એક વિષધર ષીજડઇ, તલઇ બલઇ ઊપહરુ ચડઇ,
ષિત્રી એક ષેડાયત દીઠ, દેય જીવીત કરિ માહરી ત્રીઠ. ૮૬
બીહૂં તાહારા દરસણુ દેષિ, ના હો અવનિ ઊપાડઇં સેષ
ઈશ્વરિ અમ્હનઇં દીધૂં ઠાંમ, બાવનચંદન અમ્હ વિશ્રાંમ. ૮૭
વિષ ઊતારણિ માથઇ મણિ, પાસ સુપાસ તણઇ સિરિ ફણિ,
જીમૂતવાહન આગલિઇ ઊગર્યા, તુનૂં દેષીનઇ કરગરચા. ૮૮
ષિત્રીઇં ષેડા કૂંપા ધરી, રહિઉ વિષધર તિહાં કૂંડલ કરી,
આણી મેલ્હિઉ જલ ઉપકંઠિ, લોડિઉ પાણી પીઇ આકંઠિ. ૮૯
અહિવર હિવ જાઉં છૂં અંમ્હે, ના હો વઢિ સમ જાસિઉ તંમ્હે,
[4-A] કાં લઈ તૂં મેલ્હઇ ગલહથી, હવડાં સમઇ રૂડાનું નથી. ૯૦
જેનઇ વૃદ્ધ વૃષભ તૂં પૂછિ, ગાંમિ એકિ કુણબી નઇ કુછિ,
વઢસિ વિસમુ વિસહર તુઝ, હૂં પૂછણિ આવિઉ છૂં તુઝ. ૯૧
બલદ બોલઇ ગુણ કેડિં દોસ, તૂં મનિ મ કરિસિ રતીઇં રોસ,
સકણ સું બીજાં નીરીઇ, સૂકા સાંઠા અમ્હ તારીઇ. ૯૨

વહી વહી કીધઉ ધનવંત, વૃદ્ધ થઉ તવ મેલ્હિ ચરંત,
કઠિન સાંઠા ન ચવાઇં કિમ્હઇ, પડે દાંતિ જાંણે તૂં તિમ્હઈ. ૯૩
તતક્ષણિ પુહુતુ પન્નગ પાસિ, વડ પૂછીનઇ વલીવ વિમાસિ,
સૂત્રહાર સીહ આકુલ કીઉ, લાંબી ડાલિ કરીનઇ લીઉ. ૯૪
સાચોવાઇ દીઠી ડાલિ, આવી તીણઈં કીધી આલિ,
કાપી કરઇ માણાં મંચક, વલતુ તેહ ઊવંચક. ૯૫
ચાલિ ચતૂર તૂં ચંદન ચાહિ, પુરુષ પયઠઉ કોટરમાહિ,
સાવજુ સીહ તણે ભુઇ ત્રાસિ, કાદ્યા કંદ જુ વાસ્યુ વાસિ. ૯૬
પંક્ષ એક પરતક્ષ સાષીઉ, મરતુ તીણઇ રાજા રાષીઉ,
દૂંદૂં ગરલિ ભરઇ તે ઘણિઉ, ઢૌલાવિઉં તુ તે હેલાં હણિઉ. ૯૭
દયતા બહિ નેવી દાષીઉ, યમદગનિ રાજા રાષીઉ,
સહિ સાજન ભોજનનઇ તેઉ, ગાય ભણી તીણઇ મારચાં બેઉ. ૯૮
ન્યાય લગઇ લીલાં લલતાંગ, સજ્જનઇં સૂંપિઉં સપતંગ,
કૌડ કરી મરાવિઉ પ્રાણિ, પાપ ફલિઉં પ્રતક્ષ પ્રમાણિ. ૯૯
વિદ્યાવિદ રચિહુંં નરિ લિદ્ધ, મૃત મૃગારિ સહજિં સજ કીદ્ધ,
ચાંપ્યા ચ્યારિ ષીજઇ ષધ, રુપ વાત કહી સુપ્રસિધ. ૧૦૦
નરવરસરવરિં નીર નવિ રહઇ, યોગી એક કથા તિહાં કહઇ,
બત્રીસ લક્ષણુની બલિ હોઇ, ષાડ ષણીનઇ ષેપિઉ સોઇ. ૧૦૧
ચાણુકિં ચંદ્રગુપતિ મતિ ઘણી, કટા કૈ નંદ નરેસર ભણી,
ભીગુ ભમતાં ભૂષિઉ બાલ, જોસી જસ્યુ દીઠઉ દૂંદાલ. ૧૦૨
કરંબાની પરિ તીણઇં કહી, દૂંદિ વિદારી તે સાંસહી,
રાજ લિદ્ધ પલ્લીપતિ પ્રાંણિ, તતક્ષણ તે મારિઉ તીણઇ ઠાંમિ. ૧૦૩
શિષ્ય ભણી વીરિં સીષવી, તે જો લેસ્યા તેહનઇ ઠવી,
નુલિં નાગ હણી રાષિઉં બાલ, ચાર ભદી તસ કીધુ કાલ. ૧૦૪
વિક્રમ પરકાયાપરવેસ, દિવરાવી વિપ્રનઇ વદેસિ,
થાંનકિ તીણઇં કીધુ દ્રોહ, આંણિઉ અંગ તણુ વ [4–B] છોહ. ૧૦૫
દવદંતી નલ સૂંની સરી, વનિ વીસસ્યાં વાત વિસરી,
રાંનિ એકડી મૂંકી તેઉ, સૂતી મેલ્હી ગુણ હૂઉ એહ. ૧૦૬
પાંચઇ સઇં વિચિ એક જ નારિ, ચોરે બીજી બાંધી વારિ,
સૂકિ ભણી તીણઇં નવિ સાંસહી, જીસી સીસા વીરિં કહી. ૧૦૭
પાંચ પાંડવની અપહરી નારી, દ્રુપદી ધીતકી પંડ મઝારિ,
સૂં કિઉ હરિ જીણઇં વાહર કરી, મહિરામણ આવ્યા ઊતરી. ૧૦૮

કલક્ષણુ લગઇ કિમ કાઢીઉ, અમરભૂતિં મન્નાવીઉ,
લેઇ ગડઉ નઇ લોંછિઉ તેઉ, ગુણુ કેડિં અવગુણુ થિઉ એઉ. ૧૦૯
ચિત્રાહારઈં દૈવત વરિ કરી, ચિત્રશાલી ચતુરિઇં ચીતરી,
શતી નીકલષી અંતેઉરી, અંગૂઠઉ આંગલિ પહરી કરી. ૧૧૦
ધવલ સેઠિ સંકટિ ભારીઉ, શ્રીપાલિં તે ઊગારીઉ,
પાપીઇં પાડિઉ નીરધ નીરિ, પુણ્યપ્રભાવિં પુહુતુ તીરિ. ૧૧૧
વ્રહ્મદત્ત દિઇ બ્રાહ્મણનઇં ઠામ, ઇચ્છી ભોજન ઊંબર દ્રામ,
અમરષિ તીણિ કઢાવી આંખિ, ઘણૂં કહીઇ તુ થાઇ ઝાંષિ. ૧૧૨
પીંછડલે પરવરિઉ અઘોર, રૂડઉં ષેડઉં માંડઇ મોર,
ધબ ધબ ષંષેરઇ તે ઢોર, બાંડઉ દીસઇ કઠિન કઠોર. ૧૧૩
ગિરૂઉ તુર ગાત્રિં ગહિગહિઉ, પાત્ર પષોડી ઠૂંઠઉ થયુ,
બપભદિ સમસ્યા પૂરી જાંમ, ઇમ રાય આનન થિઉં શાંમ. ૧૧૪
દેસાઉરિ જાઈ દોઇ મિત્ત, દ્રવ્ય ભણી દેવદત્ત ગુણદત્ત,
ષંડહર ષડષડીનઇં પડિઉં, નવલ નિધાંન હાથિ તસ ચડિઉ. ૧૧૫
ગુણદત્તિ દેવદત્તનઇં કહિઉં, એ નિધાંન હવડાં ઈહાં રહિઉં,
ભદ્રા ભણી કાલિહિ લીજિસી, મનવંછિત કાજ સીઝસિ. ૧૧૬
ઉઅવી આરોપ્યા અંગાર, બેઉ મિલી ઊઘાડઇં બાર,
હીયામાહિ તિણિ જાંણિ હાંણિ, કુલવંત ભણી કરિ કહિતાં કાંણિ. ૧૧૭
લેપમય મૂરતિ કીધી તેહ તણી, બીજઉ મિન બુધિ દિં ઘણી,
બુધિં હણીઉ સસલઇ સીંહ, બુદ્ધિ રોહકિ રાષી લીહ. ૧૧૮
બુદ્ધિં સીઝઇં સબલાં કાજ, બુદ્ધિં લાભઇં લીલા રાજ,
બુદ્ધિં વાંકાં વિસમાં ટલઈં, બુદ્ધિં સગાં સણીજાં મિલઇ. ૧૧૯
બુદ્ધિ લગઇ બેના તટિ બાલિ, ક્ષુલ્લકસિઉં માંડી ષડીયાલિ,
બંભ કહઇ જિત સેવઇં પાગ, જાંણઇ તુ કહિ કેતા કાગ. ૧૨૦
શ[5-A]ઠ જાણી સંભાલિઉં પછઇ, સાઠિ સહસ વાયસ ઈહાં અછઈ,
જઉ ઊણા તુ ચણવા ગયા, આધિકા મુ પ્રાહુઅણા આવીયા. ૧૨૧
વણિક એક નારી દોઇ મન્નિ, પુત્ર એક પાલઇ પણિ દુન્નિ,
સેઠિ વિદેશ ગયુ વિવન્ન, આધ કરી વિહિંચિંઇ તે ધન્ન. ૧૨૨
એક કહિ માહારુ એ પુત્ર, હૂં ધણીયાણી તું કકલત્ર,
વંધ્યા ભણી વિમાસિ ન મૂલિ, તાહરઇ મુહિ હૂં ઘાલૂં ધૂલિ. ૧૨૩
રાજભવનિ મુંહંતઇ ન્યાય કિદ્ધ, વિહિરીનઇ વિહિંચી લિઉ અદ્ધ,
માત કહઇ માહારઇ નહીં કાજ, ઘણીઆંણી કરિયો રાજ. ૧૨૪

મહિતઇ મતિસિઉં જોઉં મયા, ઉદર ભણી અતિ દીસઈ દયા,
તે કીધી ઘરની સ્વામિની, કૂડી તે કાઢી કામિની. ૧૨૫
તાપસ એક જિ કાંઈ સુણઇ, એક વાર તે અલવિં ભણઇ,
નૂવું કાંઈ જે કહિ રસાલ, તેહનઈ આપૂં રૂપાથાલ. ૧૨૬
જિ કો નવૂં સંભાલઇ જિસિઉં, એ આગઇ જાણૂં છૂં અસૂં,
સિદ્ધ એક કહિ સાંભલિ ભાષ, તુઝ તાત કન્હઈલ લહિણુઉ લાષ. ૧૨૭
જુ જાંણુઉ તુ આપુ દેઉ, નહીતરિ લીણૂં આણુઉ એઉ,
બુદ્ધિબલિ તુ જીતુ ઇમ, લીણૂં આપી છાંડી સીમ. ૧૨૮
પણિ કમ્મિ લાભઇ સવ્વા રાંમ, પંચસઇ રૂપિઆ અભિરાંમ,
વાંણી લખ સમાણી જોઈ, બુદ્ધિ [અ]નંત ગણું ફલ હોઈ. ૧૨૯
સેઠિ એકનઇ બેટા ચ્યારિ, વુહરઇં વિસિ મિસિ કરઇં અપાર,
પ્રથમું બીઝલ ત્રીકમ જાંણિ, ચઉથઉ બુધિ બલઈ વષાણિ. ૧૩૦
સેઠિ કહઇ, ઘરનઉ નિર્વાહ, આજ કરઉ તમ્હે પ્રથમી સાહ,
કામ કરી આંણિઉ સ વીરામ, વડી બહૂનીં મોડી માંમ. ૧૩૧
બીજઇ દિન વીકમ પરવરિઉ, સોલહી ભરહ સાવ વીસરિઉ,
સજ્ઝાણુઇં સીષવીઉ તેઉ, પાંચસઇ દ્રમ્મી આવિઉ લેઉ. ૧૩૨
ત્રીજઈ દિનિ ત્રીકમ તરવરિઉ, પયોનિધિ પ્રવહણિ પરિવરિઉ,
અઢાર વાહણુની લીધી વસ્તુ, લક્ષ લાભ દિ માહાજન હસ્ત. ૧૩૩
ચઉથઇ દિનિ ચઉથી પાંગરુ, નગરમાહિ વાજઇ ડાંગરુ,
પટ હસ્તીનૂં જે કરઇ તોલ, વડીચ-વૃત્તિ હુઇ નૃપનું બોલ. ૧૩૪
પડહ છબી ગજ લેઈ ગયુ, વાહણિ ચડાવી આંકઉ કીયઉ,
ઊતારીનઇ ઊપલે ભરિઉ, તોલ કરી બુહુ ધન દિ દેઉ. ૧૩૫
મિત્ર કહિ, તૂં મ[5-B] કરિસિ ધંધ્રુ, બુદ્ધિ તણા છઈ બહૂય પ્રબંધ,
પંડિત નઈ નેસાલીયા બેઉ, સમૂં ભણાવઇ તેહનઇ તેઉ. ૧૩૬
ભણીઉ ધબ ધબ ધુડઇં ધનુ, મરમ ન જાંણઇં મૂરષ મનુ,
ગુરુ આએસિં જાઇ ગાંમિ, પગ પોઢીં દેષઈ ગાંમિ ગાંમિ. ૧૩૭
ધનુ કહિ બંધવ તું જાંણિ, તુ કહિ આ પગનૂં પરિમાણુ,
તે કહિ કરિમાં ષડદલ ષૂંટ, જાંણુઈ સહૂ જાઇ છઇ ઊંટ. ૧૩૮
કિસૂં કહિનઇં ઊપરિ ચડિઉં, માંણુસ જો જાઈ છઈ જડિઉં,
મનુ કહિ તૂંહનઇં છઇ ગ્નાન, વિગતિ કહી તૂં કરિ જે માંન. ૧૩૯
કોવિદ ભણઇ, નિસુણિ હો મિત્ર, સાંઢિ તણી તૂં સગલી વત્ત,
ડાવી આંખિ કાંણી તેઉ, પૂંચ્છડિ બાંડી જાઇચ્છિ જેઉ. ૧૪૦

સગરભ સૂહવ રાંણી ચડી, પ્રસવવેલા આવી ઢૂકડી,
પુત્ર હુસિ કિમ જાણીઇ તેઉ,- પ્રતક્ષ પ્રમાણિં પ્રેષિસિં એઉં. ૧૪૧
આગલિ જાતાં આવિઉં ગામ, સર્વ સરૂપ દીઠઉં અભિરાંમ.
ચિત્તિ ચમક્કિઉ માંન[સ] મિત્ર, નહીય સમાન તઝ તણૂંય ચરિત્ર. ૧૪૨
પાણી પીધૂં પેષઇ પાલિ, બિસઇ રૂડી દેષી ડાલિ,
જલ ભરી જઇ છઇ ડોકરી, જોસી દેષી પાષલિ ફિરી. ૧૪૩
કહિનઇં બાપ બેટઉ ગિઉ ગાંમિ, જીવિત કહીઇં આવઇ ઠાંમિ,
ઇમ કહિતાં શ રથડઉ વચ્છૂટ, ત્રકઇસિઉં તે તતક્ષણ ફૂટ. ૧૪૪
ભાગુ ઘડઉ મનઇં કહિઉં, મૂંઉ, બાઈ બેટઉં એ ઇમ હૂઉં,
હા હા રવ કરી રોઇ પછઇ, ધનુ કહિ, બેટઉ ઘરિ અછઇ. ૧૪૫
આસીસ દેઈનિ ઘરિં જવ જાઇ, બેટઉ બિઠઉ દેષઇ માઇ,
હઊઉ હરષ આપિઉં ધોતોઉં, મનમકમનું નહીં પોતીઉં. ૧૪૬
કાજ કરી આવ્યા ગુરુ ગાંમ, આદરિસિઉં ઇતિ કીધ પ્રણામ,
મચ્છર કરી મનુ ઊભુ રહિઉ, મન કાંઇં બંભિ બોલ કહિઉ. ૧૪૭
ભલૂં ભણાવિઉ તે તું નમિઉ, ગુણીઅણુ ભણી જે ગુરુનઇં ગમિઉ,
વદીઉ વાટ તણું વૃત્તંત, પંડિતનૂં મચકોડિઉં ચિત્ત. ૧૪૮
કહિ ન વચ્છ તઇં જાણિઉં કિહી, નરષીની તિ સાંઢિ હુઇ સહી,
કરડયાં જિમણઇં પાસઇં ઝાડ, બેઠી તિહાં થૈં પાડી પાડ. ૧૫૦
ઇસી સજાઈ રાણી હુસિ, હાથિઇં ઊઠી તુ પ્રસવ હુસિ,
પૂચ્છ જિમણુ પુહવી ભાગ, પુત્ર હુસિ મઝ મતિ ભ્રમ ભાગ. ૧૫૦
સૂહવ જાંણિઉં [6-A] જીણઇં ત્રાગ, વાડિં વલગા કોસંભા રાગ,
થડઉ ઊપનુ તિહાં જઇ ઢલિઉ, તીણિ સૂંણિ સુત માયનઇં મિલિઉ. ૧૫૧
પંડિતનાં ગહિગહીઆં ગાત્ર, બુદ્ધિ ભણી પરિસિસિઉ છાત્ર,
બુદ્ધિ તણૂં વલી સણુ સરૂપ, પુણ્યહીણુ પાંમીઉ વિરૂપ. ૧૫૨
વાહી વૃષભ મિત્ર ઘરિ બદ્ધ, દીઠ ભણી ભલાંમણ નવિ દિદ્ધ,
બાહરિ નીસર્યા લેઇ ગ્યા ચોર, માગઇ ધીરી મિત્ર કઠોર. ૧૫૩
રાજભવન ભવન ભણી દડવડયા, જાતાં ઘોડા ષેડઇ પડ્યા,
દિન આથમીઇ રહીયા તિહાં, પુરબાહિરિ નાટકીયા છિં જિહાં. ૧૫૪
મરવા કાજિં પાસિ પાઘડી, જૂનેરી નઇ ત્રૂટી પડી,
નાયક પરલોકપંથિં લગ્ગ, ત્રીજુ ઝગડઉ વલીય વિલગ્ગ. ૧૫૫
રાજભવનિ મહિંતઇં પૂછીઉં, હા સ્વામી એ તુ ઇમ હઊં,
દયા લગઇ તીણઇં દાષી નીતિ, આપિ આંષિ માગે વારિ તિ. ૧૫૬

ઘોડા ધણી કહિંઉ જીહા છેદિ, એ જિમ આયઇ અશ્વ વચ્છેદિ,
નાટકીનઇં કહિઉં તમ્હે ચડિ ચડઉ, પાસ બાંધીનઇ ઊપરી પડઉ. ૧૫૭
તુ તે સગલા ઊઠી જાઇ, બલીયા તણી બુદ્ધિનઇ ન્યાયિ,
બુદ્ધિં મૃગાવતી રાષિઉં રાજ, ચંડપ્રદ્યોત અણાવિઉ લાજ. ૧૫૮
બુદ્ધિં બાંધિઉ અભયકુમાર, વારાયતિ નવિ લાગી વાર,
બાંધી ચંડપ્રદ્યોત આંણીઉ, અભયકુમારિં મર્મ્મ જાણીઉ. ૧૫૯
બુદ્ધિં ઉદયન આંણિઉં ઊજેણિ, વહ્નવાંણી સીષવીઇ તેણુ,
વાસવદત્તા પરણી પહૂત, અનલગિરિ બુદ્ધિં તિહાં ગૂત. ૧૬૦
બુદ્ધિં કૂપ દડઉ કાઢીઉ, બુદ્ધિં ભોજરાજ પાડિઉ,
બુદ્ધિં હંસિ જીવાડયુ હંસ, બુદ્ધિં પરદેસી પ્રસંસ. ૧૬૧
બુદ્ધિં અભયકુમારિં મદ્દ, પિહિરી કૂપિ સુણીનઇ સદ્દ,
આ દન હૂં તુ આણિઉ અદ્દ, વૃદ્ધિવાદિ પણિ જીતુવદ, ૧૬૨
બુદ્ધિં ચંદ્ર દોહલ પૂરીઉ, ચાણાકિં ચંદ્રગુપ્ત નૃપ કીઉ,
અમરદત્તિં દીઠી પૂતલી, બુદ્ધિં મિત્રાણંદનઇ મિલી. ૧૬૩
બુદ્ધિં મંગલ સ આણીઉ, કથા કાહાવી તે જાંણીઉ,
બુદ્ધિં દા[6–B]સિ તણી, કરી દાસિ, પુણ્યસાર વલભીનઈ વાસિ. ૧૬૪
બુદ્ધિં શ્રેણિકિં પાણી પીધ, કરંડમાહિંથીં ષાજાં ષધ,
શ્વાનમાહિં થિઈ ષાધી ષીર, બુદ્ધિં અસિઉ એ બાવનવીર. ૧૬૫
મીન હસિ વારીંણીનઇ વયણિ, બુદ્ધિં પુરષ તુ દીઠઉ નયણિ,
બુદ્ધિ રાંઈ જાંણી નારિ, સાંકલિ મારી જે પૂંતારિ. ૧૬૬
બુદ્ધિં સૂડઇ વાલિઉ વયર, વારાયતનઇં હસીઉં નયર,
બુદ્ધિં પ્રગટિઉ સંકલ સેઠિ, બુદ્ધિં સીહ કરાવ્યો વેઠિ. ૧૬૭
બુદ્ધિં નાકિ ચૂંટાવ્યા ચિણા, પગ ધોઆવ્યા આપણા,
કાચૂં કપૂર લઇ નરનાથ, બુદ્ધિં બે ઉડાવ્યા હાથ ૧૬૮
બુદ્ધિં વણિક લીધ ત્રિણિ લાષ, સિ શમસિ ભણી પ્રયાપ્રી ભાષ,
વાહણ આંણિ મહિષ ગલઇ બદ્ધ, વાજિત્રિં અતિ વાંદાં કિધ. ૧૬૯
બુદ્ધિ વંશ આંણિઉ પરતક્ષ, ચડિ ઊતરી કરી છલીઉ યક્ષ,
બુદ્ધિં ગંદ્ધર્વ કરતા ગાંન, વાજિત્રિં બહિરા થિયા કાંન ૧૭૦
બુદ્ધિં સેઠિ ઊગારી આથિ, ભરડક ઝગડઇ પરધા સાથિ
ભલઇ જિભ લૂંહુઇ સહૂ કોઇ, એ અ શબ્દ સહી સાચઉ હોઇ. ૧૭૧
કાંઈ કાંઇ આપિઉં બુદ્ધિં કરી, રલીઆયત કીધુ વિસ્તરી,
કાંણઇ ધૂરતિ કીધી ઝાંખિ, બુદ્ધિં રાષી સેઠિં આંષિ. ૧૭૨

બુદ્ધિં બાહિં હૂં લિઉં તે લિદ્ધ, બુદ્ધિં તસ નીસરણી દિધ,
ગૃહભંજકિ કરાવી રાડિ, રાક્ષસડા કિણિ નહી અમ્હ પાડિ. ૧૭૩
બુદ્ધિં સાહિઉ રાજા ભૂંજ, બુદ્ધિં ધરિઉ પંચાયણ પુંજ,
બુદ્ધિં મયમત્તા ઇમ ધરઇ, બુદ્ધિં બલ તે બહુલૂં કરઇ. ૧૭૪
અંધ એકનઇં દેવી તુઠ, એક વચનિ માગઈ સંતુઠ,
પુત્ર પૌત્ર સોવનમઇ પાત્ર, યમતાં દેષૂં તિમ કરિ માત. ૧૭૫
તાસ બુદ્ધિં માકડ મેલવઇ, દાલિ દેઈ પ્રતિમા હેલવઇ,
પરવ તણઇ દિનિ જાઇ મિત્ર, તૂં તરીયા તેહના દોઇ પુત્ર. ૧૭૬
ભોજન દેઇ ભુંહિરઇ ઠવઇ, મિત્ર પૂછંતાં તે ઇમ ચવઇ,
નિસુણિ અપૂરવ અચરિજ મિત્ર, જિમતાં માંકડ થ્યા તૂં પુત્ર. ૧૭૭
પ્રતિમા થાનકિ આવિઉ જિમ્હિ, માંકડ ઊલ[7–A]લી વલગા તિમ્હિઇં,
દેષઇ સ્યું અંગજનું હેજ, નયણે દેષી થિઉ નિસ્તેજ. ૧૭૮
મનુષાટલી કિમ મંકડ હોઇ, વાનર ટલી માંણુસલૂં જોઈ,
જલ અંઘોલિં હઊઆ મનુષ્ય, હેમ અંગાર દીઠા તે તક્ષ. ૧૭૯
ઇસિ સંકેતિ વિમાસઇ મિત્ર, અરથ અણ્યા વિણુ નાવઇં પુત્ર,
સાચૂં કહિ લેઈ ગિઉ પુત્ર, સમઇ રૂડાંનું નહી હો ક્ષેત્ર. ૧૮૦
જુ ઇમ તુ જાવા દઇ ગેહિ, મોકલાવી આવૂં સંદેહ,
જુ નાવૂં તું દિઊં વીર વાચ, વિસમઇ સમઈ નવિ માંનઇં સાચ. ૧૮૧
જે પૂછંતાં કહિ કુસીષ, વીસરચા કૂંરુડી ન દેઇં સીષ,
તીણઇં પાપિં હૂં લીજૂં આજ, જુ વહિલુ નાવઉં નાગરાજ. ૧૮૨
ઘરિ જૈ મોકલાવી નિજ નારિ, બાલક લીધાં હીયડાં બારિ,
સંતતિસ્સૂં સાથિં થૈ ઘરણિ, આંસૂ પાડઇ પ્રીયડામરણિ ૧૮૩
પહિલૂં મઝ સંતતિસ્યૂં લોપ, કંત ઊપરિ પછઇ કરિ જે કોપ,
તુ વિસહર શ્રોવન દિ બહૂ, ષાઉ પીઉ જીઉં તમ્હે સહૂ. ૧૮૪
કંથ છતાં એતલૂં નવિ હઊં, દરજન દમસિ કાંઈ થિઉં જૂઉં,
ઊષધી આપી બોલી ભાષ, દ્રેઢિં દુર્જન થાસિં રાષ. ૧૮૫
તૂંહ જિ દુર્જન વલ્લહ માર, ઇણિઇ દીઠઇં તૂં થાઇ છાર,
નિરવાણિ રૂડઇં રૂડઉ હઉ, પણિ વિસહર તૂં વચન થિઉં જઉં. ૧૮૬
નાગ કહિ સિંધલસી જાણિ, તૂંહનઇં રૂડઉં હોસિ નિરવાણિ,
સમરંતાં હૂં દિઉંસ સદ, અંતરિક્ષ થિઉ કરી વિવા[દ]. ૧૮૭
કાલૂ કૂવડ વિસહ વિસેષિ, જલ લેઈ જાઇ દયતા દેષિ,
અવર પુરુષ દેષ તિ જાઇ, પાણી પી કરી તુ કેડિં ધાઇ. ૧૮૮

ભૂલી ભમઇ જોઇ ભરતાર, પ્રી મેલૂં તૂઝ કરિસિ સાર,
માહી જ વચનિ મૌનવ્રત ધરઇ, દિવ તણી ભલી ભગતિ જ કરઇ. ૧૮૯
પૂંઠિં થિઇ પ્રી મિલઇ પહૂત, મનુષ્ય મેલાવુ મલિઉ બહૂત,
જાં જાઇ સીંઘલનુ ધણી, ષિણિ નારિ દીઠી આપણી. ૧૯૦
કુસુમનગર નરવર આવીઉ, એ ઉતપાત કિસિઉ ભાવીઉ,
બોલાવી રહિઉ બોલઇં નહીં, સાવ પડાવુ કો હુઈ કિહીં. ૧૯૧
બે બલીઉ બોલાવઇ બાલ, તુરણી એ ત્રણિઈ સુકમાલ,
કુસમવતી કંન્યાસ્યૂં રાજ, અર્ધૂં આપી કીજઇ કાજ. ૧૯૨
નગરમાંહિ વાજઇ ડાંગરુ, કાં રે તમ્હે ગાઢાં ગાંગરુ,
હૂં બોલાવું ત્રણિ નારિ, પુહુચઉ પ્રીય મિલીનઈ બારિ. ૧૯૩
કો [7-B] રે પાને પોથી કરી, જોસી તણુ યુગ તિ વિસ્તરી,
લોકેસર મિલી જોઈ જાંમ, પરથાસિઉં પ્રભ આવિઉ તાંમ. ૧૯૪
દ્વિ યાત અક્ષર દેષઇ એઉ, ત્રિહું જાયુ નવિ દેષઉ તેઉ,
ભૂપ ભણઇ જોઉ અક્ષર ભલા, પરોહિત મુહુતઇં કહ્યા ભલભલા. ૧૯૫
કૂબડ કહિ નિજ સરવ સરૂપ, દહિતરિ નારિ સણઈ નઇ ભૂપ,
સિંઘલિ કુમરિ મેલ્હાવી નારિ, હાથી સંકટિ વીર વિચારિ. ૧૯૬
ધનવતી સિઉં વાહણિ આરહ્યુ, તે ભાગૂં એતલઇ જોસ રહિઉ,
પોથી બાંધી કહિ કહીસિઈ કાલિ, ધનવતિ કહિ આઘૂં સંમાલિ. ૧૯૭
બલિં બિસારી પૂછિઉં જૂઉં, પાટીઉ રતનનગરિ આવીઉં,
તોયધિતીરિ ડવી વહિ માહિ, રતનવતી વિષ વાલિઉ આહિ. ૧૯૮
પરણીનઇ તે પરુહણિ ચડિઉ, રુદ્દ કુહિ પાયોનિધિ પડિઉ,
રતનવતી કહિ આઘૂં કિસિઉં, કાલિ કહીસઇ હોસિ જિસિઉં. ૧૯૯
કુણ એક મૂંકિઉ તાપસ પાસિ, દીધી કંન્યા મન ઉલ્હાસિ,
ષાટ કંથસિઉં અહાં આવીઉ, સ્રી તરસી જલ લેવા ગયુ. ૨૦૦
રૂપવતી કહિ આઘૂં કીમ, અતિ આદરિસિઉં પૂછઈ ઇમ,
તે અવહેલી નૃપનઇં કહિ, દઇ કંન્યા તુઝ વાચા વહિ. ૨૦૧
જા કુસમવતી તસ દીઇ, ધુલ ન દિઇં કો નાણુંદીઇ,
ધવલ દેઈ તે ત્રણિ રંગિ, નિજ સ્વારથનઈ ઊલટ અંગિ. ૨૦૨
હાથ મેલ્હામણિ માગઇ ગાંમ, સાલાનઇં તિહાં હસવા ઠાંમ,
કૂકૂટ કુણગર તૂં લેય, આંણુઉ તેહ જ આવિઉ એહ. ૨૦૩
નામ લીધઇ તે આવિઉ નાગ, તીણઇ પંનગિ તસ ડંસીઉ પાગ,
વિષધારિ ચ્યારિ ચીંતવઇં, મરણશરણ આપણનઇં હવઇં. ૨૦૪

કુણ કહિસિ વાલિંભની સિદ્ધિ, ઉદરિ છરી ઘાલઈ મન સિદ્ધિ,
તાંમ મકરધ્વજ જિસ્યુ કુમાર, આપ રૂપિ દીઠઉ ભરતાર. ૨૦૫
ચિહુંનઇ હીઅડઇ હરષ ન માઇ, અચરિજ લોક આણુંદિઉ રાઉ,
ઈંદ્રજાલ કઇ સુહણુ હોઇ, ચલ કુંડલ સરવર થિઉ સોઇ. ૨૦૬
પૂરવભવ તૂસણુ સુરૂપ, સરવર કહઇ એ મઝ ભાઈ ભૂપ,
ધનપુર નગર ધનજઇ સેઠિ, ધનસિંરિ ઘરણી તાસ સ દ્રેઠિ. ૨૦૭
ધનદેવ ધનદત્તહ દોઇ પુત્ર, સવિની તસ સનેહ પુણ્ય પવિ[8-A]ત્ર,
એક વાર વનિ વિચરઇ તેઉ, ઉષ્ણકાલિ તરિસિઉ ધનદેઉ. ૨૦૮
સાકરદૂધ કચોલઇ કરી, પીઇ જાંમ તવ ચિંતા ફિરી,
મુનિવર દેષી ભાવ અપાર, વિહિરાવઇ મન સિદ્ધિં સાર. ૨૦૯
દેવ તણૂં તીણઇં બંધિઉં આય, ધનદત્ત બંધ ધનંજઇ જાય,
અક્ષરસ લેઈ વનિ સાંચરઇ, યુતી યુગલનાં પાત્રહ ભરઇ. ૨૧૦
પડષી પડષી દીધૂં તેહ, મનુષ્ય આયુ તીણઇં લાધૂં એહ,
ધનદેવ દેવ હૂઉ તે હૂંઅ, ધનદત્તનું જીવ સિંઘલ તૂંઅ. ૨૧૧
ચિહું ભાગે કરી જે રસ દીધ, ચ્યારિ વાર તુ આપદ લીધ,
દાંન પ્રભાવિં ચ્યારિ નારિ, પાંમ્યા સુખ ઈણઇ સંસારિ. ૨૧૨
બંધસનેહિ બૂડતું તે અ, તાપસઆશ્રમિ આંણિઉ એઉ,
રુદ્રમંતિ વઇરી આંહાં વસિઉ, સાપ થઈનઇ તીણઇ ડસિઉ. ૨૧૩
વિષ આવેગિં કૂબડ કીધ, તે ઘૂંટીનઇં પાછૂં લીધ,
સિંઘલકુમર થિઉ જાતી સમર, તતક્ષણિ અદ્રશ થયું તે અમર. ૨૧૪
કુમર કહિઉ આપણુ વૃતાંત, રુદ્ર મેલ્હાવિઉ રાય હણંત,
દીન પંચ રહી રાય મોકલાવીઉ, પટ્ટ યોગિ નિજ પુરિ આવિઉ. ૨૧૫
ચિહું રમણીસિઉં નમીઉ રાઉ, જાણણી હરષી જોઈ જોઉ,
રાઇં સુંપિઉં સુતનઇં રાજ, સગલાં સરયાં સમીહત કાજ. ૨૧૬
જિનમંડિત પૃથ્વી તે કરઇ, જૈનધર્મ્મ સજિ વાસિ વિસ્તરઇ,
કંથા પ્રભાવિં હણઇ દરિદ્દ, દીન દાંન દિ પાડી સદ્દ. ૨૧૭
સૂરસેન બેટાનઇં રાજ, આપી આપણિ કરઇ સુકાજ,
ચિહું નારીસિઉં સંયમ ધરઇ, મુગતિ રમણિ તુ લીલાં વરઈ, ૨૧૮
પાત્ર દાન તુસણીય પ્રભાવ, મલયચંદ કહિ ધરિયો ભાવ,
બિસઇ વીસ અછઈ ચુપઈ, કથા સંષેપિ ચઉરાસી હુઈ, ૨૧૯
પનર ઉગણીસઇ એઉ સંબંધ, ગોપમંડલીઇં રચિઉ પ્રબંધ,
ભણઇં સુણઇં કવીયણ જે કહઇં, અંબિકપસાંઇં તે સુખ લહઇં. ૨૨૦
ઇતિ દાંનવિષયે રાજા શ્રીસિંઘલસીચરિત્ર સંપૂર્ણ ॥

હાલારદેશ વર્ણન પ્રશસ્તિ

અગરચંદ નાહટા

પ્રાકૃત અને સંસ્કૃત સાહિત્યમાં નગરવર્ણનો પ્રચુર પ્રમાણમાં મળે છે. કેટલાંક વર્ણનો તો તત્કાલીન છે જેમાંથી તે તે ગ્રામનગરની વિશેષતાઓનો પરિચય મળે છે. જૂની હિન્દીમાં નગરવર્ણનાત્મક આશરે ૫૦ ગઝલો મળે છે, જેમાંની કેટલીક સ્વ. મુનિશ્રી કાન્તિસાગરજી, મુનિશ્રી જિનવિજયજી તથા ડૉ. ભોગીલાલ સાંડેસરા વગેરેએ પ્રકાશિત કરી છે. રાજસ્થાનીમાં નગરવર્ણનાત્મક કેટલાક છંદ મળ્યા છે એ પ્રકારની કેટલીક રચનાઓ 'મરુભારતી' ત્રૈમાસિકમાં મેં પ્રગટ કરી છે. જૈન વિદ્વાનો અને યતિઓએ એવી સંખ્યાબંધ રચનાઓ કરી છે જેમાં આચાર્યાદિને, તેમણે વિજ્ઞપ્તિપત્ર પાઠવ્યા છે. એમાં સંસ્કૃત, હિન્દી, રાજસ્થાની અને ગુજરાતીમાં નગરોનાં વર્ણન પણ આપ્યાં છે. જે સ્થળેથી વિજ્ઞપ્તિપત્ર મોકલવામાં આવ્યું હોય તે સ્થાનનાં ચિત્ર પણ તે વિજ્ઞપ્તિપત્રમાં અપાયાં છે. અમારા સંગ્રહમાં ઉદયપુરનું સચિત્ર વિજ્ઞપ્તિપત્ર છે, જેમાં ઉદયપુરનાં જોવાલાયક સ્થળો તથા દુકાનો, મન્દિરો, તળાવ, મહેલ, સડક, સવારી વગેરેનાં સુંદર ચિત્ર છે. એ જ રીતે બીકાનેરમાં બડા ઉપાશ્રયના જ્ઞાનભંડારમાં એક મોટું વિજ્ઞપ્તિપત્ર છે, જેમાં બીકાનેરનું ચિત્રમય વિવરણ છે. એવાં વિજ્ઞપ્તિપત્રોમાંથી તે તે નગરનાં દર્શનીય સ્થાનો વિશે અગત્યની માહિતી મળે છે.

ગુજરાત–સૌરાષ્ટ્રનાં કેટલાંક સ્થાનોનાં વર્ણન પણ જૈન કવિઓએ કરેલાં છે, જેમાંથી પાટણ, વડોદરા, ભાવનગર વગેરેની ગઝલો છપાઈ ગઈ છે. ગુજરાતદેશ વર્ણન પણ અમારા સંગ્રહમાં છે. સ્વર્ગીય પ્રવર્તક શ્રી કાન્તિવિજયજીના શિષ્ય મુનિશ્રી ચતુરવિજયજીના છાણી ખાતેના જ્ઞાનભંડારમાં 'હાલારદેશ વર્ણન પ્રશસ્તિ' બાવન સંસ્કૃત શ્લોકોમાં રચાયેલી છે. એ હસ્તપ્રતની નકલ મારા ભત્રીજા શ્રી ભઁવરલાલે કરી હતી જે અહીં પ્રકાશિત કરવામાં આવે છે. ઉક્ત પ્રત બે પત્રની છે.

હાલાર દેશના નવાનગર, જામનગરમાં ચોમાસું કરીને કોઈ જૈન મુનિએ જે અનુભવ કર્યો હતો તેનું વર્ણન આ પ્રશસ્તિમાં છે. જામનગરના ઇતિહાસ પ્રમાણે, જામશ્રી રાવળજીએ પોતાના પૂર્વજ હાલાજીના નામ ઉપરથી આ પ્રદેશનું નામ હાલાર રાખ્યું હતું.

मूल कृति :—

सकलप्रामाणिकग्रामणीचूडामणिपंडितश्रीः……
नमस्कृत्य सरस्वत्याश्चरणं शरणं धियाम् ।
प्रवृत्तिः श्रूयतां तावत् कौतुकाय विनिर्मिता ॥ १ ॥

अनेकदेशा अस्माभिश्चक्षुषोर्गोचरीकृताः ।
स कोप्यालोकितो नैव याति यस्योपमानताम् ॥ २ ॥

यत्र च क्षत्रियाः शस्त्रे कुन्तनिस्त्रिंशनामनी ।
वहन्ति हन्त जल्पन्तचि(श्चि)त्तोन्नत्पावहा(का)दयः ॥ ३ ॥

हस्ताधिकं च प्रपदान्मार्जयन्तमिवाऽवनिम् ।
आरक्तं धातुरागेण वराशिं पर्यधुर्जनाः ॥ ४ ॥

स्नेहालापरसेनाऽपि संसिक्ताः सिकता इव ।
यत्र च स्नेहरहिता जनताः सन्ति सर्वदा ॥ ५ ॥

शालिर्न शालिनी यत्र गोधूमो धूमसन्निभः ।
मुद्गाश्च मुद्गरप्रायास्तुवरी न वरीयसी ॥ ६ ॥

चपलांश्चपलायन्ते नूनं निस्नेहभोजनात् ।
युगन्धरी तु यत्राभूदबलात्वेन निश्चला ॥ ७ ॥

युगन्धरी धान्यधुरा धौरेयत्वं च बिभ्रती ।
यत्र त्रयीऽन्यधान्येषु मान्या धनवतामपि ॥ ८ ॥

दृष्ट्वा किमुज्झितं लोके विवेकसहजं निजः ।
यस्मादसूयया दानमतिर्देशान्तरं गता ॥ ९ ॥

सहस्रवेधिदुर्गन्धमलिनाम्बरधारिणाम् ।
विवर्णानां कृतघ्नानां व्यभिचारविचारिणाम् ॥ १० ॥

क्षिप्तस्थूलोपलत्रायं विकच्छनीवसंस्थुलम् ।
वाक्यं व्याहरतां शश्वत् कदन्नाभ्यवहारिणाम् ॥ ११ ॥

यस्मिन्निव दिवा मतिर्भ्रमवती सति(ती) ।
चकार भूस्पृशां स्पर्शं चातुरी न कदाचन ॥ त्रिभिर्विशेषकम् ॥ १२ ॥

विलोक्य सकलं लोकं यत्र निश्चित्रिं(निस्त्रिं)शतान्वितं ।
पावित्र्यं किमिव त्रस्तं विजहे न च कर्हिचित् ॥ १३ ॥

सुरभिद्रव्यताम्बूलीदलानां यजनावली ।
जानाति जातुचिदपि स्वप्नेपि न जनश्रुतिम् ॥ १४ ॥

पुष्पावलोकनं लोकलोचनेषु च कुत्रचित् ।
श्रूयन्ते श्रोतृभिर्यत्र पुष्पवत्यस्त्रियस्तथा ॥ १५ ॥

धान्यानां देववन्मान्या यल्लोकानां युगन्धरी ।
तदेव देवधान्यं किं जगुस्तन्नाम शाब्दिकाः ॥ १६ ॥

क्वथितक्वाथसंकाशयोन्नाला स्थूलपौलयः
जायन्ते यत्र सर्वत्र कूपिकायाः पिधानवत् ॥ १७ ॥

यस्मिन्नभ्यूषभोक्तारः प्रायः सर्वे दिवानिशम् ।
ये च केचिदपि क्वापि दक्षा वयमिति स्थिताः ॥ १८ ॥

दिनावसानसमये निष्पक्वं शाकवर्जितम् ।
कटुक्षिप्रचटाखानां भोज्यं भुञ्जन्ति तेऽपि च ॥ १९ ॥ युग्मम् ॥

दैन्यं यस्मिन्नादधाना नीरसाहारकारिणः ।
भिक्षुभ्यो नातिरिच्यन्ते धनिनोपि च केचन् ॥ २० ॥

यस्मिन् भूमिस्पृशामन्यत् स्वरूपं ब्रूमहे किमु ॥
पशवोऽपि हि नाश्नन्ति यामश्नन्ति युगन्धरी ॥ २१ ॥

सौवीरवारिणा पक्वधौतधान्याशना जनाः ।
यत्र निस्तेजसो रेजुर्भूभुजा तर्जिता इव ॥ २२ ॥

धिग् धिग् जीवितमेतेषां यत्र देशे च केचन ।
धनिनोऽपि न भुञ्जाना धान्यं निष्पक्वमन्तरा ॥ २३ ॥

दुर्लभत्वेन भिक्षाया नैव काङ्क्षन्ति भिक्षवः ।
स्थातुं यत्र च दृश्यन्ते ते पराधीनवृत्तयः ॥ २४ ॥

महानटजटाजूटस्पष्टशोभामबिभ्रत ।
यत्रस्थानां वयःस्थानामाननेपि दाढिकाः ॥ २५ ॥

सद्धर्मकर्मनिर्माणाऽलङ्कर्मणिमनस्विनाम् ।
पृष्टमांसादनाभ्यासप्रसितानां क्षितिस्पृशाम् ॥ २६ ॥

यस्मिन्मिथो मिलत्श्मश्रुदाढिकाव्यपे(पदे)शतः ।
वदनेषु पिधानानि वेधा क्रोधादिव व्यधात् ॥ २७ ॥ युग्गम् ॥

स्वजनेऽस्वजने चापि परलोकं गते सति ।
अस्तोकशोका यल्लोका विलोक्यन्ते दिवानिशम् ॥ २८ ॥

हल्लीसकं वितत्त्वा(न्वा)ना मण्डलीभूय निर्भयम् ।
संतप्तरजसः किंचिदुच्छलन्त्यः क्षितेरिव ॥ २९ ॥

चक्षुं(क्षूं)षि नकुलीकृत्य जलन्त्यच्छन्दसा सह ।
विकिरन्त्यः केशहस्तान्निर्वस्त्रीकृत्य मस्तकान् ॥ ३० ॥

मायाभयंकराकारस्वरूपमकराकराः ।
दृश्यमाना जनैः साक्षाद्राक्षस्य इव संगताः ॥ ३१ ॥

भिन्नजातेर्जनस्यापि सति मृत्यावुपस्थुषि ।
ब्राह्मणक्षत्रवैश्यानां शूद्राणां जातिजा अपि ॥ ३२ ॥

चतुष्पथे मिथो भूत्वा निस्त्रपा यत्र च स्त्रियः ।
उरांसि स्तनसबाधं सर्वा अवघिषुः समम् ॥ ३३ ॥ पंचभिः कुलकम् ॥

यस्मिन्नुत्तमजातीनां द्विजातिवणिजामपि ।
निकासक्ताः स्त्रीयस्तत्र प्राकृतस्त्रीकथा वृथा ॥ ३४ ॥

यस्मिन्वणिजविस्व(श्व)स्ता हस्तेकृत्य वणिज्जनाः ।
आनयन्ति तथाप्येते जातिसंबन्धवृत्तयः ॥ ३५ ॥

वणिजा(जो) यत्र भुञ्जन्ति द्रव्यजिगिसुखासिकाः
कुप्रवृत्तिदि(रि)यं नेति वक्ति कोऽपि नरः परम् ॥ ३६ ॥
यस्मिन्नेते च मातङ्गा इति व्यक्तिने(नै) लभ्यते ।
यतस्तत्स्पर्शसञ्जाता नि(नै)वास्ति वचनीयता ॥ ३७ ॥
गोस्तनीपूगपुन्नागनागरङ्ग प्रियङ्गवः ।
प्रियालसालहं(हिं)तालतमालनवमालिका ॥ ३९ ॥
कदलीफल्गुबकुलनालिकेरीहविप्रियाः ।
चम्पकाशोकवासन्तीमालतीचूतकेतकाः ॥ ४० ॥
इत्यादि तरवो यत्र नावतेरुः क्षिताविति ।
मन्ये मान्या वयं नास्मिन् यस्माल्लोका न भोगिनः ॥ ४१ ॥ चतुर्भिः कलापकम् ॥
यदन्वये निषादेन तिलकं तन्यते यहि(दि) ।
तदैव मेदिनीनाथस्थापना नान्यथा परम् ॥ ४२ ॥
स यत्र गोत्रा सुत्रामायामनामानि शाम्यते
कुत्सिताचारहल्लारदेशोऽयं पश्चिमो(मे) दिशि ॥ ४३ ॥ युग्मम् ॥
अपरेषु पुरेष्वेतन्नवीननगरं पुरम् ।
तत्र किञ्चिदिवामाक्षीदधमध्येययैवुदग् ॥ ४४ ॥
तस्मिन्नेकस्वरूपाणि सर्वाणि नगराणि च ।
सहजानीवदृश्यन्ते वर्ण्यन्ते कानि कानि तत् ॥ ४५ ॥
तत्पुरेषु चतुर्मासीमासीना मुनयश्च ये ।
उद्विग्ना बहु नाध्येतुं कुर्वन्ति कियदेतिकम् ॥ ४६ ॥
गृहे गृहे बंभ्रमित्वा समादाय निरादरम् ।
नीरसां भिक्षुवद्भिक्षा अश्नन्ति यतयो यतः ॥ ४७ ॥
तस्मिन् जनपदे साधोर्विवा(बा)धा जायते यदि ।
धौतधान्यं विना नैव लभ्यते लघुभोजनम् ॥ ४८ ॥
गुर्वादेशवशादेव देशे तस्मिंस्तपस्विनाम् ।
जायन्ते तिष्टतां कष्टाद्दद्वानीव दिनान्यपि ॥ ४९ ॥
अलब्धे तपसो वृद्धि लब्धे देहस्य धारणा ।
इयं वृत्तिद्वयी तत्रवर्तिनां वृत्तिनामभूत् ॥ ५० ॥
यतयस्तत् पुरं त्यक्त्वा चतुर्मासादनंतरम् ।
पुनः स्वप्नेपि नेच्छन्ति निर्मोकमिव भोगिनः ॥ ५१ ॥
इत्यादि चरितं यस्य दृश्यते नैकरास्तव
तस्मै हे देश हल्लार दूरादय नमोस्तुते ॥ ५२ ॥
इति चरित्रं सम्पूर्णम् ।

જકડી—ગુજરાતનાં દેશી ગીતોનો વિશિષ્ટ પ્રકાર

રમણલાલ પાઠક

અર્થ, ઉદ્ભવસ્રોત અને જન્મભૂમિ :

ગુજરાતના હિન્દી તેમ જ ગુજરાની સાહિત્યમાં "જકડી" કાવ્યની મહત્તાનું અંકન કરતાં પહેલાં "જકડી" શબ્દનો અર્થ તેમ જ તેના ઉદ્ભવસ્રોતનો વિચાર કરવો જરૂરી છે. ભગવદ્ગોમંડલ ભાગ–૪, પૃ. ૩૩૯૧ ઉપર જકડીનો અર્થ "કાવ્યની એક કડી કે તૂક" આપવામાં આવ્યો છે. પરંતુ આ અર્થથી આપણા આલોચ્ય વિષય ઉપર વિશેષ પ્રકાશ પડતો નથી. અરબી ભાષામાં 'જિક'નો અર્થ ઈશ્વરસ્મરણ થાય છે. સૂફી સાધનામાં અલ્લાહની ઇબાદત બે પ્રકારે કરનારાઓના ઉલ્લેખ મળે છે. (૧) જે અંતરાભિમુખ થઈને મનમાં અલ્લાહની ઇબાદત(जिक्र) કરે છે તેને જિક્રેખફી કહે છે અને (૨) જે પોતાના ભાવોને ગાઈને અથવા કોઈ બીજા રૂપમાં વ્યક્ત કરે છે તેને "જિક્રેજલી" કહેવામાં આવે છે.[૧] લાગે છે કે આ "જિક્રેજલી" શબ્દ જ ધીરે ધીરે લોકભાષામાં "જિકરી" અથવા "જકડી"ના રૂપમાં ફેરવાયો હોય: જિક્રેજલી-જિકરી–જકરી–જકડી. આમ ઉત્પત્તિની દૃષ્ટિએ આ કાવ્યરૂપને વિદેશી સાહિત્યપ્રકાર માની શકાય પરંતુ આઈને અકબરીમાં "ગુજરાતના દેશી ગીત"ના રૂપમાં "જિક્રો" ગીતોનો જે ઉલ્લેખ મળે છે તેના આધારે કહી શકાય કે જકરી–જકડી–ગીતોની જન્મભૂમિ તો ગુજરાત જ છે. સંભવ છે કે ગુજરાતની ભૂમિ ઉપર વિદેશી સાહિત્યના સંસર્ગથી તેનો ઉદ્ભવ થયો હોય અને દ્રાવિડ દેશમાં પ્રગટેલી ભક્તિને રામાનંદે અને કબીરે ઉત્તર દિશામાં ફેલાવી તેમ આ કાવ્યપ્રકાર અહીંથી જ ઉત્તર ભારતમાં ફેલાયો હોય. ઉત્તર ભારતીય સંત-કાવ્યમાં "જનગોપાલ"ની જકડી પ્રખ્યાત છે.[૩]

જકડીના પ્રથમ રચનાકાર :

ડૉ. છોટુભાઈ નાયકનો મત છે કે હિન્દુસ્તાનમાં આ ધાર્મિક કાવ્ય પ્રકારને કાઝી મોહંમદે દાખલ કર્યો.[૪] આ સૂફી સંત વિરપુર (ગુજરાત)ના રહેવાસી હતા અને તેમનો દેહાંત સન ૧૫૨૧માં થયો.[૫] પરંતુ ગુ. વ. સો.ની હ. લિ. પો. સંખ્યા ૭૫૩માં સુરક્ષિત કાઝી મોહમંદનાં હિન્દી પદોમાં "જકડી"[૬] શબ્દનો પ્રયોગ જે સંદર્ભમાં થયો છે તે જોતાં તથા ઉપર ટાંકેલા 'આઇને

---

૧ ગુજરાતી પર અરબીફારસીની અસર :—ડૉ.' છોટુભાઈ નાયક, ભા. ૨, પૃ. ૨૫.

૨ આઈને અકબરી. સંપા. લેડવીન, પૃ. ૭૩૧.

૩ ભક્ત કૃપા વાંછી સદા, પદરજ રાધાલાલકી
સંસાર સકલ વ્યાપક ભઇ, જકડી જન ગોપાલકી. ભક્તમાલ, છપ્પય-૧૧૧.

૪ ગુજરાતી પર અરબી ફારસીની અસર, ભાગ ૨, પૃ. ૫૨૬.

૫ મીરાતે એહમદી ભા. ૨, અનુ. નિઝામુદ્દીન ફારૂકી, પૃ. ૧૨૭.

૬ સાત મરેટી આગે નાચે, ચાર બેચાર ધરે તાલ ચાંગ ॥
તીન સાહિબ "જકડીયાં" ગાવે બંદા એક પોકારે બાંગ ॥૬॥

અકબરી'ના સંદર્ભના આધારે કહી શકાય કે કાઝી મોહંમદના સમયમાં ગુજરાત "જકડી"થી પરિચિત હતું જ અર્થાત્ ગુજરાતમાં આ કાવ્યપ્રકારને દાખલ કરનાર કાઝી મોહંમદ છે એ કથન ફેરતપાસ માગે છે. આ સ્થાપનાનો બીજો પણ આધાર છે. સન ૧૩૭૧ અથવા સંવત ૧૪૨૭માં વિદ્યમાન જૈનેતર ગુજરાતી કવિ આસાઈત૭ (ગામ સિદ્ધપુર, ઉત્તર ગુજરાત) અને તેના પુત્ર માંડણ બંનેની જકડીઓ મળે છે. લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યાભવન, અમદાવાદના ગ્રંથભંડારમાંની હ. લિ. પો. સં. ૭માં અન્ય કવિઓની જકડીઓ સાથે આસાઈતના નામે પણ જકડી સંગ્રહિત છે. પરંતુ તે સંખ્યામાં એક જ, અપૂર્ણ અને કવિના નામની છાપ વગરની હોવાના કારણે જ્યાં સુધી કવિના નામની છાપવાળી એક કરતાં વધારે "જકડી"ઓ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી "જકડી"ના રચયિતાના રૂપમાં આસાઈત પર વધારે વિચાર કરી શકાય તેમ નથી.

પરંતુ તેના પુત્ર માંડણકૃત ત્રણ "જકડી"ઓ મહીપતરામ નીલકંઠદ્વારા સંપાદિત "ભવાઈસંગ્રહ"માં જોવા મળે છે;૯ જોકે હજુ સુધી વિદ્વાનો દ્વારા માંડણનો સમય નક્કી થયો નથી છતાં શ્રી. કે. કા. શાસ્ત્રીએ આપેલા મહત્ત્વપૂર્ણ સૂચન અનુસાર "આસાઈતે પોતાના પુત્રોની મદદથી ભવાઈના ૩૬૦ વેશ પ્રસ્તુત કર્યા."૧૦ કહી શકાય કે આસાઈતપુત્ર માંડણ વિક્રમની ૧૫મી સદીના અંત સુધી જરૂર હયાત રહ્યો હશે. શ્રી. કે. કા. શાસ્ત્રીએ સંવત ૧૪૨૭ને આસાઈતની ઉપસ્થિતિનો સમય બતાવ્યો છે. આ સમયધારણાને આધારે માંડણ કાઝી મહંમદના પહેલાંનો હોય એમ સિદ્ધ થાય છે. પહેલાં બતાવ્યું છે તેમ કાઝી મોહંમદનો નિધનકાળ ૧૬મી સદીનો ઉતરાર્ધ છે માટે જ્યાં સુધી બીજા કોઈ જૈનેતર ગુજરાતી કવિની જકડી પ્રાપ્ત ન થાય ત્યાં સુધી માંડણ જ ગુજરાતનો પ્રથમ "જકડી" લેખક કહેવાય.

---

૭ કવિચરિત, કે. કા. શાસ્ત્રી, પૃ. ૧.

૮ આસાઈત જખડી, રાગ ધનાસી ।
ધનકાં બેલડાં બેહાં, ધનકા લોઇણડાં બેહાં ।
જાણ કારિ ઉર જન બાંણ વા કે ભુહારડાં બેહાં ॥
જાણે કરિ ચડી રે કમાણિ કમાણ બાંણ ચડીઅ
દીસિહ્યતિ નયન બાંણ ધોલંતીઆં ॥
લડબડિતિ છિયલ ધુલિ ચૂંમિ જોણી કિ વિસહર ડંકીઆ ।
અગમંતિ બલો ધનુષધારા હાથ પર હાથ વસેબણા ।॥
પર હરંતિ તનમન સરસ અમૃતમુચ તેરા લોયણા ।॥૧॥

૯ દરદ બીરા નાસો નહી જાના પડા પુરાના કોહો જા......
તે તસબી નહીં ખોજયા મનકું બસે નીરંજન મન દોજા,
કૈસે ના ઓ, ધાયો બીનથંભે જપ તપ ઉઠે ચિત્ત ખોજા
કહે માંડણ સુણ દોસ્ત હમેરે કયા એકાદશી ઔર કયા રોઝા ॥૩॥

ભવાઈ સંગ્રહ, મહિપતરામ નીલકંઠ, સન ૧૮૬૪, પૃ. ૫૩

૧૦ કવિચરિત પૃ. ૪

ગુજરાતમાં જકડીની પરંપરા :

ગુજરાતમાં જકડીની બે પરંપરા પ્રતીત થાય છે: (૧) જૈનેતર કવિઓની અને (૨) જૈન કવિઓની. જૈનેતર કવિઓમાં માંડણ ભવૈયો, કાઝી મોહમંદ, અખો, દીનદરવેશ,[૧૧] નભુલાલ દ્વિવેદીની[૧૨] જકડીઓ મળે છે. જૈન કવિઓની જકડીઓમાં બે રૂપ જોવા મળે છે (૧) સ્વતંત્ર મુક્તક પદના[૧૩] રૂપમાં અને (૨) આખ્યાન કાવ્યના કથાપ્રસારક લાંબા કાવ્યરૂપમાં. મુક્તક અથવા સ્વતંત્ર પદના રૂપમાં જકડી લખનાર જૈન કવિઓની જકડીઓ લા. દ. ભા. સ. વિ. મંદિરના ગીતસંગ્રહ, પત્ર ૭માં સંગ્રહિત છે. આવા કવિઓમાં "વિનય" કવિનું સ્થાન ઉલ્લેખનીય છે.[૧૪] કાવ્યપ્રસારક દીર્ઘ પદોના રૂપમાં જકડીઓનો નિર્દેશ "હીરકલશ" કૃત સિંહાસનબત્રિશીની આઠમી કથામાં તથા "સમયસુંદર" કૃત દ્રૌપદી રાસમાં જોવા મળે છે.[૧૫]

અખાની જકડીઓ વિષે શંકા :

જ્યાં સુધી અખાની જકડીઓ પ્રકાશિત થઈ ન હતી ત્યાં સુધી ગુજરાતને અખાનો પરિચય શુષ્ક વેદાંતી કવિના રૂપમાં જ હતો. એટલું જ નહિ સાગર મહારાજે સન ૧૯૩૨માં જ્યારે પ્રથમ વાર તેને પ્રકાશિત કરી ત્યારે એ જકડીઓ અખાકૃત હોય કે કેમ એ વિષે શંકા પણ દર્શાવવામાં આવી. પરંતુ અનેક હ. લિ. પો.માં પ્રાપ્ત હોવાથી, તેમાં કવિના નામની છાપ હોવાથી તથા બીજી કૃતિઓની માફક આમાં પણ અખાના વ્યક્તિત્વની સ્પષ્ટ પ્રતીતિ થતી હોવાથી કાળાંતરમાં તે અખાકૃત તરીકે સ્વીકારાઈ.

---

૧૧ નીરખે જ્ઞાની નીગમ નીશાની નર ધ્યાન કીધાં નંગી ।
પીયા પિયાલા મન મતવાલા સંત સુખાલા સાનંગી ॥
દિલકી દરિયા સોભરભરીયા બીધબીધ ભર્યા વાનંગી
"દીન" કહે સુનતા બે ગાફલ તીન લોક સરતા નંગી ॥૧૬॥

શ્રી ભવાની ભવાઇ પ્રકાશ સંપા: મુંશી હરમણીશંકર ધનશંકર, પૃ. ૧૪૧.

૧૨ પંડ પેખ દષ્ટાંત દેખલે પાની કે પરપોટેસે
કૌધીં બઢતા પવન તરલ જલ કૌધીં બઢતા રોટે સે
કહત "નભુ" સુન ગાફલ ગંધી પકડ જાયેગા ટોટે સે
માને તો કુટટન બાત ભલી હૈ નહીં તો હમારે સોટેસે—નભુ કાવ્ય

૧૩ વીર જિન ગીત આદિ, ગીતસંગ્રહ પત્ર ૭, લા. દ. ભા. સં. વિ. હસ્તલિખિત પોથી, ગ્રંથભંડાર, અમદાવાદ.

૧૪ ઇતિ જીવ કાયા જકડી (નાયકી)
અચરી જ એક ભયો રે કાયાંની
સોલ શ્રૃંગાર બનાયે પિયા કારન, પિયા ગિરનાર બસાની ॥ ૧-અ
મોકું છોરી ગયે સખી મોરી રેવતગંગ વહાંની
વાહી ગંગામેં કર ગ્રહી નિરખું હસ્તી રૂબત હથેરી કે પાંની ॥ ૨-અ
ચલોરે સખી કોઈ નેમિ દેખલાવો અચરિજ પુછું સઇયાંની
નેમિ રાજૂલ દોઉ મુગતિ સિધારે વિનય નમે નેમિ ગ્યાંની ॥ ૩-અ

૧૫અ હીર કલશ કૃત સિંહાસનબત્રિશી કથા, આઠમી જકડીનો ઢાળ, એજન પત્ર ૨૧, પૃ. ૧૭૫.
આ. સમયસુંદર કૃત દ્રૌપદીરાસ એજન પત્ર ૨૧, પૃ. ૭૧૪.

રચનાવિધાન :

"હિન્દી સાહિત્યકોશ"માં જકડીનો પરિચય આપતાં તેને "વ્રજ" મંડળમાં પ્રચલિત હોળીના અવસરે ગ્રામ મંડળીઓ દ્વારા ગાવામાં આવતાં "જિકરી ભજન" તરીકે ઓળખાવી છે.[૧૬] એના રચનાતંત્રનો પરિચય આપતાં ઉક્ત ગ્રંથમાં કહ્યું છે કે "સાધારણ રીતે (જિકરી) ભજનમાં ચાર ચોક હોય છે. એના ગાનાર 'રસીયા', ગાતી વખતે જે બોલી ઊઠે છે તે "અંગડીયા", જે પંક્તિને ગાઈને બેવડાવે છે તે "પિછોડિયા" અને જે લાંબા રાગથી ખેંચે છે તેને "હેકડા" કહેવાય છે.[૧૭] આ સિવાય જકડીનાં પાંચ અંગ પણ બતાવવામાં આવ્યાં છે. (૧) ગાથો–જે છ ચરણનું હોય છે અને તેનાથી જકડીનો આરંભ થાય છે, (૨) ટેક, (૩) સાખી અથવા ફૂલ, (૪) ઝડાવન અને (૫) ઉડાન અથવા છુટન;[૧૮] પરંતુ અખાની જકડીઓ ન તો હોળીના અવસર પર ગ્રામ મંડળીઓ દ્વારા ગાવાને અનુરૂપ છે ન તો "ચાર ચોક" અથવા "પાંચ અંગ"ની દૃષ્ટિએ પણ એનો અભ્યાસ કરી શકાય એમ છે.

રણપિંગલમાં ઉલ્લિખિત "જયકરી"[૧૯] અને દલપત પિંગલમાં સૂચિત "જેકરી"[૨૦] છંદ અને "જકડી" ત્રણેય એક હશે એવું લાગે કારણ કે ત્રણેયમાં થોડું નામસામ્ય છે; પરંતુ ત્રણેયનો સમ્યક્ અભ્યાસ કરવાથી ફલિત થાય છે કે "જયકરી" અને "જેકરી" છંદો માટે આવશ્યક જણાવેલ લક્ષણોમાંથી અખાની જકડીઓમાં ન તો ૧૫ માત્રાઓ છે, ન તો અંતમાં લઘુ ગુરુ અને ન તો ૧, ૫, ૬, ૧૩, માત્રાઓ ઉપર યતિ નિર્વાહ અર્થાત્ અખાની જકડીઓ નથી તો કોઈ પ્રસંગવિશેષ પર ગાવાને અનુરૂપ કે નથી એને કોઈ પરંપરિત રાગ છંદવિશેષ કે કઠોર શાસ્ત્રીય બંધન. આ વિષે માત્ર ચોક્કસપણે જો કહી શકાય એમ હોય તો તે એટલું જ કે અંતઃ તત્ત્વની દૃષ્ટિએ અખાની જકડીઓ શુદ્ધ ઊર્મિપ્રધાન તેમ જ નિતાંત વૈયક્તિક છે. પ્રત્યેક જકડીમાં ચાર ચરણ પછી ટેકનું પુનરાવર્તન થાય છે. પ્રત્યેકમાં બે અને ત્રણ ત્રણ ત્રણ અને ત્રણઃ ૨ + ૩ + ૩ + ૩ + ૩ના હિસાબથી ચૌદ ચરણ છે.

આ જકડીઓ પ્રેમરસમત્ત કવિના રૂપમાં અખાનો એક અભિનવ પરિચય આપે છે. અખો પ્રિયતમા છે અને પરબ્રહ્મ તેના પ્રિયતમ. પોતાનો ઢોલન (પ્રિયતમ) બહારથી આવે છે ત્યારે દૂધથી તેનું પાદપ્રક્ષાલન કરવામાં પ્રિયા પોતાનું અહોભાગ્ય સમજે છે.[૨૧] પોતાના "લાલા"-એ આવીને જ્યારે પ્રેમનો પ્યાલો પિવડાવ્યો ત્યારે એને નવખંડમાં ઉજાસનો અનુભવ થયો.[૨૨]

૧૬, ૧૭, ૧૮ હિન્દી સાહિત્ય કોશ, ભાગ-૧ સંપા. ડૉ. ધીરેન્દ્ર વર્મા, પૃ. ૩૦૪

૧૯ ચરણ ચરણમાં પંદર કલા લઘુ અંતે આવે ભલા
જાતિ જયકરિ જુગતે કરો શશિશર તવ જખ તાલો ધરો. રણપિંગલ, પૃ. ૫

૨૦ પ્રતિપદ માત્રા પંદર ધરી, જુગતે છંદ કરો જે કરી
તાલ પ્રથમ શ્રુતિએ ધરો, અંતે લઘુ ગુરુ અક્ષર કરો–દલપતપિંગલ, પૃ. ૧૦૫

૨૧ મેરા ઢોલન ઢલ કર આયા રે હૂં દૂધે ધોવૂંગી પાયારે.-અક્ષયરસ
જકડી ૧૦, પૃ. ૨૩.

૨૨ જબ આયા મુજ લાલા રે, પાયા પ્રેમકા પ્યાલા રે
તબ નૌ-ખંડ ભયા ઉજાલા રે સાયા સાજન મેરા રે.–એજન જકડી, ૬ પૃ. ૧૭.

પોતાના પિયુના આગમનથી પ્રિયા અત્યંત આનંદની અનુભૂતિને દૂધની વૃષ્ટિના[૨૩] સમરૂપ ગણે છે. પોતાના "અલખપિયુ"ના સંપૂર્ણ રૂપને જોવામાં પ્રિયા પોતાનાં નેત્રોની સાર્થકતા સમજે છે.[૨૪] તો કોઈ વખત એક માત્ર પ્રિયતમની જ સાથે બોલવાનું અને એની સામે જ ઘૂંઘટ ખોલવાનું કહે છે.[૨૫] પોતાને ઘેર "ન્હાવ"ના આપોઆપ આગમનથી ઘેણુ (પ્રિયા)ના "લાલગુલાલ" આનંદિત થઈ જવાની વાતને કાચી બુદ્ધિવાળા લોકો સમજી શકતા નથી.[૨૬] પચરંગી ચોળી પહેરીને સાઈયાંની સાથે રમવા ઊપડી જવા માટે એનો આત્મા તડપી ઊઠે છે.[૨૭] તે પોતાના "સલુણા સાથી" ઉપર પળે પળે વારી જાય છે.[૨૮] પ્રિયતમા અખાનો પ્રિયતમ "ધૂર્ત" છતાં "સલોનો મિત", "લટકાળો" અને "બાજીગર" છે. અખો એ લટકાળાના હાથમાં પૂતળી અને બાજીગરનો ચેલો[૨૯] બનીને નાચ્યા કરે છે.

કહી શકાય કે અખાની જકડીઓ માધુર્ય અને પ્રસાદ ગુણને અનુરૂપ કોમળ અને ઋજુ પદાવલીનો વ્યવહાર આદ્યંત થયો છે. ચિત્ર દોરવામાં સમર્થ શૈલી દ્વારા કવિએ પ્રિયા–પ્રિયતમની મિલનાવસ્થાની વિભિન્ન મનઃસ્થિતિઓ અને મુદ્રાઓનાં સુંદર ચિત્રો નિર્માણ કર્યાં છે. પ્રયોજાયેલાં દામ્પત્યપ્રતીકોને જોઈને "આમાં જકડીઓમાં કવિના વૈષ્ણવી સંસ્કાર અભિવ્યક્ત થયા છે"[૩૦] એમ કહેવા કરતાં કવિની રહસ્યાનુભૂતિઓની અભિવ્યક્તિ થઈ છે એમ કહેવું અધિક ઉપયુક્ત લાગે છે.

---

૨૩ આજ દૂધે વૂઠયા મેહા રે, ઓલા સાકર કેરા રે
પ્રેમ કરી પિયુ આયા રે, મૈં કિસ કિસ ચાવું પાયા રે-એજન જકડી ૧૬, પૃ.-૨

૨૪ અલખ પિયુકો લખિયારે તો એ સાચી અંખિયાં રે-એજન જકડી ૧૮, પૃ. ૨૯

૨૫ પિયું બોલંતે મૈં હિરે બોલૂં । સાઇ બીના ઘૂંઘટ નાહીં ખોલૂં-એજન જકડી ૧૯, પૃ. ૩૦.

૨૬ કયા જાને લોકો કાલા રે, વેણુ ભયી શો લાલ ગુલાલા રે
મોહે પિયુ સેજ પર મિલિયારે તબકી બહોત મૈં રલિયા રે.-એજન જકડી-૨૯. પૃ. ૩૪.

૨૩ હું સાંઇયાં તુજ સાથે રે તું હિ મેરી આથે રે
તેં બેલ બનાયા હાથે રે પંચરંગી મેરા ચોલા રે. એજન જકડી ૧૩, પૃ. ૨૪.

૨૮ પિયું પલુંપલ તુજ પર વારી રે તેરી બાત સુઝી કો પ્યારી રે
હું તેરી યે મનોહારી રે મેરા નૈન સલુણા સાથી રે. એજન જકડી ૮, પૃ. ૧૯

૨૯ મેરા ધ્રૂરત મીત સલૂણા રે મૈં પાયા સાથી જૂના રે ।
તું ધ્રૂરત તો હે મેરા રે, તું બાજીગર હૂં ચેરા રે ।
અખા ભૂલે કયા તેરા રે મેરા ધ્રૂરત મીત સલોના રે, એજન જકડી-૭ પૃ. ૧૮.

૩૦ અખો એક અધ્યયન-ઉમાશંકર જોષી, પ્રથમ આવૃતિ, પૃ. ૧૫૮

સાહિત્ય અને વિજ્ઞાન—એક દૃષ્ટિ

હસિત હ. બૂચ

સાહિત્યમાં અનુભૂતિ–અભિવ્યક્તિ પર વિજ્ઞાન-ટેકનોલોજીની અસર વધતી જાય છે. સાહિત્યવિવેચન પણ વૈજ્ઞાનિક ઢાંચે આગળ વધ્યું છે. એમાં સાહિત્યના સ્વભાવ-સત્ત્વનું જોખમ છે. એવું આજેયે વલણ છે. ગઈ સદીમાં પશ્ચિમના સાહિત્યકાર-કવિને વિજ્ઞાનનો અભિગમ–પુરુષાર્થ અને વૈજ્ઞાનિકને કાવ્ય–સાહિત્યની ગતિવિધિ ત્રાસરૂપ લાગ્યાનાં દૃષ્ટાંતો શ્રી. આલ્ડ્ઝ હકઝલીએ[1] ટાંકયાં છે. તેઓનું કહેવું છે કે વિજ્ઞાનની સિદ્ધિ હવે સ્થિર–કાયમી રૂપે હોવાથી વિજ્ઞાનથી ભાગતું સાહિત્ય કાયર ગણાય. જીવાતજંતુનાશક દવાએ હવે વાડનાં બુલબુલોને આઘાં કર્યાં છે અને બુલબુલ ગાય છે–બોલે છે તે કવિ માટે નહીં—પોતાના માટે, તે હવે નહીં સમજે એ કવિ નહીં, એમ પણ એઓએ સૂચવ્યું છે. તેઓએ વિજ્ઞાન—ટેકનોલોજીએ રચેલા જીવનસંદર્ભને સાહિત્યે અવગણવો ઠીક નથી એમ કહ્યું છે. એક વલણ એવું યે છે કે વિજ્ઞાન-ટેકનોલોજીના આ યુગમાં કાવ્ય–સાહિત્યે તેની આણ અનિવાર્ય સમાધાન રૂપે ય સ્વીકારવી રહી. તે સાથે વિજ્ઞાન–ટેકનોલોજીના આ યુગમાં ડંગલેપગલે તેની ઉપયોગિતા-સગવડ-ચમત્કૃતિ અનુભવતો વ્યાપક જનવર્ગ ગ્રંથાલયનાં કબાટોમાં સાહિત્યવિભાગ તરફ વળતો હોય—વિજ્ઞાનગોષ્ઠિમાં જવાને બદલે કવિ-સંમેલનમાં અથવા ગીતજલસામાં કે નાટકઘર–સિનેઘરમાં જતો હોય એવું યે નજરે તો પડે જ. આપણે ત્યાં તો ઇજનેર-ડૉકટર અને કવિ-વાર્તાકાર-ચિત્રકાર-નર્તક વચ્ચે જાણે પ્રતિષ્ઠાનો પ્રશ્ન જ સામાન્યપણે ઉકલાઈ ગયો લાગે ! એમાં સમજ ડહાપણ ચોક્કસ માર્ગે વળે ! ‘દેશને જરૂર ’ની સમસ્યા યે તેમાં જ ઉકેલી લેવાય ! પગાર, મોભો, સામાજિક વ્યવહાર, વગેરે તો, પછી કેમનાં વાળવાં તેની ફિકર જ શાની ? કદાચ સંશોધન–વધુ અભ્યાસ જેવા શબ્દોનું યાથાર્થ્ય પણ પછી દિશા લઈ જ લે ! શ્રી. ક્રિસ્ટોફેર કૉડવેલનાં વાકયો નોટમાં ટપકાવી લેનાર (“ Art is the science of feeling...science, the art of knowing...We must know to be able to do, but we must feel to know what to do ”[2]) વાહ-વાહ કહીને સમજે કે ઉત્સવપ્રિયતા અને કલ્પના-ભાવનારમણાર્થે એક અને ‘ ચારમાં પુછાવા જોગ થવા ’ કે ‘ સદ્ધર થવા ’ અન્ય, એટલું તો હવે અમે સમજીએ છીએ !—નવું ચિત્ર નથી આમ થાય તે. ટૂંકામાં, આમાં સાહિત્ય–કલા અને વિજ્ઞાન–ટેકનોલોજી બંનેને અન્યાય છે.

યુનિવર્સિટી–વિદ્યાક્ષેત્રે સુદ્ધાં એમ મનાય કે વિજ્ઞાન–ટેકનોલોજીની પકડ સ્વતંત્ર ક્ષેત્ર હોવાથી ભાષાની શુદ્ધિ–ચોકસાઈની ઝંઝટ સાહિત્ય–વિનયનવાળા પોતાપૂરતી રાખે તો ઠીક ! સાથે વિનયનની બીજી વિદ્યાશાખાઓને ભાષાની વાતમાં સાહિત્ય જ દેખાયા કરે તે હદે ‘ વિજ્ઞાન-યુગ ’ની છાપ ! શ્રી. આલ્ડ્ઝ હકઝલીએ સ્પષ્ટ બતાવ્યું છે કે બંનેને ‘ સામાન્ય ’ નહીં, ‘ શુદ્ધ ’

---

૧ લિટરેચર ઍન્ડ સાયન્સ

૨ ઇલ્યુઝન ઍન્ડ રિઆલિટી

ભાષા જ ખપે. સ્પેનિશ કવિ જિમેનેઝે[3] કહ્યું છે, " Let my word be thing itself, newly created by my soul. " તેમાં આરંભનું વાકયાર્ધ સ્પષ્ટ કરશે કે સાહિત્યને ય નક્કરત્તા વગર ચેન ન પડે. વિજ્ઞાન અસંદિગ્ધ, મુદ્દાસર, બને એટલી પૂરેપૂરી વિશદ-સુસ્પષ્ટ અને એક જ અર્થ દાખવતી ભાષા ઇચ્છે એમ કહીને શ્રી. હકઝલીએ વિજ્ઞાનની ભાષાને mathematical વર્ણવી છે. તરત એમ કહી દેવાય કે મુદ્દો ત્યાં જ છે ને ! Maths અને Museને શી નિસ્બત ? વસ્તુતઃ એ બે વચ્ચે સંઘર્ષ નહીં, આકર્ષણ છે. સાહિત્યમાં strangeનું જાદુ, તેવું clarityનું મહત્ત્વ છે. શ્રી. હકઝલી, સાહિત્યભાષા લાક્ષણિક, વ્યંજનાત્મક, ચિત્રાત્મક, અંગત, અને કાર્યલક્ષી થઈ ' શુદ્ધિ ' જાળવે છે એમ બતાવે છે. વિજ્ઞાનનો શબ્દ અર્થસાચવણી સાથે ફેરબદલી પામે; સાહિત્યમાં ફેરવી શકાય નહીં તો જ શબ્દનું સાર્થકય છે. આમ ભાષા બંનેની જુદી તોયે વિશિષ્ટ. ભાષા અંગેની તેમનો બંનેનો પરસ્પર પ્રભાવ ઉપકારક. માણસને બેઉનો ખપ છે એ ઇતિહાસ તથા વ્યવહારની હકીકત છે; તેથી એવું આદાન-પ્રદાન અનિવાર્ય છે. અર્થલક્ષિતા અને ભાષાના ચિત્ર-સંગીત અંશ વચ્ચે વૈમનસ્ય નથી. એ જુદા ચોકાનાં સૂત્રો નથી. શબ્દ વિનાયે પ્રવીણતા હોય વિજ્ઞાન-ટેકનોલોજીમાં, પણ સાહિત્યમાં ભાષા વિના નભે ? ન નભે. તોયે વાચ્યતા ઉપર ધ્વનિની ઉચ્ચતા સાહિત્યે અમથી કહી નથી. વિજ્ઞાન અને સાહિત્ય પ્રાકૃત-અદ્ધર-બોદો શબ્દ ટાળે જ. ' બોઅૂર ' થવાનું એકેયને નથી પસંદ.

સમગ્ર આકૃતિ-અભિવ્યક્તિની દષ્ટિએ જોઈએ, તો સાહિત્યમાં તો, કવિ રવીન્દ્રનાથે કહ્યું છે તેમ, અભિવ્યક્તિ-Expression કવિનો ધર્મ-Religion છે. આચાર્ય કુન્તકે ' ઉક્તિ 'ની વક્રતા-રમણીયતાને કાવ્યનું જીવિત કહી છે. ' કાવ્યપ્રકાશ 'કાર કાવ્યહેતુમાં ' કાવ્યજ્ઞશિક્ષયાભ્યાસ 'ની અનિવાર્યતા ચીંધીને અભિવ્યક્તિની સુસજ્જતા જરૂરી સૂચવે છે. ક્રોચે કલાકૃતિને Expression of Expression કહે છે તેમાં તેના બાહ્ય વૈભવ-પ્રાધાન્ય સામે જ ચેતવણી સૂચિત છે. એમની વાત કુન્તકે સ્પષ્ટ કરી આપી હતી કે સાહિત્યકારની પ્રતિભાનો પરિસ્પંદ નિરૂપણમાં આવશ્યક છે. વિજ્ઞાનમાં રજૂઆતની આવી ટપ્–ટપ્ શી, એમ પૂછનારને તેનાં પ્રયોગ-વ્યાખ્યાન લેખ નિદર્શનાદિમાં વ્યવસ્થિત-મર્મદર્શી-બુદ્ધિગમ્ય નિરૂપણ કઠે તેમ કલ્પવું કઠિન છે. પ્રત્યાયનક્ષમતાની તૂટને ક્રોચેએ વિજ્ઞાન પરત્વે ક્ષંતવ્ય કહી; તેથી કંઈ અસરકારકતાની અપેક્ષાનો છેદ ઉડતો નથી. વિજ્ઞાનને ઇષ્ટ એવી ચોકસાઈ, સંપૂર્ણતા, વિશદતા, એકાર્થબદ્ધતા કંઈ ' અભિવ્યક્તિ ફી બાત છોડો 'ના મંત્રથી આવી જતી નથી. સાહિત્ય પોતાની રજૂઆતરીતે પોતાને અભિપ્રેત વાતવીગતો સાકાર કરે તેમાં વિજ્ઞાનને રસ છે. એમાં પોતાનો એ પ્રગતિપથ ગણે છે. એ જુએ છે કે એની દષ્ટિ—રીતિનો પુરસ્કાર સાહિત્યમાં હવે અચૂક વધતો રહ્યો છે. પહેલેથી સાહિત્યમીમાંસા પણ સૂચવતી રહે છે કે અભિવ્યક્તિ ' રૂપાળી ' થતાં ' રેઢિયાળ ' કે ' રસાન્વિત ' થતાં ' અબૌદ્ધિક ' ન થવી ઘટે. ગ્રેહામ હો[4] તો નોંધેય છે કે Formal-રૂપલક્ષી કરતાં Moral-વસ્તુલક્ષી વલણ સામાન્યપણે સાહિત્ય અંગે વિશેષ રહ્યું છે. પ્રાચીનોએ આપણે ત્યાં કવિને ક્રાન્તદર્શી-મનીષી કહ્યો છે તેની સ્મૃતિ ડૉ. આનંદશંકર ધ્રુવ ફરી ફરી આપતા હતા. શ્રી. હો આ

---

૩ સંસ્કૃત પોએટિક્સ (શ્રીકૃષ્ણ ચૈતન્ય)માંથી ઉદ્ધૃત

૪ એન્ એસે ઓન્ ક્રિટિસિઝમ.

બેઉ વલણો (Moral અને Formal)ને પરસ્પર પૂરક સંબંધનાં કહે છે તે નોંધયોગ્ય છે. અસરકારકતા માત્ર વસ્તુનિષ્ઠા યા માત્ર રોચક રજૂઆતમાં પુરાઈ નથી. વિજ્ઞાન-ટેકનોલોજી પણ સાહિત્યની સદીઓની સાધના-સિદ્ધિને અભિવ્યક્તિ પરત્વે ય નિરર્થક ગણે નહીં-ગણતું નથી. રસાનુભૂતિ એની મુખ્ય નેમ નથી, પણ રંગ-આકાર-શબ્દાદિની રોચકતા તે વ્યર્થ માનતું નથી. હકીકતે સાચો વૈજ્ઞાનિક સાહિત્યમાંના કવિકર્મનું મૂલ્ય પોતાના ક્ષેત્રે ય સમજે છે. એની નક્કર રમણીયતા તેને ગમે જ.

કવિકર્મને નિસ્તેજ-કદરૂપું-પોલું કરે છે mass-media અર્થાત્ અખબારો-રેડિયો-ટેલીવિઝનાદિ સમૂહમાધ્યમો, એ ફરિયાદ વિજ્ઞાન સામે ય ખરી. આ વાતને વિચારતાં મુદ્રણ-રેડિયો દ્વારા સાહિત્યની અભિવ્યક્તિ સમક્ષ નવી દિશા, નવી શકયતા આવી છે તે ય ન ભૂલીએ. મુદ્રણે વાચન દ્વારા જ પામી શકાય એવી લેખનખૂબીઓને અવકાશ આપ્યો છે, ભાવકની ઊંડી નજર તરફ લેખકને સજાગ રાખ્યો છે, ગદ્યને સમર્થ અને દિગ્વિજયલક્ષી કર્યું છે, ગદ્યસ્વરૂપોને યથાર્થ મ્હોરાવ્યાં-ઘડ્યાં છે. લિપિની વિમર્શ-ક્રાંતિની પ્રક્રિયાને ગતિ આપી છે, દેશપરદેશનાં વિવિધ ભાષા-સાહિત્યના પરિચય-પરિશીલનનો માર્ગ ખોલીને વિદેશી સાહિત્યને દેશે દેશે પ્રભાવક પરિબળ કરી આપ્યું છે. ‘ કાન ’ને આરામ આપવાની એની ઐતિહાસિક સેવા પણ છે. તે સાથે મુદ્રણે સાહિત્યલેખનને Industry જથ્થાબંધ ઉત્પાદનઉદ્યોગ કરેલ છે અને આજે લેખકની મોટી ફિકર છે તે Writingની એમ કહી શ્રી સ્ટીફન સ્પેંડર[૫] વ્યંગ કરે છે કે There might be writers without writing. લખવું તો ઉત્તમ, નહીં તો કલમ મૂકવી કોરે, એ વલણ મુદ્રણપૂર્વના સમયમાં પણ હોય જ, કારણ જાગૃત સર્જક ત્યારે ય હોય. ઉત્તમ સાહિત્યના આસ્વાદ-અભ્યાસ-પ્રસાર-સ્વીકારની મુદ્રણે અપૂર્વ એવી જ સાર્થ તક પણ રચી જ આપી છે ને ? સાચું સર્જન, ‘ કાલોહ્યં નિરવધિ ’ના આશ્વાસન કરતાં ‘ વિપુલા પૃથ્વી ’ની હકીકત હવે પ્રત્યક્ષ અનુભવીને, અધિકારી ભાવક અને કૃતિનું નિર્વિઘ્ન મિલન હસ્તામલક ગણે તો તેમાં મુદ્રણની સેવા કમ નથી. રેડિયોએ શ્રાવ્યત્વનો શુદ્ધ, અગાઉ હતો તે કરતાં વધુ શુદ્ધ અવતાર સર્જી સાહિત્યની અભિવ્યક્તિને જુદું જ પરિમાણ પૂરું પાડ્યું છે. તેની શરતે નિરૂપણને નવી રીતે શક્તિ પ્રગટાવવા સૂચવ્યું છે. ધ્વનિઅંકન દ્વારા એણે સાહિત્યનાં જૂનાં-તળપદાં વાણી-લય-સ્વરૂપાદિના સર્જન-પરિશીલનમાં એક સેતુ ઊભો કર્યો છે. દૂર દેશાવરમાં ત્યાંના અભ્યાસી-રસિક-સર્જકને અહીંનાં દિવાળીબહેન ભીલને ગળે લોકગીત મળે કે લતા મંગેશકરના કંઠે ગીતા ગાન મળે તે ચમત્કાર અભિવ્યક્તિક્ષેત્રે વિજ્ઞાનપ્રવેશની સર્જકતા છે. રેડિયોએ પણ ઉત્તમ શ્રોતાને નિર્વિઘ્ન મળવાની સાહિત્યકૃતિ માટે અપૂર્વ સુવિધા રચેલ છે. ટેલીફોન, રેલવે, વિમાનાદિએ કવિતા-વાર્તા-નાટકને એ જ રીતે કંઈક નિશ્ચિત અર્પ્યું છે, જે સર્જકસ્વરૂપનું ગણાય.

સમૂહમાધ્યમો (Mass-media) સાહિત્યને ફરમાસુ, પ્રચારગંધી અને લોકભોગ્યતા-લુબ્ધ અભિવ્યક્તિમાં ખેંચી સત્ત્વહીન કરે છે એ વિરોધ વજનદાર છે જ. ક્ષણિક છાપ, શીઘ્ર અસર, સદ્યોગમ્યતા, સહુને પહોંચવાની તત્પરતા કૃતિને સ્થાયી ગુણે વંચિત રાખે. એમાં પાછી એની સતત જથ્થાબંધ માંગ ! ઉપરથી કાં રાજકીય કે આર્થિક યા સામાજિક હેતુનો તકાદો !

---

૫ ‘ ધિ રાઈટર્સ ડાઇલેમા ’નો લેખ.

જોકે આવું દબાણ પહેલાં ય હતું. હવે એ વધુ વિષમ થયું છે તે સમૂહમાધ્યમોના હાથ-પગ લાંબા છે તેથી ‘ ભણતર ’ના ફેલાવા વચ્ચે ય તે પોતાનું કામ પાર પાડી લે છે! કહેવાય છે કે સાહિત્ય-કૃતિને કેપ્સ્યુલને રૂપે મંગાય છે આજે. લેખકને માનવી-સમાજના એકમ તરીકે સંજોગ હોય, વહેલી બહોળી પ્રતિષ્ઠા યા આમદાનીની યે ઇચ્છા રહે. એ વાતે માત્ર એને ‘ ઊંચાં જીવનમૂલ્યો ’ની યાદ આપવી કે એને જ ‘ અમર સંસ્કાર-સેવા ’ સંભારી આપવી, ‘ લેખક-કવિને યે પૈસાની વાતે આમ ? ’ એમ પૂછવું ન્યાયી નથી. તે સાથે લેખક-સાહિત્યકાર એવી ફોર્મ્યુલાની કંઠી તો ન જ બાંધે કે સમૂહમાધ્યમોને સંગે તેની કૃતિ જરૂર નીચે ઉતરવાની! લેખક ત્યાંય કવિકર્મની જાગૃતિ સેવે, તો અઘરું નથી જ. વળી કૃતિની ખૂબી-સૂક્ષ્મતાને સમૂહમાધ્યમોમાં જાકારો નથી અને કહ્યું તેમ તે દ્વારા નવી દિશાઓમાંથી શક્તિને આવાહન-સમર્થન છે. શ્રી જહોન બોવેન[૬] માને છે કે સમૂહમાધ્યમોએ કોમ્યુનિકેશન-પ્રત્યાયનની વધુ તકો ઊભી કરી છે. મોટા ભાગના માણસોને માણસની કદી પડી નથી એ હંમેશની હકીકત ચીંધી તેઓ કહે છે કે એક સાહિત્યકાર અનેક વ્યક્તિઓને વાચકો રૂપે-પ્રેક્ષકો-શ્રોતાઓ રૂપે આજે મેળવે છે તે લાભ જ છે. ઘરમાં ઈસ્ત્રી કામે રોકાએલી ગૃહિણી ટ્રાન્ઝિસ્ટરની ગીતલીટી કાને પડતાં કહે, ‘ સરસ! મારે આ જ જોઈતું ’ તું ’ એ ઓછું નથી એમ તેઓ વર્ણવે છે. શ્રી. બોવેનની વાતને ગુલાબી તરંગ નહીં કહેવાય, કંઈ નહીં તો એ બીજી બાજુનું તથ્ય તો મૂકે છે જ. શ્રી. ઉમાશંકર જોશી વાપરે છે તેમ[૭] ઉપયોગ શબ્દને ઉપ-યોગ રીતે મૂકીએ તો સાહિત્યકારે સમૂહમાધ્યમોનો ઉપ-યોગ કરવાનો છે. એના પ્રશ્નોથી એણે દૂર ભાગવાનું નથી. નવી જીવન-સમાજવ્યવસ્થા અને અવનવી વૈજ્ઞાનિક પ્રગતિ સાથે વિકાસ-નવપ્રસ્થાનના પ્રશ્નો સંકળાયા છે. સાહિત્ય એ વાતાવરણ વચ્ચે સ્વધર્મ-સ્વકર્મનું નિશાન ચૂકે તો એ માની શકાય એમ નથી, કારણ ઇતિહાસ છે કે તેના એ સ્વભાવમાં નથી. સાહિત્ય જીવનનો એક ઊંડો પુરુષાર્થ છે; પડકારથી એ પાછો પડતો નથી. આપણી વાતે તો એમ કહી શકાય કે સમૂહમાધ્યમો જેવી વૈજ્ઞાનિક રચના અહીં હજી એની આધુનિક વિકાસ-રેખાઓ સાથે સ્વતંત્ર નથી, પૂરતી વ્યાપક નથી, સહુને પરવડે તેમ નથી, પરિણામે એની સમસ્યાઓ વિશે સ્વાભાવિક ઉહાપોહ નથી.

સાહિત્ય અને વિજ્ઞાનની જીવન-અનુભૂતિ, જીવન વિશેની સમજ-જિજ્ઞાસા અને જીવન સાથેના એના સંબંધ-કર્મ પરત્વે જે ભેદ છે, એ બંને પુરુષાર્થોનું પ્રવૃત્તિસ્વરૂપ જે રીતે જુદું છે તેનો વિચાર વિવિધરૂપે થયો છે. બંનેનું લક્ષ્ય શું અને બંનેની કામ પાર પાડવાની રીત કઈ રીતે અલગ અને તેથી બંનેની અસરમાં યે શો ફેર તેની વીગતો વિચારાઈ છે.

વિજ્ઞાન-ટેકનોલોજી બાહ્ય વાસ્તવમાં રસ લે છે; અનુભવોને ભૌતિક રીતે જુએ છે; એનું દર્શન એકાંગી-ખંડલક્ષી છે; એને તાટસ્થ્ય-અનાસક્તિ સ્વભાવગત છે; એ નિર્વૈયક્તિક રહીને સર્વસામાન્ય તત્ત્વ–તત્ત્વો પર મદાર રાખે છે; તારેતાર કણેકણ તપાસી લીધા વગર કે એને આરપાર પરીક્ષ્યા વગર એ આમ-તેમ મતું મારે જ નહીં; પ્રયોગ-પ્રમાણ વિના એની મજલ ન ચાલે—ન વિરમે, એમાં એકથી વધુ હાથ-આંખ-મસ્તિષ્કાદિ એક પરિણામ-પ્રયોગમાં જોડાએલાં હોય એ કંઈ નવું નહીં-સમૂહ એક પ્રયોગમાં ભાગીદાર હોય; એ સીધો નિશ્ચિત ટૂંકો રસ્તો

૬ ‘ધિ રાઈટર્સ ડાઈલેમા’-સંપાદનમાંનો લેખ. ૭ ‘કવિની સાધના.’

પસંદ કરે; માણસને એ જુએ સજીવ એકમ તરીકે, એક ચોક્કસ સચેત તંત્ર તરીકે;—એ બધું વિજ્ઞાન વિશેનું વિવેચન જાણીતું છે. એમાં વિજ્ઞાનની મર્યાદા-ખૂબીને વિચારાઈ છે. કુદરતનાં મૂળભૂત દ્રવ્યો અને મનુષ્યદેહ-મનનાં તત્ત્વોનું રહસ્ય એણે ખૂબ ધીરજથી, અથાક પરિશ્રમપૂર્વક અને ઘણી ચોકસાઈથી બહાર આણેલ છે. ત્યાં જ એ અટકયું નથી. એણે એનાં રક્ષણ, પોષણ, સંશુદ્ધિ અને ખિલાવટનાં ઉપાય-સાધન પણ શોધ્યાં-નીપજાવ્યાં છે. સાધારણમાંથી અદ્‌ભુત અને અગમ્યમાંથી સુગમનો કીમિયો એણે ઉપજાવી આપ્યો છે. એણે પોતાની સાધનાની પરિણતિ ખુલ્લી કરી દુનિયાને ધરી દઈ લગભગ સર્વત્ર પહોંચાડી ય છે; રોજિંદા જીવનની જાણે તેને સહજતા કરી દીધી છે. એની ગતિ અજબ ઝડપી છે; એની ફાળ અકલ્પ્ય મોટી છે. ધ્વંસ કે અમનચમનનાં એ શોધે છે-ઘડે છે તે માધ્યમો-માર્ગો કવચિત્ તો પાંચ-દસ વર્ષોમાં ય અણકલ્પેલી ક્ષિતિજ ચીંધી દે છે. બજારમાં જાઓ યા જાઓ રણ-વગડા કે અવકાશ-દરિયાના અફાટ વેરાનમાં, એનો પુરુષાર્થ પ્રત્યક્ષ આશ્ચર્યોને સર્જ્યે જતો દેખાય છે. ટેકનોલોજીના પ્રચંડવેગી સર્વવ્યાપક ધસારાએ શહેરોમાં એક નવો સાંસ્કૃતિક આઘાત ઊભો કર્યાનું કહેવાયું છે.[૮] બીજી રીતે વિચારતાં કહેવાયું છે[૯] કે ટેકનોલોજીએ આણેલી સમૃદ્ધિ-સુવિધા જગતભરમાં એક પ્રકારની સર્વસામાન્યતા લાવી રહી છે, તોયે સાંસ્કૃતિક વિવિધતાના પ્રાગટ્ય-પ્રસારને બાધ આવતો નથી; બલકે હવે પછીથી સાંસ્કૃતિક-વિવિધતાનો એક માત્ર આધાર ટેકનોલોજીની સર્વસાધારણ પરિસ્થિતિ રહેશે. જીવન-રીતિઓની વિવિધતા સર્જાય છે ટેકનોલોજીના વૈપુલ્યથી. આવો અભિપ્રાય એમ પણ ભારપૂર્વક કહે છે કે નવી ઇષ્ટ ક્રાંતિ ટેકનોલોજીનાં સંશોધનો પર જ અવલંબિત છે.

મૂળ વાત છે માણસ અને તેની માણસાઈના આદરની, એને માટેની લાગણીની. એ ખરું છે કે ગેસ મળે તો લાકડાં બાળી ધુમાડે રસોઈ-ચા કરવાનું હવે કોઈ પસંદ નહીં કરે અને વિમાનમાં દૂરને દેશાવર પહોંચવા મળે તો સ્ટીમર સુદ્ધાં કોઈ નહીં પકડે. ક્ષ-કિરણની સાફ ખાતરી કર્યા વિના હાડતૂટના અંદાજી ઉપચારે કોણ હવે સંતોષાવાનું છે? હા, પેટ્રોલિયમમાંથી પ્રોટિન છૂટું પાડીને સિન્થેટિક ઘઉં મળે કે વિટામીન 'સી' તથા ખનિજોની સહાયે સિન્થેટિક ટામેટાં મળે તેથી જમીનમાંથી ઊગતાં ઘઉં-ટમેટાંની માયા ઓછી ન પણ થાય! શ્રી. આલ્વિન ટોફલરે નોંધ આપી છે કે અમેરિકામાં વેકયુમ-ક્લીનર અને રેફ્રીજિરેટરનું પરાકાષ્ટાઉત્પાદન ચોત્રીસ વર્ષો લેનારું નીવડયું, પણ ટેલીવિઝન-વૉશરડ્રાયરનું એવું ઉત્પાદન તો પછીથી માત્ર આઠ વર્ષોમાં જ સિદ્ધ થયું. આ સમયબચત, આ શોખ-સગવડની પૂજા શા માટે? એમાં પંગુતા-તૃષ્ણા જ વધ્યાંને? સંપ અવગણાયો ને? માણસ કરતાં મશીન જ માથે લીધું ને? આવો પ્રશ્ન મારો નિરર્થક-પંચાતિયો નથી. તે સાથે એ ય ન વીસરીએ કે માણસ જ્યારે વ્યાપક રીતે વિજ્ઞાન-ટેકનોલોજીની સરજતને અપનાવી રહેલ છે ત્યારે એ વિવેકશૂન્ય જ થયો છે તેમ ન કહેવાય. વ્યવહારને એ સરળ, સુખદાયી કરવા ઇચ્છે જ. એ કયાં આંતરમૂલ્યોના ઉચ્ચ નિશાનને, તેના રક્ષણ-સેવાને 'મૂકો ને લપ!' કહી હડસેલવા માગે છે? એ તો ઇચ્છે છે સમન્વય, સ્થૂલ-સૂક્ષ્મના વૈભવનો સમન્વય શું એ અશક્ય કે તરંગી ઇચ્છા છે? ના, જાગ્રત માનવપુરુષાર્થ એમ માનતો નથી.

---

૮ શ્રી. આલ્વિન ટોફલેર: 'અમેરિકન રિવ્યૂ'. ૯ જીન-ફ્રેંકોઇ રૅવેલ: 'અમેરિકન રિવ્યૂ'-એપ્રિલ, ૧૯૭૨

વિજ્ઞાનથી સાહિત્યના પુરુષાર્થ-રસની પૃથક્તા એ રીતે દર્શાવાઈ છે કે સાહિત્યને જગત સાથે ભાવનાત્મક-Ideal (એરિસ્ટોટલ) સંબંધ હોય અથવા સમાજસંઘર્ષદર્શી (માર્ક્સ) સંબંધ હોય યા માનસબળાબળદર્શક (મનોવિજ્ઞાન) સંબંધ હોય, તેને અંતે રસ છે વ્યક્તિમાં, માણસમાંની Personal manમાં-તેની વ્યક્તિતા, personalityમાં. એટલું નહીં પશુ-પંખી કીટ કે કુદરતમાં યે એનો રસ માનવભાવની દૃષ્ટિએ છે. કાકા કાલેલકરનું 'ઓતરાતી દિવાલો' એ રીતે જોવાનું છે; માત્ર વિશિષ્ટ વસ્તુ રૂપે નહીં. 'પંચતંત્ર'થી દલપતરામ કે આજના વહેતા સાહિત્યમાં તે, અન્યોક્તિ યા દૃષ્ટાંત થઈ ઊતરતું લક્ષણ છે. આ રસ વૈયક્તિક, પણ ભાવકને 'પરાયો' લાગે યા 'અંગત' જણાય એવો નહીં, દેશ-કાળાદિ વીંધ્ય સહૃદય સૌને સ્પર્શી રહે એવો સાધારણીકૃત. object પર મીટ નહીં અને objective, એવું છે સાહિત્ય. એની નજરમાંથી કશું છટકતું નથી હોતું અને ઝીણી રીતે એ ય સર્વસ્પર્શી હોય છે, તોય એ સમગ્ર દર્શને એ બધું સૂચવે છે. આ એનું સમગ્રતાનું વલણ વીગતોનું દુર્લક્ષ નથી; વીગતો તેમાં સમરસ, એકરસ થાય છે. સાહિત્ય કલ્પનાતત્ત્વથી સાર્થક થાય છે. વિજ્ઞાનની શોધ-સિદ્ધિમાં પણ માત્ર કર્મ નથી હોતું. તેમાં ય ક્યારેક તો કલ્પનાના ઝબકારાથી જ 'સત્ય' વરતાઈ જાય અને પછી 'સત્ય' પ્રમાણાય એવું બનતું હોય છે. પરંતુ સાહિત્યમાં તો સમગ્ર કૃતિને અણુએ અણુએ આ કલ્પના છવાઈ જતી હોય છે. વર્ણન, સંવેદન, છંદોલય, શબ્દ, સઘળું લેખકની કલ્પનાશક્તિની સમૃદ્ધિએ સમૃદ્ધ બને છે. કલ્પનાની સમૃદ્ધિ એ જ પ્રતિભા. સાહિત્યમાં એને બળે જ સાર્થક્ય આવે છે. એ જ છે ક્રાન્તદર્શન.

સાહિત્ય 'કલ્પના'ની સૃષ્ટિ હોઈ તેમાં વાસ્તવ, સત્યની ઉપેક્ષા મનાય છે. વસ્તુતઃ તે બાહ્ય વાસ્તવ સાથે પૂરા સતત પરિચય-સંસર્ગ-સંબંધમાં છે, માત્ર તે લક્ષે છે તેનો મર્મ-તેનું આંતરવાસ્તવ. એ મનુષ્યનાં લાગણી-વિચાર પર સંસ્કાર પાડવાના કામમાં દિલચસ્પી ધરાવે છે. ડૉ. આનંદશંકર ધ્રુવે જે 'સૂક્ષ્મ શરીર' ઉલ્લેખ્યું છે,[૧૦] તેના પોષણ-ઉત્કર્ષની તેની નેમ છે. એ નેમ હાંસલ કરવા તે સૂચક ચિત્રાત્મક સંગીતલક્ષી સમસ્તલક્ષી રજૂઆતનું મહત્ત્વ અપનાવે છે. એ વ્યંજક થઈ વિશદ રહે છે, સુસ્પષ્ટ કે અતિસ્પષ્ટ નહીં. સમજાવટ કે શિક્ષણ કે સંદેશો નહીં, એ સૂચન-સંકેતને કર્તવ્ય લેખે છે. તેથી જ બોધ, આલેખન-ચિતારની સત્યદર્શિતા, માહિતી-જ્ઞાનનું પ્રદાન, ઉપયોગી થવાની ચિંતા આદિથી એ દૂર એ રીતે રહે છે કે એને તે પોતાના ધ્યેય-મુદ્રાલેખ તરીકે નજીક આવવા દેતું નથી. એ કહે છે કે એની મજલ 'નિરુદ્દેશે'[૧૧] છે તો જ ઉદ્દેશ સિદ્ધ કરે છે, એ 'કામ કરવા'[૧૨] નથી આવ્યું તો જ કર્તવ્ય બજાવે છે. એનું એ સ્વાતંત્ર્ય એની બિનજવાબદારી નથી. રચનાત્મક પ્રકૃતિ છે. સાહિત્ય હવાઈ છે, ઉપજાઉ નથી, ઐન્દ્રજાલિક છે, વાસ્તવિક નથી, વાસનાપોષક મનોરંજન છે, ઉચ્ચ તત્ત્વ-સત્યની તેમાં માવજત નથી, એ સ્વચ્છંદ ખેલ છે, ઉપયોગી પ્રવૃત્તિ નથી, એવું સાંભળી-વાંચીને જો સાહિત્ય 'સુધરવા' મથે છે -કટિબદ્ધ થાય છે તો એ નથી રહેતું સાહિત્ય, નથી રહેતું શાસ્ત્ર-સેવાકર્મ. તેથી જ ક્રોચેએ કહ્યું છે કે કલા, વિજ્ઞાન, ઉપયોગિતા, નીતિશિક્ષણથી સ્વ-તંત્ર છે. સાહિત્યના આ દાવામાં વિસંગતિ

૧૦ 'સાહિત્યવિચાર'
૧૧ શ્રી. રાજેન્દ્ર શાહ : 'ધ્વનિ'
૧૨ શ્રી. નિરંજન ભગત : 'છંદોલય'

નથી, એક વિશિષ્ટ સંગતતા છે. બાહ્ય સાતત્યની વાત એને મંજૂર નથી. સંવાદ-સૌંદર્ય એની રગ, હોંસ છે. યોગ્ય લખાયું છે, "For a poet, of everything that is true, the converse also is true..He can call moon a constant mistress and a fickle jade."[13] વિજ્ઞાનયુગે કે સેવાઆવહને ઘણીવાર સાહિત્ય આ સ્વધર્મ વીસરી સ્વત્વ ખૂએ છે.

સાહિત્યસર્જકના poetic painsની વાત ગળે ન ઊતરતાં તેના દર્શન-વર્ણનમાં 'પ્રેરણા' જોતાં, એમ.પણ કહેવાય છે કે અમે ટૂંકી વાર્તા-કવિતા-નાટક લખવાનું શીખવતી શાળા કાઢીએ તો શો વાંધો ? નાયિકા સુંદર, પણ આ વાર્તાની ને બીજી વાર્તાની નાયિકાના સૌંદર્યનું ચોક્કસ પ્રમાણ-માપ, તે કેટલા ગ્રામ કે કેટલા લીટર તે આપવામાં હરકત શી છે ? તેના લંબગોળ ચહેરાનું માપ લખીએ તેમાં શું બગડયું ?

"તને મેં ઝંખી છે,
યુગોથી ધીખેલા પ્રખર સહરાની તરસથી"[14]

—કહેવાને સ્થાને અમુક સેન્ટિગ્રેડ જણાવીએ તો બિચારો જાણનાર કંઈક નિશ્ચિત તો જાણે ! 'પ્રેરણા'ની વાત છોડો, કંઈક 'પ્રમાણ'માં સમજો ! છપાએલી કવિતા ફરતી કોરી પૃષ્ઠ જગ્યામાં કવિતા જોવાનું કહો, એ તે કંઈ ઠેકાણાસરની વાત છે ? 'બળતાં પાણી'માં[15] લખો છો વાત ડુંગરદવ અને પાસેની નદીની, અને પાછા કહો છો, એમાં ગર્ભિત છે અસહકારયુગની બે પેઢીના વૈષમ્યની વાત !—એમ તે કંઈ ચાલે ? સાહિત્યમાં આવું જ બધું 'અદ્ધર', 'અચોક્કસ' 'અતિરેકિયું', દર્શન-વર્ણન બધું 'પ્રભુદત્ત' કે 'અન્તઃસ્ફુરિત', ત્યાં Pains-તપની વાત ક્યાં કરો છો ? લાગણીના નર્યા પ્રદર્શનમાં 'અનુભૂતિ' કહીને, તેમાં કલ્પ્યાથી યે મધુરતર...... રચના'[16] ના નામે આધિક સત્ય છે એમ કહ્યા કરો, તેથી હવે આ નક્કર વાસ્તવ-વિજ્ઞાન યુગમાં કોણ માનવાનું છે તેમાં ? તમારા નવા સાહિત્યમાં યે બધું ભેદભરમિયું, અગડંબગડં જ ને ? ડાહ્યા માણસને કે ચોક્કસ માણસને, ભલા, આમાં 'સમસંવદેન' જાગે કેમ ?

સાહિત્યમાં આંતરચક્ષુનું દર્શન છે; એમાં 'અનુભવ, પૂર્ણ સમગ્ર અનુભવ'ની સંક્રાન્તિ લક્ષાય છે; એમાં Personal, concrete-વૈયક્તિક નક્કરમૂર્ત સૃષ્ટિ છે; એમાં આંતરિક ચોકસાઈ-વ્યવસ્થા-સુસંગતતા-વાસ્તવિકતા એ જ નગદ પ્રમાણ છે; એ આંતરસંવાદથી જ કૃતિના કલેવરમાં મેળ રચાય છે; એના ઉપયોગમાં જ એની બધી ઉપયોગિતા સાક્ષાત્ અનુભવાય છે; કુદરતી કે વ્યવહારુ સંજોગે જે સિદ્ધ-માન્ય-સ્પષ્ટ તેને શીખવવાનું-મંજૂરવાનું સાહિત્યનું કામ નથી-લક્ષ્ય નથી, સૌંદર્યને ય તે 'સર્જન' કે 'નિર્માણ'નું સૌંદર્ય જ ગણે છે; એને 'મૂલ્યો'ની કીમત છે, પરંતુ જાતે વેચાઈ જઈ 'મૂલ્ય'ને એ નોતરવાનું નથી; વિજ્ઞાન-શાસ્ત્ર-વ્યવહાર-દેશકાળ હારે એને વેર નથી જ, પણ સાહિત્ય વિજ્ઞાન-શાસ્ત્રાદિથી સ્વાયત્ત-સ્વતંત્ર પુરુષાર્થ છે,—આ રીતે પુનઃ પુનઃ સાહિત્યની ઓળખ યાદ અપાતી રહી છે.

---

૧૩ શ્રી. સી. ડેય્ લેવિસ
૧૪ શ્રી. 'સુન્દરમ્' : 'વસુધા'
૧૫ શ્રી. ઉમાશંકર જોશી : 'ગંગોત્રી'
૧૬ શ્રી ઉમાશંકર જોશી : 'નિશીથ'.

ખરી રીતે મનુષ્યની ચેતના ઊંચે નિશાને અભિવ્યક્તિ પામતાં કલા-સાહિત્ય-વિજ્ઞાન-તત્ત્વવિદ્યાદિ સર્જાય-રચાય છે. એ સર્વમાં પ્રતિભા, પ્રેરણા, પુરુષાર્થની માનવજાતિએ ગરવી અને પ્રેરકપોષક આત્મસાક્ષાકૃતિ અનુભવી છે. માનવજાતિનાં-સંસ્કાર-શાણપણનાં એમાં વારસો-નવ પ્રયાણ છે. જીવન અને જગતને એ ઊંડેથી જુએ-સમજે છે અને એનો ઉત્કર્ષ સાધવા પ્રવૃત્ત રહે છે. એ સર્વનાં સાધના-સિદ્ધિ તેથી જ આદર-પ્રેમ પામે છે; એને સાંકડાં કરવા કોશિશ થાય તે કોઈ જમાને જાગૃત માનવાને મંજૂર નથી. વિકાસઝંખતી મુકિત માટે વિજ્ઞાન અને સાહિત્ય જુદી જુદી રીતે કાર્યશીલ હોય છે; એક મુખ્યત્વે ગાણિતિક અભિગમ-પદ્ધતિએ, બીજું મુખ્યત્વે સાંગીતિક અભિગમ-શૈલીએ. હા, 'મુખ્યત્વે' જ, સર્વાંશે નહી. અદ્ભુત છે બેઉની કૃતિઃ નળ-દમયંતીની કથાનો હંસ માનવ-વાણી બોલે તેય અને ટેપ-રેકર્ડની નિર્જીવ સામગ્રી માનવ-વાણી બોલે તેય. બેઉમાં એવી જ છે વાસ્તવનિષ્ઠા : બે હાઈડ્રોજનતત્ત્વો અને એક ઑકિસજન તત્ત્વના મેળે જળ મળે તે અનુભવપ્રમાણ જુઓ, કે જુઓ શેરડી પર ફરીથી છરીછેદ થતાં રસ ન ઝર્યો અને 'ગ્રામમાતા' કહે છે-રસહીન ધરા થૈ કાં દયાહીન થયો નૃપ[૧૭] તેમાંનું "પ્રતીતિકથન અથવા

"મધ્યાહ્ને પોતાનો પડછાયો શોધતા
એકાકી સૂર્યની આંખમાં ઝમેલા બળબળતા મોતીની
લાવ, તેને નથ પહેરાવું"[૧૮]

—પંકિતઓમાંની નિહિત અનુભૂતિની નક્કરતા-પ્રમાણભૂતતા જુઓ. વિજ્ઞાન એની રીતે અને સાહિત્ય નિજી રીતે માનવચેતનાનો વિશિષ્ટ આવિર્ભાવ છે. તેથી જ એ અદ્ભુત એવું જ વાસ્તવનિષ્ઠ છે. તેથી જ માણસ અને માનવજાતિ બંનેને એના ઉત્તમ રૂપે સત્કારે છે-જીવનમાં સ્થાન આપે છે. આ કે તે તકાદાએ, અમુક-તમુક વર્ગની 'જરૂરત'થી એ દિશા ભૂલે, રસ્તો છોડે કે નિજી જાત-ભાત ચૂકે એ કોઈને ખપતું નથી. એ ઊંચી જાતના ટ્રાન્ઝિસ્ટર પર ઊંચી જાતનું ગીત ઇચ્છે છે તેમ જ સારી વાર્તાની છપાઈ પણ ચીવટવાળી માગે છે. પોતાના આનંદ-કલ્યાણને માણસ યથાર્થ જાણતો હોય છે,

પત્રકારના પ્રશ્નના જવાબમાં ચન્દ્ર પર પગ મૂકી પાછા ફરતા અવકાશવીરની પત્ની કહે છે કે 'આ ઘટનાએ મને આનંદ કેમ ન થાય ? પણ મારો ખરો મોટો આનંદદિવસ તો એ કે જે દિવસે અમે બે મળ્યાં-પરણ્યાં !' કવિ વળી ચન્દ્ર પર પોતે પહોંચ્યાની અનુભૂતિ આમ વર્ણવે છે :

"જાળીથી... ઘરમાં ઘૂસી ગઈ ચાંદની...
હેમન્ત કેરી કૃષ્ણ પાછલી રાતની,
ચન્દ્રથી સીધી જ એની શેઢ...મને વાગી...
જોઉ તો અહીં ચન્દ્ર-ઊતર્યું ચાંદની ભેગું હરણ !..
... કોણ જાણે જાગતો'તો કે હતો હું નિંદમાં
ચાંદની-મૃગને ફૂટે ત્યાં પાંખ...

૧૭ શ્રી. કલાપી :-'કેકારવ'
૧૮ શ્રી. સુરેશ જોષી : 'પ્રત્યંચા'.

ને મ્હારું અપહરણ...
આનંદનાં ઉત્કંપનો માણી રહું રોમાંચમાં,
ને શૈત્યનાં બે કમકમાં
...હું ચન્દ્રમાં !" ૧૯

—કવિની આ મનોમુદ્રા જાગૃતિની ? નિદ્રાની ? જે કહો તે. કવિ તો માણે છે જ: આનંદઉત્કંપનો અને 'શૈત્યનાં બે કમકમાં '...કવિ સ્પષ્ટ અનુભવે છે, "હું ચન્દ્રમાં !" અવાસ્તવિક ? અદ્ભુત ? બંને ? ચન્દ્ર પર માનવના ઉતરાણે પુછાય, "ચન્દ્રલોક જઈ આવ્યા ! એક પ્યાલું યે ચાંદનીનું લઈ આવ્યા ? "૨૦—ચન્દ્ર પરના વિજયની વિજ્ઞાનની સિદ્ધિની આમાંના કોઈ પણ દૃષ્ટાન્તમાં ઉપેક્ષા નથી કે નથી એનો ઉપહાસ; જે છે તે સાહિત્યની રીતે નવા સંદર્ભમાં મનુષ્યચેતનાનું-જીવનનું સમસ્ત ચિત્રાંકન. જીવનના પુરસ્કારની દૃષ્ટિ-રીતનો ભેદ આમ વિજ્ઞાન-સાહિત્ય દાખવે છે.

સાચો વિજ્ઞાનસેવી સમજે છે કે અવકાશયાન મોટી સિદ્ધિ છે. એ છે તો માણસનું ચન્દ્રના સીધા સંપર્ક-પરિચય-અનુભવનું યુગોજૂનું સ્વપ્ન મૂર્તિમંત બન્યું છે. વૈજ્ઞાનિક અને અવકાશવીર, કવિને 'ચન્દ્રમાં' હોવાનું અનુભવતો કે વિના અવકાશયાન ચન્દ્ર પર પહોંચી જવાનું અનુભવતો જોઈને, એ અનુભૂતિને જૂઠી કહેવા તત્પર નહીં થાય; અવકાશવીર પત્નીના જવાબે પોરસ અનુભવવાનો કે 'ખરું કહ્યું'; 'ચાંદનીનું પ્યાલું' ન લવાયાનું ય તે કબૂલશે. સાચો સાહિત્યસેવી પણ જાણે છે જ કે અવકાશયાનની વિજ્ઞાનની સિદ્ધિ શકવર્તી છે, માણસમાં રહેલ અનંતની એમાં પ્રત્યક્ષ ચમત્કૃતિ છે અવકાશયાન ચન્દ્ર પર ઊતર્યું તો કવિને ય ચાંદની-મૃગની પાંખે ચન્દ્રમાં પહોંચવાનું 'બન્યું'. આગળ-પાછળની વાત નથી આમાં; આમાં તો મનુષ્યચેતનાના બેઉ આવિર્ભાવો, માનવપુરુષાર્થનાં ઉભય સ્વરૂપો, કેવાં સાથે સાથે વિશિષ્ટ રહીને ચમત્કાર રચે છે તેની વાત છે.

વિજ્ઞાન-ટેકનોલોજી બાહ્ય વાસ્તવ વિશે કર્મરત રહે છે. તેની પ્રવૃત્તિનાં સાધનોમાં પણ બાહ્ય સામગ્રીની જરૂર ઘણી બધી છે, તે જે મેળવે છે તે પણ બાહ્ય રીતે સ્પષ્ટ પ્રમાણ રૂપ ગોચર થાય છે. તો યે એનું ધ્યાન તો છે મનુષ્યના આંતરિક સુખ પ્રત્યે જ; બહારના જીવનને સુવિધા આપવામાં પણ તે તેની મન પરની અસર લક્ષે છે જ. એનાં શોધ-પ્રયોગ નિષ્ફળ ન જાય—નથી જતાં એમ નથી. એમાં એની અધૂરપ હોય છે, તે કરતાંય વધુ પ્રમાણમાં જવાબદાર થાય છે 'બીજા દબાણો'—'બીજી વ્યવસ્થાઓ'. મૂળ હેતુ વિજ્ઞાનનો એ જ રહ્યો છે કે માણસને શાંતિ મળે, સુખ થાય, આનંદ થાય, અજવાળું મળે, કુદરત સાથેની એની દોસ્તી સમજદારીવાળી બને. સાહિત્ય જીવન-જગતનો મર્મ આંતર વાસ્તવને કળી નિરૂપે છે; પણ તેમાં એનો આધાર છે બાહ્ય વાસ્તવ. બહિર્જગત-જીવનના સંબંધ વિના તેનો ઉદ્ભવ, તેનો વિકાસ, તેનો પ્રભાવ અશક્ય છે. તેની inner eye-આંતરદૃષ્ટિનું મહત્ત્વ છે, પરંતુ તે outer world-બાહ્ય જીવન-જગતનો સંબંધ એ અનિવાર્ય લેખે છે તે કારણે. આવા સંબંધે એને જે પ્રાપ્ત થાય છે તેની મૂલવણીમાં, તેની અનુભૂતિમાં અને તેની નિજી નિર્મિતિમાં તે પોતામાં રહેલ 'હું'-'I'ને

૧૯ શ્રી 'ઉશનસ્' : 'મનોમુદ્રા'. ૨૦ લેખક.

અનુસરે છે. એ ‘ હું ’માં ‘ આપણે ’-, we ’ છુપાએલ હોય છે જ. આ ‘ we ’-‘ આપણે ’માં વિશ્વકુટુમ્બ ગર્ભિત છે. વિજ્ઞાનને જગત-જીવનના સર્વસાધારણ રહસ્ય-ગુણ-લક્ષણનો અપરોક્ષ વિચાર-વિમર્શ ફાવે છે. એનું અવલોકન, ધ્યાન, નિરૂપણ એને અનુસરીને છે. એના નિર્માણની અપીલ સર્વસામાન્ય પરીક્ષણ પર મંડાય છે, સર્વસાધારણના સ્પષ્ટીકરણથી કામિયાબી મેળવે છે. બાહ્ય વાસ્તવિકતાઓના મર્મને વ્યવસ્થા અર્પીને તે કોમ્યુનિકેટ-સામામાં સંક્રમિક કરે છે, પરંતુ તે impersonal-સર્વસાધારણ રીતપદ્ધતિથી. એને ય ઇષ્ટ છે ‘ વિશ્વનીડ ’ની જ વાત.

વિજ્ઞાન અને સાહિત્ય પોતાની સાધના યા તેની પરિણતિ પરત્વે તેથી જ સ્વાતંત્ર્ય ઇચ્છે છે. પોતાના લક્ષ્ય વિચાર અને કર્મ અંગે એકાગ્રતા-નિમગ્નતામાં વિક્ષેપ-દબાણનો બંનેને અણગમો છે. બંને તે સામે ઝૂઝેય છે. એનું કારણ એ છે કે બંનેની માનવજાતિ પ્રત્યે મોટી જવાબદારી છે. ‘ઈલ્યુઝન ઍન્ડ રિયાલિટી ’ના લેખકે[૨૧] કહ્યું છે તેમ, સાહિત્ય અને વિજ્ઞાન પોતપોતાની દુનિયાની જરૂરતો તરફ સભાન છે અને જાણે છે કે તે પર એ પોતાનો પ્રભાવ પાડી શકે છે. સામાજિક કર્મ તરીકે બેઉ અન્યોન્ય સંબંધમાં અને મદદગાર છે. ઉમેરીએ કે આ સત્ય સમજીએ તો વિજ્ઞાને કે સાહિત્યે એકબીજાથી અંજાઈ જવાનું રહેતું નથી; બંનેએ પરસ્પર સમજવાનું રહે છે; બંનેએ વૈશિષ્ટ્યની ભૂમિકા જાળવીને પરસ્પર વિનિમય અખંડ રાખવો રહે છે. એકબીજા વચ્ચે સહકારનો માયનો એ નહીં કે રેફ્રીજિરેટર-ટેલીવિઝનાદિની જાહેરાત ‘ સાહિત્યિક લેબાસ ચડાવીને ચમકે વા અલંકાર-લય-પ્રાસાદિ ઠઠાવીને કવિતા થઈ ગયાનું અને હૃદય વીંધવાનું પુણ્ય રળી લીધાનું માને ! એજ રીતે માત્ર જેટ-રૉકેટ-સ્ટેથોસ્કોપ એરકન્ડીશ્નર-કલોરોફોર્મ-કૉમ્પ્યુટરાદિનો વર્ણન-વીગતમાં સમાવેશ કરી દેવાથી સાહિત્ય ‘નવું’ અને વૈજ્ઞાનિક સંદર્ભનું’ થઈ જતું નથી. વિજ્ઞાન અને સાહિત્યમાં આવી ચેષ્ટા ‘ ઉપરની ’ જ નીવડે છે, ‘ અંદરની ’ નહીં. આજે ‘ દસ્તાવેજી સાહિત્ય ’ ઘણીવાર દસ્તાવેજ અને સાહિત્ય વચ્ચે અદ્ધર જ લટકતું થઈ જાય છે, એનું કારણ પણ એ જ છે. બેઉ વચ્ચેના સહકારમાં Sincerity-નિષ્ઠા ઉપરાંત eye-દૃષ્ટિની જરૂર છે. સામાના ‘લડુ’ પર ટાંપતું વિજ્ઞાન કે સાહિત્ય કોઈ સુજ્ઞ સમાજને આકર્ષતું નથી.

બાહ્ય સ્વરૂપનાં પરિવર્તનો બહુધા અ-પૂર્વ કહેવા જેવાં હોય છે. બાહ્ય વાસ્તવિકતાઓ સહ સંબંધિત વિજ્ઞાનમાં તેથી જ આજનું સ્થપાયું કાલે ખસેડી દેવાની-ભૂલી જવાની-તેના અસ્વીકારની જરૂર રહે છે. વિજ્ઞાનના ક્ષેત્રે નવું સંગીન શોધાતાં, એ વિશેષ સંપૂર્ણ તથા સફળ જણાતાં, જૂની શોધ અને સિદ્ધિ અપ્રયોજન થાય છે અને બાજુ પર મુકાય છે. એનાં સિદ્ધાંતો-રહસ્યો જૂનાંમાંથી આગળ વધે ત્યારે ય ઘણીવાર તેના સંબંધની પછી જરૂરમાં રહેતાં નથી. વિજ્ઞાનની એ પ્રકૃતિ છે, આવશ્યકતા છે. સમાજ એવી દૃષ્ટિ-કામગીરીને વધાવે ય છે. કવિ સુદ્ધાં ‘ પ્રાઈઝ ’–ચન્દ્રક મળ્યાની જાણ તાર કરતાં ટ્રંકકૉલથી અને તેય જો ડાયરેકટ ડાયલિંગ શકય ને તેમ મળે તો રાજી થાય તેમાં નવું શું છે ? તાર કરનારનો એ આભાર માને અને ‘ કૉલ ન કર્યો ! ’ –એમ ન કહે, તેમાં એનો વિનય છે. ‘ પનઘટ જવાના કોડ મને રાજ,...’[૨૨] ગરબો ગાનારી-ઝીલનારીને ફળિયાનો નળ નહીં, ઘરમાં નળ જ સ્વીકાર્ય, તેય બેઝિનમાં ગરમ-ઠંડું પાણી આપતી ગોઠવણવાળા નળ વધુ સ્વીકાર્ય લાગે, તો એનો વાંકે કેમ કાઢી શકાશે ?

૨૧ શ્રી. ક્રિસ્ટોફર કૉડવેલ. ૨૨ શ્રી. રમણલાલ વ. દેસાઈ : ‘ નિહારિકા ’

સાહિત્યમાં ' પરંપરા ' યા ' જૂના 'ની બાહ્ય કે આંતર રૂપે ઉપેક્ષા યોગ્ય નીવડતી નથી, કારણ એનો સંબંધ આંતર વાસ્તવ સાથે છે. પરિવર્તનશીલ જગત-જીવનને એ સંવેદન તથા નિરૂપણ પરત્વે અવશ્ય અપનાવે છે અને પરિણામે સાહિત્યમાંનાં વિચાર-ઊર્મિ-રજૂઆત તે-તે સમયની બાહ્ય હવા પોતામાં લેતાં હોય છે. એની અસર તે સર્વમાં હોય છે. વિજ્ઞાને સર્જેલાં પરિણામો બાહ્ય અને આંતરિક પરિવર્તનોમાં ઝડપ અને ઊંડાણ લાવનારાં નીવડ્યાં છે. સાહિત્ય તેનાથી અસ્પૃષ્ટ કેમ હોય ? એય મનુષ્યનો પુરુષાર્થ જ છે ને ? તોયે એ પરિવર્તનોમાંના, કુદરત અને માણસમાંના ઊંડા સ્થાયી આંતરિક વહેણને વીસરતું નથી. એના વિચાર-સંવેદનમાં એ વહે છે. તેના બાહ્ય ઉપાદાનનાં પ્રયોગ-પરિવર્તનમાં યે, એ બાહ્યાંગના સામાજિક સ્વરૂપને કારણે, એ ગતની ધારાનો તાલ મેળવી લે છે. વસ્તુતઃ સાહિત્યમાં બાહ્યાન્તર ઉપાદાનોનું ઓત-પ્રોતપણું-એક-રસત્વ હોઈ તે બાહ્યાંગને નોખી રીતે વિચારતું નથી. માણસને ગ્રામોફોનને બદલે રેડિયો-ટેલીવિઝન અપનાવવું ઠીક જણાયું છે, કિન્તુ તે રીતે ' પેરેડાઈઝ લોસ્ટ '–' ઉત્તરરામ૦ '–' નળાખ્યાન '–' સરસ્વતીચન્દ્ર ' ભૂલી જઈને માત્ર ' વેસ્ટલેંડ '–' આઉટ સાઈડર '–અધિવાસ્તવવાદી, ક્યુબિસ્ટ-એટમિક અદ્યતન દૃષ્ટિ-આકૃતિની કૃતિઓ જ સ્વીકાર્ય નીવડે એ બનતું નથી. સાહિત્યમાં ' નવીન '–' અદ્યતન 'ની અપેક્ષા ગતને અસર્જક-અનાવશ્યક ગણતી નથી. એમાં ' નહીં સાંધો, નહીં રેણ 'ની વાત છે : Throw-away = ફેંક દો જેવો નારો સાહિત્યમાં તો કાળજું સાબૂત રાખીને જ સાંભળવાનો હોય છે—સંભળાતો હોય છે. સંવેદના-કલ્પના-અભિવ્યક્તિ જો લેખકના પોતાના ઊંડાણમાંથી ફૂટતી અનુભવાય તો તેમાં સાહિત્યની ' શોધ ' લેખાય છે. તેની એ વિશિષ્ટતા નીવડે છે. એજ એનું Absolute new–પૂર્ણ નાવીન્ય ઠરે છે. નવો સંદર્ભ, એ એની નવ્યતા-અપૂર્વતા-અગતાનુગતિકતા. દરેક જમાનાને તેથી જ પોતાના સાહિત્યકાર-કવિની અપેક્ષા રહે છે. એનો વિદ્રોહ કે એની ' અભૂતપૂર્વ ' દિશા-મંજલને ય એ વહાલથી સ્વીકારે છે, કારણ એ જાણે છે કે એના હાડમાં છે તે તો નિજી તાઝગી-સ્ફૂર્તિની ઝંખના. એ જાણે છે કે પરિસ્થિતિનું પોષણ તો સહાયક જ છે, મૂળ વિજયયશ મળવાનો છે સાહિત્યકારની પ્રતિભા, પ્રેરણાપળ અને તપશ્ચર્યાને.

વિજ્ઞાન-ટેકનોલોજીની અપૂર્વ સુસ્થિર, સંગીન, ત્વરિત આગેકૂચના આ સમયમાં સાહિત્ય આત્મવિશ્વાસ ખોઈ ' સમયાનુરૂપ ' થવા ન ધૂણે એવી ચેતવણી અપાતી રહે છે. એમાં યથાર્થતા છે. વિજ્ઞાનને સાહિત્ય ઉવેખી ન શકે. એમાં તેનું હિત નથી. જગત-જીવનનો વિજ્ઞાને નવો સંદર્ભ રચ્યો છે. સાહિત્યના સર્જન-અવબોધ-આસ્વાદમાં તેથી જ નવીન પરિમાણ ઉદ્ભવી ચૂક્યું છે. એનાં પ્રલોભનો-ભયસ્થાનો છે. તેમ આજના-આવતીકાલના સાહિત્યને એ માનવસંસ્કૃતિનું વરદાન પણ નથી ?

પ્રાચીન અને અર્વાચીન સંસ્કૃતિ તથા વૈદ્યકવિદ્યા

વૈદ્ય મણિભાઈ કાલીદાસ બ્રહ્મભટ્ટ

પ્રાચીન અને અર્વાચીન સંસ્કૃતિના પ્રવાહ અને તેની સામાજિક અસરને નિહાળતાં એ સ્પષ્ટ થાય છે કે પ્રાચીન આચાર્યોએ સમાજરચના, સ્વસ્થવૃત્ત, અને સદ્‌વૃત્તનો જે વ્યવહાર ઉપદેશેલ છે તે આજે પણ જગતને મૂંઝવી રહેલા કિલષ્ટ પ્રશ્નોનો એક માત્ર ઉકેલ છે. સહસ્રો વર્ષોના પરિપાકસ્વરૂપ રહેણીકરણી, અને આહારવિષયક ટેવોમાં આધુનિક વિજ્ઞાનનો સહારો લઈ જે પરિવર્તનો થયાં છે તેના દુષ્પરિણામરૂપ રોગસમૂહોની ઉત્પત્તિ અંગેનો પ્રકાશ હવે વૈજ્ઞાનિકોને પ્રાપ્ત થવા માંડ્યો છે અને પરિવર્તનની આ આંધળી દોટ સામે ચેતવણીના સૂર સંભળાવા શરૂ થયા છે.

માનવ શરૂઆતમાં શિકારીવૃત્તિ (Hunter gatherer) ધરાવતો હતો. તેની સ્થિતિ યાયાવરની હતી અર્થાત્ આજે અહીં તો કાલે તહીં જેવી તેની સ્થિતિ હતી. આ રીતે માનવ નાની નાની ટોળકીઓ બનાવીને શિકાર કરી તે પર નભતો હતો. રખડપટ્ટી અને એક જ સ્થળે વાસ કરવાની વૃત્તિના અભાવે તે ઔપસર્ગિક રોગો (Ingectious diseases)થી ભાગ્યે જ ગ્રસ્ત થતો હતો.

ઔપસર્ગિક રોગોના ફેલાવામાં માનવસમૂહમાં થતી વધઘટ પ્રધાનતયા કારણરૂપ છે અને તે સાથે જ ઝડપી વાહનવ્યવહાર પણ અગત્યતા ધરાવતું કારણ છે. વિશાળ એવું આ જગત ઝડપી વાહનવ્યવહારનાં સાધનોને લઈને ઝડપથી વધુ અને વધુ નાનું થતું જાય છે. ઔપસર્ગિક અને ભૌગોલિક રોગો દુનિયાના એક ભાગથી દૂરદૂરનાં સ્થાનોમાં ઝડપી વાહનવ્યવહારને લઈને પ્રસૃત થાય છે. માનવસંસ્કૃતિનો પ્રસાર નીચે પ્રમાણે થયો હોય એમ જણાય છે.

(૧) શિકારી વૃત્તિ ધરાવતો માનવ નાના નાના સમૂહોમાં રખડપટ્ટી કરતો હતો અને નિભાવ માટે મુખ્યત્વે શિકાર કરીને દિવસો પસાર કરતો હતો. સામાન્ય રીતે પ્રકૃતિના ખોળે રમતો તે અજાણપણે કુદરતના નિયમોને અનુસરતો હતો. (૨) સમય જતાં માનવ સ્થાયી થયો અને તેણે કૃષિને વ્યવસાય તરીકે સ્વીકારીને તેને જ જીવનનિર્વાહનું સાધન બનાવ્યું અને તેના પરિણામે (૩) નાનાં ગામડાંનું સર્જન થયું—માનવ વધુ મોટા સમૂહમાં રહેવા લાગ્યો. સમય જતાં ઝડપી ઔદ્યોગિક પ્રગતિના કારણે અને વ્યાપારાર્થે માનવપ્રવાહ ગામડાંઓમાંથી શહેરો તરફ વળ્યો.

નાના સમૂહમાં ભટકતા અને શિકારી વૃત્તિ પર નભતા માણસને પોતાનું છે એમ માનીને કંઈ પણ સાચવવાનું ન હતું અને તેથી તેને માનસિક ભારણ જેવું કંઈ જ ન હતું. સમય જતાં તેણે કૃષિને રોજી માટેનો ધંધો માનીને મોટા સમૂહમાં સ્થિર થવા માડયું ત્યારથી 'આ મારું છે.' અને તેની સાચવણી આવશ્યક છે એ જવાબદારીનું તેને ભાન થયું. તે સહવ્યવસાયીઓ સાથે ગામડાં વસાવી સ્થિર થયો—પાણી માટે કૂવા ખોદાવ્યા અને સામૂહિક ઉપયોગ માટે જલાશય બાંધ્યાં. આ રીતે સ્થાયી થતાં તેણે રહેવા માટે કાચાં ઘર બાંધ્યાં. તે સમયે તેને સ્વાસ્થ્યરક્ષા અંગે યોગ્ય

જ્ઞાન ન હતું. કુદરતી શકિતઓને તે દેવદેવીઓ તરીકે માનવા માંડ્યો. પાણીની શુદ્ધિ અને મળનો યોગ્ય રીતે નિકાલ કરવાના વિજ્ઞાનના અભાવે જલાશયનાં પાણી મળ અને મેલથી દૂષિત થતાં તે ચેપ ઉપસર્ગના ફેલાવા માટેનું એક સમૃદ્ધ ક્ષેત્ર બન્યું. ઉપસર્ગને લઈ સ્ત્રીઓ પ્રસૂતિકાલમાં અને બાળકો બાલ્યાવસ્થામાં જ મોટે ભાગે મૃત્યુને શરણ થતાં હતાં અને આથી જ આશ્રમવાસ કરતા ઋષિઓને મન ગ્રામ્યવાસ હિતકર ન હતો. જ્યારે ઋષિગણ ગ્રામ્યવાસ અને ગ્રામ્યાહારથી મન્દચેષ્ટ થતાં રોગસમૂહના હુમલાઓથી ત્રસ્ત થયો અને તે સાથે જ માનવસમૂહને રોગોથી ખૂબ જ દુઃખિત જોઈ તેમાંથી કેવી રીતે મુક્ત થવું તેનો ઉકેલ શોધવા માટે ભગવાન ઇંદ્રને શરણે ગયો ત્યારે તેઓના પ્રમુખ એવા ભારદ્વાજને ઇંદ્રે કહ્યું હતું કે 'ग्राम्यो हि वासोमूलमशस्तानाम्'— ગ્રામ્યવાસ જ આ બધાં દુખોનું કારણ છે. હે ઋષિઓ, આશ્રમવાસ જ શ્રેષ્ઠ છે ' પરંતુ આ સંસ્કૃતિ સામે અત્યારે ગામડાં નહિ પરંતુ મહાનગરો વિકસિત થઈ રહ્યાં છે.

સમય જતાં ઝડપી ઔદ્યોગીકરણને લઈને ગામડાંમાંથી માનવપ્રવાહ શહેરો ભણી વહેતો થાય છે અને શહેરોમાં વસતિ ગીચ અને વધુ ગીચ થતી જાય છે. ઝડપી વાહનવ્યવહારને લઈને અને જનસંખ્યામાં વિસ્ફોટના કારણે જગત વધુ નાનું અને સાંકડું થતું જાય છે. માંસ, ઈંડાં, અને બીજી ખાદ્ય ચીજો દુનિયાના એક ભાગમાંથી બીજા દૂરદૂરના ભાગોમાં ઝડપથી પહોંચવા માંડે છે અને તે સાથે જ આહારવિષમયતાનો પ્રસાર પણ થાય છે. ઓગણીસમા સદીમાં માનવબુદ્ધિએ પાણીની શુદ્ધિ અને મલમૂત્રાદિનો યોગ્ય નિષ્કાસનદ્વારા રોગના ચેપના ફેલાવાને તે રીતે પ્રસૃત થતાં અટકાવ્યો, પરંતુ વધુ ઝડપી વાહનવ્યવહારે ઉપસર્ગના ફેલાવાને વધુ ઝડપી બનાવ્યો. ઝડપી વાહનવ્યવહારની આ એક મોટી દેણ ગણી શકાય.

આ સમયે વૈજ્ઞાનિકોએ રોગપ્રતિરોધક રસી (Vaccines) વિકસાવી અને જીવનાશી (Antibiotics) ઔષધો વિકસાવ્યાં; પરંતુ જીવાણુઓને પણ જીવવું છે અને દરેકની જેમ તેમને પણ પોતાની પેઢી અને વંશવૃદ્ધિ જાળવવી હોય છે. તેઓએ જીવનાશી ઔષધોના સહવાસમાં જીવવાની ક્ષમતા કેળવવા માંડી અને ઘણાખરા જીવનાશી ઔષધો સામે ક્ષમતાપ્રાપ્ત તેવા જીવાણુઓ અસ્તિત્વમાં છે અને વૈજ્ઞાનિકો માટે શિરઃશૂલસમા નિવડ્યા છે. વૈજ્ઞાનિક વધુ શક્તિશાળી જીવનાશી ઔષધો વિકસાવે જાય છે અને આ દ્વન્દ્વ ચાલુ જ છે. 'જીવો અને જીવવા દો'નો પ્રાચીન આચાર્યોનો ઉપદેશ આજના વૈજ્ઞાનિકોને ગળે ઊતરશે એવા સંકેત હજુ જણાતા નથી. પ્રાચીન આચાર્યોને પણ જીવાણુ-ક્રિમિની રોગોત્પાદક શક્તિનો અનુભવ થયો હતો જ. આચાર્ય સુશ્રુતે 'सर्वाणि कुष्ठानि सक्रिमिणिसत्रिदोषाणि भवन्ति એમ સ્પષ્ટોપદેશ આપ્યો જ છે અને છતાંય તેઓએ આ સૂક્ષ્મ જીવસૃષ્ટિપર સીધો પ્રહાર કરવા સાથે જ દોષોની સમતા જાળવવા માટેના પ્રયાસને જ પ્રધાનતા આપી છે; તેઓના મતે બીજ કરતાં ક્ષેત્રને વધુ મહત્તા આપવામાં આવેલ જણાય છે અને તેથી જ આયુર્વેદના આચાર્યો વૈષ્ણવીશક્તિ— રોગપ્રતિરોધકબલ અથવા વ્યાધિબલવિરોધિત્વને (Immunity)ને વધુ મહત્ત્વ આપે છે. આધુનિકો આને અનુસર્યા છે અને આ ક્ષેત્ર ખૂબ જ વિકાસ પામ્યું છે.

સંસ્કાર, સંખ્યા, પેઢી, વિશ્વજનસંખ્યા અને સમાજના કદ અનુસાર ઉપસર્ગની સ્થિતિ નીચે પ્રમાણે હોય છે.

માનવપેઢીની સંખ્યાનુસાર માનવની સાસ્કૃતિક પરિવર્તનની સંખ્યાશ્રેણી, વિશ્વજનસંખ્યા અને માનવસમાજનું કદ*

ઈ. સ. ૧૯૭૦ પહેલાં	વિશ્વજન સંખ્યા પ્રયુતમાં	માનવપેઢીની સંખ્યા	સાંસ્કૃતિક સ્થિતિ	માનવસમાજનું કદ
૫,૦૦,૦૦૦	૦.૧	૨,૫૦૦૦	શિકારીવૃત્તિ અને આહાર એકઠો કરનાર	છૂટાછવાયા ભટકતા સમૂહ ૧૦૦ માનવી
૧૦,૦૦૦	૫	૫૦૦	કૃષિ વિકાસ	સામાન્ય રીતે છૂટાંછવાયાં ગામડાં ૩૦૦ની વસતિવાળાં
૬,૦૦૦	૫૦	૩૦૦	સિંચાઈયુક્ત કૃષિવિકાસ	૧૦૦,૦૦૦ની વસતિવાળાં થોડાં શહેર, મોટે ભાગે ગામડાં ૩૦૦ની વસતિવાળાં
૨૫૦	૬૦૦	૧૦	બાષ્પશક્તિનો વપરાશ	૫૦,૦૦,૦૦૦ની વસતિવાળાં કેટલાંક શહેરો, ૧,૦૦,૦૦૦ની વસતિવાળાં ઘણાં શહેરો, ૧,૦૦૦ની વસતિવાળાં થોડાંક ગામડાં
૧૩૦	૧,૦૦૦	૫	આરોગ્ય અંગેની સ્વચ્છતાના સુધારા દાખલ થયા	૫૦,૦૦,૦૦૦ની વસતિવાળાં કેટલાંક શહેરો, ૫,૦૦,૦૦૦ની વસતિવાળાં ઘણાં શહેરો, ૧,૦૦૦ની વસતિવાળાં થોડાંક ગામડાં
૦	૩,૫૦૦	—	આધુનિક સંસ્કારવાળો શહેરી માનવ	૫૦,૦૦,૦૦૦ની વસતિવાળાં કેટલાંક શહેરો, ૫૦,૦૦,૦૦૦ની વસતિવાળાં ઘણાં શહેરો, ૧,૦૦૦ની વસતિવાળાં થોડાંક ગામડાં

* Prof. Frank Fenner, John Curten School of Medical Research Dept. of Virology, Australian National University, Canberra.

ઊર્ધ્વશ્વાસ પ્રણાલીની શ્લૈષ્મિકકલાનો ઉપસર્ગ કે જેને લઈને 'શરદી' થાય છે તે Rhinovirus નામના વિષાણુને લઈને તથા કેટલાક શ્વાસપ્રણાલીના વિષાણુઓને લઈને થાય છે. વારંવાર આવતા શરદીના હુમલાઓ માટે ૮૦ જેટલા વિષાણુ જવાબદાર છે. છૂટાછવાયા નાના સમૂહોમાં રહેતા માણસોમાં 'શરદી' ચાલુ રહેતી નથી. આનો સારામાં સારો દાખલો સ્પીટ્ઝબર્ગેનના લોંગઈયર સીટીનો છે (આ દાખલો જ્યારે લોંગઈયરસીટી જગત સાથે હવાઈ માર્ગ વડે જોડાએલ ન હતું ત્યારનો છે.)

ઑક્ટોમ્બર માસમાં લોંગઇયિરસીટીના બંદરનું બારું પાણી થીજી જતાં, બંધ થઈ જતું હતું અને તેથી મે માસમાં ફરીથી બારું ન ખૂલે ત્યાં સુધી તેનો બાહ્ય જગત સાથેનો ભૌતિક વ્યવહાર સર્વથા કપાઈ જતો હતો. ઉત્તરધ્રુવની સખત ઠંડીમાં પણ આ સમય દરમ્યાન લોંગઈયર-સીટીમાં કોઈ ને પણ શરદી થતી ન હતી. પરંતુ મે માસમાં પ્રથમ જહાજ બંદરમાં દાખલ થતાં જ જનપદોધ્વંસકરૂપમાં શરદીના ભયંકર હુમલા લોંગઈયરસીટીમાં શરૂ થઈ જતા હતા. આથી એ સ્પષ્ટ થાય છે કે ઝડપી વાહનવ્યવહાર અને મોટા સમૂહોમાં વસવાટ વિષાણુઓના ફેલાવા માટે કારણરૂપ છે. પ્રાચીન સમયમાં દૂર દૂરના આશ્રમોમાં આશ્રમવાસ કરતા ઋષિમુનિઓ આ જાણતા હતા એમ ઇન્દ્રના ઉપદેશથી સિદ્ધ થાય છે. અત્યારનો વિસ્ફોટ-વસતિવધારો પણ આમાં કારણરૂપ છે.

સંસ્કૃતિ અનુસાર ઉપસર્ગ

(૧) જ્યારે માનવ શિકારીવૃત્તિ ધરાવતો હતો ત્યારે પેદા થતા ઉપસર્ગ :—

પ્રાણીઓના સંસર્ગ અને માંસથી પેદા થતા ઉપસર્ગ :—Arbovirus, Rickettsias, Rabies, Salmonellas

આ સ્થિતિમાં પેદા ન થનારા ઉપસર્ગો :—Human viral diseases-Acute respiratory or enteric diseases Generalized-Measles, smallpox. Some human bacterial intections ? Typhoid, Dysentery.

(૨) પ્રારંભિક ગામડામાં રહેતા માનવમાં ઉપસર્ગ :—પેદા થતા ઉપસર્ગ-શિકારીવૃત્તિ ધરાવતા માનવને થતા બધા જ ઉપસર્ગ :—Enteric bacterial infections Some respiratory infections.

પેદા ન થતા ઉપસર્ગ :—Measles, smallpox, Rubella (રોમાંતિકા, બળિયા, અછબડા) Some human respiratory viruses. Some human enteric viruses.

(૩) શહેરોના રહીશોમાં પેદા થતા ઉપસર્ગ :—પ્રારંભિક શહેરોમાં રહેતા માનવોમાં ઉપસર્ગની વધુમાં વધુ શકયતા—બધા જ રોગો.

મોટાં શહેરોના રહીશોમાં ઉપસર્ગ—Respiratory viruses Venereal viruses

પેદા ન થતા ઉપસર્ગ અથવા કાબુમાં લેવાએલ ઉપસર્ગ	Enteric viruses-Controlled due to clean water કેટલાક વિશિષ્ટ ઉપસર્ગ-Controlled with Vaccination ઘણા તૃણાણુજનિત ઉપસર્ગ-Controlled with Chemotherapy.

માનવસંસ્કૃતિમાં થતા પરિવર્તનથી પેદા થતા ઉપસર્ગજનિત રોગ અંગે પ્રો. ફ્રેંક ફેનરના મંતવ્યને પ્રાચીન આચાર્યોપદિષ્ટ વ્યવહારથી સમર્થિત થતું આપણે જોયું.

Infectious disease and Social Change—Frank Fenner in Medical Journal of Australia 15 May, 1971.

આધુનિક સંસ્કૃતિ અને વિજ્ઞાનવાદ

માણસે જ્યારે અનાજનો આહાર તરીકે પહેલી વાર ઉપયોગ કર્યો ત્યારે તેને આહારને પકવવા માટેની શક્તિસ્વરૂપ અગ્નિની મહત્તાનો અનુભવ થયો. સૌપ્રથમ 'પુરોડાશ' અગ્નિમાં શેકીને તૈયાર કરવામાં આવ્યો અને માનવ શેકેલા રોટલા અને દૂધનો ઉપયોગ કરવા લાગ્યો અને આ સાથે જ તે ફળોનો ઉપયોગ કરતો હતો. સમય જતાં દહીં, માખણ અને તેલનો ઉપયોગ કરવા માંડ્યો અને આહારશાસ્ત્ર અને પોષણશાસ્ત્ર અંગે તેને ખ્યાલ આવ્યો અને પછી તો તે અંગેના અનુભવોની હારમાળાઓમાંથી માનવે આ બન્ને શાખાઓને સમૃદ્ધ કરી. આહારદ્રવ્યગત બૃહણ અને અપતર્પણ ગુણો અંગેના વિસ્તૃત અભ્યાસથી તેઓની માંસ અને મેદને વધારવાની અને મેદાદોષને દૂર કરવાની શારીરક્રિયાવિષયક અસર સિદ્ધ થઈ. ગુરુ અને લઘુગુણોનો નિશ્ચય કરવામાં આવ્યો અને સ્વાસ્થ્યરક્ષા માટે તે જ્ઞાનને વ્યવહારમાં મૂકવામાં આવ્યું. ઘઉં, જવ, બાજરી વગેરેનો લોટ તૈયાર કરવામાં ઘંટી સાચે જ એક ક્રાંતિકારી શોધ પુરવાર થઈ. જાડા રોટલા, દૂધ, છાશ, દહીં, દાળ અને શાકનો આહાર કરતી પ્રજાનું સ્વાસ્થ્ય ખૂબ જ સારું રહેતું હતું એમ જણાય છે. મોટે ભાગે તેમાં કાર્બોદિતનું પ્રમાણ વધુ રહેતું હતું પરંતુ પ્રોટીન અને સ્નેહની આહારમાં ખામી ન હતી. તાજાં ફળો અને શાકભાજીમાંથી વિટામીન અને ક્ષારો મળતાં હતાં. માંસનો વપરાશ, ઈંડાં વગેરે પણ ચાલુ જ હતાં. પૂરતા રેષા અને મલોત્પાદક તત્ત્વસભર આહારને લઈને કબજિયાતની ફરીઆદ રહેતી ન હતી. માનવ પોતાની રોજી પ્રાપ્ત કરવા માટે ખૂબ જ શ્રમ કરતો હતો અને તેથી શરીરના બધા જ પરમાણુ(cells)ને ઉત્તેજના પ્રાપ્ત થતી હતી. પરંતુ આધુનિક કાલમાં ઝડપી ઔદ્યોગીકરણ અને વિજ્ઞાનથી સમૃદ્ધ થતી પ્રજામાં આર્થિક રીતે જેમ જેમ સદ્ધરતા પ્રાપ્ત થતી ગઈ તેમ તેમ પ્રજાના આહારમાં પણ ફેરફાર થતો ગયો. આર્થિક રીતે ઉન્નત અમેરિકામાં આહારમાં ૬૦% જેટલી ચરબી-સ્નેહનો ઉપયોગ થાય છે અને વપરાતા સ્નેહનો મોટો ભાગ પ્રાણીજ ચરબીનો હોય છે. આ સંતૃપ્ત સ્નેહ(Saturated fats)થી શરીરમાં cholesterolનું પ્રમાણ વધે છે અને ધમનીજરઠતા પેદા થાય છે. ધમનીઓની દિવાલાભ્યન્તરમાં તેનો જમાવ થતાં કરંભજરઠય(Atherosclerosis)અથવા ધમન્યુપલેપ પેદા થાય છે અને હૃદ્ધમનીમાં આ વિકૃતિ પેદા થતાં હૃદ્રોગનું પ્રમાણ વધતું જાય છે. આ સાથે જ વિજ્ઞાનની મદદ વડે આ યંત્રયુગમાં શરીરને બને તેટલો ઓછો શ્રમ પડે તે માટે વિવિધયંત્રો અને ઉપકરણોનો ઉપયોગ કરવામાં આવે છે. વ્યાયામની મહત્તા ભુલાતી જાય છે. અને પરિણામે હૃદ્ધમની વિકાર, મધુમેહાદિ વિકારો વધતા જાય છે.

વેદકાલમાં અને તે પછીના સમયમાં પણ માંસનો વ્યાપક ઉપયોગ કરવામાં આવતો હતો. આચાર્ય ચરકે પણ मांसं बृंहणीयानामग्र्यम् એમ કહી તેના ગુણ ગાયા છે પરંતુ ભગવાન બુદ્ધ અને મહાવીરના ઉપદેશને ઝીલીને ભારતની પ્રજા અને તેમાં પણ ગુજરાતમાં લોકોએ માંસાહારનો ત્યાગ કર્યો જણાય છે. આમાં પણ જૈન સંસ્કૃતિનો ફાળો વિશેષે કરીને 'માંસભક્ષણ'ને છોડાવવામાં મહત્ત્વનો છે. આ મહાન આચાર્યોનો ઉપદેશ હવે પશ્ચિમની પ્રજાને પણ સમજાવા લાગ્યો છે. હૃષ્ટપુષ્ટ થવા માટે પ્રાણીજ આહાર આવશ્યક છે એમ માનતા આજના યુવાનો સામે ડૉ. હેડન (Haddon)નો અનુભવ-સ્વાનુભવ મૂકીએ છીએ—ડૉ. હેડન પોતાનો સ્વાનુભવ વર્ણવતાં

જણાવે છે કે આહારમાં પ્રાણીજ દ્રવ્યોનો ત્યાગ કરવાથી (૧) પાચનતંત્રમાં સુધારો જણાય છે, (૨) ઉંઘ સારી આવે છે, (૩) શક્તિ વધે છે, (૪) તરસ લાગતી નથી, (૫) ચેતાતંત્રની શક્તિમાં વધારો થાય છે, (૬) હૃદયના ધબકારાની અનિયમિતતા દૂર થાય છે, (૭) દેહનું તાપમાન વધે છે (૮) અને પ્રાણીજ દ્રવ્યો આહાર તરીકે સ્વીકારવાની ના પાડવાની નૈતિક હિંમત વધે છે.[1] આ સાથે જ કેવલ નિરામિષ આહાર વડે સંપૂર્ણ રીતે સ્વસ્થ રહી શકાય છે તેનો દાખલો ટ્રેપીસ્ટ સંતોના આહારમાંથી મળી રહે છે. ઈ. સ. ૧૯૬૯ના એપ્રિલના પોષણવિષયક લેખમાં ' World Health 'માં જણાવવામાં આવ્યું છે કે વનસ્પતિજનિત આહાર કરીને માનવ સંપૂર્ણ સ્વસ્થ રહી શકે છે. ટ્રેપીસ્ટ સંતો (Trappist monks) કે જે ખૂબ જ શ્રમવાળી જિંદગી ભોગવે છે અને વારંવાર ધાર્મિક ક્રિયા અંગે ગાઢ નિદ્રા લઈ શકતા નથી તેમ જ સંપૂર્ણ શાંતિના વાતાવરણમાં રહે છે, તેઓ વારંવાર કરવામાં આવેલ શારીરિક તપાસમાં સંપૂર્ણ સ્વસ્થ જણાયા હતા અને તેઓની જિંદગી માંસાહાર કરનારાઓ કરતાં લાંબી જણાઈ હતી. તેઓનો ખોરાક રોટલી, દાળ, રાબ, શાક, ફળો અને દૂધનો હોય છે.

તેઓ ઇંડાનો પણ ઉપયોગ કરતા નથી. આજનો યુવાન જે પશ્ચિમની સંસ્કૃતિનું અંધાનુકરણ કરી રહ્યો છે તેની આંખ ઉઘાડતો તંત્રીલેખ નીચે ઉદ્દૃત કરીએ છીએ :

ઈ. સ. ૧૯૭૦ની ૨૨મી ઓગસ્ટના ' સાઉથ આફ્રિકન મેડિકલ જર્નલ 'માં તેના તંત્રીલેખમાં તંત્રીએ હૈયાવરાળ ઠાલવતાં લખ્યું છે કે ' શરીરની ક્રિયાસમૂહની સમતા જાળવવા માટે સમતોલ અને શરીર માટે આવશ્યક ખોરાકની આવશ્યકતા રહે છે, પરંતુ પાશ્ચિમાત્ય સભ્યતામાં હવે આહાર તૈયાર મળવા માંડ્યો છે અને તેના સ્વાદને સ્વીકાર્ય બનાવવા માટે તેમાં કૃત્રિમ દ્રવ્યો ઉમેરવામાં આવે છે, પરંતુ તે સમજવું જરૂરી છે કે આ જાતનો ફેરફાર શરીર માટે હાનિકારક છે. વધુ પડતા કાર્બોદિતના વપરાશથી સ્થૂલતા અને મધુમેહ થાય છે અને પ્રાણીજ ચરબી કરંભાર્બુદ (Atheroma) પેદા કરે છે.

પરિષ્કૃત ખોરાક અને ખોરાકમાં રેષા (Fibres in the Diet)

આધુનિક સંસ્કૃતિમાં વિજ્ઞાનની મદદ વડે આહાર વધુ પરિષ્કૃત (Refined) થવા માંડ્યો છે. હાથઘંટીની જગ્યા યાંત્રિક ઘંટી (Flourmills)એ લીધી છે અને તે વડે તૈયાર થતા લોટમાં રેષા (Fibres) નહિવત્ રહેવા માંડ્યાછે અને સુંદર ફુલકા બનાવવા માટે તેનો પણ ચાળીને ઉપયોગ કરવામાં આવે છે. આથી આગળ વધીને હવે Roller flourmillsનો ઉપયોગ

---

1 Dr. Hadden read a paper on the effect of the elimination of all animal products from the diet. These were in his own case (1) Improved digestion (2) Ability to sleep (3) Increased vigor (4) No thirst (5) Improved tone of the nervous system (6) Cessation of intermittent action of the heart (7) Rise of body temperature (8) A higher moral tone brought about by the self-denial required in giving up all animal foods.

Dr. Hadden-Elimination of animal products from food.
B. M. of 15 Feb 1900

થત્રા માંસ્રો અને રેષા નિઃશેષ થઈ ગયા. વિજ્ઞાનયુગની આ સભ્યતા ‘ અંધસ્યૂન (Diverticulosis) નામના રોગને કે જેનું નામ પણ કોઈને જ્ઞાત ન હતું તેને ઈંગ્લેન્ડની ધરતી પર જ નહિ ભારતમાં પણ લઈ આવી છે. ફલશ્લેષ્મક (Fruit jelly) વગેરેના વપરાશે પણ રેષાનો વપરાશ દૂર કર્યો છે. ચરકાદિ આચાર્યોએ તો મેંદો અને તેની બનાવટોનો મર્યાદિત ઉપયોગ કરવાની અથવા ન કરવાની સ્પષ્ટ સલાહ આપી છે.[1]

પહેલાંના સમયમાં વપરાતા લોટ અને દાળમાં રહેલ રેષાના પ્રમાણને પરિષ્કૃત આહારે દૂર કરેલ છે. પરિષ્કૃત ખાંડનો વપરાશ વધ્યો છે. જ્યાં ઔદ્યોગીકરણ મોટા પ્રમાણમાં થયેલ છે ત્યાં તો પરિષ્કૃત આહારનો જ ઉપયોગ થાય છે. વધતી જતી સમૃદ્ધિ, ઝડપી વાહનવ્યવહાર, પ્રશીતન (Refrigeration) વગેરેને લઈને બીજી આહારની ચીજો પણ સોંઘી થઈ છે. માંસની આયાત વધી છે. પરિષ્કૃત ખોરાક અને ફ્લપાક (gam) જેમાં ૬૦% ખાંડ હોય છે તે ગરીબમાં ગરીબ માણસના આહારના ભાગરૂપ બની છે. ઈ.સ. ૧૮૬૫થી ૧૮૯૦ સુધીના ગાળામાં પરિષ્કૃત ખાંડની વપરાશમાં બમણો વધારો થયો છે અને બ્રેડની વપરાશ ઘટી છે. વધુ પડતી પરિષ્કૃત ખાંડ અને ચરબીના વપરાશથી તેમ જ વ્યાયામાભાવને લઈને સ્થૂલતા, મધુમેહ, હૃદ્ધમનીવિકાર વગેરેનું પ્રમાણ વધતું જાય છે. જે માણસ તેના પ્રાકૃત વજન કરતાં ૨૦% વધુ વજન ધરાવે છે તેનું મૃત્યુ વહેલું થવાની ૧૨૫ % શકયતા રહે છે અને એ તો જાણીતું જ છે કે કૃશ માણસ કરતાં સ્થૂલ માણસમાં મધુમેહ અને હૃદ્ધમનીવિકાર પ્રમાણમાં વધુ હોય છે એમ જ નથી પરંતુ સ્થૂલ માણસમાં કેન્સર, ન્યુમોનિયા, ઈન્ફ્લ્યુએંઝા અને પાચનતંત્રના વિકારો પણ વધુ પ્રમાણમાં જોવા મળે છે.

નાનાં બાળકોમાં પણ સ્થૂલતાને લઈને સંવાતનાલ્પતા (Under-ventilation) પેદા થાય છે અને ફેફસાંમાં સંચિત થયેલ કફને કાઢવા ખાંસી પણ બરોબર જોરથી ખાઈ શકાતી નથી અને ઉપસર્ગનો ભય વિશેષ રહે છે.

અંધસ્યૂન કે જે પરિષ્કૃત આહારની દેણ છે તે માટે ઈ. સ. ૧૮૧૫માં ફ્લેઈશમેને (Fleishman) Diverkel શબ્દનો પ્રયોગ કર્યો હતો. ઓગણીસમી સદી પહેલાં શલ્યવિદોએ અંધસ્યૂનને એક અજાયબી તરીકે જ નિહાળ્યું હતું અને છતાંય તેમાં પેદા થતા ઉપદ્રવોનો તેઓએ સાચો અને સ્પષ્ટ ઉલ્લેખ કર્યો હતો. તેઓનો સંપ્રાપ્તિવિષયક સિદ્ધાંત અજાયબભરી રીતે સાચો હતો અને એક સદી પછી સીનેરેડીઓગ્રાફી અને પીડનમાપકયંત્રો લબ્ધ થતાં એ સ્પષ્ટતા પ્રાપ્ત થઈ કે અંધસ્યૂનની ઉત્પત્તિમાં સ્થૂલાંત્રમાં સૂક્ષ્મ બસ્તિમાં વિભાજનને લઈને થતો ક્રિયાવિષયક-રોધ જવાબદાર છે. મૃતકપરીક્ષાથી એ સ્પષ્ટ થયું કે ૪૦ વર્ષની ઉંમર પહેલાં અંધસ્યૂનનો આપાત નગણ્ય હોય છે. ડૉ. મેયોના મતાનુસાર ૪૦ વર્ષથી ઉપરની વ્યક્તિઓમાં ૫%ને અંધસ્યૂન હોય છે. અમેરિકા, ઇંગ્લેન્ડ, ફ્રાન્સ અને ઓસ્ટ્રેલિયામાં કરવામાં આવેલ છેલ્લી મોજણી અનુસાર અંધસ્યૂનનો આપાત હમણાં હમણાંનો ખૂબ જ વધી ગયો છે. મોજણી અનુસાર ૪૦ વર્ષથી ઉપરની ઉંમરવાળી વ્યક્તિઓમાં અંધસ્યૂન અડધાથી એક તૃતીયાંશ ભાગની વ્યક્તિઓમાં દશ્ય

---

१ गुरुपिष्टमयं तस्यात् तण्डुलान् पृथुकानपि ।
न जातु भुक्तवान् खादेत् मात्रां खादेत् बुभुक्षितः ॥ चरक. सू. अ. ५/३

હતું જ્યારે ૮૦ વર્ષથી ઉપરની ઉંમરવાળી વ્યક્તિઓમાં બે તૃતીયાંશ વ્યક્તિઓમાં જણાયું હતું, ઈ. સ. ૧૯૦૦માં ઓસ્ટ્રેલિયામાં અંધસ્યૂન લગભગ અજ્ઞાત હતું પરંતુ છેલ્લાં ૭૦ વર્ષોમાં અહીં તે સ્થૂલાંત્રનો સામાન્યમાં સામાન્ય વ્યાધિ થઈ પડ્યો છે.

એ યાદ રાખવું જરૂરી છે કે અંધસ્યૂન(Diverticulosis)ની ઉત્પત્તિમાં સ્થૂલાંત્રના પર્યાવરણમાં ફેરફાર થયા પછી પણ લગભગ ૪૦ વર્ષ લાગે છે અને તેથી જ્યાં સુધી વ્યક્તિ તેના હંમેશના આહારમાં તેની અર્ધી જિંદગી સુધી કરેલ ફેરફાર પ્રમાણે ભોજન ન કરે ત્યાં સુધી વિકારોત્પત્તિ જણાતી નથી: આ રીતે જોતાં જ્યાં અંધસ્યૂનનો આપાત ઊંચો છે ત્યાં પણ જ્યાં સુધી ખોરાકનો ફેરફાર અને પર્યાવરણ લાંબા સમય સુધી કાર્યકારી ન બનેલ હોય ત્યાં સુધી અંધસ્યૂનની ઉત્પત્તિ થતી નથી. અત્યારે પણ આફ્રિકાના સહરાપ્રદેશમાં અંધસ્યૂનનો વિકાર થતો નથી. આ રોગ આફ્રિકા, ચીન અને મલાયા જેવા દેશોમાં અપેક્ષયા અલ્પ પ્રમાણમાં જોવા મળે છે. એ સ્પષ્ટ છે કે **જે લોકોની ખાવાની ટેવમાં ખાસ ફેર પડ્યો નથી (પરિષ્કૃત આહાર અને પરિષ્કૃત ખાંડ) તેવાઓને અંધસ્યૂનવિકાર થતો નથી.**

ભૂરિમલ આહાર (High residue diet) : રેષાવાળા ખોરાકને બદલે અલ્પમલ ખોરાક (Law residue diet) વાપરવાથી જો અંધસ્યૂનનોત્પત્તિ થતી હોય તો તેને પેદા થતાં ૪૦ વર્ષ લાગે. ઇ.સ. ૧૮૮૦ પછી ૪૦ વર્ષે આ સામાન્ય થાય અને તે રીતે ઇ.સ.૧૯૨૦માં અંધસ્યૂન ઇંગ્લેન્ડમાં સામાન્ય થયું છે. **એ યાદ રાખવું જરૂરી છે કે આંત્રપુચ્છશોથ (Appendicitis)પણ પરિષ્કૃત આહાર અને પરિષ્કૃત ખાંડના વપરાશથી પેદા થાય છે.**

ભૂરિમલ ખોરાક કે જેમાં પૂરતા પ્રમાણમાં રેષા હોય છે તે નીચે પ્રમાણે અંધસ્યૂનની ઉત્પત્તિને અટકાવે છે:

(૧) સ્થૂલાંત્ર કે જે મોટા પ્રમાણમાં મલને ધારણ કરે છે અને તેની સાથે કામ લેછે તેમાં અંધસ્યૂનોત્પત્તિ ઓછી થાય છે. આવા મોટા વ્યાસવાળા સ્થૂલાંત્રમાં અલ્પ વ્યાસવાળા સ્થૂલાંત્ર કરતાં ખંડીકરણ ક્રિયા ઓછી શક્તિશાળી હોઈ અંધસ્યૂનોત્પત્તિ ઓછી થાય છે.

(૨) આફ્રિકન વ્યક્તિઓમાં પુરીષોત્સર્ગ ૪૮ કલાકમાં થાય છે જ્યારે ઇંગ્લેન્ડવાસીઓને પુરીષોત્સર્ગ માટે તેથી બમણો સમય લાગે છે. આ રીતે આફ્રિકનનાં સ્થૂલાંત્રમાંથી જલનું શોષણ અંગ્રેજના સ્થૂલાંત્ર કરતાં પ્રમાણમાં ઓછું થાય છે, અને તેથી આફ્રિકનના સ્થૂલાંત્રને પ્રમાણમાં અલ્પઘનમલને ધકેલવાનો હોય છે અને તેથી મલને ધકેલવા માટે સ્થૂલાંત્રમાં અલ્પપીડનની જરૂર રહે છે અને તેથી આંત્રબંધકતંતુઓમાં અલ્પતનાવ પેદા થાય છે અને અંધસ્યૂનોત્પત્તિ થતી નથી.

(૩) પશ્ચિમના દેશોમાં કેટલાક રીતરિવાજોને લઈને કેટલીક વખત પુરીષોત્સર્ગેચ્છા અટકાવવી પડે છે, અને આથી ઝાડો સુકાય છે અને તેથી તેને ધકેલવા માટે વધુ પીડનની જરૂર પડે છે. જ્યારે દક્ષિણ આફ્રિકાનો બાંટુ અથવા ભારતનો ગામડિયો કરાંજ્યા સિવાય મોટા પ્રમાણમાં ઢીલો ઝાડો પસાર કરે છે.

જો ખોરાકમાં રેષાની ઉણપને લઈને અંધસ્યૂનોત્પત્તિ થતી હોય તો રેષાની પૂર્તિ કરનાર થૂલીનો પ્રયોગ કરવાથી અંધસ્યૂનનાં લક્ષણોમાં ઘટાડો થવો જોઈએ અને

તે પ્રમાણે થુલીના ઉપયોગથી અંધસ્યૂનથી પીડાતા ૭૦૦ દરદીઓમાંથી ૮૦ ટકા દરદીઓમાં ઉદરશૂલ અને આફરો તદ્દન મટી ગયાં હતાં. એક દરદી કે જેને ડાબી બાજુ થતા તીવ્રશૂલ માટે Renal colic (વૃક્કશૂલ)નું નિદાન કરવામાં આવ્યું હતું તે પણ ભૂરિમલાહારથી–થૂલીના પ્રયોગથી મટી ગયું હતું. એ સ્પષ્ટ થયું છે કે અંધસ્યૂનોત્પન્ન દુઃખકારક લક્ષણોને ખોરાકમાં થુલું ઉમેરવાથી ઓછાં કરી શકાય છે અથવા મટાડી શકાય છે.

પરિષ્કૃત આહાર અને અવ્યાયામ

ઓછામાં ઓછો શ્રમ અને પરિષ્કૃત આહારનો ઉપયોગ એ આધુનિક સભ્યતાની એક વધુ દેણ છે કે જે હૃદ્ધમનીવિકારો માટે જવાબદાર સિદ્ધ થઈ છે. વધુ પડતી ચરબી અને કાર્બોદિતનો ઉપયોગ હૃદ્ધમની વિકારોત્પત્તિ માટે જવાબદાર ગણાય છે. પ્રાચીનકાલમાં 'सदा धूमपो भवेत्' અર્થાત્ હંમેશાં ધૂમપાનનું સેવન કરવું એવો ઉપદેશ આચાર્યોએ આપેલો છે પરંતુ તે તો શારીર-સ્વાસ્થ્ય ટકાવવા માટે વધેલા કફની શાંતિ કરી દોષોની સમતા જાળવવા માટેનો સ્વસ્થવૃત્તનો એક ભાગ હતો. ધૂમમાં તંબાકુ વપરાતી ન હતી. આજે તો સિગારેટનો પ્રચૂર ઉપયોગ થઈ રહ્યો છે અને તંબાકુના આ વ્યાપક ઉપયોગથી પેદા થતા વિકારોએ વૈજ્ઞાનિકોને આભા બનાવી દીધા છે. હવે તો 'આ હાનિકારક અને ઝેરી છે' એવી ચેતવણીઓ આ માટે આપવામાં આવી રહી છે, અને છતાંય તેનો વપરાશ ઘટતો નથી, વધ્યે જાય છે. આ પણ આધુનિક સભ્યતા જ છે ને ? હૃદ્ધમનીવિકારમાં આ પણ મહત્ત્વનું કારણ પુરવાર થયું છે. પ્રાચીન કાળમાં પણ માનવ હૃદ્ધમનીવિકારથી પીડાતો હતો. તેના દાખલા પ્રાપ્ત થયા છે એટલે તે સમયે પણ સ્વસ્થવૃત્તના પાલનમાં વિક્ષેપ ચાલુ હશે જ એમ માની શકાય. રૂફર(Ruffer)નાં સંશોધન એ સ્પષ્ટતા આપે છે. કરંભજારઠ્ય (Atherosclerosis) ઈ. સ. પૂર્વે ૧૫૦૦ વર્ષ પહેલાંના ઇજિપ્ત-વાસીઓમાં અત્યારનાં જેટલું જ પ્રચલિત હોય એમ જણાયું છે. ડૉ. બોઇડનું કહેવું છે કે Pharahને બૃહદ્ધમની અને હૃદ્ધમનીનું જારઠ્ય હતું અને તેથી આ વિકૃતિના કારણરૂપ દોષ સિગારેટ અને આધુનિક આહાર પર ઢોળવામાં આવે છે તે સંપૂર્ણપણે યોગ્ય નથી. અત્યારે તો વૈજ્ઞાનિકો હૃદ્ધમનીવિકારનું પ્રધાન કારણ 'અપૂરતો વ્યાયામ છે' એમ જણાવવા માંડ્યા છે. આયુર્વેદના આચાર્યો વ્યાયામને વયઃસ્થાપન અને જરા-વાર્ધક્યને અટકાવનાર ગણાવે છે. આર. ફ્યોડોરોવ(R–Fyodorov)ના મતાનુસાર હૃદ્ધમની વિકારનું પ્રધાન અને પ્રાથમિક કારણ અપૂરતો વ્યાયામ છે.×

× The dominant opinion shared by all is that the primary cause of cardiac diseases is hypodynaemia, the lack of sufficient movement resulting from the sedentary life of modern people. It is quite possible that the man of the future, a sturdy man, in sound health will never know cardiac diseases, for the simple reason that he will not board a bus to go to work, but will take a short run to his job. Instead of having a smoke during an interval in work, he will perform some physical exercises with dumb-belts, or take a turn on a horizontal bar and experience more pleasure from exerting his muscles, than inhaling tobacco smoke.

—R. Fyadorov, in Union of scalpel and Transistor in heart treatment.

આધુનિક સમાજના બેઠાખાઉ માણસોમાં હલનચલનનો અભાવ એ હૃદ્ધમનીવિકારનું પ્રધાન કારણ છે. એ શક્ય છે કે ભવિષ્યનો શ્રમનું મહત્ત્વ સમજનાર શક્તિશાળી માનવ એ પણ નહિ જાણતો હોય કે હૃદ્રોગ શું છે? કારણ કે તે ઑફિસ અથવા કારખાનામાં જવા માટે બસમાં ચઢવા કરતાં નાની દોટ મૂકવાનું જ પસંદ કરતો હશે અને કામના અવકાશના સમયમાં બીડી પીવાને બદલે વ્યાયામ કરીને શરીરના અવયવોને ઉત્તેજિત કરતો હશે. આથી એ સ્પષ્ટતા પ્રાપ્ત થાય છે કે પ્રાચીન કાળમાં પણ સમાજનો ધનવાન વર્ગ આરામને 'અવ્યાયામ'ને સામાજિક મહત્ત્વ આપતો હશે કારણું તેઓને આવા ધમનીવિકારો થતા જ હતા એ સ્પષ્ટતા પ્રાપ્ત થઈ છે. માનવમન બધા જ યુગોમાં વાંદરા જેવું જ રહ્યું જણાય છે. એટલે તે રીતે જોતાં સંસ્કૃતિની અસરમાં વધઘટ જ થાય છે એમ તારણ નીકળી શકે.

લોઈડ મોર્ગનના મતાનુસાર અઠવાડિયામાં ચાર વખત ભારે વ્યાયામ કરવાથી (જેમાં હૃદયના ધબકારા અમુક સમય સુધી દર મિનિટે ૧૫૦ થાય તે રીતે) હૃદ્ધમનીવિકારમાં અલ્પતા પેદા થાય છે. રકતગત cholesterol ઘટે છે જે વ્યાયામ કર્યા પછી બે દિવસ સુધી ટકે છે અને રક્તપીડન (Blood pressure) ઘટે છે. Laurieના મતાનુસાર વ્યાયામ કરવાથી ૭૫% સ્વસ્થ મનુષ્યોમાં હૃદ્ધમનીમાં જે ધમનીજાલબંધન (Arterial anastomosis) હોય છે તેની જાળવણી અને પુનઃપ્રાપ્તિ થઈ શકે છે. આથી સ્પષ્ટ થાય છે કે આ યંત્રયુગમાં આધુનિક સભ્યતા જે માનવશકિત માટે અલ્પ અથવા નહિવત્ શક્તિથી કાર્યસમ્પન્ન કરવા માટે નવાં નવાં યંત્રો અને ઉપકરણોનો ઉપયોગ કરવાંમાંજ માને છે તેજ હૃદ્ધમનીવિકાર, મધુમેહ આદિની જગતને દેણ માટે જવાબદાર છે.

પરિષ્કૃત આહાર અને વાર્ધક્ય

આધુનિક સભ્યતાને જેને માટે જવાબદાર ગણવામાં આવે છે તેવા ઝડપથી શારીરિક વૃદ્ધિ કરનાર પરિષ્કૃત આહાર અને તેને લઈને જીવનમાનમાં ઘટાડો અને આયુવાર્ધક્ય જે તેની એક મોટી દેણ છે તે અંગે આપણે વિચારીએ.

પરિષ્કૃત ખોરાકના ઉપયોગથી અને બાળકોમાં ધાવણને બદલે ગાયનું દૂધ કે જેમાં ધાવણ કરતાં સાડાત્રણ ઘણું પ્રોટીન છે તેનો બધી જ ઉંમરનાં બાળકોમાં ઉપયોગ કરવાથી તેઓ ઝડપથી પુખ્તતાને પ્રાપ્ત થાય છે. પ્રથમ રજોદર્શનનો સમય (Menarche) છેલ્લાં ૮૦ થી ૧૦૦ વર્ષના ગાળામાં દર દસ વર્ષે ૪ માસના હિસાબે યુરોપના દેશોમાં ઘટી રહ્યો છે. ગ્રેટબ્રિટનમાં પણ છેલ્લાં પંદર વર્ષમાં રજોદર્શનની વયમાં સરાસરી ૭ માસનો ઘટાડો થયેલો જણાયો છે. વધારામાં એ હકીકત પુરવાર થઈ છે કે બાળાઓ અને છોકરાઓમાં પહેલાંનાં કરતા ઓછી ઉંમરે વૃદ્ધિ અટકી જાય છે.

એ નિશ્ચિત હકીકત છે કે માનવ જે ઉંમરે તેની સંપૂર્ણ વૃદ્ધિ થાય છે તેથી પાંચ ઘણું જીવે છે. આયુર્વેદના આચાર્યોએ આ અંગે ખૂબ વિશદતાથી વિચાર્યું હોય એમ જણાય છે. આચાર્ય શાર્ઙ્ગધરે માનવનું આયુષ્ય ૧૨૦ વર્ષનું જણાવ્યું છે. આચાર્ય ચરકના મતાનુસાર **संवत्सरशतेपूर्णे याति संवत्सरक्षयम्** 'દર સો વર્ષે માનવજીવન એક વર્ષ ઘટે છે. શાર્ઙ્ગધર જણાવે છે કે બાલ્યાવસ્થા

દશ વર્ષે, શરીરની વૃદ્ધિ ૨૦ વર્ષે, માનવની છબી-રૂપ ૩૦ વર્ષે, મેધા-ગ્રહણશક્તિ ૪૦ વર્ષે, ત્વચાની શ્રેષ્ઠતા અને તેમાં હ્રાસ ૫૦ વર્ષે, દૃષ્ટિ-૬૦ વર્ષે, શુક્ર ૭૦ વર્ષે, વિક્રમ-૮૦ વર્ષે, બુદ્ધિ ૯૦ વર્ષે કર્મેન્દ્રિયો ૧૦૦ વર્ષે, સ્મૃતિ ૧૧૦ વર્ષે અને જીવન ૧૨૦ વર્ષે હ્રાસ પામે છે. આ સાધારણ ગણના છે અને તેમાં વધઘટને અવકાશ છે.[૧]

સામાન્ય રીતે સ્ત્રી અને પુરુષની વૃદ્ધિ—સંપૂર્ણ વૃદ્ધિ ૨૩ થી ૨૫ વર્ષની ઉંમરે થાય છે અને તેથી પાંચ ઘણું જીવન ગણતાં ૧૧૫ થી ૧૨૫ વર્ષનું માનવ આયુષ્ય ગણી શકાય. માનવબાલ છથી સાત વર્ષ સુધી તેની માતા અને કુટુંબના સભ્યો પર આધાર રાખીને જીવે છે અને તેના વીર્યની પરિપક્વતા અને રતિશક્તિની શ્રેષ્ઠતા પંદર વર્ષે પ્રાપ્ત થાય છે. પ્રાણીઓ કે જે જન્મથી જ ચાલવાનું શીખી લે છે તેના પ્રમાણમાં માનવનું મગજ અલ્પવિકસિત હોય છે. જન્મ સમયે માનવનું મગજ તેના પુખ્યવયના પ્રાકૃત વજન કરતાં ૨૩% જેટલું વજન ધરાવે છે અને ૨૫ વર્ષની ઉંમર થતાં પહેલાં સંપૂર્ણ વૃદ્ધિ પામતું નથી,

એ મંતવ્ય ધરાવવામાં આવે છે કે **માનવશરીરની વૃદ્ધિ માટેનો સમય જેટલો લાંબો તેટલી વૃદ્ધાવસ્થા મોડી આવે અને તે રીતે તેનું આયુષ્ય લાંબું હોય છે.** આનો અર્થ એ થયો કે **જે તત્ત્વો માનવની વૃદ્ધિ-પુખ્તતાને ઝડપી બનાવે છે તે વાર્ધક્યને ઝડપથી લઈ આવે છે અને જે તત્ત્વો માનવશરીરની વૃદ્ધિને ધીમી ગતિએ પ્રાપ્ત થવા દે છે તે વાર્ધક્યને પ્રાપ્ત થવામાં વિલંબકારક ભાગ ભજવે છે.**[૨]

આ રીતે જોતાં પરિષ્કૃત આહાર, ધાવણને બદલે ગાય અથવા ડબ્બાનું દૂધ, તેમ જ કૃત્રિમ આહાર આયુષ્યને ઘટાડે છે અને માનવને ઝડપથી વૃદ્ધ બનાવે છે. બાળકની ઝડપી વૃદ્ધિ જોઈ આનંદ અનુભવતા માબાપને ખબર નથી હોતી કે તેઓ જ આ રીતે તેઓના પ્રિય બાળકની જિંદગી ટુંકાવી રહ્યા છે અને તેને વહેલું ઘડપણ લાવી આપવામાં મદદ કરી રહ્યા છે.

આને આધુનિક સભ્યતા અને વિજ્ઞાનની વિશ્વને મળેલ એક વિશિષ્ટ દેણ ગણી શકાય ને!

પ્રાચીન ભારતીય સંસ્કૃતિના સ્રષ્ટા, આયુર્વેદના આચાર્યો અને ઋષિમુનિઓએ 'મિતાહાર'ને ખૂબ જ મહત્વ આપ્યું છે; જ્યારે પોપટના સ્વરૂપમાં ધન્વન્તરીએ આચાર્ય વાગ્ભટને પ્રશ્ન કર્યો કે 'कोऽरुक्, कोऽरुक्, कोऽरुक् અર્થાત્ કોણ નીરોગી છે! ત્યારે આચાર્યનો જવાબ હતો 'हितभुक्, मितभुक् અને अशाकभुक्. અર્થાત્ માનને પોતાને હિતકારક શું છે? પોતાને અમુક વસ્તુ માફક આવે છે કે નહિ તેનો વિચાર કરીને જ તેનો ઉપયોગ કરવો અને તે

---

૧ बाल्यं वृद्धिश्छविर्मेधात्वग्दृष्टिशुक्रविक्रमौ ।
बुद्धिः कर्मेन्द्रियं चेतो जीवितं दशतो ह्रसेत् ॥— शार्ङ्गधर

2* The opinion is held that the longer growth period, the later will ageing begin and consequently the longer the life span will be. Conversely, this means that all the factors that stimulate development tend equally to hasten ageing, and those that retard growth also delay the onset of old age.

Why we grow old. World Health, April 1972.

હિતકારક હોય તો પણ 'नातिसौहित्यं-गत्वा भजेत्' તે ભરપેટ તો ન જ લેવી. ખૂબ સ્વાદિષ્ટ હોય, પોતાની પ્રકૃતિને અનુકૂળ હોય તોપણ આચાર્યે त्रिकुक्षीय અધ્યાયમાં જણાવ્યા પ્રમાણે પેટના ત્રણ ભાગ કલ્પી એક ભાગ આહાર માટે, એક ભાગ પાણી માટે અને એક ભાગ હવા માટે રાખવો જોઈએ અને તેથી જ આચાર્યે 'मितभुक् स्यात्' એમ ઉપદેશ આપ્યો છે. ભારતીય સંસ્કૃતિમાં વિજ્ઞાનને ધર્મ સાથે વણી લેવામાં આવ્યું છે. ઋતુચર્યામાં વાતાવરણમાં થતા ફેરફારોને ધ્યાનમાં લઈ દોષોના સંચય, પ્રકોપ અને પ્રશમને ધ્યાનમાં રાખી આહારવિહારની કરવામાં આવેલ યોજના એક વિશેષતા જ છે. વાતાદિક શારીરસ્વાસ્થ્યની ચાવીરૂપ છે. આચાર્ય ચરક 'एकाशनमारोग्यकराणामग्र्यम्' એવો ઉપદેશ આપે છે. અર્થાત્ એક વખત જમો પરંતુ તેમાં બે ટંકનું એક વખત ન ખાઈ લેતાં ભૂખથી બે કોળિયા ઓછું ખાવાનું ભારતીય સંસ્કૃતિ શીખવે છે; અને જમતી વખતે 'अष्टौ आहारविधिविशेषायतनानि'નું પાલન કરવા જણાવ્યું છે. આહાર પણ ગરમગરમ, સ્નેહયુક્ત, સ્વાદિષ્ટ હોય, બોલ્યાચાલ્યા સિવાય તન્મય થઈને नातिद्रुतं नातिविलम्बितम्' જમવું જોઈએ અને તો જ તે યોગ્ય રીતે પચી રસરક્તાદિ ધાતુઓની વૃદ્ધિ કરે છે. આજના આ ધમાલિયા જીવનમાં આ રીતે જમવાનું કેટલા લોકોને માટે શક્ય છે? હોટલો કેન્ટીનો વગેરેમાંનાં ખોરાક અને પીણાં આજનો યુવાન જે રીતે લેતો હોય છે અને પછી સિગારેટના ધુમાડા કાઢતો હોય છે તે તેને તેની ઘોર તરફ ઝડપથી લઈ જાય છે તેનું તેને તે સમયે ભાન હોતું નથી. અત્યારના આચાર્યો અને પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ વચ્ચે પહેલાંના ગુરુકુલ જેવી સ્નેહગાંઠ છે નહિ કે તેઓ આ માર્ગભૂલ્યાને દોરવણી આપી શકે. પરિણામ તો સ્પષ્ટ છેઃ આધુનિક વિજ્ઞાન વિટામીન અને ક્ષારોની પૂરતા પ્રમાણમાં પ્રાપ્તિ થાય માટે શાક વધુ લેવાની સલાહ આપે છે જ્યારે ભારતીય આયુર્વેદ અને તેમાંય વિશેષે કરીને જૈન સંસ્કૃતિ તેનો વિચારપૂર્વક અને અલ્પમાત્રામાં ઉપયોગ કરવાની સલાહ આપે છે તે ધ્યાનમાં રાખવા જેવું છે.

ચિરાયુષ્યની પ્રાપ્તિ માટે અને વાર્ધક્યને અટકાવવા માટેના પ્રયોગો અને અભ્યાસ ભારતીય આચાર્યોના ઉપદેશની પુષ્ટિ કરે છે. આયુર્વેદના આચાર્યો તો ઘડપણ મોડું લાવવા કરતાં 'अजर' થવા માટે મથતા હતા, અને તે માટેના અભ્યાસમાં તેઓએ મિતાહાર અને તે પણ હિતાહાર શ્રેષ્ઠ છે એમ અનુભવ કર્યો હતો. આધુનિક વિજ્ઞાન તેઓના આ નિષ્કર્ષની પુષ્ટિ કરતાં જણાવે છે કે ચિરાયુષ્યની પ્રાપ્તિ માટે પ્રયોગો કરવામાં આવ્યા છે અને તે બધાંમાં શ્રેષ્ઠ Starvation diet—ભૂખમરા જેવો આહાર છે. વારંવાર કરવામાં આવેલ પ્રયોગોનાં પરિણામ સરખાં આવ્યા છે. Mccay એ આ અંગે પ્રયોગો કર્યા હતા. તેણે મૂષકસમુદાયને બે વિભાગમાં વહેંચી નાખ્યા હતા. પ્રથમ વિભાગને પ્રાકૃત ખોરાક આપવામાં આવતો હતો જ્યારે બીજા વિભાગના મૂષકોને (તે જ જાતિના) સમતોલ ખોરાક આપવામાં આવતો હતો, પરંતુ તે ઓછા ઉષ્માંક આપતો (Low calorie) અર્થાત્ ઓછી માત્રામાં આપવામાં આવતો હતો. આ રીતે ૧૦૦૦ દિવસો સુધી ખોરાક આપ્યા પછી બન્ને સમૂહોને એકસરખી રીતે પ્રાકૃત ખોરાક આપવામાં આવ્યો હતો. આ અભ્યાસના અંતે એ સ્પષ્ટ થયું કે જેઓને ભૂખમરા જેવો એટલે કે અલ્પ ઉષ્માંકવાળો (Low calorie diet) ખોરાક આપવામાં આવ્યો હતો તે મૂષકસમૂહ જેઓને ભરપેટ પ્રાકૃત ખોરાક મળતો હતો તેઓના કરતાં લગભગ બમણા સમય સુધી જીવિત રહી શક્યા હતા. આમ

શાથી બને છે તે સમજાતું નથી પરંતુ તે શરીરની વૃદ્ધિક્રિયાને ધીમી પાડે છે એ તો નક્કી છે જ.[૧]

અર્વાચીન સભ્યતા વિજ્ઞાનનો દુરુપયોગ કરીને માનવના આયુષ્યનો હ્રાસ કરી રહી છે તે સામે ઉપર જણાવેલ સત્ય વૈજ્ઞાનિકોનો પુણ્યપ્રકોપ જ ગણી શકાય ને ?

ધાવણ અને ગાયનું દૂધ–ડબ્બાનું દૂધ

ધાવણ-દૂધ પૃથ્વી પર અવતરતા માનવબાળક માટે કુદરતે તૈયાર રાખેલ અમૃત છે. આયુર્વેદના આચાર્યોએ તેને, 'જીવન' નામ આપી તેની મહત્તા ગાઈ છે. આચાર્યોના અનુભવે એ પુરવાર કર્યું હતું કે માનવબાળ માટે માતાનું જ ધાવણ ઉત્કૃષ્ટ અને જીવનીય છે. ચતુર્થ આંતરરાષ્ટ્રીય પોષણવિષયક પરિષદમાં પોલજ્યોર્જીએ પ્રાચીન આચાર્યોના આ અનુભવનું સમર્થન કરતાં એ સ્પષ્ટતા આપી હતી કે 'બાળક માટે માતાનું ધાવણ અને વાછરડા માટે ગાયનું દૂધ ઉપયુક્ત છે.[૧] સુવાવડ પછી દુગ્ધગ્રંથિઓમાંથી સ્રવિત થતો શરૂઆતનો સ્રાવ–નવદુગ્ધ(છીરું)માં પ્રતિકાર્ય(Antibody)ની ઉચ્ચ માત્રા ધરાવવાનો વિશિષ્ટ ગુણ છે. પ્રાણીજ દુગ્ધની અપેક્ષાએ ધાવણ Sialic acid–Neuroaminic acidની પ્રાપ્તિ માટેનો મહત્ત્વનો સ્રોત છે.[૨] આ ઉપરાંત જીવનોપયોગી સ્નેહામ્લ (Essential fatty acids) ગાયના દૂધ કરતાં ધાવણમાં ખૂબ વધુ પ્રમાણમાં મળે છે. આ સાથે એ પણ ધ્યાનમાં રાખવું જરૂરી કે પ્રોટીનની ઉણપજનિત તીવ્ર પોષણ વિકૃતિમાં માતાના ધાવણનું પ્રોટીન ગાયના દૂધમાં રહેલ પ્રોટીન કરતાં વધુ સારી રીતે બાળકનું શરીર વાપરી શકે છે.[૦] આચાર્ય ચરકે આથી જ જ્યારે માતાનું ધાવણ મળી શકે તેમ ન હોય ત્યારે ગાયનું દૂધ આપવાનો ઉપદેશ ન આપતાં ધાવ-ધાત્રીનું ધાવણ આપવા જણાવ્યું છે.

---

1 Attempts to prolong life have been made, and one of the few effective methods appears to be a starvation diet. Certain experiments, first made long ago by Mccay, and frequently since, have given consistent results. One group of rats is given a normal diet, while another, from the same stock, is given a balanced diet, but low calorie diet for 1000 days. Subsequently, both groups are given identical normal diets, and it is found that those subjected to the starvation diet live almost twice as long as the others.

No really satisfactory explanation has been found for these results, but the low calorie diet certainly has the effect of slowing down the development of the rats subjected to it, and must have some connection with the prolongation of their lives.

Prof. Francesco Mario Antonini in " Why we grow old, " World Health, April 1972.

1 It is safe to state without fear of contradiction that the human milk is for the human, and cow's milk for the calf. Any other food replacing human milk is a substitute in the diet of the human infant.

2 The early secretion from the mammary gland—the colostrum, has special properties, in having a high antibody content. Human milk compared

આ પછીના સમયમાં જગત જે વિષમ પરિસ્થિતિમાંથી પસાર થયું તે દરમ્યાન મહત્ત્વના નિષ્કર્ષ પ્રાપ્ત થયા જણાય છે. વિષમ પરિસ્થિતિમાં જ્યારે ધાવણ પ્રાપ્ત ન થઈ શકે તેવી પરિસ્થિતિ પ્રાપ્ત થતાં પોષણશાસ્ત્રીઓની નજર ગાયના દૂધ તરફ ગઈ. તેઓએ ધાવણ અને ગાયના દૂધમાંના પ્રોટીન, સાકર અને ચરબીના પ્રમાણનો અભ્યાસ કરતાં તેમાં જે ફેરફાર જણાયા તેના સમીકરણ માટે પ્રયત્ન આદર્યા. ગાય અથવા ભેંસના દૂધમાં પાણી મેળવીને પ્રોટીન અને ચરબીનું પ્રમાણ ઓછું કરવું. સાકર ઉમેરી તેને વધુ મધુર બનાવવું, ચરબી કાઢી લઈ તેને પચવામાં હલકું કરવું વિગેરે પ્રયત્નો ચાલુ રહ્યા જ અને આ રીતના ફેરફારો કરીને બાળકોને તે દૂધ આપતાં તેઓના સંવર્ધનમાં થતો ઘટાડો કે વધારો વૈજ્ઞાનિકોના અભ્યાસનો વિષય બન્યો. પોષણ-શાસ્ત્રીઓએ દૂધને ધાવણ જેટલાં જ તત્ત્વો ધરાવતું બનાવવા માટેના પ્રયાસો આદર્યા અને Humanized milk બનાવ્યું કે જેમાં દૂધમાંનું પ્રોટીનનું પ્રમાણ ધાવણ જેટલું જ ટકાવવા પાણી નાખીને તેને મન્દ બનાવ્યું. આ પછી તેમાં મલાઈ અને સાકર ઉમેરી દૂધમાંની ચરબી અને સાકરનું પ્રમાણ ધાવણ જેટલું જ રાખી તેને કૃત્રિમ ધાવણ જેવું જ બનાવ્યું. આ પછીના પ્રયત્નોમાં સમરૂપ (Homogenized milk) દૂધ તૈયાર કરવામાં આવ્યું. આમાં દૂધને સૂક્ષ્મ છિદ્રોમાથી પીડનદ્વારા પસાર કરવામાં આવે છે જેથી ચરબીના કણો ખૂબ જ સૂક્ષ્મ બને છે. આ દૂધમાં નીચેના ફાયદા જણાય છે:

(૧) સમરૂપ દુગ્ધ વધુ સહેલાઈથી પચે છે કારણ કે સંબંધિત સ્નેહકણનું કદ ખૂબ જ સૂક્ષ્મ હોય છે.

(૨) ચરબીના કણ તરીને ઉપરના સ્તર પર આવતા નથી પરંતુ દૂધમાં જ સરખી રીતે મળેલા રહે છે.

(૩) જામીને થતું દધીભવન ખૂબ જ સૂક્ષ્મ પ્રમાણનું હોઈ જલદીથી પચે છે.

(૪) પ્રજીવક ડનો વધુ સારો ઉપયોગ થઈ શકે છે.

આ રીતે સતત પ્રયોગો અને અભ્યાસને અંતે માનવબુદ્ધિએ દૂધના પાઉડરરૂપ બાલઆહાર સુધી પહોંચીને તે અંગેનો ઉલ્લેખ પ્રાપ્ત કર્યો છે.

કોઈ પણ સમયે અને કોઈ પણ સ્થળે બાળકના પોષણ અંગેની ચિંતાને દૂર કરતા આ દૂધના પાઉડરના ગુણ અને ફાયદા વીઅર હોજ(Vere Hodge)ના મતાનુસાર નીચે પ્રમાણે છે :

(૧) દૂધના પાઉડરની સંરચના-સંઘટન એકસરખાં હોય છે અને ઘટકપ્રમાણ જાણીતું હોય છે.

---

to bovaine milk is a rich source of Sialic acid-Neuroaminic acid. In addition, the essential fatty acid content of human milk is much higher than in cow's milk.

°It is pertinent to mention here also that in severe protein malnutrition, the protein of human milk is apparently better utilized than that of cow's milk.

Paul Georgy in
Fourth International Congress on Nutrition

(૨) ગરમ ઋતુમાં ગાયનું દૂધ સામાન્ય ઘરોમાં જાળવી શકાતું નથી ત્યારે પણ આ સહેલાઈથી તૈયાર કરી શકાય છે. દૂધ આપવાના સમયે તેમાં યોગ્ય પ્રમાણમાં પાણી મેળવી તૈયાર કરી શકાય છે.

(૩) ગાયના સંપૂર્ણ દૂધ કરતાં પચવામાં હલકું હોય છે, કારણ કે દહીં બનતાં જે ગઠ્ઠા થાય છે તે પ્રમાણમાં વધુ નાના હોય છે.

(૪) દૂધના સંઘટનમાં પ્રોટીન, સ્નેહ અને સાકરનું પ્રમાણ માતાના ધાવણમાં હોય છે તેટલું જ રાખવામાં આવે છે.

(૫) આ દૂધના પાઉડરમાં પ્રજીવક અને ખનીજ તત્ત્વોની માત્રા યોગ્ય પ્રમાણમાં બાળકનાં પોષણ અને સંવર્ધન માટે તે સુયોગ્ય બને છે.

આ રીતે જીવનરસાયન વિજ્ઞાન અને અણુજૈવિકીની મદદથી સંપન્ન થયેલ દુગ્ધાલય એક ક્રાંતિકારી પગલું પુરવાર થાય છે. પરંતુ છેવટે તો પોલ જ્યોર્જીના શબ્દોમાં કહીએ તો તે એક પ્રતિનિધિ જ રહે છે એ ન ભૂલવું જોઈએ. બાળકો જલદી વિકસિત થાય છે અને તેઓનું આયુષ્ય ઘટે છે એ સત્ય હવે જગતને જ્ઞાત થયું છે. ધાવણની જઠરાંત્રપ્રણાલી પરની અસરના અભ્યાસ બહાર આવી રહ્યા છે અને પુરવાર કરે છે બાળકોને અતિસાર વગેરેમાંથી બચાવવામાં ધાવણ ગાયના દૂધ કરતાં ખૂબ જ ઉમદા આહાર છે. વૈજ્ઞાનિકોએ બાલાહારના પ્રશ્નના ઉકેલ માટે કરેલ આ પ્રયત્નો અને તેના પરિણામસ્વરૂપ દૂધનો પાઉડર સાચે જ આશીર્વાદ છે કે નહિ તે ભવિષ્ય જ કહી શકશે.

પેશ્ચ્યુરાઈઝ્ડ દૂધ

આપણે ઉપર જોયું તેમ દૂધ એ બાળકોનો આહાર છે. મધ્યયુરોપ અને ચીનમાં તેનો પીવામાં ઉપયોગ થતો નથી. આયુર્વેદના આચાર્યોએ દૂધને 'ધારોષ્ણ' લેવા જણાવ્યું છે. અર્થાત્ દોહતી વખતે વાસણમાં ધાર અથડાતાં જે ઉષ્મા પેદા થાય છે તે ઉષ્માયુક્ત લેવા જણાવ્યું છે પરંતુ આજના યુગમાં આ શક્ય નથી. આશ્રમજીવનમાં આ શક્ય હતું. ગામડાંમાં પણ તે અગાઉ શક્ય હતું પરંતુ ઔદ્યોગીકરણના આ યુગમાં ગામડાં ભાંગતાં જાય છે અને શહેરોમાં વસ્તિનો પ્રવાહ વહી રહ્યો છે અને શહેરોમાં વસતિ વધુ ને વધુ ગીચ થતી જાય છે ત્યારે તાજું અને સ્વચ્છ ધારોષ્ણ દૂધ મેળવવાની આશા આશા જ રહે છે. વસતિ મોટા શહેરોમાં કેન્દ્રિત થતાં દૂધની ઉપજ, તેની વહેંચણી અને જાળવણીના પ્રશ્નો ઊભા થયા. ઔદ્યોગીકરણને લઈને અર્થતંત્રે નવો ઝોક લીધો છે. ગામડાંના અર્થતંત્ર અને રહેણીકરણીમાં આમૂલ પરિવર્તન થયું છે. ઔદ્યોગીકરણને લઈને શહેરો વધુ સમૃદ્ધ બન્યાં છે અને ત્યાં દૂધની ખેંચ પેદા થતાં અર્થપ્રાપ્તિ માટે એક ધંધાકીય વર્ગ આસ્તિત્વમાં આવ્યો છે. આ વર્ગને દૂધની જાળવણીનો પ્રશ્ન હલ કરવાનું આવશ્યક બન્યું. નાના વેપારીઓને રેફ્રિજરેશન વગેરે ખર્ચાળ સાધનો વસાવવાં પાલવે તેમ ન હતું. પરિણામે મોટા વેપારીઓ જે આ રોકાણ કરી શકે તેમ હતા તે તેઓ આગળ આવ્યા અને છેવટે સહકારી ધોરણે દૂધની ડેરીઓ શરૂ થઈ.

ગામડાંમાં સૈકાઓથી ચાલી આવતા સહકારની ભાવનાવાળા સંસાર અને અર્થતંત્રનો નાશ કરવા માટેના ડગ ભરાયાં. **ગામમાં થતાં વલોણાઓમાંથી પેદા થતી છાશ જે બધાંને મફત મળતી હતી અને વધતી હતી તે ઢોરને પાવામાં આવતી હતી તે તાજી છાશ –ગરીબોને મફત મળતું એકમાત્ર પ્રાણીજ પ્રોટીન–ઝૂટવાઈ ગયું.** પ્રાચીન સભ્યતા અને સંસ્કૃતિ પર કુઠારાઘાત કરીને તેને છિન્ન કરીને આ ઉદ્યોગ અટક્યો નથી. નગદનારાયણની મોહિનીએ છેલ્લાં ટીપાં સુધીનું દૂધ દૂરદૂરનાં ગામડાંઓમાંથી ખેંચાઇ રહ્યું છે અને બાળકો માટે દૂધના ડબ્બા તૈયાર થઈ રહ્યા છે. ગ્રામીણવર્ગ આર્થિક રીતે કંઇક ઠીક થતો જાય છે પરંતુ શારીરિક રીતે સાચે જ નમાલો થતો જાય છે. આની અસર ચિરકાલિક હોઈ તેનું મૂલ્યાંકન તો અત્યારે કાલના ગર્ભમાં છે, ભવિષ્યમાં તે જણાશે. આ મોટી ડેરીઓએ ઊંડે ઊંડે ગામડાંઓમાંથી દૂધ એકઠું કરી તેને પેશ્ચ્યુરાઈઝ કરીને તેનું વિતરણ કરી લોકોને સ્વચ્છ દૂધ પૂરું પાડી લાખો રૂપિઆનો નફો કરવા માંડયો છે, કારણ કે આ એક જાતનો વેપાર છે. દૂધના ભાવ વધતા જાય છે અને વધતા જશે જ, કારણ બધાનો સહિયારો નફો છે ને ?

આ સાથે જ દૂધની આ રીતની જાળવણીથી દૂધના બંધારણ અને તેના ગુણધર્મોમાં કંઈ ફેર પડે છે કે નહિ તે અંગે પ્રશ્નો ઉપસ્થિત થયા. તેના બંધારણમાં, તેમાં રહેલ ઍસ્કોર્બિક ઍસિડની ક્ષતિ સિવાય ખાસ ફેરફાર થતો નથી એમ જણાયું. ઍસ્કોર્બિક ઍસિડની ક્ષતિ આહારમાં ઍસ્કોર્બિક ઍસિડ ધરાવતાં ઘટકો મારફત પૂરી કરી શકાય છે અને તેથી તે એક ગંભીર પ્રશ્ન બનતો નથી પરંતુ ગંભીર બનીને ઊભો રહેલ પ્રશ્ન તો પેશ્ચ્યુરાઈઝ કરેલ દૂધની શરીર પરની લાંબા ગાળાની અસર અંગેનો છે.

ઈ.સ. ૧૯૪૬ની સાલમાં પોટીંજરે (Pottinger) પેશ્ચ્યુરાઇઝ કરવામાં આવેલ દૂધ અંગે કરેલા પ્રયોગોનાં પરિણામ આ જાતનું દૂધ વાપરનારાઓ માટે ધ્યાન ખેંચે તેવાં છે. તેણે પેશ્ચ્યુરાઈઝ કરેલ દૂધની શરીર પરની અસર નક્કી કરવા માટે ખૂબ જ પદ્ધતિસરના નિર્ણયિકસમૂહ (Control group) સાથે સરખામણી કરીને બિલાડીઓ પર તેનો આહાર તરીકે ઉપયોગ કરીને પ્રયોગો કર્યા હતા.

બન્ને સમૂહોના સૂક્ષ્માવલોકનથી એ સ્પષ્ટ થયું કે જે સમૂહને પેશ્ચ્યુરાઈઝ કરેલ દૂધ આપવામાં આવતું હતું તે બિલાડીઓનાં સ્વાસ્થ્ય અને શરીરસંગઠનમાં ક્રમશઃ અને મક્કમ રીતે ઘટાડો થવા માંડયો હતો. ધીમે ધીમે તેઓની પ્રજનનશક્તિ ક્ષીણ થતી જતી હતી અને અંતે તેઓનો નાશ થયો હતો. આવી સરખામણીમાં જે બિલાડીઓને પેશ્ચ્યુરાઈઝ કર્યા સિવાયનું દૂધ આપવામાં આવતું હતું એવા પ્રયોગો શરૂ કર્યા પછી, કેટલાંક વર્ષોને અંતે પણ તદ્દન સ્વસ્થ અને શક્તિશાળી જણાઈ હતી. ઘણી વખત એમ કહેવામાં આવે છે કે પ્રયોગો માટે વાપરવામાં આવતાં પ્રાણીઓ માણસો નથી અને અયોગ્ય પરિસ્થિતિનો સામનો કરવાની માણસ ખૂબ જ શક્તિ ધરાવે છે. આ સાચું છે પરંતુ અત્યારે બધાં ઔષધદ્રવ્યો અને પોષક આહારની પ્રાણીઓ પર ચકાસણી કર્યા પછી જ તે માનવવપરાશ માટે મુક્ત રીતે બહાર મૂકવામાં આવે છે. આ પણ ખોટું જ છે ને ? આમ છતાં ય આ પરિણામ પેશ્ચ્યુરાઈઝ કરેલ દૂધ વાપરનારાઓ માટે ચેતવણીરૂપ તો છે જ.

આર્થિક પ્રશ્નો હલ કરવા માટે અને દૂધ અનાજ વિગેરેની જાળવણીના પ્રશ્નોના ઉકેલ માટે વપરાતા પેશ્ચ્યુરાઈઝેશન, જંતુનાશક (Insecticides and Pesticides) વગેરેના ઉપયોગે ફાયદા સાથે ઘણા નવા પ્રશ્નો ઉપસ્થિત કર્યા છે અને તેથી થતા અણચિંતવ્યા ઉપદ્રવો મ્હોં-ફાડીને ઉભા છે તે તરફ આંખમીચામણાં થઈ શકે તેમ નથી. આપણે કુદરતની રક્ષણાત્મક શક્તિને પડકાર ફેંકી જે કંઈ કરી રહ્યા છીએ તે યોગ્ય છે ખરું ? આ પણ આધુનિક સંસ્કૃતિની જ દેણ છે ને ?

દૂષિત વાતાવરણ, જલ અને આહારદ્રવ્યો

વાતાવરણ, જલ અને આહારદ્રવ્યોનાં દૂષણ (Pollution) અંગે છેલ્લા કેટલાક સમયથી જગભરમાં ખૂબખૂબ હલચલ મચી ગયેલી સંભળાય છે. ઔદ્યોગીકરણને લઈ કારખાનાં-ઓમાંથી પેદા થતા હાનિકારક વાયુઓ વાતાવરણને દૂષિત કરી રહ્યા હતા તે ઓછું ન હોય તેમ હાઈડ્રોજન બોંબ અને બીજાં ઘાતક શસ્ત્રોના પ્રયોગોને લઈ વિકિરણની માત્રા વધતી જ જાય છે અને વાતાવરણમાં તેમ જ દરિયાના પાણીમાં તેની સાંદ્રતા વધતાં જાતજાતના વિકારોને લઈને પ્રાણીજીવ અને માનવસમૂહ ત્રસ્ત બન્યો છે. ડી. ડી. ટી. અને તેવાં જ રસાયણોના છંટકાવ અને વિવિધ ઉપયોગથી અન્ન અને પાણી દૂષિત થઈને માનવસમૂહને વિવિધ વિકારથી ગ્રસ્ત બનાવે છે ત્યારે જગતની બૂમ છે કે આમાંથી બચવું કેમ ? આચાર્ય ચરકે જનપદોધ્વંસક રોગોમાંથી બચવા માટે બતાવેલ ઉપાયોમાંથી (૧) વાયુ, (૨) જલ, (૩) દેશ અને (૪) કાલ મુખ્ય છે. જ્યાં વાયુ દૂષિત થયેલ હોય તે સ્થળનો ત્યાગ કરવો એ એક ઉપાય તરીકે જણાવવામાં આવેલ છે. આચાર્ય ચરકે તો જો આપણે ધર્મ જેવી કોઈ ચીજ છે એમ માનવા તૈયાર હોઈએ તો કહ્યું છે કે આ બધાંનું મૂળ-तन्मूलमधर्मः અધર્મ છે એમ જણાવ્યું છે. વધુ વિસ્તાર ન કરતાં આચાર્ય ચરકના શબ્દો અહીં ઉદ્ધૃત કરું છું : तथा शस्त्रप्रभवस्याप्यधर्म एव हेतुर्भवति । तेऽति प्रवृद्धलोभरोषमोहमाना दुर्बलानवमत्यात्मस्वजनपरोपघाताय शस्त्रेण परस्परमभिक्रामन्ति परान् वातिक्रामन्ति परैर्वाभिक्राम्यन्ते ॥ च. वि. अ. ३/२२ અર્થાત્ અત્યારે જે ચાલી રહ્યું છે તે નવું તો નથી જ પ્રાચીન સમયમાં પણ એકબીજાના શત્રુઓના નાશ માટે વાતાવરણને દૂષિત કરનારાં ધૂમ્ર અને વિષ દ્રવ્યોનો ઉપયોગ કરવામાં આવતો હતો, જલને વિષમય બનાવવામાં આવતું હતું. ઘોડા વગેરે પ્રાણીઓને મારવા માટે ઘાસ વગેરેને વિષમય બનાવવામાં આવતું હતું. આચાર્ય સુશ્રુતે આ વિસ્તારથી વર્ણવ્યું છે અને તેના નિરાકરણ માટે તેમણે दुन्दुभीस्वनीयकल्प નામનો અધ્યાય લખીને ક્ષારાગદ નામના ઔષધથી ઢોલને લીંપી તે સુકાય ત્યારે વગાડવા જણાવ્યું છે. આ ઔષધ પતાકાઓ પર લગાડીને અને તોરણો પર ચોપડીને સુકાય ત્યારે તેની રજ વાયુમંડલમાં ફેલાતાં વાયુની વિષમય અસરને દૂર કરવા વપરાય છે એમ સ્પષ્ટતા આપી છે.

પાણીની શુદ્ધિ માટે પ્રયોગો આપ્યા છે. અર્થાત્ રાગદ્વેષાદિ દુર્ગુણો તો માનવ લઈને જ જન્મ્યો જણાય છે, પરંતુ વાતાવરણની શુદ્ધિ માટે આર્યોએ ખૂબ જ આગ્રહ રાખ્યો હોય એમ જણાય છે. હોમહવન વગેરે કર્મો તેનો સ્પષ્ટ નિર્દેશ કરે છે. પ્રાચીન ભારતીય સંસ્કૃતિમાં ધર્મને નામે વારંવાર થતાં યજ્ઞો વાતાવરણની શુદ્ધિ અર્થે જ હતા અને વિજ્ઞાનને ધર્મના તાણાવાણામાં ગૂંથીને વસંતચર્યામાં વાતાવરણમાં રહેલ વિષાણુઓના નાશ માટે હોળી પ્રગટાવવાનું

અને તેમાં ખીલી વગેરે રક્ષોઘ્ન દ્રવ્યો નાખી વાતાવરણને શુદ્ધ કરવાનું વ્યવહારમાં ગોઠવી દીધું હોય તેમ નથી જણાતું ! બાકી પ્રાચીન સંસ્કૃતિ કે અર્વાચીન સંસ્કૃતિમાં જીવતો માનવ માનવગુણો અને અવગુણોનું વહન કરતો આવ્યો છે પરંતુ સંસ્કૃતિ પરત્વે તેમાં જગત પ્રત્યેની દૃષ્ટિમાં કંઈક ફેરફાર થાય છે એટલું જ. આખરે તો માનવમન સંસ્કારથી જ ઉચ્ચતા અથવા અવનતિને પ્રાપ્ત થાય છે.

અંતમાં આપણે જીવનમાં હિત, અહિત, સુખ અને દુઃખનો તથા જીવનના માનનો જેમાં ઉપદેશ છે તેવા આયુર્વેદ (Science of life)ને શરણે જઈએ અને હિતકારક અને સુખમય જીવન જીવીએ.

સંદર્ભ :

(1) Frank Fenner—Infectious Disease and Social Change, The Medical Journal of Australia, 15 May, 1971.

(2) Neil's Painter and Davis P. Burkill—Divercular diseases of the colon, British Medical Journal, 22 May, 1971.

(3) Hugh Trovell—Atheroma and Diverticulosis Correspondence in British Medical Journal, 19 June, 1971.

(4) V. V. Tracoy, N. C. De & J. R. Harper, Obesity and Respiratory in infant and young children, British Medical Journal, 2 Jan., 1971.

(5) W. Laurice—Prevention of Myocardial infarction, The Medical Journal of Australia, 13 Feb., 1971.

(6) Editorial-Food and Drugs—Health or Hysteria South African Medical Journal, 22 Aug., 1971.

(7) Any Questions—Age of adolescence, British Medical Journal, 14 Aug., 1971.

(8) Lloyd Morgan—Diet and Heart disease, Corrospondence in The Medical Journal of Australia, 31 July, 1971.

(9) David Kritchevsky—Treatment of hyperlipaedemia, A peak into clouded crystal ball, Modern Medicine, Feb. 1972.

(10) R. Fudorov—Union of Scalpal and Transistor in Heart Treatment, Medicine and Surgery, June, 1971.

(11) E. H. Vere Hodge – The Feeding of infants in India, The Indian Medical Gazette, Jan., 1936.

(12) W. R. Thrower—Agriculture and Health, British Medical Journal, 11 March, 1970.

(13) चरकसंहिता

(14) शार्ङ्गधरसंहिता

(15) सुश्रुतसंहिता

(16) Florencesco Mario Antonini—Why we grow old, World Health, April, 1972.

(17) Hadden—Elimination of animal products from Diet British Medical Journal, 10 Feb. 1900.

(18) Editorial—Health without meat, World Health-Nutrition April, 1969.

(12) William Boyd—Pathology for the Physician Ed-1961.

ગ્રન્થાવલોકન

ભારતીય સાહિત્યશાસ્ત્રની વિચારપરંપરાઓ : લેખક—પ્રો. તપસ્વી નાન્દી, પ્રકાશક—યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ-૬. પૃ. ૮+૩૬૦; કિંમત રૂા. ૧૩=૦૦.

આ ગ્રંથના લેખકે 'ગ્રંથ વિષે' મથાળું કરીને જે નિવેદન કર્યું છે, તેને અંતે લખ્યું છે, "છેલ્લે પ્રણામપૂર્વકની એક વિનંતી કે આ ગ્રંથની સૂચિમાં ઉલ્લેખાયેલા મૂળ ગ્રંથો અને ગ્રંથકારોનો જેમને સાક્ષાત્ પરિચય ન હોય, તેવાઓએ આને અવલોકવું નહિ. અલબત્ત, વિદ્યાર્થીઓ તરીકે સૌને હૃદયથી આવકારું છું."

લેખકની આ પ્રણામપૂર્વકની વિનંતી જો માન્ય રાખું તો હું આ ગ્રંથનું અવલોકન લખી શકું નહિ, કારણ, ત્રણ પાનાની ગ્રંથસૂચિમાં જે બધા ગ્રંથો અને ગ્રંથકારોનો ઉલ્લેખ કરેલો છે, તે બધાનો મને પ્રત્યક્ષ પરિચય નથી અને કેટલાકને તો નામમાત્રથી જ ઓળખું છું. તેમ છતાં હું એવા નિષેધોને ગણકારતો નથી, અને સંપાદકશ્રીએ મારી પાસે માગણી કરી છે એટલે અને વિદ્યાર્થી તરીકે લેખકે સૌને હૃદયપૂર્વક આવકાર્યા છે, એ છીંડાનો લાભ લઈ આ અવલોકન લખું છું.

આપણા દેશના સાહિત્યવિચારમાં કાવ્યને "અંગે અલંકાર, ગુણ, દોષ, રીતિ, વૃત્તિ, ધ્વનિ, રસ, વક્રોક્તિ, ઔચિત્ય, અનુમિતિ વગેરે વિચારો" "પ્રચલિત થયા હતા, પણ એવા કોઈ ચોક્કસ સંપ્રદાયો હતા એમ કહેવું બરાબર નથી" એવો આ લેખકનો મત છે.

"આ બધા જ વિચારોનો ઐતિહાસિક વિકાસક્રમના સંદર્ભમાં અભ્યાસ" આ ગ્રંથને અભિપ્રેત છે અને તે એના પહેલા વિભાગનાં અગિયાર પ્રકરણોમાં રજૂ કર્યો છે. બીજા વિભાગનાં સાત પ્રકરણોમાં "ધ્વન્યુત્તરકાલીન આલંકારિકોમાંના "જેમણે ઘણા કાવ્યશાસ્ત્રને લગતા મુદ્દાઓ પોતાની મૌલિક રીતે વિચાર્યા" છે એવાઓનો "શકય એટલો તલસ્પર્શી અભ્યાસ" રજૂ થયો છે.

પહેલા પ્રકરણમાં સાહિત્યશાસ્ત્રને અલંકારશાસ્ત્ર અને સાહિત્યમીમાંસકોને આલંકારિકો શા માટે કહેવામાં આવે છે, તે સમજાવી કાવ્યનું લક્ષણ, તેના હેતુ અને તેનાં પ્રયોજનો વિશે ભામહ, દંડી, વામન, ઉદ્ભટ, રુદ્રટ, આનંદવર્ધન, મમ્મટ, કુન્તક, વિશ્વનાથ અને જગન્નાથે જે ચર્ચા કરેલી છે, તેનો પરામર્શ કરવામાં આવેલો છે. બીજા પ્રકરણમાં શબ્દની શકિતઓ-અભિધા, લક્ષણા, વ્યંજના અને તાત્પર્ય—ને લગતી વિચારણાનો નિષ્કર્ષ આપવામાં આવ્યો છે. ત્રીજા પ્રકરણમાં શબ્દની શક્તિઓ કે વૃત્તિઓ વિશે જુદાં જુદાં દર્શનોમાં એટલે કે વ્યાકરણ, ન્યાય અને મીમાંસા શાસ્ત્રોમાં થયેલો વિચાર સંક્ષેપમાં આપવામાં આવેલો છે, અને ચોથા પ્રકરણમાં આનંદવર્ધનની પહેલાંના આલંકારિકોમાં આ વૃત્તિઓ વિશે જે છૂટક વિચારો જોવા મળે છે

તેનો પરિચય કરાવવામાં આવેલો છે. એ પછી પાંચમા પ્રકરણ 'વ્યંજનાવૃત્તિ વિશે વધુ વિચાર'માં ધ્વન્યાલોકના ત્રીજા ઉદ્યોતમાંની ૩૩મી કારિકાની વૃત્તિમાં આનંદવર્ધને વ્યંજનાની સ્થાપના માટે જે વિસ્તૃત ચર્ચા કરેલી છે તેનો લગભગ શબ્દશઃ અનુવાદ આપેલો છે, અને અંતે મમ્મટે કાવ્યપ્રકાશના પાંચમા ઉલ્લાસમાં વ્યંજનાના વિરોધીઓને જે જવાબ આપેલો છે તે સવિસ્તર ઉતારેલો છે. છઠ્ઠા પ્રકરણમાં 'કાવ્યના પ્રકારો' ને લગતી ચર્ચા છે. એમાં એ બતાવ્યું છે કે, ભામહ, દંડી, વામન, રુદ્રટ વગેરેમાં સાહિત્યના ગદ્ય, પદ્ય અને મિશ્ર; ભાષાભેદે ત્રણ કે ચાર; સર્ગબદ્ધ, અભિનેયાર્થ, આખ્યાયિકા, કથા, અને અનિબદ્ધ એમ સ્વરૂપભેદે અને વસ્તુ ઉત્પાદ્ય કે અનુત્પાદ્ય હોય તેને આધારે એમ અનેક રીતે પ્રકારો પાડવામાં આવેલા છે. પણ "આનંદવર્ધને કાવ્યમાં છુપાયેલા અંતઃસ્તત્ત્વ પ્રતીયમાન વસ્તુને અનુલક્ષીને કાવ્યભેદો સૂચવ્યા છે." (૧૧૧) એમ કહી પ્રતીયમાન અર્થ જે ધ્વનિ તેની સ્થાપના ધ્વન્યાલોકના પહેલા ઉદ્યોતમાં કરેલી છે તેનો સવિસ્તર સાર લગભગ મૂળના જ શબ્દોમાં આપ્યો છે, અને ધ્વનિના પ્રકારોનો કોઠો પણ આપ્યો છે. આનંદવર્ધનના મતે કાવ્યના ત્રણ પ્રકાર થાય—જેમાં વ્યંગ્ય પ્રધાન હોય, જેમાં વ્યંગ્ય ગૌણ હોય, અને જેમાં વ્યંગ્ય ન જેવું હોય તે ચિત્ર. મમ્મટ-હેમચંદ્ર વગેરે પણ આને જ અનુસરે છે. જગન્નાથ ચાર પ્રકારો પાડે છે, પણ ધોરણ તો આ જ સ્વીકારે છે.

છઠ્ઠા પ્રકરણમાં કાવ્યપ્રકારોની વાત કરતાં ધ્વનિનો ઉલ્લેખ આવ્યો એટલે સાતમા પ્રકરણમાં ધ્વનિના વિરોધનો વિચાર ધ્વન્યાલોકના પહેલા ઉદ્યોતને આધારે કરવામાં આવ્યો છે. આ ભાગ પણ મૂળના અનુવાદ જેવો જ છે. એ પછીના આઠમા પ્રકરણમાં આનંદવર્ધન પહેલાંના આચાર્યોમાં ધ્વનિનો સમાવેશ અલંકાર ગુણ વગેરેમાં કઈ રીતે કરેલો છે, તે વિગતે દર્શાવેલું છે અને લેખકે એવો અભિપ્રાય આપ્યો છે કે, એ પૂર્વાચાર્યો પ્રતીયમાન અર્થથી પરિચિત હતા પણ એના પારિભાષિક અર્થનો તેમને ખ્યાલ હતો એમ ન કહી શકાય (૧૪૭). આ પ્રકરણમાં એમણે ભામહ, દંડી, વામન, ઉદ્ભટ અને રુદ્રટમાંથી પુષ્કળ ઉતારા આપી પોતાનું વકતવ્ય રજૂ કર્યું છે.

એ જ રીતે નવમા પ્રકરણમાં એમ બતાવ્યું છે કે, આનંદવર્ધન પહેલાંના આચાર્યો રસને ઉવેખે છે એમ ન માનવું જોઈએ, પણ તેમને મન રસ પણ કાવ્યના અલંકારરૂપ હોઈ તેઓ તેનો અલંકારમાં સમાવેશ કરે છે. એ બધા આચાર્યોના ગ્રંથોમાંથી વિગતે ઉતારા આપી આ મુદ્દો લેખકે રજૂ કર્યો છે.

દસમા પ્રકરણમાં ભરત નાટ્યશાસ્ત્ર અને અભિનવભારતીને આધારે રસનિષ્પત્તિને લગતા વિવિધ મતોનો વિગતે પરિચય કરાવેલો છે. અને તે પછીના અગિયારમા પ્રકરણમાં અલંકાર, ગુણ, દોષ, રીતિ, વૃત્તિ ઇત્યાદિને લગતી વિચારણા ભામહ, દંડી, વામન, ઉદ્ભટ, રુદ્રટ, આનંદ-વર્ધન, અભિનવગુપ્ત અને મમ્મટ વગેરેના વિચારોની તુલનાપૂર્વક આપવામાં આવી છે. એમાં આનંદવર્ધને સંઘટનાના સંબંધમાં રીતિ, ગુણ અને ઔચિત્યને લગતી જે ચર્ચા ધ્વન્યાલોકના ત્રીજા ઉદ્યોતમાં કરેલી છે તે ખૂબ વિગતે ઉતારેલી છે. અહીં આ પુસ્તકનો પહેલો વિભાગ પૂરો થાય છે.

બારમાં પ્રકરણમાં રાજશેખરની, 'કાવ્યમીમાંસા'નો સાર આપેલો છે અને તેરમા પ્રકરણમાં દશરૂપકકાર ધનંજય અને ધનિકની રસને લગતી વિચારણા રજૂ કરવામાં આવેલી છે. ચૌદમા પ્રકરણમાં 'વક્રોક્તિજીવિત'કાર કુંતકના કાવ્યવિચારનો વિગતે પરિચય કરાવેલો છે. પંદરમા પ્રકરણમાં ક્ષેમેન્દ્રને નિમિત્તે ઔચિત્યવિચારનો સાર આપવામાં આવેલો છે. એમાં ભામહ, દંડી, રુદ્રટ, આનંદવર્ધન, અભિનવગુપ્ત, કુંતક, મહિમ ભટ્ટ, વગેરેના વિચારનું દોહન મળે છે. સોળમું પ્રકરણ ભોજના 'શૃંગાર'ની સમજ આપે છે, પણ એમાં ભોજનો વિચાર વિશદતાથી રજૂ થવા પામ્યો નથી. સત્તરમા પ્રકરણમાં મુકુલ ભટ્ટ અને ખાસ તો મહિમ ભટ્ટના અનુમિતિવાદની સમજ આપી છે. અઢારમું પ્રકરણ 'નાટ્યદર્પણ'ના રચયિતા રામચંદ્ર અને ગુણચંદ્રની રસવિષયક વિચારણા વિગતે રજૂ કરે છે અને અંતે આખા ગ્રન્થનો ઉપસંહાર કરતાં લેખક જણાવે છે કે, "ભરતથી જગન્નાથ સુધીના આ લગભગ ૧૫૦૦ વર્ષના ગાળાના સંસ્કૃત સાહિત્યશાસ્ત્રોમાં વિવિધ આચાર્યોએ પોતપોતાની રીતે કાવ્યસૌંદર્યની પરખ કરવા-કરાવવાનો જે પુરુષાર્થ કર્યો છે, અને ખાસ કરીને સાધારણીકરણ અને રસનો સિદ્ધાન્ત જે સ્વરૂપે નિરૂપાયો છે એ એમને જગતના સાહિત્યશાસ્ત્રીય મીમાંસકોમાં ઊંચું સ્થાન આપે તેમ છે." (૩૫૦)

પુસ્તકને અંતે ગ્રન્થકારે 'સૂચિ' અને 'ગ્રન્થસૂચિ' આપેલી છે, તેમાં જો વિષયનિર્દેશ ઉમેર્યો હોત તો તેની ઉપયોગિતામાં વધારો થાત.

ગ્રન્થમાં દરેક પ્રકરણને અંતે પાદટીપરૂપે તે તે પ્રકરણમાં ઉલ્લેખાયેલાં કે અનુવાદરૂપે ટંકાયેલાં મૂળ ગ્રન્થોનાં મહત્ત્વનાં વચનો ઉતારેલાં છે. એથી સંસ્કૃત વિવેચનનાં ઘણાં મહત્ત્વનાં વચનો આ ગ્રન્થમાં સ્થાનનિર્દેશ સાથે ભેગાં મળે છે, તે અભ્યાસીઓને ઉપયોગી થઈ પડશે. એમાં ક્યાંક વચન બેવડાયું છે, જેમ કે પૃ. ૧૪૫ની ૬ઠ્ઠી પાદટીપમાં અભિનવગુપ્તમાંથી જે ઉતારો છે તે જ ફરી પૃ. ૧૫૬ ઉપર પણ જોવા મળે છે.

ગ્રંથની યોજના અને આખા ગ્રંથનો સામાન્ય પરિચય આપ્યા પછી મારે જે બેચાર વાતો કહેવી છે, તે ટૂંકમાં પતાવું છું.

ગ્રંથનો હેતુ સંસ્કૃત સાહિત્યશાસ્ત્રની વિચારપરંપરાઓનો પરિચય કરાવવાનો હોય તો એમાં 'ધ્વન્યાલોકમાં વિચારાયેલો ધ્વનિવિરોધ' 'આનંદવર્ધનના પૂર્વાચાર્યોમાં 'ધ્વનિ" અને' ભામહાદિ પૂર્વાચાયોનો રસવિચાર' એ પ્રકરણો ટૂંકાવ્યાં હોત તો ચાલત.

આ અવલોકનની શરૂઆતમાં મેં લેખકના નિવેદનમાંથી જે વાક્યો ઉતાર્યાં છે તે ઉપરથી સમજાય છે કે લેખકે પોતાના વાચકવર્ગ પાસે ઠીક ઠીક વ્યુત્પત્તિની અપેક્ષા રાખેલી છે; અને તેથી આખા પુસ્તકમાં નિરૂપણપદ્ધતિ અને ભાષા પણ એવી પ્રયોજાઈ છે જે આ વિષયના સ્નાતકોને પણ સુગમ ન થાય. એ રીતે જોતાં લેખકના જ્ઞાનનો અને શ્રમનો લાભ બહુ નાના વાચકવર્ગને મળી શકશે, એ ખેદની વાત છે. પુસ્તકનો પરિચય કરાવતાં કરાવતાં હું નોંધી ગયો છું કે પુસ્તકમાં ઘણે સ્થળે લેખકે મૂળ ગ્રંથોમાંના વિચારો મૂળના લગભગ શબ્દશઃ અને તે પણ વળી સંસ્કૃત લક્ષણવાળી ભાષામાં કહેલા અનુવાદ રૂપે જ આપ્યા છે, એથી પણ કેવળ ગુજરાતી જાણનારા વાચકોને મુશ્કેલી પડશે. એને બદલે લેખકે મૂળના વિચાર પોતાના શબ્દોમાં જરા સહેલા કરીને રજૂ કર્યા હોત તો તે ઘણાને ઉપયોગી થઈ પડત અને ગ્રંથનું પ્રધાન ધ્યેય સારી રીતે

સધાત. લેખકે સ્વીકારેલી પદ્ધતિ અને ભાષા-શૈલીને કારણે કેટલાંક મહત્ત્વનાં સ્થાનો જેમ કે, જગન્નાથનો રમણીયતાનો ખ્યાલ, प्रयोजनेन सहितं लक्षणीयं न युज्यतेની સમજૂતી, ધ્વનિનું મંડન, વગેરે પૂરતાં વિશદ થયાં નથી.

ક્યાંક અનુવાદ પણ પૂરતી ચોકસાઈથી થયો નથી. જેમકે પૃ. ૭૯ ઉપર शपथैरपि चादेय वचो न स्फोटवादिनाम् । નો અનુવાદ "સોગંદપૂર્વક, સ્ફોટવાદીનું વચન ત્યજવું" એ પ્રમાણે કર્યો છે તેને બદલે "સ્ફોટવાદીઓ સોગંદપૂર્વક કહે તો યે તેમનું વચન સ્વીકારવું નહિ" એવો કંઈક કરવો જોઈએ. એ જ રીતે પૃ. ૯૪ ઉપર "જેમ કે હિમ, ચંદ્રકિરણો વગેરે આખા જગતને માટે શીતળ અને શાંતિ આપનારાં કલ્પાયાં છે. પણ વિરહથી બળતાં હૈયાવાળાં વિરહીઓને માટે સંતાપજનક જ પુરવાર થાય છે" એમ લખ્યું છે, પણ મૂળમાં यथाहि हिममयूखप्रभृतीनाम् એમ છે તેનો અર્થ "ચંદ્ર વગેરે" એટલો જ કરવો જોઈએ. કેટલીક વાર અર્થ સ્ફુટ કરવા મૂળ વાક્યમાં વધારાના શબ્દો ઉમેરેલા છે તેમાં પૂરતી કાળજી ન રખાઈ હોવાને કારણે વાક્ય ગોટાઈ ગયું છે અને અર્થબોધ એકદમ થતો નથી. જેમ કે પૃ. ૯૫ ઉપર આ વાક્ય આવે છે:

"પણ વ્યંજકત્વ કે જે વાચકત્વ પછી આવનારો વ્યાપાર છે, જે બીજા પદાર્થોને વિશે એટલે જેમ દીપથી ઘડો પ્રકાશિત થાય છે તેમ સાધારણ રીતે રહેલો છે, અને જે લોકપ્રસિદ્ધ છે તેને વિશે વળી મતભેદ ક્યાંથી હોય?" અહીં સમજૂતી માટે ઉમેરેલા વાક્યખંડ ("એટલે ...તેમ")ને લીધે અર્થ ગોટાઈ ગયો છે. અહીં "એટલે દા.ત., દીવામાં" એટલું જ ઉમેર્યું હોત તો અર્થગ્રહણ સુગમ થાત. આવાં સંદિગ્ધ વાક્યો બીજાં પણ છે, જેમ કે, પૃ. ૯૭ ઉપર આ વાક્ય આવે છે.

"આ બન્ને પ્રકારે પ્રતિપાદિત થતો અર્થ એ શબ્દો દ્વારા લિંગલિંગી ભાવે જણાતો નથી, પણ સ્વાભાવિક અથવા અસ્વાભાવિક એવા સંબંધ વડે જણાય છે."

અહીં "એવા" પછી "બીજા જ કોઈક" એટલા શબ્દો ઉમેરવા જોઈએ; તો અર્થ સ્પષ્ટ થાય. મૂળમાં એમ જ છે—अपितु कृत्रिमेणाकृत्रिमेण वा सम्बन्धान्तरेण—ઉપરાંત "સ્વાભાવિક અથવા અસ્વાભાવિક"ને બદલે મૂળનાં શબ્દો "કૃત્રિમ અને અકૃત્રિમ" રહેવા દીધા હોત તો અર્થ સમજવો સહેલો થાત.

પૃ. ૧૨૦ ઉપર આ વાક્ય આવે છે.

"સ્વશબ્દ વડે તો એનું માત્ર પુનઃકથન થાય છે. સ્વશબ્દ વડે રસપ્રતીતિ નિષ્પન્ન નથી થતી, કારણ સ્વશબ્દ ન હોય ત્યાં પણ તેવું જણાતું નથી." અહીં વાક્યનો ઉત્તરાર્ધ સમજાતો નથી. મૂળમાં આ પ્રમાણે છે:

स्वशब्देन सा केवलमनूद्यते, न तु तत्कृता । विषयान्तरे तथा तस्या अदर्शनात् ।

અહીં "વિષયાન્તરે એટલે બીજે જ્યાં વિભાવાદિનું નિરૂપણ નથી હોતું, ફક્ત નામ દઈને જ રસનો ઉલ્લેખ કરેલો હોય છે ત્યાં રસની એવી પ્રતીતિ થતી જોવામાં આવતી નથી." એવો કંઈક અર્થ કરવો જોઈએ.

પૃ. ૩૦૩ ઉપર લખ્યું છે:

"પાત્રના ગૌરવનું અથવા રસનું ઉન્મીલન થાય તેવી વીગતનું નિરૂપણ તે અનુચિત માને છે." મને લાગે છે કે આમાં કુન્તકને વિવક્ષિત અર્થથી ઊલટું જ કહેવાયું છે.

કેટલાક શબ્દપ્રયોગો પણ ચિન્ત્ય છે. જેમ કે 'ચરણ' અથવા 'ચોથા ભાગ'ના અર્થમાં 'ચતુષ્ક' શબ્દ ત્રણ વાર (પૃ. ૫, ૨૭૦, ૩૦૦) વપરાયો છે. પૃ. ૩૦૯ ઉપર 'સરસિયાનું બી' એમ લખ્યું છે, ત્યાં 'સરસવનું બી' જોઈએ. લેખકે મહિમ ભટ્ટનો ઉલ્લેખ કોઈવાર મહિમ તરીકે તો કોઈ વાર મહિમા તરીકે અને કોઈ વાર મહિમ ભટ્ટ તરીકે કર્યો છે. એ જ રીતે પ્રતીહારેન્દુ-રાજનો ઉલ્લેખ કોઈ વાર ઇન્દુરાજ તરીકે કર્યો છે, એ કોઈ વાર ભ્રાંતિમાં નાંખે એવો સંભવ છે.

પુસ્તકમાં કેટલીક છાપભૂલો જોખમકારક છે: જેમ કે, 'અનુભાવ'ને બદલે 'અનુભવ' (૨૭૨), 'નિષ્પન્ન'ને બદલે 'નિષ્પક્ષ' (૨૦), 'ઉપયુક્ત'ને બદલે 'ઉપર્યુક્ત' (૫૮), 'આક્ષિપ્ત'ને બદલે 'સંક્ષિપ્ત' (૨૮૦) વગેરે. પૃ. ૧૬૯ ઉપર "આ પ્રવૃત્ત રસ" વગેરે છે ત્યાં "આ અનૌચિત્ય પ્રવૃત્ત રસ" વગેરે જોઈએ. કેટલીક વાર 'શબ્દાર્થાલંકાર'ને બદલે 'શબ્દાર્થલંકાર' અને 'સ્વભાવોક્તિ'ને બદલે 'સ્વાભાવોક્તિ' છપાયું છે. સંસ્કૃતમાં અને ગુજરાતીમાં પણ બીજી પણ છાપભૂલો છે, પણ તે ઘણે ભાગે કળાય એવી છે.

કેટલાંક વાક્યો રચનાની દૃષ્ટિએ સુધારી લેવા જેવાં છે. જેમ કે,

(૧) "આમ, આનંદવર્ધન પ્રમાણે ગુણ અને અલંકારો કે જેનું નિરૂપણ રસના સંદર્ભમાં થયું છે, તેવા શબ્દ અને અર્થનું સાહિત્ય એ કાવ્ય, એવું નિષ્પન્ન થયું."-પૃ. ૧૬.

(૨) "તેમણે જણાવ્યું કે કાવ્ય એ શબ્દ અને અર્થ છે, જે ગુણયુક્ત છે, અદોષ અથવા દોષરહિત છે અને ક્યારેક જ અલંકાર વગરના પણ તે હોય છે."—પૃ. ૯૬.

(૩) "ગુણવૃત્તિ તો વ્યંજકત્વ વિનાની પણ જણાય છે."—પૃ. ૯૩. અહીં 'જોવામાં આવે છે' લખ્યું હોત તો ઠીક થાત.

(૪) "જેને અનુમાન કરવું નથી એને માટે તે નિરુપયોગી છે, પણ અનુમાન તારવવાવાળાને માટે તો લિંગત્વસંબંધ અનિવાર્ય રીતે જાણવો જ જોઈએ." પૃ. ૯૩. 'જાણવો અનિવાર્ય છે' એમ કરવાથી વાક્ય સુધરી જાત.

પુસ્તકનો વિષય મહત્ત્વનો અને ઉપયોગી છે, લેખકની એની જાણકારી પણ સારી છે, અને પોતાના વિષયની પાછળ પરિશ્રમ કરતાં એ થાકે એવા નથી, આથી એમની પાસે ભવિષ્યમાં સંસ્કૃત કાવ્યશાસ્ત્રને લગતાં બીજાં લખાણો મળવાની અપેક્ષા રહે છે. તેથી આ અવલોકનમાં ચોકાશ કરી છે. લેખક પોતાના વાચકોને અમુક વસ્તુ જણાવવાની છે, એ ભાવથી નહિ, પણ અમુક વસ્તુ સમજાવવાની છે, એ ભાવથી લખવાની ટેવ પાડે અને તેમાં વાચક પ્રત્યે થોડો પ્રેમાદર ભળે તો પરિણામ ઘણું સારું આવવાનો સંભવ છે.

નગીનદાસ પારેખ

* * *

તારતમ્ય : લેખક : અનંતરાય રાવળ, પ્ર. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીમાર્ગ, અમદાવાદ, પૃ. ૨૬૨, કિં. રૂ. ૫-૫૦

સ્વતંત્ર અને સંયુક્ત રીતે કરેલાં પચીસેક સંપાદનોથી તથા મુખ્યત્વે 'સાહિત્યનો ઇતિહાસ' અને સાતેક વિવેચનસંગ્રહોથી પ્રથમ પંક્તિના સાક્ષરોની હરોળમાં ક્યારનુંય માનાર્હ સ્થાન પામી ચૂકેલા વ્યુત્પન્ન વિદ્વાન પ્રો. અનંતરાય રાવળના આઠમા વિવેચનસંગ્રહ 'તારતમ્ય'ને આવકારતાં તેમના સાહિત્યરસિક વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીઓના ય વિદ્યાર્થીઓ -જેમાંના કેટલાક તો વિવિધ મહાવિદ્યાલયોમાં ભાષા-સાહિત્યના અધ્યાપનનું કાર્ય કરે છે તે— હર્ષ અનુભવે એ સ્વાભાવિક છે.

પ્રસ્તુત સંગ્રહ તેની વૈવિધ્યસભર સામગ્રીથી આકર્ષક અને રસપ્રદ બન્યો છે. તેમાંના ૧૩ લેખો તો જુદાં જુદાં પુસ્તકોના પ્રવેશકો કે સ્વાગત-લેખો છે. તેમાં પન્નાલાલની 'પડઘા અને પડછાયા', ધૂમકેતુની 'ધ્રુવદેવી' અને પિનાકિન દવેની 'અનુબંધ' જેવી નવલકથાઓ; દિગીશ મહેતાની લઘુનવલ 'આપણો ઘડીક સંગ' તો સ્વ. કેતન મુનશીનો વાર્તાસંગ્રહ 'રક્તદાન'–ને વિદ્વાન વિવેચકની સમતોલ છતાં સૂક્ષ્મ રસદર્શી સમાલોચનાનો લાભ મળ્યો છે.

પ્રવેશકોમાં તો પુસ્તકમાં આવતી સામગ્રીના સત્ત્વભાગ તરફ કે એના મહત્ત્વના ઉત્કૃષ્ટ અંશો તરફ અંગુલિનિર્દેશ કરવાનું 'સત્કાર્ય' પરિચાયક કરે અને તેથી તેમાં શુદ્ધ કલાધોરણે કરાતા મૂલ્યાંકન માટે ઓછો અવકાશ રહે એ સ્વાભાવિક છે! વાર્તાપુસ્તકોના પ્રવેશકોમાં લેખકે કલાસ્વરૂપનાં ઘટકો વિશે અત્રતત્ર પણ યથાસ્થાને કરેલી ટકોરો, તથા શરદબાબુની 'પલ્લવીસમાજ' નવલકથાના નાટ્યવેશાન્તર 'રમા'ના ગુજરાતી અનુવાદની આલોચનાંતર્ગત કરેલી નાટ્યવિષયક ચર્ચા રસપ્રદ છે પણ તે વધુ વિશદ વિસ્તૃત વિવેચનની અપેક્ષા રાખે છે. અલબત્ત, 'રમા'ની વિવેચનાના અનુલક્ષમાં તેમણે એ બંગાળી સાહિત્યસ્વામીની કેટલીક આગળ પડતી લાક્ષણિકતાઓ–મર્યાદાસહ–તારવી આપી છે. ગુજરાતી નાટક અને રંગભૂમિનો નાનો-મોટો ઇતિહાસ લખનારા વિદ્વાનોએ સાહિત્ય અને તખ્તાના સુભગ સમન્વયવાળાં નાટકો આપનાર નડિયાદના કવિચિત્રકાર ફૂલચંદ શાહની સેવાઓને જોઈએ એટલા પ્રમાણમાં બિરદાવી નથી ત્યારે પ્રો. રાવળે, એ સમર્થ નાટકકારનું છેલ્લું ભજવાયેલું સાતમું નાટક 'વિશ્વધર્મ'નાં સંવાદ, ભાષા, સંઘર્ષ, ગીતો વગેરે વિશે વિસ્તારથી સોદાહરણ છણાવટ કરીને એ ગુજરાતી રંગભૂમિના એક સમયના લોકપ્રિય નાટકકારના વ્યક્તિત્વનો અને તેમની નોંધપાત્ર નાટ્યસેવાનો અભ્યાસપૂર્ણ પરિચય આપ્યો છે.

વિવેચકની સર્જકપ્રતિભાને પ્રકટ કરનારા 'તારતમ્ય'ના મનનીય સ્વાધ્યાયલેખો ચાર છે :

(૧) ગાંધીજીની શતાબ્દીના ઉપલક્ષ્યમાં લખાયેલ 'ગાંધીબીજક',

(૨) મ. સ. યુનિવર્સિટી, વડોદરા તરફથી ઉજવાયેલ પ્રો. બ. ક. ઠાકોરની શતાબ્દી પ્રસંગે લેખકે આપેલા પ્રવચનને આધારે તૈયાર કરેલ, અને પછીથી પ્રસિદ્ધ થયેલ 'ઠાકોરની કાવ્યભાવના',

(૩) પંડિતયુગના અને શ્રેયસ્સાધક અધિકારી વર્ગના અગ્રણી વિદ્વાન દી. બ. નર્મદાશંકર દે. મહેતા સ્મૃતિગ્રંથનો પ્રવેશક ‘ વહીવટકુશળ વિદ્યાપુરુષ ’, અને

(૪) સને ૧૯૬૭માં ગુજરાતી સાહિત્ય પરિષદના ૨૪મા દિલ્હી-અધિવેશન પ્રસંગે સાહિત્યવિભાગના પ્રમુખ તરીકે આપેલું વ્યાખ્યાન ‘ નિત્યનૂતન સારસ્વત યજ્ઞ ’.

ગાંધીજીનાં નાનાંમોટાં પુસ્તકોમાં તેમના પ્રથમ પુસ્તક ‘ હિંદ સ્વરાજ ’ને લેખક મૂર્ધન્ય હોવાનું માને છે. મહાત્માપદને પ્રાપ્ત કરવા પર્યંત વિસ્તરેલી ગાંધીજીની વિકાસયાત્રાનાં મૂળ આ નાનકડા ગ્રન્થમાં નંખાયાં છે. એમાં સ્વરાજસિદ્ધિના સંકલ્પની ભગીરથ સાધનાનું અમૂર્ત છતાં સ્પષ્ટ સંક્ષિપ્ત ચિત્ર રેખાંકિત થયું છે. પ્રશ્નોત્તરીરૂપે લખાયેલા આ પુસ્તકના વિશિષ્ટ સ્વાધ્યાયદ્વારા વિદ્વાન વિવેચકે વ્યક્તિમાંથી વિભૂતિ બની રહેલા પુણ્યશ્લોક પુરુષની પારગામી દૃષ્ટિ અને પ્રગતિશીલ મૂલગામી વિચારણાની ટૂંકી પણ તલસ્પર્શી રજૂઆત કરી છે. લેખનો હેતુ સાહિત્યિક સમાલોચનાનો નથી એ તો એના છેલ્લા વાક્ય પરથી જ જણાઈ આવે છે :

“ આજના પલટાયેલા સંદર્ભમાં પણ એનું વાચન ટોનિક જેટલું આવશ્યક બની રહે તેમ છે. ” (પૃ. ૧૯૦).

ગાંધીજી રાષ્ટ્રપિતા કે વિશ્વવંદ્ય વિભૂતિ હોવાના કારણે ભક્તિભાવ અને સૂક્ષ્મ દૃષ્ટિથી જોનારને તેમના સાહિત્યમાં—ખાસ કરીને આ પ્રથમ પુસ્તકમાં—ગાંધીચિંતનનાં બીજકો રોપાયેલાં જણાય તેમાં કાંઈ ખોટું નથી. પરંતુ તેથી લેખકે ‘ કબીરબીજક ’ના અનુસરણમાં ‘ ગાંધીબીજક ’ શીર્ષક આપ્યું છે તેમાં—કબીરસાહેબની તાત્ત્વિક-દાર્શનિક ભૂમિકાના સંદર્ભમાં ‘બીજક’ શબ્દ વિશિષ્ટ અર્થનો દ્યોતક છે એ વિચારતાં—ઘણાંને ઔચિત્ય ના લાગે તો નવાઈ નહીં !

સર્જક અને આસ્વાદક ભોક્તા વિવેચક—એમ બેઉ અર્થમાં સાચા કવિતાશિક્ષક અને ‘ કાવ્યજ્ઞ ’ તરીકે પ્રતિષ્ઠિત થયેલા કવિ-ગુરુ બ. ક. ઠાકોરની કવિતાશિક્ષક તરીકેની પ્રવૃત્તિ અને મર્યાદાની, સાચી સર્જકતા અને મૌલિકતા વિશેની તથા કાવ્યમાં કલાકૃતિ લેખે સઘન સુશ્લિષ્ટ એકતા માટેના તેમના આગ્રહની, અર્થ કે વિચારની એકાગ્રતાના પરિપેક્ષ્યમાં કાવ્યમાં અભિપ્રેત ઊર્મિતત્ત્વ અને માધુર્યના સ્વરૂપ વિશેનાં ઠાકોરનાં મંતવ્યોની અને કવિતામાં કલ્પનના યથોચિત પ્રવર્તનની..વગેરે મહત્ત્વના મુદ્દાઓની પ્રો. રાવળે ઉદાહરણો અને અવતરણો સહ વિગતે ચર્ચા કરી છે.

અમલદાર તરીકે કુશળ વહીવટકર્તા, સ્થાનિક સ્વરાજના નિષ્ણાત, અધ્યાત્મશાસ્ત્રોના ઊંડા અભ્યાસી, પ્રખર વક્તા, યોગસાધનાના મર્મજ્ઞ અને શ્રેયસ્સાધક વર્ગના સ્તંભ તથા પોતાના વિદ્યાગુરુ આનંદશંકરને પણ કેટલીક બાબતોમાં આંબી દેનારી દર્શનમેધાની પ્રતીતિ કરાવનાર પ્રકાંડ પંડિત...એમ વ્યક્તિવિશેષ નર્મદાશંકર મહેતાના તેજોગર્ભ જીવનનાં સમુજ્જ્વલ પાસાંઓવાળું વ્યક્તિત્વ ઉપસાવતો ‘ વહીવટકુશળ વિદ્યાપુરુષ ’ લેખ ગઈ પેઢીના અને નવી પેઢીના સાહિત્યસંસ્કારપ્રેમીજનોએ વાંચવા જેવો છે.

'નિત્ય નૂતન સારસ્વત યજ્ઞ'ના ૪૫ પાનના પ્રવચન-લેખમાં તો વિદ્વાન વિવેચકે આપણને સમગ્ર વિશ્વની વેદના વારાથી અત્યારસુધીની સાહિત્યસાધનાની સુખદ સફર કરાવી છે. તેમાં તેમણે પરોક્ષ રીતે વાણી, ભાષા અને વિવિધ સાહિત્યસ્વરૂપોના વિકાસના ઇતિહાસની રૂપરેખા દોરી છે એટલું જ નહીં પણ રસ, ગુણ, અલંકાર, પ્રતીક, કલ્પન, છંદ, પ્રાસ, લય આદિ અંગોની અગત્ય અને ઉપકારકતાની ચર્ચાને પણ તેમાં સમાવી દીધી છે. આ સંદર્ભમાં, તેમાં ય ખાસ કરીને સાહિત્યરસાનુભવની રસનિષ્પત્તિની પ્રક્રિયાની તલસ્પર્શી વિચારણા, પ્રથમ ભારતીય કાવ્ય-મીમાંસકોની દૃષ્ટિએ અને પછીથી પાશ્ચાત્ય સાહિત્યમીમાંસકોની દૃષ્ટિએ કરી છે અને ઉત્તરોત્તર સૂક્ષ્મદર્શી થતી જતી પાશ્ચાત્ય મીમાંસાની આગવી વિશિષ્ટતાને તેમણે સ્પષ્ટ રીતે તારવી-મૂલવી આપી છે. આમ કરવામાં તેમણે ઇતિહાસદર્શી અને રસદર્શી ઉભયધા દૃષ્ટિનો સમન્વય સાધ્યો છે તે જોઈ શકાય છે. વ્યાખ્યાનના અંતભાગમાં પશ્ચિમની આધુનિક સાહિત્યસાધનાનાં ગતિ-વિકાસનાં પ્રેરક પરિબળોએ વર્તમાન ગુજરાતી સાહિત્ય અને વિવેચનને કેવાં કેવાં વળાંકો આપ્યાં અને એથી એનાં બળાબળો અને ગતિવિધિ પર શી અસર થઈ...એનું ચિત્ર દોરવામાં વ્યાખ્યાતાએ કોણ જાણે કેમ સંકોચ (સ્થળનો કે સમયનો ?) અનુભવ્યો છે. આ બાબત માટે તેઓ પોતે જ તેમનો અસંતોષ પ્રકટ કરતાં કહે છે: "આપણા ઘરની વાત વિસ્તારથી થઈ શકી નહીં." (પૃ. ૪૪) તેમ છતાં, બોલતાં લખતાં શીખેલા માનવીની કારયિત્રી અને ભાવયિત્રી પ્રતિભાએ આજ પર્યંત સાધેલા ભગીરથ પુરુષાર્થને આ સરસ્વતીના સપૂતે જે સમીક્ષાત્મક ભાવભરી અંજલિ આપી છે તે અંજલિ અથવા સારસ્વત યજ્ઞમાં કરેલું સમર્પણ પોતે પણ તેના સંહૃદ્ય ભાગરૂપ જ બની રહે છે.

લવકુમાર મ. દેસાઈ

* * *

લોકસાહિત્ય: ખંડ ૨ : લેખક: ઝવેરચંદ મેઘાણી, પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીમાર્ગ, અમદાવાદ. પૃ. ૪૧૮, કિંમત રૂ. ૯–૨૫.

લોકસાહિત્યના સંગ્રાહક, સંશોધક અને લોકશાયર તરીકે ખ્યાતિ પામેલા સ્વ. મેઘાણીની વિવેચનપ્રતિભા સાહિત્યજગતમાં ખાસ પ્રતિષ્ઠા પામી નથી. આમેય આપણે જેને 'શાસ્ત્રીય' કહીએ છીએ એ પ્રકારનાં વિવેચનનાં અંગોપાંગોના સુશ્લિષ્ટ સમવાયમાંથી સર્જાતા વિવેચનનો કલાદેહ મેઘાણીને સુપ્રાપ્ત નથા. તેઓ તો પ્રાણપ્રિય વિષય લોકસાહિત્યના સમુંદરની છાલકો કે છોળોથી જેમ જેમ ભીંજાતા ગયા તેમ તેમ સહજ રીતે 'પઢાવેલ વાણીનો ભોગ' બન્યા સિવાય, પોતાના વિચારો અને પ્રતિભાવો પ્રકટ કરતા ગયા. નિબંધ કે વિવેચનનું કોઈ લેબલ લગાડ્યા સિવાયની નરી કથનાત્મક શૈલીમાં આકાર પામેલી તેમની લોકસાહિત્ય પરની 'વિવેચનાઓ'ને તેમણે 'ધરતીનું ધાવણ' નામ આપ્યું હતું કારણ કે લેખક કહે છે તેમ આ વિવેચનાઓ પણ તેમને 'ધાવણ' રૂપે જ સાંપડી હોઈ વાચકોને પણ તેઓ એ જ રૂપે તેનું સેવન કરવા વિનંતિ કરે છે. ૨૮ વર્ષ પછી પ્રસિદ્ધ થયેલી આ બીજી આવૃત્તિમાં,

(૧) 'સોરઠી સંતો', 'સોરઠી સંતવાણી', 'સોરઠી બહારવટિયા ભાગ ૧,' 'સૌરાષ્ટ્રની રસધાર ભાગ ૩,' કંકાવટી ભાગ ૧-૨', 'દાદાજીની વાતો', 'રંગ છે બારોટ' 'રઢિયાળી રાત ભાગ ૪' અને 'રાસકુંજ' એટલા સંગ્રહોના લેખકે લખેલા પ્રવેશકો,

(૨) અવનીન્દ્રનાથ ઠાકુરના 'બાંગ્લાર વ્રત' પુસ્તકનો સાર, અને

(૩) ૧૯૩૮માં લેખકે વડોદરામાં 'ગુજરાતી ગ્રંથકાર સંમેલન'માં 'લોકગીતોમાં કથાઓ' એ વિષય પર આપેલું વ્યાખ્યાન—નો સમાવેશ થાય છે. એટલે એમાં પ્રકાશકોએ ચાર પ્રવેશકો, એક વ્યાખ્યાન અને અંતમાં નાનકડી 'સૂચિ' નો ઉમેરો કર્યો છે.

સૌરાષ્ટ્રના પહાડી અને સમતલ, સાગરકાંઠાના અને છેક અંદરના ભાગમાં આવેલા નિમ્ન પ્રદેશોના લોકોનાં તેજ, વીર્ય, ઓજ, ખમીર, સંસ્કાર, વ્રત, વટ, ટેક, ખેલદિલી, દિલાવરી વગેરે વ્યક્તિત્વનાં વિવિધ પાસાંઓને પ્રકટ કરતી દારુણ, કરુણ, કોમળ અને ભવ્ય કથાઓનું તથા કથા-રૂપકોનું લેખકે રહસ્યસ્ફોટન અને વિશ્લેષણ કર્યું છે, કેટલીક દંતકથાત્મક ઘટનાઓના ઐતિહાસિક આધારોનાં સંદર્ભ-સૂચન કર્યાં છે. લેખકે કરેલાં નિરીક્ષણોનું રંગપૂરણીસમેત આલેખન હૂબહૂ અને જીવંત લાગે છે. લોકસંસ્કૃતિ અને લોકસાહિત્ય વચ્ચેના વિચિત્ર આરા પર ઉપલબ્ધ કેટલાંક શાસ્ત્રવ્રતો, લોકવ્રતો અને લોકવાર્તાઓનો પરિચય આપતાં લેખકે વહેમ અને વિજ્ઞાનના સંઘર્ષને સમજાવવાનો તથા લોકમાનસના ઇતિહાસને ઉકેલવાનો પ્રયત્ન કર્યો છે.

'રઢિયાળી રાત'માં લેખક, સ્ત્રીઓ દ્વારા સ્વતઃ સર્જાયેલી અભિજાત 'ઓળી' ના સાહિત્યપ્રકારનું લાઘવ અને તેમાંની 'નાનકડી ઉપનિષદો'સમી (!) કહાણીઓ તથા 'ઓખાણાં'-નું વિશિષ્ટ મૂલ્ય આંકે છે. ગુજરાત-રાજસ્થાનની સંસ્કૃતિનું સામ્ય દર્શાવતાં લેખકે ઉભયના સાહિત્યમાંથી અવતરણો આપી, મારવાડી-રાજસ્થાની અને ગુજરાતી ઉપરાંત 'ગોંડ' જેવા આદિવાસીઓની બોલી પણ એક જ માતૃભાષાનું સંતાન હોવાનું વિધાન કરી તેને સાહિત્યિક સાબિતીઓ અને અંતર્ગત પુરાવાથી સમર્થિત કરવાનો સાહસિક પુરુષાર્થ કર્યો છે.

'રાસકુંજ'ના પ્રવેશકમાં રાસ, ગરબા, નૃત્યગીત, લોકગીત વગેરેનાં ઉદ્ભય, વિકાસ અને તેનાં ઘટકો વિષે લેખકે વિસ્તૃત પણ સદૃષ્ટાંત માહિતી આપી છે. 'સોરઠી સંતો' અને 'સોરઠી સંતવાણી'ના પ્રવેશકોમાં તેમણે ધરાકામી ને મુક્તિકામીની, સાંસારિક તથા પારમેશ્વરી પ્રેમિકોની, શૂરાઓની તેમ જ સંતજનોની સમરાંગણ ભૂમિસમા સૌરાષ્ટ્રમાં જીવનસંગ્રામ ખેલનારા બિન-સાંપ્રદાયિક લોકસંતોના સમગ્ર પણ વૈવિધ્યપૂર્ણ ભક્તિપ્રવાહનું ચિત્રાત્મક આલેખન કર્યું છે. તેમાં તેમણે કવિવાર નહીં પણ વિષયાંગવાર ચર્ચા કરવાનો ઉચિત ક્રમ રાખ્યો છે. ચમત્કારિક ઘટનાઓ સંબંધમાં, માત્ર જીવદયા ને જનસેવાના દ્યોતક હોય એટલા જ પરચા–પ્રસંગોને આપેલી પસંદગીમાં લેખકનો વિવેકપ્રદીપ સચેત હોવાનું જણાઈ આવે છે. ધૂળ સાથે સોનું પણ ફેંકાઈ ન જાય એ લોકસાહિત્યસંપાદનના માનદંડને સ્વીકારીને મેઘાણી સાચું કહે છે કે :

"પરચા એક શાસ્ત્રીય વિષય છે, અભ્યાસનું અંગ છે. અનભ્યાસી એની સાથે મનફાવતી રમત રમી શકે નહિ." (પૃ. ૩૬૬)

'વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં' જેવાં લોકપ્રચલિત કથાગીતોને તો લેખકે યુરોપીય વિવેચન–ધોરણોની કસોટીએ ચકાસવાનો પ્રયાસ કર્યો છે. એમ કરતાં તેમણે Ballad બેલડ અને આપણાં કથાગીતોમાં રહેલાં સમાન તત્ત્વોને તપાસ્યાં છે. જુદી જુદી જાતનાં કથાગીતો, દુહા–કથાઓ વગેરેમાંથી લેખકે એક વસ્તુ તારવી છે કે, લગભગ બધી જ કથાઓમાં નારીનું નારીત્વ

નરના વ્યક્તિત્વ કરતાં વધુ તેજોમય છે. (અહીં શામળની પદ્યવાર્તાઓનું સ્મરણ થાય છે.)* તેના કારણ રૂપે તેઓ અનુમાને છે કે, વિવિધ પ્રકારનાં બંધનોમાં ગ્રસ્ત રહેલા નારીજીવનમાં મચતી ' બંડખોરી ' જીવનમંથનની ઉગ્રતમ દશા દાખવી શકે છે. તેથી જ તેઓ પ્રબળ ઊર્મિ-આઘાત, તીવ્ર મંથન કે હતાશામાંથી ઉદ્‌ભવતા પ્રબળતમ પ્રતિકારને દુહાના પ્રધાનસ્વરે સ્થાપે છે. આ અનુમાન સંપૂર્ણપણે નિર્દોષ લાગતું નથી. લેખકે ઘણે સ્થળે દુહા, કથા કે ગીતોના વૃત્તાંત-અંશોને સમાન કે સમાંતર લાગે એવાં પશ્ચિમનાં લોકગીતો–કથાનકોનાં ઉદાહરણો અને અવતરણો આપ્યાં છે. આ રીતની પાશ્ચાત્ય-પૌરસ્ત્ય કથાઓની સરખામણી સર્વત્ર ઉચિત લાગતી નથી. પરંતુ એમાં મેઘાણીની આ વિષયની અભ્યાસનિષ્ઠાની સચ્ચાઈ અને ચોકસાઈની પ્રતીતિ જરૂર થાય છે. સર્વશ્રી હેન્ત્રી ન્યૂબોલ્ટ, એડમંડ, બીમન, ગમિયર, પીકોક વગેરે વિદ્વાનોના આધારો, સ્કોટનાં ' વેવરલી ' અને ' આઈવેનહો 'માંથી અને ' રંગીલો રોબિનહૂડ ' ની આખી ગીતકથાના કડીઓનાં આપેલાં અવતરણો, તથા ' રંગ છે બારોટ ' માં કંઠસ્થ લોકકથાઓના ' મોટિફ ' (Motif) તત્ત્વની વિશદ વિસ્તૃત ચર્ચાથી આ સંગ્રહ સમૃદ્ધ બન્યો છે.

ઇંગ્લંડ, જર્મની વગેરે દેશોમાં ત્યાંના પ્રશિષ્ટ કવિઓનાં કાવ્યોની–મહાકાવ્યોની પણ–રચનાશક્તિ પર પ્રબળ પ્રભાવ પાડનાર ગીતકથાઓએ જે ' Wild ' ના સ્વરો પૂર્યા તેની મેઘાણીએ પોતાના વ્યાખ્યાનમાં સોદાહરણ અને સટીક ચર્ચા કરી છે. આપણાં વીર, શૃંગાર અને ભક્ત કવિઓની ભક્તિમાં મુક્ત, મસ્ત, ચંચલ છલંગો મારતા, પ્રાણધબકતા, પ્રબલ પ્રમત્ત ઊર્મિઉચ્ચારણની અનોખી શક્તિ ધરાવતા જીવનતત્ત્વરૂપ આ ' વાઈલ્ડ ' વિષે લેખક કહે છે કે " ગાન જેમ વધુ ' વાઈલ્ડ ' તેમ વધુ સારું " (પૃ. ૮૨).

આ લખાણો માહિતીસભર છે. એમાં મેઘાણીના પરસેવાનું તપ છે. સંશોધક અને સંપાદકના પ્રાણ-ધબકારા છે. સંવેદનશીલતા, સહૃદયતા અને લોકહૃદય સાથે સેતુ રચી આપતી શૈલીની મનોહારિતા છે. છતાં તેમાં સર્જન અને વિવેચનનું આગવું પ્રાતિભિક તેજ ઝળહળી ઊઠતું જણાતું નથી. મેઘાણીની સાહિત્યપ્રવૃત્તિનું એ પ્રયોજન પણ નથી. લોકસાહિત્ય તરફ સેવવા યોગ્ય અભિગમનો અણસાર મેઘાણીએ એક રૂપક દ્વારા આપ્યો છે :

" લોકસાહિત્યને હું ગ્રામકન્યા સાથે સરખાવું છું. એને એનું પોતાનું જંગલી સૌંદર્ય છે. સુધરેલું સંસ્કારી સૌંદર્ય સારું કે આ વીખરાયેલા વાળ અને લાલ લાલ લોચનવાળું, વગડાઉ પીલુડાં વીણતું સૌંદર્ય વધુ સારું–એ સરખામણી સાથે આજે આપણને નિસ્બત નથી. પણ ગ્રામકન્યાના જેવા છે તેવા રૂપમાં એક લોકસૃષ્ટિનો આવિષ્કાર છે. એને જેવી છે તેવી જ જોવી પડશે. એના દર્શનમાં આપણી તર્કપ્રધાન વિવેચક-બુદ્ધિ ઝાઝી ખપની નથી " (પૃ. ૫૧)

લોકસાહિત્યના શોધકે-સંપાદકે તે માટે થોડા ' અનસોફિસ્ટીકેટેડ ' બનવું પડશે. લેખક કહે છે. :

* " વાર્તાએ વાર્તાએ નર નબળો અને નારી સબળ : પુરુષ ખરું ટાણું આવે લથડી પડે અને સ્ત્રીના તેજપુંજ ઝળહળી ઊઠે : પુરુષ રુઢિનો ગુલામ બની જાય અને સ્ત્રી એકલે હાથે એ તમામ બંધનો સામે બંડ ચલાવે. " (પૃ. ૩૬–૩૭).

" શેરડી ખાવી હશે તો હલવાઈની મીઠાઈની રસ-માધુરીથી જુદી જ તરેહનો રસ મેળવવા દાંતને, તાળવાને તેમ જ જીભને તૈયાર કરવાં પડશે. " (પૃ. ૫૧)

ગાંધી–બિરદાવ્યા જીવનનિષ્ઠ રાષ્ટ્રભક્ત કવિ મેઘાણીના મણિમહોત્સવ પ્રસંગે કવિની કૃતિની સંવર્ધિત આવૃત્તિ પ્રસિદ્ધ થઈ છે તે ખરેખર પ્રશંસનીય અને અભિનંદનીય છે.

મહેન્દ્રકુમાર મો. દેસાઈ (કુમાર)

* * *

रणमल्ल छंद : संपादक : मूलचन्द 'प्राणेश'; भारतीय विद्या मंदिर शोध प्रतिष्ठान, बीकानेर (राजस्थान); प्रथम संस्करण : १९७२, मूल्य : रु. ७-५०. पृष्ठ : ६५+६

'કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઈ સ્મારક ગ્રંથ'ની શ્રેણીના ચોથા પુષ્પરૂપે ઈ.સ. ૧૯૨૭માં 'રણમલ્લ છંદ' કૃતિનું પ્રથમવાર સંપાદન કરી, સંનિષ્ઠ સંશોધક સ્વ. કેશવ હર્ષદ ધ્રુવે 'પંદરમા શતકનાં પ્રાચીન ગુર્જર કાવ્ય' સંગ્રહમાં એ કૃતિ પ્રસિદ્ધ કરી હતી. એમણે ઉપયોગમાં લીધેલી 'રણમલ્લ છંદ'ની ઉપલબ્ધ એક જ હાથપ્રતનું શ્રી મૂલચન્દ 'પ્રાણેશ' દ્વારા આ પુનઃ-સંપાદન થયું છે. એથી વાચનાની દૃષ્ટિએ પ્રસ્તુત પ્રકાશન પુનઃમુદ્રણ જ છે. એમ છતાંય પ્રસ્તુત સંપાદનની ઉપયોગિતા નિઃશંક જણાય છે.

સંપાદક શ્રી મૂલચન્દે વાચનાની સાથે સાથે પ્રત્યેક કડીનો, સરળ-વિશદ શૈલીમાં, આપેલો ભાવાર્થ, શબ્દ-કોશ અને કૃતિના સંદર્ભમાં ઉપસ્થિત થતા ભાષા, સાહિત્ય અને ઇતિહાસ-વિષયક મુદ્દાઓની કરેલી અભ્યાસપૂર્ણ સમીક્ષા, પ્રસ્તુત સંપાદનને ઉપયોગી બનાવે છે, એમ કહેવું જોઈએ.

સ્વ. કેશવ હર્ષદ ધ્રુવે 'રણમલ્લ છંદ'નું સંપાદન કરતાં કૃતિનો રચનાકાળ, કૃતિની ઐતિહાસિક ઉપયોગિતા, કર્તા અને તેની અન્ય કૃતિઓ અને કૃતિમાંથી મળતી વિશેષ માહિતી, એમ વિભિન્ન પ્રસ્તુત મુદ્દાઓની સમીક્ષા કરી છે. સંપાદક શ્રી મૂલચન્દે આ સમીક્ષાનો સંપૂર્ણ લાભ લીધો છે; એટલું જ નહીં, 'રણમલ્લ છંદ'માં નિરૂપિત ઘટનાના ઐતિહાસિક તથ્યના સંદર્ભમાં સ્વ. કેશવ હર્ષદ ધ્રુવે પ્રસ્થાપિત કરેલા મતને જ દૃઢિભૂત કરવાનો એમણે યોગ્ય પ્રયત્ન કર્યો છે.

શ્રી મૂલચંદે, આ ઉપરાંત, ભાષા અને સાહિત્યની દૃષ્ટિએ, કૃતિનો પૃથક્કરણશીલ અભ્યાસ રજૂ કરવામાં પણ ઠીક ઠીક શ્રમ ઉઠાવ્યો છે. એ જ રીતે કૃતિનો શબ્દકોશ તૈયાર કરવામાં શબ્દોની વ્યુત્પત્તિ, વ્યાકરણગત નોંધ અને ફારસી-અરબી શબ્દોની તારવણી રજૂ થઈ હોત, તો પ્રસ્તુત સંપાદનની મૂલ્યવત્તામાં વિશેષ ઉમેરો થાત, એમ લાગ્યા વિના રહેતું નથી.

'રણમલ્લ છંદ' ના કાવ્યરૂપની ચર્ચા કરતાં 'છંદ' સંજ્ઞાનો વિચાર કરી, સ્વરૂપદૃષ્ટિએ ખંડકાવ્ય તરીકે 'રણમલ્લ છંદ'ની વિશિષ્ટતાઓ ઉપસાવી આપી છે, એ નોંધપાત્ર છે.

ચૌદમા-પંદરમાં શતકની ઉપલબ્ધ કેટલીક કૃતિઓ, ભાષા-ભૂમિકાના સંદર્ભમાં ગુજરાતી-હિન્દી ઉભય ભાષાસાહિત્યની સહિયારી મૂડી છે. એ રીતે 'રણમલ્લ છંદ' કૃતિની જૂની ગુજરાતી તરીકે ઓળખાતી ભાષાભૂમિકાને અહીં પ્રાચીન રાજસ્થાની સ્વરૂપની ગણીને એક પ્રાચીન શિષ્ટ કૃતિ તરીકે સ્થાન આપી સંપાદન હાથ ધરાયું છે, એ સ્પષ્ટ છે. ભાષાકીય અભ્યાસની દૃષ્ટિએ, પ્રસ્તુત સંપાદન, વિશેષ ઉપયોગી હોઈ, એને આવકારતાં આનંદ થાય.

સુભાષ મ. દવે

* * *

સાભાર સ્વીકાર

ગૂર્જર ગ્રન્થરત્ન કાર્યાલય, ગાંધી માર્ગ, અમદાવાદ-૧નાં પ્રકાશનો

જ્ઞાન-ગમ્મત પુસ્તકમાળા : પુષ્પ ૧ થી ૧૦

નવી રમતો-૧
નવી રમતો-૨
નિરાંતની વેળાએ
વાતવાતમાં વિજ્ઞાન
જાતે બનાવીએ-૧
જાતે બનાવીએ-૨
બનો જાદુગર
જાદુના ભેદ
જ્ઞાનવિજ્ઞાન-૧
જ્ઞાનવિજ્ઞાન-૨

ઉપર્યુક્ત દરેક પુસ્તકના લેખક શ્રી યશવન્ત મહેતા, દરેકના પૃષ્ઠાંક ૪૮, દરેકની કિંમત રૂા. ૧=૨૦ પૈ. દસ પુસ્તકોના સેટની કિંમત રૂા. ૧૨=૦૦ પૈ.

સ્વપ્ન-મન : લેખક : જયવદન પટેલ; પૃષ્ઠાંક ૨૮૦, કિંમત રૂા. ૯=૦૦ પૈ.

સંસ્કારતીર્થ : લેખક : ફાધર વાલેસ; પૃષ્ઠાંક ૧૪૬, કિંમત રૂા. ૨=૭૫ પૈ.

છાયા : લેખક : પિનાકિન દવે; પૃષ્ઠાંક ૧૪૨, કિંમત રૂા. ૩=૫૦ પૈ.

ચક્રાવો : લેખક : જયા ઠાકોર; પૃષ્ઠાંક ૨૧૪, કિંમત રૂા. ૫=૨૫ પૈ.

અનુરણન : લેખક : ડૉ. ચંદ્રકાન્ત મહેતા; પૃષ્ઠાંક ૩૩૬, કિંમત રૂા. ૯=૫૦ પૈ.

શબ્દપરિશીલન : લેખક : ડૉ. હરિવલ્લભ ભાયાણી; પૃષ્ઠાંક ૩૦૦, કિંમત રૂા. ૯=૦૦ પૈ.

અતૃપ્ત ઝંખના : લેખક : શોભન, પ્રકાશકઃ સોનલ પ્રકાશન, નવતાડની પોળ, ઘી કાંટા, અમદાવાદ-૧; પૃષ્ઠાંક ૫૬૪, કિંમત રૂા. ૧૬=૦૦ પૈ.

પ્રશ્નજ્યોતિષરહસ્ય : લેખક : શ્રી ભાસ્કર જેઠાલાલ જોશી; પૃષ્ઠાંક ૮૨, કિંમત રૂા. ૨=૫૦ પૈ.

રેવાનો યોગી : લેખક : વિજયકુમાર ત્રિવેદી; પ્ર. બાલગોવિંદ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧; પૃષ્ઠાંક ૮૦, કિંમત ૪=૦૦ પૈં.

વિશ્વદર્શન-૧ : લેખકો : દેવવ્રત પાઠક અને બીજા પ્ર. કાંતિભાઈ અમીન; રજિસ્ટ્રાર, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર; પૃષ્ઠાંક ૩૧+૨૪૨+૬૪, કિંમત રૂા. ૨૦=૦૦ પૈ.

ભગવાન રમણ મહર્ષિ : લેખક : યોગેશ્વર, પ્રકાશકઃ ભગવતભાઈ ભૂરાલાલ શેઠ; આર. આર. શેઠની કંપની, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨; પૃષ્ઠાંક ૧૬+૧૦૩૫, કિંમત રૂા. ૨૪=૦૦ પૈ.

રસગંગાધરની ભૂમિકા : લેખક : રા. બ. આઠવલે; પ્રકાશકઃ યુનિવર્સિટી ગ્રન્થ નિર્માણ બોર્ડ, પાટનગર યોજના ભવન, ગુજરાત કૉલેજ કમ્પાઉન્ડ, અમદાવાદ-૬; પૃષ્ઠાંક ૪૬૮, કિંમત રૂા. ૧૭=૦૦ પૈ.

સ્વાધ્યાય

પુસ્તક ૧૦ : અંક ૩ — મે, ૧૯૭૩

અક્ષયતૃતીયા — વિ. સં. ૨૦૨૯

અનુક્રમ

		પૃષ્ઠાંક
૧.	ગોવર્ધનરામનું જીવન દર્શન—રમણલાલ જોષી	૨૭૩–૨૭૯
૨.	વેદાર્થ દીપિકા—એક દષ્ટિપાત—બિપિનચંદ્ર હી. કાપડિયા	૨૮૦–૨૮૮
૩.	બૌદ્ધધર્મમાં મૂર્તિકળા—પૃથ્વીસિંહ ઝાલા	૨૮૯–૨૯૪
૪.	વાઘેલાકાલીન ગુજરાતનું સમાજજીવન—નવીનચંદ્ર આચાર્ય	૨૯૫–૩૦૫
૫.	પ્રભાસપાટણમાં અર્જુનદેવ વાઘેલાના સમયમાં ફિરોજ નાવિકે બંધાવેલી મસ્જિદનો અરબી લેખ—ઝિયાઉદ્દીન એ. દેસાઈ	૩૦૬–૩૧૯
૬.	ભવનેશ્વરની બે પ્રાકૃસોલંકી ડેરીઓ – મણિભાઈ વોરા, નરોત્તમ પલાણ	૩૨૦–૩૨૧
૭.	પાટણની વિનાયિકીની એક વિરલ મૂર્તિ—વસંતકુમાર એસ. પારેખ	૩૨૨–૩૨૩
૮.	મલયચન્દ્રકૃત "સિંઘલસીચરિત્ર"—રણજિત પટેલ (અનામી)	૩૨૪–૩૩૮
૯.	હાલારદેશ વર્ણન પ્રશસ્તિ—અગરચંદ નાહટા	૩૩૯–૩૪૨
૧૦.	જકડી : ગુજરાતનાં દેશી ગીતોનો વિશિષ્ટ પ્રકાર—રમણલાલ પાઠક	૩૪૩–૩૪૭
૧૧.	સાહિત્ય અને વિજ્ઞાન : એક દષ્ટિ—હસિત હ. બૂચ	૩૪૮–૩૫૮
૧૨.	પ્રાચીન અને અર્વાચીન સંસ્કૃતિ તથા વૈદ્યકવિદ્યા —વૈદ્ય મણિભાઈ કાલીદાસ બ્રહ્મભટ્ટ	૩૫૯–૩૭૭
૧૩.	ગ્રન્થાવલોકન :	
	(૧) ભારતીય સાહિત્યશાસ્ત્રની વિચારપરંપરાઓ	૩૭૮–૩૮૨
	(૨) તારતમ્ય	૩૮૩–૩૮૪
	(૩) લોકસાહિત્ય	૩૮૫–૩૮૭
	(૪) રણમલ્લ છંદ	૩૮૮–૩૮૯
	(૫) સાભાર સ્વીકાર	૩૮૯–૩૯૦

Statement about the ownership and other particulars about newspapers

SVADHYAYA (स्वाध्याय)

(To be published in the first issue every year after the last day of February)

FORM IV

(See Rule 8)

1	*Place of the Publication* :	Oriental Institute, M. S. University of Baroda, Baroda.
2	*Periodicity of its Publication* :	Three Months—November, February, May & August
3	*Printer's Name* :	Shri B. M. Shah
	Nationality :	Indian
	Address :	Vidya Vilas Building, near Tarkeshwar Mahadeo, Raopura, Baroda
4	*Publisher's Name* :	Dr. B. J. Sandesara
	Nationality :	Indian
	Address :	'Samvad', 6 Shreyas Society, Race Course Circle (West), Baroda-7
5	*Editor's Name* :	Dr. B. J. Sandesara,
	Nationality :	Indian
	Address :	'Samvad', 6 Shreyas Society, Race Course Circle (West), Baroda-7
6	*Names & addresses of Individuals who own the newspaper and partners or shareholders holding more than one percent of the total capital*	The M.S. University of Baroda, Baroda.

I, B. J. Sandesara, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

B. J. Sandesara
Signature of Publisher

બૅન્ક ઑફ બરોડા હવે આપશે નાણાંકિય સહાય વિચક્ષણ વિદ્યાર્થીઓ માટે.



કોલેજના શિક્ષણ માટે, અનુસ્નાતક અભ્યાસ માટે અથવા ટેકનીકલ કે વ્યાવસાયિક વિષયોના ડિપ્લોમા અભ્યાસક્રમ માટે તેમજ વધુ તાલીમાર્થે વિદેશપ્રવાસ માટે વિદ્યાર્થીઓને હવે નાણાંકિય સહાય મળી રહેશે.

વધુ વિગતો માટે આપની નજીકની બૅન્ક ઑફ બરોડાની શાખાના એજન્ટને મળો. એ આપને તમામ જરૂરી માર્ગદર્શન આપશે.

ચિર સમૃદ્ધિનું પ્રતીક

બૅન્ક ઑફ બરોડા

વડી કચેરી : માંડવી, વડોદરા

ભારત અને વિદેશોમાં ૫૦૦ થી વધુ શાખાઓ

Shilpi-BOB-15A/70 Guj.

ખાંસીના ૪ મોરચા પર હૂમલો કરનાર!

ગ્લાયકોડીન

એક ઇલાજ—જે ૪ પ્રકારે ખાંસી પર પૂરો કાબૂ મેળવે છે.

☐ મગજમાં—ખાંસીના કેન્દ્ર પર નિયંત્રણ કરે છે. ☐ ગળામાં—ભરાવો દૂર કરે છે, બળતરા શાંત પાડે છે ☐ છાતીમાં—જકડાયેલા સ્નાયુઓને આરામ આપીને સહેલાઇથી શ્વાસ લેવામાં મદદ કરે છે. ☐ ફેફસામાં—ગૂંગળાવતા કફ અને ચીકણા પ્રવાહીને છૂટા પાડીને ખાંસીને દૂર કરે છે.

ખાંસીના સંપૂર્ણ નિયંત્રણ માટે ગ્લાયકોડીન જેવો અસરકારક બીજો કોઇ પણ ઇલાજ નથી.

ત્વરિત અસરકારક • મધુર સ્વાદવાળું • કરકસરયુક્ત

ભારતમાં ખાંસીનો સૌથી વધુ વિશ્વસનીય ઘરગથ્થુ ઇલાજ.

Alembic

everest/365k/ACW Guj

કૌટુંબિક સલામતી...

આપનાં બાળકોના ભાવિની
સુરક્ષા કરો

સમજુ માબાપ જાણે છે કે
દેના બેંકમાં પોતાનાં બાળકોને
નામે સગીર બચતખાતું ખોલવું
એ તેમના ભાવિની સુરક્ષા
કરવાનો તેમજ તેમની વધતી જતી
જરૂરતો પૂરી પાડવાનો
એક ઉત્તમ માર્ગ છે.
આપના બાળકને નામે આજે જ
ખાતું ખોલાવો. વ્યાજ ૪ ટકા.

દેના બેંક

(ગવર્નમેન્ટ ઑફ ઈન્ડિયા અંડરટેકિંગ)
હેડ ઑફિસ : દેના બેંક બિલ્ડિંગ્સ,
હૉર્નિમેન સર્કલ, કોટ, મુંબઇ-૧.

RATAN BATRA DB/G/207

વિજેતા બેલડી

હોડ જીતવા માટે ખેડૂત શ્રેષ્ઠ પૈકીના બે બળદની ઉત્તમ જોડને જોતરે છે. જ્યોતિ સર્વશ્રેષ્ઠ પમ્પ અને સર્વશ્રેષ્ઠ મોટરનું ઉત્પાદન કરે છે અને એ બન્નેને એક એકમમાં જોડીને એ યુનિબિલ્ટ પમ્પનું નિર્માણ કરે છે.

પમ્પ મોટરના ઉત્પાદન ક્ષેત્રમાં જ્યોતિની દાયકાઓની તાંત્રિક જાણકારી, વિશેષજ્ઞતા તેમજ ઊંડા સંશોધનના ફલસ્વરૂપ યુનિબિલ્ટ પંપ ઉત્તમ કામગીરી બજાવવામાં મોખરે છે. એ વિપુલ પાણી પૂરું પાડે છે અને ઓછામાં ઓછા વિદ્યુત ખર્ચે ચાલે છે. વધુ અનાજ ઉગાડવા આપ નચિંતપણે યુનિબિલ્ટ પર આધાર રાખી શકો છો!

જ્યોતિ યુનિબિલ્ટ

ઉત્પાદક :
જ્યોતિ લિમિટેડ, વડોદરા ૩
quality is our creed



everest/716a/JY gj

સાપુતારા

ગુજરાતનું નૂતન ગિરિનગર–સહ્યાદ્રિની ગિરિમાળા ઉપર

ડાંગ જિલ્લામાં હરિયાળી વનરાજિ અને આહ્લાદક શિખરોની મધ્યમાં આવેલું ગિરિનગર

જાહેર જનતા માટે વિહારધામો, ડોરમેટરીઓ અને અન્ય આવાસોમાં રહેવાની સગવડ મળે છે.

↓

દરિયાની સપાટીથી ઊંચાઈ	...	૯૭૫.૩૬ મીટર
ઊંચામાં ઊંચું શિખર	...	૧૧૨૭.૭૬ મીટર
ગ્રીષ્મ ઋતુમાં વધુમાં વધુ ઉષ્ણતામાન	...	૨૬.૭° સેન્ટીગ્રેડ
વર્ષનો સરેરાશ વરસાદ	...	૨૫૪૦ મીલીમીટર્સ

અંતર : પશ્ચિમ રેલવેના બિલીમોરા સ્ટેશનથી	૧૧૨.૬૫૪ કીલોમીટર
ડાંગ જિલ્લાના મથક આહવાથી	૪૩.૪૫૨૩ કીલોમીટર
નાસિકથી	૮૨.૦૭૭ કીલોમીટર

ગિરિનગર આવતા પ્રવાસીઓ માટે માહિતી કેન્દ્ર ઉપરાંત વાચનાલય, રમત-ગમતોનાં સાધનો વગેરેની પણ સગવડ છે.

↓

વધુ માહિતી માટે સંપર્ક સાધો :

માહિતી નિયામક,
ગુજરાત રાજ્ય,
બ્લોક નં. ૮, સચિવાલય,
ગાંધીનગર
અમદાવાદ પાસે :
ફોન નં. : **૨૪૩૭–૨૪૩૯**

ટુરીસ્ટ ઑફિસર,
એરલાઈન્સ બિલ્ડીંગ,
રૂપાલી સિનેમા સામે,
લાલ દરવાજા,
અમદાવાદ
ફોન નં. : **૨૪૭૨૬**

સહાયક માહિતી નિયામક,
ગિરિનગર સાપુતારા,
જિલ્લો ડાંગ–આહવા.

પ્રાચીન ગુર્જર ગ્રન્થમાલા

		રૂ. ન.પૈ.
૧.	**પ્રાચીન ફાગુ-સંગ્રહ**—સંપાદક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ; દેવનાગરી ટાઈપ	૮=૦૦
	વિદ્યાર્થી આવૃત્તિ, ગુજરાતી ટાઈપ	૫=૦૦
૨.	**વર્ણક-સમુચ્ચય, ભાગ ૧—મૂલ પાઠ**—સં. : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા	૭=૫૦
૩.	**ભાલણકૃત નલાખ્યાન** (બીજી આવૃત્તિ)—સં. : પ્રો. કે. કા. શાસ્ત્રી	૬=૦૦
૪.	**ઉદયભાનુકૃત વિક્રમચરિત્ર રાસ**—સંપાદક : સ્વ. પ્રો. બ. ક. ઠાકોર	૨=૦૦
૫.	**ભાલણ : એક અધ્યયન**—લેખક : પ્રો. કે. કા. શાસ્ત્રી	૪=૭૫
૬.	**વર્ણક-સમુચ્ચય, ભાગ ૨**—સાંસ્કૃતિક અધ્યયન અને શબ્દસૂચિઓ. કર્તા : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. રમણલાલ ના. મહેતા	૮=૨૫
૭.	**પંચાખ્યાન બાલાવબોધ, ભાગ ૧**—સંપાદક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ	૧૮=૬૦
૮.	**સિંહાસન બત્રીસી**—સં. ડૉ. રણજિત મો. પટેલ	૧૨=૦૦
૯.	**હમ્મીર પ્રબન્ધ**—સંપાદકો : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ	૪=૫૦

સ્વ. પ્રો. બ. ક. ઠાકોર ગ્રન્થમાળા

૧.	**વિવિધ વ્યાખ્યાનો ગુચ્છ ૧**	૧=૭૫
૨.	,, ,, ,, **૨**	૧=૭૫
૩.	,, ,, ,, **૩**	૪=૦૦
૪.	**નિરુત્તમા**	૨=૦૦
૫.	**વિક્રમોર્વશી**—(અનુવાદ : મનનિકા સહિત)	૧=૭૦
૬.	**પ્રવેશકો, ગુચ્છ પહેલો**	૩=૫૦
૭.	,, ,, **બીજો**	૨=૪૦
૮.	**અંબડ વિદ્યાધર રાસ**	૩=૦૦
૯.	**મ્હારાં સૉનેટ** (બીજી આવૃત્તિ : બીજું પુનર્મુદ્રણ)	૩=૦૦
૧૦.	**આપણી કવિતાસમૃદ્ધિ** (બીજી આવૃત્તિ; છઠ્ઠું પુનર્મુદ્રણ)	૩=૦૦
૧૧.	**નવીન કવિતા વિષે વ્યાખ્યાનો** (પ્રથમ આવૃત્તિ; પહેલું પુનર્મુદ્રણ)	૨=૦૦
૧૨.	**પ્રો. બ. ક. ઠાકોરની ડાયરી, ભાગ ૧**—સંપાદક : ડૉ. હર્ષદ મ. ત્રિવેદી	૧=૫૦
૧૩.	**પ્રો. બ. ક. ઠાકોર અધ્યયન ગ્રન્થ**	૧૨=૦૦

પ્રાપ્તિસ્થાન :
યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,
મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ,
રાજમહેલ રોડ, રાજમહેલ દરવાજા પાસે,
વડોદરા

શ્રી સયાજી સાહિત્યમાલા

		રૂ. ન.પૈ.
૧	**ગુજરાતી ભાષાશાસ્ત્ર** (ભાગ ૨, ખંડ ૩)—પ્રો. કે. કા. શાસ્ત્રી	૮=૦૦
૨	**આપણું વિશ્વ**—શ્રી. છોટુભાઈ સુથાર	૬=૮૦
૩	**આપણી ખનિજસંપત્તિ**—ડૉ. ન. મૂ. શાહ	૩=૦૦
૪	**ભારતીય સંસ્કૃતિ**—(મૂળ લેખક: સ્વ. રમણલાલ વ. દેસાઈ) સંક્ષેપકાર: શ્રી. કિશોરકાન્ત યાજ્ઞિક	૩=૦૦
૫	**કૈલાસ**—સ્વામી પ્રણવતીર્થજી	૧૦=૦૦
૬	**અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા**—શ્રી. કનૈયાલાલ ભાઈશંકર દવે	૪=૨૫
૭	**ઐતિહાસિક લેખસંગ્રહ**—પંડિત લાલચંદ ભ. ગાંધી	૧૪=૦૦
૮	**હરિભદ્રસૂરિ**—પ્રો. હીરાલાલ ર. કાપડિયા	૮=૫૦
૯	**માનવસર્જિત વસ્ત્રતંતુઓ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ	૮=૦૦
૧૦	**ભવાઈના વેશની વાર્તાઓ**—શ્રી. ભરતરામ ભા. મહેતા	૨=૪૦
૧૧	**શ્રીમદ્ ભાગવત (ગુજરાતી અનુવાદ)**—સ્વ. નાગરદાસ અમરજી પંડ્યા	૬=૦૦
૧૨	**ગુજરાત સ્થળનામ સંસદ વ્યાખ્યાનમાલા**	૭=૦૦
૧૩	**આધુનિક ગુજરાતના સંતો**—ડૉ. કેશવલાલ ઠક્કર	૭=૦૦
૧૪	**કુદરતની રીતે વધુ આરોગ્ય**—શ્રી. શાંતિલાલ પુરોહિત	૫=૬૦
૧૫	**ભારત-રત્ન**—શ્રી ઉપેન્દ્રરાય સાંડેસરા	૧૨=૦૦
૧૬	**ફારસી સાહિત્યનો ઇતિહાસ**—શ્રી. એમ. એફ. લોખંડવાલા	૪=૫૦
૧૭	**મહાગુજરાતના મુસલમાનો, ભાગ ૧-૨**—કરીમ મહંમદ માસ્તર	૧૩=૦૦
૧૮	**ઓખામંડળના વાઘેરો**—શ્રી કલ્યાણરાય ન. જોશી	૧૦=૦૦
૧૯	**ગુજરાત: એક દર્શન** (બીજી આવૃત્તિ)—શ્રી શિવપ્રસાદ રાજગોર	૧૨=૦૦
૨૦	**પેટ્રોલિયમ**—શ્રી પદ્મકાન્ત ર. શાહ	૧૦=૦૦
૨૧	**પંચદશીતાત્પર્ય**—સ્વામી પ્રણવતીર્થજી	૪=૬૦
૨૨	**અખો અને મધ્યકાલીન સન્તપરંપરા**—ડૉ. યો. જ. ત્રિપાઠી	૧૧=૦૦
૨૩	**શ્રીમદ્ ભાગવત: ભાગ ૨**—સ્વ. નાગરદાસ અ. પંડ્યા	૯=૦૦

પ્રાદેશિક ભાષામાં પાઠ્યપુસ્તકો

૧	**પુરાવસ્તુવિદ્યા**—ડૉ. રમણલાલ ના. મહેતા	૭=૫૦
૨	**પ્રમાણશાસ્ત્ર**—ડૉ. ભાસ્કર ગોપાલજી દેસાઈ	૭=૫૦
૩	**નીતિશાસ્ત્ર**—ડૉ. ભાસ્કર ગોપાલજી દેસાઈ	૭=૪૦
૪	**શિક્ષણના સિદ્ધાન્તો**—ડૉ. જગમોહનદાસ મોદી	૯=૫૦
૫	**આર્થિક આયોજન**—શ્રી રામુ પંડિત	૬=૦૦
૬	**વનસ્પતિશાસ્ત્ર**—ડૉ. આ. રા. ચવ્હાણ અને ડૉ. ચં. હી પાઠક	૫=૦૦
૭	**અર્વાચીન ભારતીય કેળવણીનો વિકાસ**—ડૉ. ધનવંત દેસાઈ	૧૮=૦૦

પ્રાપ્તિસ્થાન: **યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**
મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ, રાજમહેલ દરવાજા પાસે,
રાજમહેલ રોડ, વડોદરા

જૈન યક્ષી અંબિકાદેવી—પાલ શૈલી (ઈ. સ. ૧૧મી સદી)

[નેશનલ મ્યૂઝિયમના સૌજન્યથી]